卐 ચોટીલા મંડન શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૪

શ્રી

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૪ થો

પંડિત શ્રી કાંતિવિજયજી મ. વિરચિત

## શ્રી મહાબલ–મલયસુંદરીનો રાસ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ–અપ્રમત્ત સંયમમૂર્તિ–

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ.

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા : તળાજા, મુ. ઠળીયા–૩૬૪૧૪૫

| | | |
|---|---|---|
| વીર સં. ૨૫૧૩ | કિંમત | વિ. સં. ૨૦૪૩ |
| સને ૧૯૮૭ | રૂા. ૧૫–૦૦ | કોપી. ૫૦૦ |

卐 ચોટીલા મંડન શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૪

શ્રી

# રાસમાળા સંગ્રહ

ભાગ ૪ થો

પંડિત શ્રી કાંતિવિજયજી મ. વિરચિત

## શ્રી મહાબલ-મલયસુંદરીનો રાસ

—: સં...પા...દિ...કા :—


પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમમૂર્તિ-

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ.



—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા : તળાજા, મુ. ઠળીયા-૩૬૪૧૪૫

વીર સં. ૨૫૧૩ | કિંમત | વિ. સં. ૨૦૪૩

સને ૧૯૮૭ | રૂા. ૧૫-૦૦ | કોપી. ૫૦૦

# સહાયકોની શુભ નામાવલી

**પૂ. ઉપાધ્યાય શ્રી નરેન્દ્રસાગરજી ગણીન્દ્રના ઉપદેશથી**

રૂા. ૨૧૦૦ શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ. **સુરેન્દ્રનગર**
[ કાગળના રીમો માટે ]

રૂા. ૧૫૦૦ શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ **ચાણસ્મા**

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી મૃગેન્દ્રશ્રીજી મ૦ના ઉપદેશથી**

રૂા. ૩૦૦ શ્રી મંછુભાઈ દીપચંદ જૈન ધર્મશાળાની આરાધક બ્હેનોના જ્ઞાન ખાતેથી. **સુરત**

રૂા. ૨૦૦ શ્રી હરિપુરા જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘ **સુરત**

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ૦ના ઉપદેશથી**

રૂા. ૫૦૧ શ્રી સાંકળીબાઇ જૈન ઉપાશ્રય શ્રાવિકા બ્હેનોના જ્ઞાન ખાતેથી **–રાણપુર**

રૂા. ૫૦૧ શ્રી જૈન શ્રાવિકા સંઘના જ્ઞાન ખાતેથી**–જોરાવરનગર**

રૂા. ૫૦૧ શ્રી શાંતાબ્હેન બાબુલાલ માણેકચંદ **–તળાજા**

રૂા. ૧૦૧ શ્રી જસુમતીબ્હેન અનંતરાય વેલાણી**–પાલીતાણા**

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી નિરંજનાશ્રીજી મ૦ના ઉપદેશથી**

રૂા. ૨૫૧ ગીરધરનગર શ્રી ભૂતિબ્હેન જૈન પૌષધશાળાની ઉપજમાંથી **–અમદાવાદ**

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ૦ના શિષ્યા**
**પૂ. સાધ્વીજી શ્રી ગુણોદયાશ્રીજી મ૦ના ઉપદેશથી**

રૂા. ૧૦૦૦ શ્રી રતનપર જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘ**–જોરાવરનગર**

રૂા. ૧૦૦૦ શેઠશ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર **–મુંબઈ**

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી ચારૂવ્રતાશ્રીજી મ૦ના ઉપદેશથી**

રૂા. ૧૦૦૦ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ**–નીમચ**

શ્રી રતનપર [જોરાવરનગર] મંડન

# પ્ર....ગ....ટ....પ્ર....ભા....વી



શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથજી

# ❋ આભાર દર્શન ❋

વિ. સં. ૨૦૪૨ની સાલમાં જોરાવરનગર શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘની વિનંતિને માન આપીને પરમોપકારી-શ્રી દેવસૂરતપાગચ્છ સામાચારી સંરક્ષક-શાસનકંટકોદ્ધારક-પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્નો શાંત સ્વભાવી પૂ. પ્ર. મુનિ શ્રી મુનીન્દ્રસાગરજી મ૦ તથા જ્યોતિર્વિદ્ પૂ. ઉપાધ્યાય શ્રી નરેન્દ્રસાગરજી મ૦ ચાતુર્માસ પધાર્યા હતા.

અને અમારા સંઘની વિનંતિથી તેઓશ્રીના સમુદાયના સ્વ. સ્થવિર પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦ના શિષ્યા પૂ. વિદુષી સાધ્વીજીશ્રી વિદ્યાશ્રીજી મ૦ના શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી ગુણોદયાશ્રીજી આદિ ઠા૦ ૫નું ચાતુર્માસ અત્રે રતનપરમાં પહેલું વહેલું થયું હતું. તેઓશ્રીની નિશ્રામાં શ્રી ભક્તામરસ્તોત્રનો નિત્યપાઠ-શ્રી નવકાર મંત્રનો જાપ-બપોરના રાસનું વાંચન-સમૂહ સામાયિક-સ્વર્ગસ્વસ્તિક આદિ તપો-શ્રી વામાદેવીના થાળની સમારોહ પૂર્વકની ભવ્ય ઉજવણી-પર્વાધિરાજની સુંદર આરાધના-કલ્પસૂત્ર ખેમશાહીના-વાંચનથી શ્રી સંઘમાં ધર્મની સુંદર જાગૃતિ આવી હતી.

રતનપરમાં સાધ્વીજી મ૦નું પ્રથમ જ ચાતુર્માસ થવાથી સકલસંઘનો અપૂર્વ ઉત્સાહ હતો અને બ્હેનોમાં તપ-ત્યાગ-જ્ઞાન-અનેક તપની આરાધનાદિથી ધર્મતપ મય વાતાવરણ ગુંજી રહેલ, ઉપજ વિ. સારા પ્રમાણમાં થયેલ. જેથી યાદગાર ચાતુર્માસ થયેલ. એ અનુપમ ચાતુર્માસની સ્મૃતિચિહ્ન તરીકે-સ્વ. સ્થવિર પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજની સ્મૃતિરૂપે પ્રસિદ્ધ થતી સ્મારક ગ્રંથમાલાના-શ્રી મહાબલમલયસુંદરી નામના આ રાસમાં શ્રી રતનપર જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છના જ્ઞાન ખાતેથી રૂા. ૧૦૦૧, તથા શેઠશ્રી અમૃતલાલ પોપટલાલ મણીયારના સુપત્ની સ્વ. શ્રી મંગળાગૌરીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી રૂા. ૧૦૦૧, અર્પણ કરવામાં આવે છે.

લી. શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘ રતનપર

( જોરાવરનગર )

# નૂતન-પ્રકાશનો-આજે જ-વસાવો

| | |
|---|---|
| શ્રી લેખ સંગ્રહ: ભાગ ૧ લો | રૂા. ૨૦-૦૦ |
| શ્રી લેખ સંગ્રહ: ભાગ ૨ જો | રૂા. ૨૦-૦૦ |
| શ્રી લેખ સંગ્રહ: ભાગ ૩ જો | રૂા. ૨૫-૦૦ |
| શ્રી લેખ સંગ્રહ: ભાગ ૪ થો | રૂા. ૨૫-૦૦ |
| શ્રી લેખ સંગ્રહ: ભાગ ૫ મો | રૂા. ૨૫-૦૦ |
| શ્રી લેખ સંગ્રહ: ભાગ ૬ ઠો | છપાય છે |
| નવાંગી ગુરૂપૂજન શું યોગ્ય છે? | રૂા. ૧૫-૦૦ |
| શ્રી જૈન સૂતક વિચાર | રૂા. ૩-૦૦ |
| શ્રી સંસ્કૃત જ્ઞાન દીપિકા | છપાય છે. |
| શ્રી મહાબલ મલયસુંદરી રાસ | રૂા. ૧૫-૦૦ |
| શ્રી કુમારપાલ રાજાનો રાસ | છપાય છે. |
| શ્રી હંસ આરાધના સંગ્રહ: | રૂા. ૧૦-૦૦ |

**પ્રા...પ્તિ...સ્થ...ન**

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિન્દ્ર જૈન જ્ઞાનમંદિર.

જી. ભાવનગર, વાયા-તળાજા, મુ. ઠળીયા ૩૬૪૧૪૫

**મુ...દ્ર...ક**

પ્રવીણચંદ્ર બી. શેઠ વિશાલ પ્રિન્ટરી, સોનગઢ ૩૬૪૨૫૦

## રાસ અને રાસકાર અંગે બે બોલ.

માનવજીવનમાં જ્ઞાનની કેટલી મહત્તા અને પ્રાધાન્યતા છે અને જ્ઞાન પામેલ આત્મા કેવો લઘુકર્મી બને છે તે માટે ગુજરાતી સાદા સૂક્તમાં જણાવેલ છે કે-

"જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કરે કર્મનો છેહ ॥
પૂર્વકોડી વરિસાં લગે, અજ્ઞાની કરે તેહ ॥૧॥"

જે કર્મોને ખપાવવા માટે અજ્ઞાની આત્માને ક્રોડ પૂર્વ વર્ષો લાગે છે. તે કર્મોને જ્ઞાની આત્માઓ એક શ્વાસોચ્છવાસ માત્રમાં ખપાવી નાખે છે!"

વિચારવા જેવું છે કે-૭૦ લાખ અને ૫૬ હજાર વર્ષનું એક પૂર્વ થાય! આવાં એક ક્રોડ પૂર્વ વર્ષો સુધી કર્મો ખપાવવા માટે અજ્ઞાની આત્માઓને મહેનત કરવી પડે છે. જ્યારે જ્ઞાની આત્મા, એ જ કર્મરાશિને એક શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવી નાખે છે! આનું શું કારણ? કારણ એક જ છે કે-જ્ઞાન રહિતના આત્માઓ કર્મની જે નિર્જરા કરે છે તે અકામ નિર્જરા કરે છે. અકામ એટલે અનિચ્છાઃ જ્યારે જ્ઞાની આત્માઓ સકામ નિર્જરા કરે છે.

આત્માએ બાંધેલ શુભાશુભ કર્મનો જ્યારે ઉદયકાળ આવે છે ત્યારે ઉદયમાં આવેલા તે શુભ-અશુભ કર્મના વિપાકને ઈચ્છાએ કે અનિચ્છાએ પણ ભોગવવા જ પડે છે એ વાત નિશ્ચિત

હોવા છતાં અજ્ઞાની આત્માઓ, કર્મે આવી પડેલાં દુઃખો, રોગો, આપત્તિઓ કે ઉપદ્રવો આદિને કમને, ચીસો પાડીને, આર્ત્ત-રૌદ્ર કરીને ભોગવે છે તેથી તેને અકામ નિર્જરા થાય અને તે પણ અલ્પ! જ્યારે આર્ત્ત-રૌદ્ર ધ્યાનથી કે ધમપછાડાથી નવા કર્મો તો તે જીવ બાંધતો જ હોય છે!! જ્ઞાની આત્માની આવા સમયે તેનાથી વિલક્ષણ સ્થિતિ હોવાથી તેને કર્મોની નિર્જરા, સકામ હોય છે અને નવા કર્મોનો બંધ હોતો નથી. તેથી તેને ફક્ત કર્મોના નાશનો એક જ માર્ગ હોય છે.

કર્મ નિર્જરા માટે અમોઘ ઉપાય તરીકે જેને જણાવવામાં આવેલ છે તે જ્ઞાન, કયું જ્ઞાન લેવું? તેના ઉત્તરમાં જણાવવાનું કે-તારક તીર્થંકરદેવોએ પ્રરૂપેલ એવા 'જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા અને મોક્ષ' એ નવતત્ત્વોની વિશિષ્ટ-પણે અને યથાર્થતયા જાણકારી થાય તેવું જે જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન! આ સમ્યગ્જ્ઞાનના પ્રતાપે જ પૂર્વે જણાવી તેવી સ્થિતિ આત્માની થવા પામે છે. અને તેના પ્રતાપે સર્વ પાપકર્મોના ક્ષય કરવામાં સમર્થ એવા ચારિત્રધર્મને પામીને અંતિમ સાધ્યસ્વરૂપ એવા મોક્ષપદને પણ સમ્યગ્જ્ઞાની આત્મા મેળવી શકે છે.

આમ ઉત્તમોત્તમ અને અજરામર એવા સિદ્ધિપદની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન પછી આત્માને મુખ્ય કારણરૂપ જ્ઞાન હોવાથી શ્રી દશ-વૈકાલિકસૂત્રમાં **पढमं नाणं तओ दया** એવું સૂત્ર છે. અર્થાત્ જેઓને દયાની=ઉચ્ચકોટિના ચારિત્રની જરૂર છે તેઓએ જ્ઞાન પહેલાં જ મેળવવું જરૂરી છે. આથી જ શાસ્ત્રોમાં પ્રતિસ્થલે જ્ઞાન અને જ્ઞાનવંતની આશાતનાના ત્યાગનું તેમજ તેની આરાધનાનું દૃષ્ટાન્તો આપવા પૂર્વક ફરમાન કરેલ. જ્ઞાન અને જ્ઞાનીની આશાતના કરવાથી કેવા દારૂણ અને કરૂણ ફળોનું આસ્વાદન જીવોને કરવું પડે છે તેનું પૂ. પંડિત શ્રી વીરવિજયજી મહારાજ, પીસ્તાલીશ આગમની પૂજામાં વર્ણન કરતાં જણાવે છે કે-

"આગમની આશાતના નવિ કરીએ, હાંરે નવિ કરીએ રે નવિ કરીએ, હાંરે શ્રુતભક્તિ સદા અનુસરીએ...આગમની૦

જ્ઞાન વિરાધક પ્રાણીયા મતિહીના, તે તો પરભવ દુઃખીયાં દીના;
ભરે પેટ તે પર આધીના, હાં રે નીચકુલ અવતાર...આગમની૦ ।।

અંધા લૂલાં પાંગુલાં પિંડરોગી, હાંરે જનમ્યા ને વળી માતવિયોગી;
સંતાપ ઘણોને સોગી, હાં રે યોગી અવતાર...આગમની૦ ।।

મૂંગાં ને વળી બોબડાં ધનહીણાં, પ્રિયા પુત્રવિયોગે લીના;
મૂરખ અવિવેકે ભીના, હાં રે જાણે રણનું રોઝ...આગમની૦ ।।

જ્ઞાનતણી આશાતના કરી દૂરે, જિનભક્તિ કરો ભરપૂરે;
રહો શ્રી શુભવીર હજૂરે, હાં રે સુખમાંહે મગન્ન...આગમની૦ ।।

આમ સંસ્કૃત–પ્રાકૃત અને ગૂર્જરભાષામાં જ્ઞાન અને જ્ઞાનીની આશાતનાના કરૂણ વિપાકો દર્શાવવા પૂર્વક આરાધનાનું મહત્ત્વ બતાવવામાં આવેલ છે. તેવી જ રીતે જ્ઞાનારાધન અંગે મહાબલ–મલયાસુંદરીનું ચરિત્ર પણ એક અજોડ દૃષ્ટાંત છે.

મહાબલરાજા અને મલયસુંદરી મહારાણીનું સમગ્ર જીવન, દુઃખમય પસાર થવા છતાંય એક જ શ્લોકને=સુભાષિતને હૃદયમાં સ્થાન આપી તે દુઃખી જીવનને કેવી રીતે શાંતિથી સહી લ્યે છે અને તે સુભાષિતના માર્મિક ભાવાર્થથી પ્રતિબોધિત થઈને ચારિત્ર-ધર્મનું નિરતિચાર પરિપાલન કરી ક્રમે કેવી રીતે મોક્ષપદને પામે છે. તેનું સુંદર પ્રતિપાદન, વિક્રમની અઢારમી સદીમાં થએલા કવિરાજશ્રી ઉદયરત્ન વાચકે સં. ૧૭૬૬માં 'મહાબલમલય-સુંદરી રાસ'માં કરેલ છે. આ રાસની ભાષામાધુર્ય, પદલાલિત્ય તેમજ વર્ણનશૈલી રોમાંચક હોઈ '**રાસમાલા સંગ્રહ**'ના ચોથા ભાગ તરીકે તેને જ પ્રથમ સ્થાન આપવા વિચાર હતો.

પરંતુ પૂ. શાસનકંટકોદ્ધારક ગુરૂદેવશ્રી હંસસાગરસૂરિજી મહારાજશ્રીના હસ્તલિખિત જ્ઞાનભંડારમાં તે કૃતિઓની પ્રતો

ત્રુટક હોવાથી બીજા-બીજા જ્ઞાનભંડારોમાંથી પૂર્ણ પ્રતિ મેળવવા માટે બીજા જ્ઞાનભંડારોમાં તપાસ કરાવવા છતાં કાર્યવાહકોની બેપરવાઇ જેવી પરિસ્થિતિના કારણે નહિ મેળવી શકવાથી વિક્રમની અઢારમી શતાબ્દિમાં થએલા પંડિતવર્ય શ્રી કાંતિવિજયજી ગણિકૃત-'મહાબલ-મલયસુંદરીનો રાસ'ને પ્રથમ સ્થાન આપેલ છે.

આ રાસકાર, તપાગચ્છનાયક શ્રી વિજયપ્રભસૂરિજી મ૦ના શિષ્ય પૂ. ઉપા. શ્રી પ્રેમસૂરિજી મ૦ શિષ્યરત્ન છે. તેઓએ ૧૭૭૪ના પાટણના ચાતુર્માસમાં આ રાસનો પ્રારંભ કર્યો અને ૧૭૭૫ના વૈશાખ શુદ ત્રીજના શુભદિને પૂર્ણાહૂતિ કરેલ છે. એમ આ મહાબલ-મલયાસુંદરીરાસની ચોથા ખંડની છેલ્લી ૩૯મી ઢાળથી પ્રતીત થાય છે.

આ રાસકાર-પંડિત શ્રી કાંતિવિજયજી મહારાજે આ રાસની રચના ઉપરાંત સ્તવન ચોવીશી (સં. ૧૬૭૮). સૌભાગ્ય પંચમી સ્તવન (૧૭૯૯), હીરાવેધ છત્રીશી આદિની રચના કરેલ છે.

આ 'મહાબલ મલયસુંદરી'ના રાસની હસ્તલિખિત પ્રતિઓની પણ બીજા જ્ઞાનભંડારો તપાસ કરાવવાં છતાં ઉપલબ્ધ ન થવાનાં કારણે સંશોધન કરી શકાયેલ નથી. એટલે જુની જે મુદ્રિત પુસ્તિકા હતી તેના જીર્ણોદ્ધાર રૂપે જ આ પુસ્તક રત્ન પૂ. સ્થવિર સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા તરફથી છપાતા 'રાસમાળાસંગ્રહ'ના ચોથા ભાગરૂપે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉપા૦ **નરેન્દ્રસાગર-ચોટીલા**

૨૦૪૩ આ. વ. ૫ સોમવાર

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-
પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :- વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)
દીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઢળીયા)
વડીદીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા)
સ્વર્ગવાસ :- વિ. સં. ૨૦૪૧ના અ. શુ. ૫ રવિ (તળાજા)

# પ્રકાશકીય નિવેદન

પૂ. સાધુ સંતો મહંતો સતા અને સતીઓ આદિનાં પુણ્ય જીવન વૃત્તાંતોને આપણા ગ્રંથકારોએ વિદ્વદ્ભોગ્ય એવી ગીર્વાણ ભાષામાં કાવ્યો તથા ચરિત્રાદિરૂપે ગ્રંથીને અમરત્વ સમર્પેલ છે. પરંતુ સમાજના બધાજ જીવો સંસ્કૃત-પ્રાકૃતભાષાના જાણ હોઇ શકે જ નહિ. આથી તેવા અનભિજ્ઞ આત્માઓ પણ તે પુણ્ય-પુરૂષોનાં ઉજવલ અને આદર્શ જીવનચરિત્રોને સહેલાઇથી અવગાહી શકે, ગાઈ શકે, ગવરાવી શકે, અને શ્રોતાઓને પણ આનંદી શકે તે માટે ચાલુ ગુજરાતી ગેયભાષામાં વિક્રમની ૧૫મીથી વીશમી શતાબ્દિ સુધીમાં થયેલા આપણા પૂજ્ય ગુરૂભગવંતોએ રાસ-ચોપાઈ-લાવણી-છંદ-વિવાહ્લા આદિ વિવિધરૂપે સાહિત્ય નિર્માણ કરીને આપણા ઉપર મહાન્ ઉપકાર કરેલ છે.

આ લોકોપભોગ્ય વિશાળ સાહિત્યસર્જનમાંથી થોડું ઘણું જ સાહિત્ય પ્રસિદ્ધ થવા પામ્યું છે. અને ઘણું ખરૂં તો હજુ અપ્રકટ જ રહેલ છે! પ્રકટ થયેલ સાહિત્યમાંનો જાજો ભાગ, શ્રાદ્ધરત્ન ભીમશી માણેકે પ્રાપ્ત પ્રતોના આધારે યથામતિ સંશોધન કરીને પહેલ વહેલાં પ્રસિદ્ધ કરેલ. તેવીજ રીતે પૂજ્ય આગમોદ્ધારક આ૦શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦શ્રી સ્થાપિત **શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ સુરત**, પં. જિતવિજયજી, વોરા લલ્લુભાઇ મોતીચંદ શાહ આદિ દ્વારા પણ જુદું જુદું સાહિત્ય પ્રસિદ્ધ થવા પામેલ છે.

આ બધું પ્રસિદ્ધ થયેલ સાહિત્ય આજે મળવું પણ દુર્લભ થયેલ છે. અને જે છે તે પણ જીર્ણપ્રાયઃ પરિસ્થિતિમાં છે. આથી તેના ઉદ્ધારની જરૂર હતી જ તેવામાં નવામતી પૂ. આ૦શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મ૦શ્રીએ પોતાની "હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા" તરફથી સંશોધન કરવાપૂર્વક નવી આવૃત્તિરૂપે થોડા ઘણાં રાસાં બહાર પાડયાં છે, જે પ્રશંસનીય છે.

'તો પછી તમો, તેનું તે સાહિત્ય કેમ ફરી છપાવો છો?' તેવી થતી આશંકા અંગે જણાવવું જરૂરી છે કે "પૂ. દીર્ઘ ચારિત્રી, સુગૃહીત નામધેયા, પૂર્ણસમાધિસ્થ સ્વર્ગતા એવા "પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા" તરફથી પ્રકાશિત થતા 'રાસમાલા સંગ્રહ' અંગેના આ પ્રાચીન સાહિત્યનું કાર્ય એવી વિશિષ્ટ કોટીનું છે કે તે મુદ્રિત અને અમુદ્રિત રાસાઓને પ્રાપ્ય હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી તેમાંનાં ઉપયોગી પાઠોને મુદ્રિત અનુપયોગી પાઠોને સ્થાને જ દાખલ કરીને, બીજા પાઠાંતરોને તથા કઠીન અર્થોને ફુટનોટમાં આપવાપૂર્વક તેમજ શક્ય તેટલું શુદ્ધ બનાવવા પૂર્વક અતિ પરિશ્રમે તૈયાર થતો આ રસથાળ પૂ. પ્રવ. શ્રી મુનીન્દ્રસાગરજી મ૦ તથા પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ૦ આદિ પૂજ્યો તરફથી પીરસાય છે." જેથી આજસુધીની છપાયેલી અને અત્યારે છપાતી એવી આવૃત્તિઓમાં 'સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા'નું પ્રકાશન સહુથી આગવું સ્થાન ભોગવશે તેનું અમો ગૌરવ લઇએ છીએ.

## દીર્ઘચારિત્રી-શાંતમૂર્તિ-સ્થવિર પૂ. સુસાધ્વીજી
# શ્રી અંજનાશ્રીજી મહારાજની
## જીવન-સુવાસ

ભાવનગર જિલ્લાના ત્રાપજ નામે ગામના વારૈયા કુટુંબમાં વિ. સં. ૧૯૩૬ના પોષ શુદિ ૧૩ ના શુભદિને તેમનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભનામ વારૈયા કલ્યાણજી દયાળજીભાઈ અને માતુશ્રીનું નામ હેમીબેન હતું. ચરિત્રનાયિકાનું નામ **અનુપમા** (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતાપિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની પુત્રીની સગાઈ ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત એવા ટળીયા નિવાસી દીપચંદ જેરાજભાઈના સુપુત્ર શા. હઠીચંદભાઈની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ રહેલા ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઈને ખબર પડતાં પોતાના ભાવિ સસરાને જણાવી દીધેલ કે—'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે—આ સગાઈ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાયેલા વારૈયા કલ્યાણજીભાઈએ પણ જણાવી દીધું કે—'દીકરી એકવાર દેવાય અને મારી દીકરી અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે, તે ફોક નહિ

થાય. માટે એક વખત દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં અને સં. ૧૯૮૪ સુધીના સંસારવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલી. તેમાં નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઇનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો. અને તેથી સહધર્મચારિણી અનુપમાનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશા સંસારની અસારતા તથા ત્યાગ વૈરાગ્યની વાતો સમજાવવા માંડી. પરિણામે ૭ વરસના ટુંકા લગ્ન ગાળામાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગાંસંબંધીઓનાં પણ પ્રેમબધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઈન્દ્રિયોમાં બળવાન એવી રસના ઈન્દ્રિય ઉપર કાબુ મેળવવા છએ વિગઇઓનો પોતે ત્યાગ કર્યો!

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજશોખને બદલે ત્યાગ-વૈરાગ્યમાં ઝુલતાં જોઇને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાં પોતાની વાસનાઓ અને મોજશોખો ઉપર નિયંત્રણ મૂકી દીધું! એટલું જ નહિ પરંતુ પોતાના બાળ-બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્ય-ભાવમાં આવી ગયાં! તે એટલે સુધી કે-પોતાનો સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદ ત્રીજના શુભદિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોયી દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુંકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી!

ત્યારબાદ નાની કુમળીવયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમળા અને ૮ વર્ષથી વયનાં પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૩ને સોમવારના રોજ પોતાના સાસરીયાં-ઠળીઆ ગામમાં પોતાના જ સ્વામીના હાથે પ્રવજ્યા અંગીકાર કરીને

સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦, સાધ્વીજીશ્રી વિદ્યાશ્રીજી તથા મુનિ શ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યો બાદ જેમ બને તેમ વધુ નિર્મળતા થાય તેમ શક્તિ અનુસાર તપ-ત્યાગ-સ્વાધ્યાય-સાધુ આચારોનું દત્તચિત્તે પાલન તેમજ વિષય કષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઈને પણ પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે-'જ્યારે જાઓ અને જૂઓ ત્યારે સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ, પ્રસન્નચિત્ત અને પોતાની આત્મ-સાધનામાં જ મગ્ન,

આવાં સંયમી જીવનમાં માસખમણ, ૧૬-૧૫-૧૧-૮ ઉપવાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના, નવપદજીની નવેય ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતનપાવડીના છઠ્ઠ-અઠ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ છે. છેલ્લાં ચાર-પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરનાં કારણે તેમજ નવ વર્ષથી લાગુ થયેલા કેન્સરની અસહ્ય પીડાને કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્નમુખ મુદ્રા! તેઓશ્રીને શાતા પુછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી કેન્સર રોગની જાણ થવા પામી ન હતી! આવી તેમની સહનશક્તિ અને સમભાવ હતો!!

આવા પુણ્યશાળી ચરિત્રનાયિકા સાધ્વીજી મહારાજને છેલ્લાં ૧।। મહિનામાં તો કેન્સરના રોગે જોર પકડયું! ક્ષણ પણ બેસી ન શકાય તેવી પરિસ્થિતિ હોવા છતાં તલાજા શ્રી સંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીજી સમુદાયને લઈને ૨૦૪૧ના જેઠ વદી ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં ફર્યા. પ્રવેશ બાદ ડોકટરની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાય શાંત ન થતાં દિન પ્રતિદિન ગંભીરરૂપ પકડતું ગયું. તેની અસહ્ય વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે અશાડ સુદિ ૫ને રવિવારે સવારે ૧૦॥ વાગે તો પોતાની લાડકવાયી પુત્રી-સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને-'વિદ્યા! હવે હું જાઉં છું', તને અને સાધ્વીને મારો 'મિચ્છામિ દુક્કડં' એમ સ્પષ્ટ જણાવેલ, અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે—મને 'ધારણા પચ્ચક્ખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે 'સંથારો-દવા અને પ્રવાહી' સિવાયના સર્વના પચ્ચક્ખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આ આરાધના પ્રસન્નચિત્તે સાંભળતાં હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિક શક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક "મિચ્છામિ દુક્કડમ્" દઇ ખમાવતા તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસીરાવતા જતાં હતાં-આ અવસરે આરાધનાકારક શિષ્યાઓનું ગળું સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઇ રહી હોવા છતાં સજાગ એવા તેઓશ્રી મક્કમ થઇને 'કેમ બોલતાં અટકયાં? ચાલુ રાખો' એમ પ્રેરણા આપી આપીને ૨॥ કલાકની ચાલુ સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલ વ્રત-તપ-જપ-ત્યાગ-યાત્રા-સ્વાધ્યાય આદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમય દશામાં દીર્ઘચારિત્રી-સ્થવિર અને "પૂજ્ય બા મહારાજ"ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦શ્રીનો નિર્મળ આત્મા બપોરે ૧-૫૫ મીનીટે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો!

દશ જ દિવસની સ્થિરતા દરમ્યાનમાં તળાજા શ્રીસંઘે તથા તીર્થકમિટિએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો. એટલું જ નહિ પણ એક મહાન્ આચાર્ય મ૦ની પાલખી નીકળતી હોય તેવી રીતે પાલખી સાથેની સ્મશાનયાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઇ બહેનો જોડાયેલ. ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના

સમાચાર ફોનથી મળી જતાં ભાવનગર-પાલીતાણા-ઠળીયા-ત્રાપજ -તણસા - દેવળીયા - સોનગઢ - દાઠા - મહુવા - પીપરલા - પાવઠી - કામરોળ વગેરે ગામોના ભાઇ બ્હેનો પણ સમયસર સ્મશાન-યાત્રામાં જોડાવા પામ્યા હતા.

આમ પચાસ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃસ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા શ્રીસંઘે પદ્માવતી પૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલ અને તે અવસરે જીવદયાની છૂટે મને થયેલી ટીપમાંથી પૂ. બા. મ૦ની સ્વર્ગવાસની કાયમી તિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧, છાપરીઆળી પાંજરાપોળમાં, ૫૦૧, સમઢીયાળા પાંજરાપોળમાં, ૫૦૧, પાલીતાણા પાંજરાપોળમાં, રૂા. ૧૦૭૧) તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧) પૂ. આ૦ દેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦ની સ્વર્ગારોહણ તિથિની કાયમીતિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવી જ રીતે જોરાવરનગરના શ્રીસંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. બા. મ૦ની કાયમી તિથિ નોંધાવીતે પૂ. બા. મહારાજશ્રી પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

દીર્ઘસંયમી, શાંતિમૂર્ત્તિ, ચારિત્ર, પરાયણા, પ્રાતઃસ્મરણીયા પૂ. ગુરૂણીજી મ૦નું નામ અમર રાખવાના ઉદ્દેશથી **પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા** ચાલુ કરીને તેનાં મણકાઓ રૂપે પૂર્વ મહર્ષિઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત અને અમુદ્રિત પ્રાચીન રાસાઓનં પ્રકાશન કરવાનું અમારી સંસ્થાએ નિર્ધારેલ છે. આવા અમારા ભવોદધિ તારક અને સંયમરક્ષા માટે અજોડ પગલા ભરાવનારા પૂ. ગુરૂણીજી શ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી.

આપના વિરહથી તરફડતી
આપની બાલ શિષ્યાઓ.



॥ ॐ ह्रीँ श्री परम गुरुभ्यो नम: ॥

॥ અથ પંડિત શ્રી કાંતિવિજયજી કૃત ॥

# શ્રી મહાબલ મલયસુંદરીનો રાસ.

॥ દુહા ॥

સ્વસ્તિ શ્રી સુખ સંપદા, પૂરણ પરમ ઉદાર;
આદીસર આનંદ નિધિ, પ્રણમું પ્રેમ અપાર ॥૧॥

ફણિમણિ મંડિત નીલ તનુ, કરૂણારસ ભરપૂર;
પારસ જલધર પલ્લવો, બોધિ બીજ અંકુર ॥૨॥

શાસન નાયક સાહિબો, ગિરુઓ ગુણ વિલસંત;
હરિલંછન હિયડે ધરૂં, શ્રી મહાવીર ભગવંત ॥૩॥

ગણધર મુખ મંડપ વસે, અવિહડ મહિમા જેહ;
અંતર તિમિર વિનાસિની, સમરૂં સરસતી તેહ ॥૪॥

ચઉ મંગલ વરત્યા હવે, પ્રગટ્યો વચન પ્રકાશ;
નિજ ઇચ્છા પૂર્વક પણે, ભાખું વારુ ભાસ ॥૫॥

ધર્મ સહિત કૌતુક કથા, કવિતા કહેતો સાર;
નિજ જીહ્વા પાવન કરે, વિકસે મતિ પરિવાર ॥૬॥

ૐકાર ધુર સંઠવ્યો, ચઉવેદા ચોસાલ;
તિમ પુરૂષારથ ધુર ધર્યો, ધર્મ એક સુરસાલ ॥૭॥

દુર્ગતિ પડતા જીવને, ધારણથી તે ધર્મ;
નાણાદિક ત્રણ રત્નમય, કહીએ તાહિ સુમર્મ ॥૮॥
નાણાદિક જિન ઉપદિશ્યા, નિર્મલતા ગુણ હેતુ;
પણ વિશેષ નાણ જ કહ્યો, સોધિતણો સંકેતુ ॥૯॥
અકલ પદારથ સાધી દે, પરમારથથી નાણ;
નિરુપાધિક લોચન નવું, બીજું નાણ પ્રમાણ ॥૧૦॥
નિઃકારણ બંધવ સમો, ભવજલ તરણ ઉપાય;
ખલતાં દુર્ગતિ ખાડમેં, આલંબન નિરપાય ॥૧૧॥
અંતર તિમિરને ભેદવા, નાણ દીપ નિરબાધ;
ભરતાદિક નૃપ નાણથી, ભવજલ તર્યા અગાધ ॥૧૨॥
નાણ વિપદથી ઉધ્ધરે, નાણ દીયે સવિ થોક;
મલય સુંદરી જિમ સુખ લહ્ી, ચિત્ત ધરી એક સલોક ॥૧૩॥
કિમ આપદથી ઉતરી?, કિમ પામી સુખ ઠાય?;
તાસ ચરિત્ર ચોપાઇ કહું, સુણજો સહુ ચિત્ત લાય ॥૧૪॥
આલસ નિદ્રા પરિહરી, છંડી વિકથા મિત્ર;
સુણતાં મલયાની કથા, કરજો કર્ણ પવિત્ર ॥૧૫॥

## ॥ ઢાળ પહેલી ॥

અજિત જિણંદશું પ્રીતડી....એ દેશી....

જંબુદ્વીપ સોહામણો, સોહે સોહે હો સવિ દ્વીપ વિચાલ કે; લવણ સમુદ્રે વીંટીઓ, લાખ જોયણ હો, વર્તુલ જિમ થાલ કે....જંબૂ૦ ॥૧॥ તેમાંહે ક્ષેત્ર ભરત અછે, ખટ ખંડે હો મંડિત સુવિશાલ; નવ નવ સંપદ ભૂમિકા, તે સાધે હો ચક્રી છોગાલ.... જંબૂ૦ ॥૨॥ દક્ષિણ ભાગ ચંદ્રાવતી, નગરી તિંહા હો છાજે નિકલંક; અલકાપુરી ઉપર ગઈ, લંક વલી હો

સાયર જસ સંક....જંબૂ૦ ॥૩॥ વિસ્તર ચહુટા ચિહું-દિસેં, ચોરાસી હો ચાવા જિહાં ખાસ; સાયર તજી જલ દૂષણે, જાણે લખમી હો તિંહા કીધો નિવાસ....જંબૂ૦ ॥૪॥ ફટિક રતનમય સૌધની, [1]રૂચિ ઉજવલ હો પસરે અભિરામ; અંધારે પખ પણ નહી, તિણે રહેવા હો ક્ષણ તિમિરનો ઠામ....જંબૂ૦ ॥૫॥ કિહાં કણે ઘર ચંદ્રકાંતના, પડિબિંબે હો તિંહા ચંદ્ર [2]મરીચ; અસ્ખલ જલ પરનાલના, વરસાલો હો પરગટ કરે સીચ....જંબૂ૦ ॥૬॥ ગયણાંગણ તલ પૂરતી, અટારી હો ઉંચી કૈલાસ; ગોખે ગોખે રહે ગોરડી, જાણે અપચ્છર હો કરે રંગ વિલાસ....જંબૂ૦ ॥૭॥ મરકત વિદ્રુમ કાંચને, કે રચિયાં હો મંદરના [3]જાલ; દિસિ દિસિ તેજ જલામલે, હોયે દિન દિન હો સુર ધનુષ અકાલ....જંબૂ૦ ॥૮॥ કુંકુમ મૃગમદ વાસીયાં, જલપૂરે હો દગરો પ્રનાલ; ભ્રમર ભમે રસીયા પરે, રસ લંપટ હો કરતાં ઢક ચાલ....જંબૂ૦ ॥૯॥ ગઢ વિંટી ચિહું દિસી પુરી, પરિ પૂરી હો સુખીઓ સવિ લોગ; દુઃખિયા આલંબન લહે બહુ, પામે પામે હો નવ નવલા ભોગ....જંબૂ૦ ॥૧૦॥ કંટક કંટકતરુ રહ્યાં, દો[4]જીહા હો વિષહર કહેવાય; [5]ખલ દાખીજે ખેતમાં, દંડ દીજે હો સુર મંદિર ઠાય....જંબૂ૦ ॥૧૧॥ [6]કર છેદન નૃપ જે ગ્રહે, તિમ કુસુમે હો બંધન ઉપચાર; કુટિલ પણો કેસેં ઠવ્યો, નવ દીસેં હો કોઈ લોક મઝાર....જંબૂ૦ ॥૧૨॥ નિર્મલ સરવર જલ ભર્યાં, કે દર્પણ હો દિસીનાં મનુહાર;

૧ કાંતિ, ૨ કીરણ, ૩ ગવાક્ષ-ગોખ, ૪ જીભ, ૫ ખળાં, ૬ કર્ણ.

ભોગી ભ્રમર ઝીલે ઘણા, ઘણુ મહકે હો કમલોનો સાર....જંબૂ૦ ॥૧૩॥ વન વાડી આરામની, છબિ નીલી હો અડતી ચિહુ' ઓર; સ્વર્ગપુરી જીતણુ ભણી, કસી ભીડયો હો બંખતર હર જોર....જંબૂ૦ ॥૧૪॥ અતુલબલી બલી નૃપ સમો, રિપુમૃગને હો ત્રાસન જે સીંહ; દાતા [1]તાતા સાહસી, ન્યાયે ધોરી હો ગુણવંત અબીહ....જંબૂ૦ ॥૧૫॥ સબલ પ્રતાપે તાપવ્યા, રિપુ વસીયા હો શીતલ ગિરિ કુંજ; વનફલ ભખી નિર્જર પીયે, મુનિવ્રતે' હો જીવે દુઃખ પૂંજ....જંબૂ૦ ॥૧૬॥ લખમી કર કમલે વસી, મુખ એહને હો સરસતી વિલસંત; વિણુ આદર રહવો કિશો, જસ કીરતિ હો ગઇ કોપી દિગંત....જંબૂ૦ ॥૧૭॥ હેલે' ધનુષ નમાડતાં, શિર નમિયાં હો અરિનાં તતકાલ; વીરધવલ નામે તિંહા, કરે રાજા હો નિજ રાજ સંભાલ....જંબૂ૦ ॥૧૮॥ દેશાવર નૃપ ભેટણાં, બહુ આવે હો હય ગય રથ કોડિ; ચતુરંગી સેના ઘણી, નવિ આવે હો તેહની કોઇ જોડિ....જંબૂ૦ ॥૧૯॥ કોમલ ચંપક દલ જિસી, ઘર રાણી હો રતિને અનુહાર; ચંપકમાલા તેહને, શીલાદિક હો ગુણ મણિ ભંડાર....જંબૂ૦ ॥૨૦॥ બીજી કનકવતી અછે, સોહાગિણ હો નૃપ પ્રેમ નિધાન; વિલસે રંગે રાયશું, સુખલીની હો બે ચઢતે માન....જંબૂ૦ ॥૨૧॥ પુર વર્ણની પરગડી, ઇમ કાંતે હો કહી પહેલી ઢાળ; સુણો શ્રોતા જીજીકરી, આગલ છે હો અતિવાત રસાલ....જંબૂ૦ ॥૨૨॥

---

૧ રક્ષણહાર,

॥ દુહા ॥

વીરધવલ પાલે પ્રજા, નિજ સંતતિ પરે તેહ;
દુઃખ દોહગ દૂરે કરે, દિન દિન ધરતો નેહ. ॥૧॥
એક દિન ચિંતાતુર થઈ, બેઠો તેહ ભૂપાલ;
અતિહિ આમણ દુમણો, નીચી દષ્ટિ નિહાલ. ॥૨॥
આદર નવિ દે કેહને, દિલગિરી દિલ માંહ;
છોડી છયલે નવ નવી, રાગ રંગની ચાહ. ॥૩॥
વદન કમલ ઝાંખું થયું, દુર્બલ થયું શરીર;
ચિંતા ડાયણી આગલે, ધીરજ કુંણ સહે ધીર. ॥૪॥
ચિંતા ડાયણી મન વસી, ક્ષણ ક્ષણ ૧પંજર ખાય;
તિલ તિલ કરી જે સંચિઉ, તે તોલે તોલે જાય. ॥૫॥
સંતાપે તાપ્યો ઘણું, ન સુણે કેહની વાત;
અન્ન ઉદક રૂચિ પરિહરી, જોગીસર જ્યું ધ્યાન ॥૬॥
ચંપકમાલા પેખીઓ, ઇણે અવસર નરનાહ;
આઈ તુરત પણે તિંહા, સંભ્રમભર ચિત્તચાહ ॥૭॥
રાય આગલ ઉભી રહી, ધરતી રાગ વિશેષ;
કરજોડી બોલી પ્રિયા, ઈણીપરે અવર ઉવેખ. ॥૮॥

## ॥ ઢાળ બીજી ॥

કર જોડી મંત્રી કહે....એ દેશી

કરજોડી રાણી કહે, અરજ સુણો મહારાજ હો પ્રીતમ; પૂછું છું છંદે રહ્યાં, કહેતાં મત કરો લાજ હો....પ્રીતમ૦ કર૦ ॥૧॥ બોલો નહીં મન મેલવી, ખોલો નહીં સદ્દભાવ હો....પ્રી૦; આવતાં આવ કહો નહીં, જાતાં કહો નહીં જાવ હો....પ્રી૦ કર૦ ॥૨॥ થઈ બેઠા અણ ઓલખું, ન ધરો કાંઈ સનેહ હો....

૧ શરીર

પ્રી૦; વારી જાઉં લખવાર હું, મુજરો લ્યો ગુણ ગેહ હો....પ્રી૦ કર૦ ॥૩॥ દાસી હું પાયે પડું, થેં મહારા શીરના મોડ હો....પ્રી૦; થેં જીવણરી ઔષધિ, કુંણ કરે તુમચી હોડ હો....પ્રી૦ કર૦ ॥૪॥ કિમ સરસે બોલ્યા વિના, પ્રગટે છે અમ તાપ હો....પ્રી૦; મૌન લીઉં કેણે કારણે, ચિંતાતુર થઈ આપ હો....પ્રીતમ૦ કર૦ ॥૫॥ કેણે તુમ કથન કીઓ નહી, કેણે દુહવ્યા મહારાય હો....પ્રી૦; કે કાંતા કોઈ દિલ વસી, ચિંતો તાસ ઉપાય હો ?....પ્રી૦ કર૦ ॥૬॥ કે કોઈ અરિયણ જાગીઓ, ચિંતા પેઠી તાસ હો....પ્રી૦ ?; કે જોગી જંગમ મલ્યો, કીધા તેણે ઉદાસ હો ? પ્રી૦ કર૦ ॥૭॥ કે કોઈ બાધા ઉપની, અંગે જીવન પ્રાણ હો ? ....પ્રી૦; કે ઇણે વેલા સાંભર્યો, અરિયણ વયરી પુરાણ હો ?....પ્રી૦ કર૦ ॥૮॥ કવણ અછે તે રાજીઓ, જે બાંધે તુમશું તેગ હો ? પ્રી૦; પંચાયણ ગિરિ ગાજતે, મૃગ નાસેં કરે વેગ હો....પ્રી૦ કર૦ ॥૯॥ કે કેણે દુર્જને ભાખીઓ, અણહુંતો અમ દોષ હો ?....પ્રી૦; કે કિણહિક અપહરી લીઓ, નવલો લખમી કોશ હો ?....પ્રી૦ કર૦ ॥૧૦॥ કે મન માન્યો સાંભર્યો, પરદેશી કોઇ મિત્ત હો ? પ્રી૦; સુરત સમયનું બોલડું, કે ખટકયું કોઈ ચિત્ત હો ?....પ્રી૦ કર૦ ॥૧૧॥ કે મારગ સંવેગનો, ભેદાણું સરવંગ હો....પ્રી૦; મનમેલું સાચું કહો, આશય એહ અભંગ હો....પ્રી૦ કર૦ ॥૧૨॥ યદ્યપિ ન ભાંજે અમ થકી, ચિંતા મોટી કાંઇ હો....પ્રી૦; તો પણ એકાંગે રહી, સમતાએ વહેંચાય હો....પ્રી૦ કર૦ ॥૧૩॥ એમ સુણ્યાં ધરણીધવે, હૃદયે

સ્ત્રીનાં બોલ હો...પ્રી૦; સરિસા મન ભેદન ભલા, મધુરા અમૃતને તોલ હો...પ્રી૦ કર૦ ॥૧૪॥ કહેશે હવે રાણી પ્રતે, એ થઈ બીજી ઢાલ હો...પ્રી૦; કાંતિ કહે ધન તે [1]ત્રીયા, જે લહે પતિ ચિત્ત ચાલ હો... પ્રી૦ કર. ॥૧૫॥

॥ દુહા ॥

વયણ સુણી ઉદ્વેગ ભર, બોલ્યો તવ ભૂપાલ;
ચિંતા કારણ ચિત્ત ધરી, સુણ સુંદરી સુકુમાલ. ॥૧॥
જે તેં પૂછયા વિવિધ પરે, નહી તેહની મુજ ચિંત;
શુદ્ધ સ્વભાવે સર્વથા, તિણ વાતેં નિશ્ચિંત. ॥૨॥
એ મુજ ચિંતા ઉમટી, અકસ્માત બલવંત;
મૂલથકી માંડી કહું, સુપરેં સાંભ વિરતંત. ॥૩॥

## ॥ ઢાળ ત્રીજી ॥

ધિગ્ ધિગ્ વિષય વિટંબના....એ દેશી

ઇણપુરમાં વ્યવહારિયા, નિવસે છે ગુણવંતો રે; લોભનંદી લોભાકરા, બે ભાઈ ધનવંતો રે....॥૧॥ ધિક ધિક લોભ વિટંબના, લોભે લક્ષણ જાય રે; લોભે નર પીડા લહે, લોભે દુર્ગતિ થાય રે....ધિક૦ ॥૨॥ બાંધવ નેહ ધરે ઘણું, માહેં માંહે બેહો રે; ભેદ ન પામે એ કદા, ખીર નીર પરે તેહો રે....ધિક૦ ॥૩॥ લોભાકરને સુત થયો, નામ દીઓ ગુણવર્મ્મા રે; લોભનંદી પરણ્યો ફરી, પણ સુત નહી પૂરવ કર્મ્મા રે....ધિક૦ ॥૪॥ એક દિવસ બેઠા મલી, હાટેં બેહુ જેવારો રે; પરદેશી એક પંથીયો, આયો તેહ તિવારો રે....ધિક૦ ॥૫॥ ભદ્ર પ્રકૃતિ ઉભો રહ્યો, તેહને

[1] સ્ત્રી

કો ન પિછાણે રે; દીઠો શેઠે એકલો, ઉત્તમ પુરૂષ પ્રમાણે રે....ધિક૦ ॥૬॥ બોલાવ્યો ગૌરવ પણે, આગત સ્વાગત કીધો રે; આદરસું આગલ ભલો, આસણ બેસણ દીધો રે....ધિક૦ ॥૭॥ પૂછે શેઠ કિહાં રહો, કિમ આવ્યા ઇણ ગામે રે ?; જાત કિસિ છે તુમ તણી, નીકલીયા કેણે કામ રે ?....ધિક૦ ॥૮॥ કહે પંથી ક્ષત્રિ અછું, પરદેશી અસહાયો રે; દેશ દેશાવર દેખતો, ફરતો હુંતો ઈહાં આયો રે....ધિક૦ ॥૯॥ શેઠે નિજ ઘર તેડીઓ, ભોજન ભગત ભલેરી રે; કીધી વલી કેઈ દિન લગે, રાખ્યો જાતો ઘેરી રે....ધિક૦ ॥૧૦॥ વિશ્વાસે હલિ મલિ રહ્યો, અંતર કોઇ ન રાખે રે; દેશ વિદેશ તણી ઘણી, વાત ભલી ભાખે રે....ધિક૦ ॥૧૧॥ અન્ય દિવસ કહે પંથીયો, એ તુંબી મુજ લીજે રે; પાછી દેજો શેઠજી, જિણ દિન ફરી માગીજે રે....ધિક૦ ॥૧૨॥ મુખ મુદ્રા ગાઢી કરી, શેઠ તણે કર દીધી રે; ઉંચી બાંધી તુંબડી, હાંટ માંહે તેણે સીધી રે....ધિક૦ ॥૧૩॥ બે ભાઇને તેણે કહ્યો, કરજો એહની સંભાલ રે; તે કહે હું જીવન સમો, એહ છે તુમચો માલ રે....ધિક૦ ॥૧૪॥ ચતુર વિદેશી ચૂકીઓ, રોપ્યો અનરથ મૂલ રે; કાંતિવિજય કહે ઢાલ એ, ત્રીજી થઈ અનુકૂલ રે....ધિક૦ ॥૧૫॥

॥ દુહા સોરઠી ॥

તુંબી લાગો તાપ, અવર વસ્તુનો આકરો;
વાધ્યો રસનો વ્યાપ, જરવા લાગી જરકસું. ॥૧॥
તુંબીમાંથી રસ ગલી, હેઠ બંધાયે બિંદ;
લોહ કોશ નીચે પડી, સિંચાણી નિરમંદ. ॥૨॥

લોહ દશા લઘુ છાંડીને, હેમ હુઓ દ્યુતિમંત;
ઘાટકોણ જલિઝાલ રહ્યો, મોડયો તિમિર તદંત. ॥૩॥

દ્રષ્ટિ પડી દો શેઠની, સોવન સાચે રંગ;
ચમત્કાર ચિત્ત પામીઆ, જાણ્યો રસનો સંગ. ॥૪॥

અતિલોભે અંધા હુઆ, તુંબી લે નિસ્સંક;
ગુપ્ત પણે મૂકી ગૃહે, ન ગણ્યો કાલ કલંક. ॥૫॥

માયાવી મન હરખીયા, લોભે વાહ્યાં મુંડ;
કુલવટ વહેતી મુકીને, કીધો કારજ ભુંડ. ॥૬॥

અતિ કુચ્ચક પંથી થયો, સાચો ચાલણ પંચ;
તુંબી માગી તે કન્હે, વિનય વચન પરપંચ. ॥૭॥

માયાવી મૃદુ વચનશું, બોલ્યાં બે દુર્બુદ્ધ;
વ્યગ્ર પણે તુજ તુંબિની, કીધી કાંઈ ન શુદ્ધ. ॥૮॥

ઈક્ષત ઉંદર આફુસે, ઠામ ઠામ પ્રચંડ;
કાઢયો બંધણ તુંબિકા, પડી થઈ શતખંડ. ॥૯॥

કેટક દિન તસુ કટકડા, દીઠયાં પડયાં અનેક;
અમ દિલમેં અતિ દુઃખ હુઓ, ચિંતાએ વ્યતિરેક. ॥૧૦॥

સમ સગરા કરી સાંચવ્યું, કૃત્રિમ કરે દુઃખ ભાર;
અપર તુંબીના ખંડ લે, દેખાડયાં તેણી વાર. ॥૧૧॥

વૈદેશિક વિલખો થયો, ખોઈ સઘલી આથ;
હા હા ! દેવ ! કિશું કીયો, ભૂમિ પડયાં બે હાથ. ॥૧૨॥

દક્ષ પણે જાણ્યો તેણે, એ નહી તેહનો ખંડ;
જિમ તિમ તુંબી ઓલવી, સમ કાઢે છે લંડ. ॥૧૩॥

કિહાં જાઉં કેહને કહું, કિશો કરૂં હું શૂલ ?;
દગો દીઓ દુષ્ટે બુરો, લીધો તુંબ અમૂલ. ॥૧૪॥

કહું કદાચિત રાયને, તો પણ રસ લે એહ;
ચિંતી ચુંપે ચિત્તમેં, ઈમ બોલે ગુણગેહ. ॥૧૫॥

## ॥ ઢાલ ચોથી ॥

વિંછીયાની દેશી.

મોરી તુંબી દીઓ શેઠજી, હુંતો કહું છું ગોદ બિછાય રે; કામ ન કીજે કાંઈ તેહવો, જેણે માન મહાતમ જાય રે....મોરી૦ ॥૧॥ અરે! પરદેશીનું બોલવી, એહ જીવન લીધો મુજ રે; જણ વિસર્સાઆ નીસાસડો, દુઃખ હોસે સહી તુજ્જ રે....મોરી૦ ॥૨॥ વલી તુમ સરીખો જો ઇમ કરે, જન નિંદિત માઠા કામ રે; તો સંતતિ વિના ભૂ લોકમાં, સત્ય રહેવાનો કુણ ઠામ રે?....મોરી૦ ॥૩॥ જલનિધિ રહે મર્યાદમાં, ધરણીશિર શેષ વહંત રે; અતિ સૂર તપે નહિ આકરો, તે મહિમા છે સત્યવંત રે....મોરી૦ ॥૪॥ સત્યે સુર સાંનિધ્ય કરે, હોય સત્યે પુરૂષ પ્રમાણ રે; જગ ઉત્તમ સત્ય રાખણ ભણી, નિજ પ્રાણ કરે કુરબાન રે....મોરી૦ ॥૫॥ કાંઈ હાંસું ન કીજે હેલથી, એ ઘર ખોયાનું ઠામ રે; પસ્તાવો હોસે તુમ મને, ઇણ વાતે ખોસો મામ રે....મોરી૦ ॥૬॥ ઇમ જૂઠા સમ ખાતા થકાં, નાઠી તુમચી કિહાં લાજરે; નર ઉત્તમ હામ વહે નહી, કરતાં ભુંડા એહ જ કામ રે....મોરી૦ ॥૭॥ હવે લોભવસે લહેતાં નથી, એહ વાવો છો વિષ વેલી રે; તુમ અનરથ ફલ દેશે ઘણા, હું કહું છું લજ્જા મેલી રે....મોરી૦ ॥૮॥ બિહુું શેઠ કહે સુણ પંથીઆ, કાંઈ શુદ્ધિ ગઈ છે તુજ્જ રે; જગ વાડિ

ન ચોરે ચીભડા, દિલ બૂજ વિચારી અબૂજ રે.... મોરી૦ ॥૯॥ ઈમ જૂઠો દોષ ચઢાવીને, તું ખોવે કાં નિજ ઠામ રે?; કિહાં સુણીયા શાહ શિરોમણી, એ કરતાં ભૂંડા કામ રે?....મોરી૦ ॥૧૦॥ ફટ લાજે નહી કા બોલતાં, અણહુંતિ એમ ગમાર રે?; જો હોસ હોયે રાઉલ ભણી, તો જઇએ આવ એ વાર રે.... મોરી૦ ॥૧૧॥ અતિ કાઠો ઉત્તર ઈમ દીઉ, શેઠે કરી કપટ જિવાર રે; તે પંથિક નિરાસપણો ગ્રહી, કોપ્યો અતિ જોર તિવાર રે....મોરી૦ ॥૧૨॥ કાંઈ સાચી શીખામણ દઉં હવે, ઈમ બોલ્યોં તેણીવાર રે; એક વિદ્યા છોડી થંભણી, ને થંભ્યાં ઘરને બાર રે.... મોરી૦ ॥૧૩॥ તવ સંધે સંધે બંધિત થયા, ન ખસે ત્યાંથી તિલમાત્ર રે; બિહું ચિત્ર લિખિત પરે થિર રહ્યાં, મન માંહે ઘણું અકલાત રે....મોરી૦ ॥૧૪॥ તેહ ઉઠી ચલ્યો પરદેશીયો, દુઃખ જાલ બંધાણા બેહ રે; ઇંહા ચોથી ઢાલ સોહામણી, ઈમ કાંતિ વિજય કહી એહ રે....મોરી૦ ॥૧૫॥

॥ દોહો સોરઠી ॥

શોચે સૂધા શેઠ, બેહું ઉભા બારણે;
દેવે દીધી વેઠ, પેટ મસલી પીડા કરી. ॥૧॥
આવ્યા લોક અનેક, થંભ જિસા થિર દેખીને;
છેતરીયાં છલછોક, ઈમ બોલે અચરિજ ભર્યાં. ॥૨॥
સુણતાં લોક સુજાણ, શેઠ કહે સંકટ પડયાં;
કરૂણા કરી દો જાણ, અમને છોડે ઈહાં થકી ॥૩॥
અમે ન જાણ્યો એહ, આપદ પડસે આકરી;
દુઃખભર દાધી દેહ, પ્રાણ હુઆ છે પ્રાહુણા ॥૪॥

કીજે કવણ ઉપાય, મરતાં ને માર્યો હુવે;
જો કિમ છૂટયો જાય, તો કામ ન કીજે એહવો ॥૫॥

લોક હસે લખ કોડિ, કે રોવે કે કૂકએ;
દેતા કહ દિસિ દોડ, કૌતુક નિરખે કઈ જણા ॥૬॥

હુઓ તે હાહાકાર, પુરમાંહે પ્રબલ પણે;
વાત તણો વિસ્તાર, જાણ્યો સઘલે જુગતિસુ ॥૭॥

ગુણવર્મ્મા ઈણ અવસર, ગ્રામાંતરથી ગેહ;
આયો વાત કુટુંબથી, જાણી સઘલી તેહ. ॥૮॥
પિતા પિતાબાંધવ બેહુ, દ્વારે બંધ્યા દેખી;
લાજ્યો મનમાંહે ઘણો, દુઃખ પામ્યો સવિશેષ. ॥૯॥

કુમર કહે સુણો તાતજી, મ કરો ચિંતા કાંય;
વિધિસું તુમ છોડણ ભણી, કરશું કોડિ ઉપાય. ॥૧૦॥

ચિંતાતુર તવ કુમર તે, શોધે નવ નવ બુદ્ધિ;
કાર ન આવી કાંઈ તિણે, જોવે તાંત્રિક સિદ્ધ. ॥૧૧॥

## ॥ ઢાળ પાંચમી ॥

અબલા કિમ ઉવેખીયે રે........એ દેશી

કુમર હવે ઉન્મત્ત થયો રે, શોધે નવ નવ ઠાયરે; માંત્રિક તાંત્રિક મેલવારે, માંડે કોડિ ઉપાયરે, તાતનેં છોડવાં કરતાં ઢીલ ન કાંયરે, પુરમાહેં ફરે, જોવે જુગતિ બનાય રે, બંધણ તોડવાં પણ નાવે કોઈ દાયરે....તાતને છોડવા. ॥૧॥ ગામ નગર પુર કબ્બડે, રે, ભમતો ભાસે રે આમ; જે અમ તાતને છોડવે રે, તો મુંહ માગ્યા દઉં દામ રે....તાત૦ ॥૨॥ વચન સુણી ઉઠયા તિસે રે. વિવિધ વૈદ્યના પુત્ર; સિદ્ધ બુદ્ધિ ઔષધી ધરા રે, ભણતાં નિજ નિજ સૂત્ર રે....

તાત૦ ॥૩॥ કેઇ જંગમ કેઇ જોગીયા રે, કેઇ તાપસ અવધૂત; જાપ જપંતા આવીયારે, ચાઢી શીસ વિભૂતરે....તાત૦ ॥૪॥ કૈ કાપિલ કૈ કાપડી રે, કૈ સંન્યાસી ભક્તિ; કૈ બાંમણ વલી વેદીઆરે, કૈ ક્યાતા શિવ શક્તિ રે....તાત૦ ॥૪॥ બ્રહ્મચારી કેતા મિલ્યારે, કેતાઈક શ્રીપાત; કેઈ નિરંજન પંથનારે, કેઇક ચરક કહાત રે....તાત૦ ॥૫॥ કેઇ દિગંબર દોડીયાં રે, ભરડા ને ભગવંત; કેઈ ત્રિદંડી મુંડિયારે, આગલ કીધ મહંતરે....તાત૦ ॥૬॥ રાઉલ રંગે ઉમટચાં રે, દોડચાં કેઇ દરવેશ; જગને ફંદે પાડવા રે, કરતાં નવ નવ વેશ રે....તાત૦ ॥૭॥ ઇષ્ટધરા અભિચારકારે, જતન કરાવે કોડિ; આવી વિધ વિધ ઉપચરે રે, કરતાં હોડાહોડિ રે....તાત૦ ॥૮॥ એક કહે આહુતિ દીયો રે, બલિ દ્યો એક કહંત; ઇષ્ટ મનાવો કોઈ કહે રે, મંડલકો વિરચંત રે....તાત૦ ॥૯॥ એક કહે ધૂણાવીએ રે, એક કહે દીજે ડંભ; એક કહે શિર મૂંડીને રે, કરીયેં તંત્ર અચંભરે....તાત૦ ॥૧૦॥ એક કહે જલ છાંટીયે રે, મંત્રી એહને અંગ; એક કહે એ યંત્રથી રે, થાસે પહેલા ચગરે....તાત૦ ॥૧૧॥ એક કહે ગ્રહ પૂજીને રે, કરસું સાજા આંહિ; એમ અનેક શબ્દે કરી રે, કોલાહલ હુઓ ત્યાંહિ રે....તાત૦ ॥૧૨॥ ઉદ્યમ સવિ નિષ્ફલ થયાં રે, કોઈ ન આવ્યો તંત; રણની ઉખર ભૂમિકા રે, જિમ જલધર વરસંત રે.... તાત૦ ॥૧૩॥ જિમ જિમ યુગતિ ઉપચર્યાં રે, તિમ તિમ વાધે પીડ; સાયર જલ ઉંડા જિહાંરે, તિંહા વડવાનલ ભીડ રે....તાત૦ ॥૧૪॥ દુર્જન પરે મંત્રાદિકે રે,

કીધા તેહ નિરાસ; ઉઠી ગયા નિજ થલે રે, સાથ મનોરથ તાસ રે....તાત૦ ॥૧૫॥ કુમર ઇસ્યો મન ચિંતવે રે, ઉઠી જેહથી આગ; શમશે તેહથી તેહને રે, આણું ઉદ્યમ લાગ રે....તાત૦ ॥૧૬॥ ઉપલક્ષક સાથે લીઓ રે, તવ નર એક સખાય; ચાલ્યો નર શોધન ભણી રે, કુમર કરી ચિત્ત ઠાય રે....તાત૦ ॥૧૭॥ શેઠ રહ્યાં બાંધ્યા તિંહારે, કરશે કુમર સહાય; ઢાલ કહીએ પાંચમી રે, કાંતિવિજય સુખદાય રે....તાત૦ ॥૧૮॥

॥ દુહા ॥

વનગિરિ ગુહિર પુર નગર, નિસદિન તેહ ભમંત;
પગ પગ પૂછે પંથમેં, પણ ખબર ન કોઈ કહંત. ॥૧॥

વિકટ પંથ શ્રમથી પડયો, માંદો તેહ સહાય;
મૂકી કોઈક નગરમાં, કુમર ચલ્યો અસહાય. ॥૨॥

પુર અટવી ઉલ્લઘંતો, પહોતો એકણુ દેશ;
નિર માનુષ મોટો તિહા, દીઠો નગર વિશેષ. ॥૩॥

ઉંચા મંદિર જસ હલે, જાણે ગિરિ કૈલાસ;
ઠામ ઠામ સૂંની પડી, મણિ માણિકની રાશ. ॥૪॥

ધાનપૂંજ પંખી ચણે, વગ્ર ઉડાડે વાંય;
શ્રીફલ ફાડીને વાંનરા, ખાંત કરીને ખાય. ॥૫॥

ત્રૂટા ધ્વજ ધરણી પડયાં, ઢોલ્યાં મંદિરા માટ;
ફૂલ પગર છાબે ભર્યાં, સુનાં દીસે હાટ. ॥૬॥

કુમર તવ વિસ્મિત પણે, કીધો નગર પ્રવેશ;
દીઠો નર તિહાં એક અતિ, સુંદર તરુણે વેશ ॥૭॥

બોલ્યો તરુણો કુમરને, કુણ છે તું મહાભાગ;
આવ્યો કિહાંથી કિહાં રહે, સાચો કહે અમ આગ? ॥૮॥
કુમર કહે સુણ મોહનાં, હું પંથી અસહાય;
પંથ કરી થાકયો ઘણું, આવ્યો છું ઇણે ઠાય. ॥૯॥
તું કુણ દીસે એકલો, બેઠો છો કિણ કામ;
રૂદ્ધિ ભરી સુંની કિસે, કુણ નગરીનું નામ? ॥૧૦॥
તતક્ષણ નર બોલ્યું ઈશું, સુણ બાંધવ ગુણવંત;
મૂલથકી કહું માંડીને, સફૂત્ર પરે વિરતંત. ॥૧૧॥

## ॥ ઢાલ છઠ્ઠી ॥

કપુર હોવે અતિ ઉજલું રે....એ દેશી

કુશવર્ધન પુરએ ભલું રે, સ્વર્ગપુરી ઉપમાન; રાજા સૂરે શોભતો રે, દિન દિન ચઢતે વાન....સુગુણનર સાંભલ મોરી બાત. ॥૧॥ પુત્ર હૂઆ બે શૂ નેરે, જયચંદ્ર ને વિજયચંદ્ર; બે બાંધવ વ્હાલા ઘણું રે, કુવલયને જેમ ચંદ્ર....સુ૦ ॥૨॥ મુજ બાંધવ જયચંદ્રને રે, તાતે દીધું રાજ, લાડે લાલ્યો હું રહું રે, ન લહું કાજ અકાજ....સુ૦ ॥૩॥ સ્વર્ગે તાત સીધાવીયો રે, મુજ મન બેઠી ચિંત; સઘલા દિન નહિ સરિખા રે, જગ સહુ એમ કહંત....સુ૦ ॥૪॥ બાંધવ આણ કિમ વહું રે, આણી એમ અંદેશ; અભિમાને હું નિસર્યો રે, જોવા દેશ વિદેશ....સુ૦ ॥૫॥ જોતો જોતો નવ નવા રે, દેશ વિદેશ ચરિત્ત; એક દિવસ ચંદ્રાવતી રે, પુરી વન માંહે પહુત્ત....સુ૦ ॥૬॥ સૌમ્ય સુરૂપ સોહામણો રે, કોઈક વિદ્યા સિદ્ધ, દીઠો નર મેં તતક્ષણે રે, પ્રણપતિ વિનયેં કીધ....સુ૦ ॥૭॥ પીડા તનુ તસ

આકરી રે, રોગ વિકટ અતિસાર; ક્ષીણ અંગ લાગે નહીં રે, ઉઠણ સક્તિ લગાર....સુ૦ ॥૮॥ મુજ મન કરૂણા ઉપની રે, કીધા બહુ ઉપચાર; થોડા દિન માંહે થયો રે, રોગ સકલ પરિહાર....સુ૦ ॥૯॥ પ્રસન્ન થઇ મુજ પૂછીયું રે, નામાદિક સવિ તેણે; વિદ્યા બે દીધી ભલી રે, ભક્તિ વિમોહે એણ....સુ૦ ॥૧૦॥ થંભકરી એક વશિકરી રે, બીજી સુધી પાઠ; વિગત બતાઈ જૂજૂઇ રે, જોડિ જાચા ઠાઠ....સુ૦ ॥૧૧॥ રસ તુંબી દીધી ભલી રે, સેવા સાચી જાણ; ચતુર તુરત ઇમ બોલી ઉરે, મુજ ઉપર હિત આણ....સુ૦ ॥૧૨॥ ગાઢી ખેપ કરતાં લહ્યો રે, અતિ દુર્લભ રસ એહ; લોહ થકી કાંચન કરે રે, તિલભર ફરશ્યો જેહ....સુ૦ ॥૧૩॥ તે આપ્યો છે તુજને રે, કરજે કોડિ જતન્ન; ફિરિ ફિરિ લહેતાં દોહિલો રે, જેહવો દિવ્ય રતન્ન....સુ૦ ॥૧૪॥ માત પિતા જિમ બાલને રે, દેઇ શીખ સુજાણ; શ્રી પરવત ભેટણ ભણી રે, તેહ ગયો ગુણ ખાણ....સુ૦ ॥૧૫॥ તિંહાથી હું ચાલ્યો વલી રે, જોવાં દેશ વિશેષ; કૌતુક રંગે નવનવાં રે, અચરજ દીઠ અલેખ....સુ૦ ॥૧૬॥ ફિરિ આવ્યો ચંદ્રાવતી રે, કેતેક દિવસે અટંત; જોગ મલે ભવિતવ્યનું રે, વિધિના જેહ ઘટંત....સુ૦ ॥૧૭॥ પુરમાં કૌતુક નિરખતો રે, આયો મધ્ય બઝાર; લોભાકર લોભનંદિને રે, હાટ ગયો સુવિચાર....સુ૦ ॥૧૮॥ દક્ષપણે બેહુ બાંધવે રે, હરી લીધો મુજ મન્ન; હલી મલી તસ ઘર હું રહ્યો રે, વિશ્વાસે નિશદિન્ન....સુ૦ ॥૧૯॥ તે તુંબી થાપણ ધરી રે, જાણી સાચા શાહ; કેતા દિવસ વિલંબીયો

રે, પુર પેખણરી ચાહ....સુ૦ ॥૨૦॥ જનની દર્શન ઉમહ્યો રે, કીધો ચાલણ સંચ; પહેલા શેઠે જાણીયો રે, તુંબીનો પરપંચ....સુ૦ ॥૨૧॥ તુંબી માગી તતક્ષણે રે, કરતાં નિજપુર સિદ્ધ; લોભગ્રસિત બે બાંધવે રે, કૂડો ઉત્તર દીધ....સુ૦ ॥૨૨॥ કહી ન શકું જોરે કિશ્યું રે, દીપ્યો ક્રોધ અપાર; જુગતો કૂડાને શિરે રે, કીધો મેં પ્રતીકાર....સુ૦ ॥૨૩॥ આયો ઇણ પુર વેગશું રે, દીઠો શૂન્ય સમગ્ર; મુજ મન તાપ વધારણી રે, પેઠી ચિંતા ઉદગ્ર....સુ૦ ॥૨૪॥ રતિ નાઠી દુઃખ ઉમટયો રે, વિરૂઓ વિરહ નિપટ્ટ; ઢાલ છઠ્ઠી કાંતિ કહે રે, કુમર વચન પરગટ્ટ....સુ૦ ॥૨૫॥

॥ દુહા ॥

ગુણવર્મા ચિંતે ઇસ્યું, એ નર તેહિ જ હોય;
વિદ્યાબલે જેણે કોપ કરી, (કોપિત થઇ) બાંધ્યા બાંધવ દોય. ॥૧॥

સમગ્રપરે જાણું નહિ, જ્યાં લગે સઘલી વાત;
ત્યાં લગે પ્રકટ કરૂં નહીં, આતમ ગત અવદાત. ॥૨॥
ઇમ નિશ્ચય કરી ચિત્તશું, પૂછે વલી સસનેહ;
પછી થયો શું સાહેબા !, હિત કરી સર્વ કહેહ. ॥૩॥

કુમર કહે હું દુઃખ ભર્યો, ફરીયો નગર અશેષ;
વિસ્મય સહિત કુટુંબની, વ્યાપી ચિંત વિશેષ. ॥૪॥

શૂન્ય પુરી સબ નિરખતો, નૃપકુલ પહોતો જામ;
રાજભુવન રમણિય દ્યતિ, ઉપરે ચઢીઓ તામ. ॥૫॥

દીન વદન વિછાય તનુ, કરતી ચિંત અપાર;
બેઠી દીઠી એકલી, તિંહા વડ બાંધવ નાર. ॥૬॥
મેં બોલાવી હેજસું, આવી સાહમી ધાય;
નયણે શ્રાવણ જડી લગી, હીયડે દુઃખ ન સમાય. ॥૭॥

મધુર લપા મુજ આગલે, મૂક બેસણુ પીઠ;
વાત વિગત પૂછણુ ભણી, હું તસ નિકટ બઈઠ. ॥૮॥
રીતી કીસી એહ નગરની, દુરવસ્થિત કિમ આમ?;
ઈમ પૂછ્યો મેં તતખિણે, બોલી વાત વિરામ. ॥૯॥

## ॥ ઢાળ સાતમી ॥

મોરા સાહેબ હો શ્રી શીતલનાથ કે....એ દેશી

મોરા દેવર હો સુણ દુઃખની વાત કે, કહેતાં હઈડું થરહરે; વાલ્હાને હો આગેં અવદાત કે, કહ્યાં વિણ કહો કિમ સરે? ॥૧॥ એક દિવસે હો ઇણ પુર ઉદ્યાન કે, તાપસ કોઈક આવીયો; રકતાંબર હો ધરતાં શિવ ધ્યાન કે, માસ દિવસ તપ ભાવીયો. ॥૨॥ તસ સાંભલી હો મહિમા નિરપાય કે, લોક સકલ આવી નમે; કેઈ ચરચે હો ભકતે કરી પાય કે, કેસર ચંદન કુંકુમે. ॥૩॥ કેતા એક હો સેવે તસ પાય કે, અહર્નિશિ શિષ્ય જેમ તેહનાં; કેતા એક હો સ્તુતિ માંડી ખાસ કે, લોક તે ગહેલા નેહના. ॥૪॥ આમંત્રે હો કેઇ ભોજન હેત કે, પણ નાવે તેહને ઘરે; તુજ બાંધવ હો એક દિન શુચિ ચેત કે, પારણ કાજે [1]નુંહત રે. ॥૫॥ તે તાપસ હો માની નૃપ વયણ કે, આવ્યો પારણ કારણે; નૃપ બોલે હો ઇમ વિકસિત નયણ કે, અંબ ફલ્યો અમ બારણે. ॥૬॥ તે બેઠો હો જિમણ જેણી વાર કે, મુજને ઇમ ભૂપે કહ્યો; જો નાખે હો તું પવન પ્રચાર કે, એ તાપસ પુણ્યે લહ્યો. ॥૭॥ મેં જુગતે હો વીંજ્યો રૂષી વાય કે,

[1] નોતરે.

રાગેં આગેં બેસકે; જાણુંતી હો કરૂણાનિધિ આજ કે, પ્રસન્ન કરૂં દિલ પેસકે. ॥૮॥ તે પાપી હો મુજ રૂપ નિહાલ કે, પાખંડી ચિત્તમાં ચલ્યો; ચાહંતો હો મુજ સંગમ [1]બ્યાલ કે, કામાકુલ મન ટલવલ્યો. ॥૯॥ નિજ થાનક હો પહોતો દઢ શોક કે, શાલ વસ્યો મન આકરો; સંકલ્પે હો મલવાનો યોગ કે, યોગ સકલ મૂક્યો [2]પરો. ॥૧૦॥ નિશિ આવ્યો હો કર લેઇ [3]ગોહ કે, નાંખી મંદિર ઉપરે; કરી સંચો હો ચઢીને તવ જોહ કે, ચોર પરે ગૃહ સંચરે. ॥૧૧॥ મુજ પાસે હો આવ્યો તતકાલકે, પ્રાર્થના માંડી ઘણી; બીવરાવે હો કરતો ચકચાલકે, શક્તિ દેખાડે આપણી. ॥૧૨॥ પ્રતિબોધ્યો હો મે દઢતા કાજ કે, પાપતણા ફલ દાખીને; તે બોલે હો વિરમું નહીં આજ કે, કામ સીધ્યાં વિણ ચાખીને. ॥૧૩॥ ઇમ મસલત હો કરતાં સવિ તેહ કે, નૃપ સુણી આવ્યો બારણે; મુનિ દીઠો હો ઓલખીઓ તેહ કે, ઘર તેડયો જે બારણે. ॥૧૪॥ ફિટ પાપી હો ધૂરત શિરદાર કે, કામ કરે તું એહવો; તુંજ પ્રગટયો હો એ પાપ અપાર કે, ફલ પામીસ હવે તેહવાં. ॥૧૫॥ એમ કહીને હો બંધાવ્યો તેમ કે, રાજાએ સેવક કને; અપરાધે હો ગોધાને જેમ કે, જીકે જૂડે તેહને. ॥૧૬॥ પ્રભાતે હો ફેર્યો પુરમાંહિ કે, સેરી સેરી કૂટતાં; ખર ચાઢયો હો દુઃખ પામે ત્યાંહિ કે, ચટ ચટ આમિષ ચૂટતાં. ॥૧૭॥ નિંદાતો હો રાજાયેં જોર કે, પુરજન વરગ હસી જતો; તાડીતો હો ભમિઓ ચિહું ઓર

[1] ધૂર્ત, [2] દૂર, [3] ઘો.

કે, મલમૂત્રં સિંચી જતો. ॥૧૮॥ અક્રોશયો હો સવિ લોક વિડંબકે, ચોરમારે તે મારીઓ; બલપૂર્યો હો યોગિણુના તુંબ કે, ભુપે કામ ઇસ્યો કિયો. ॥૧૯॥ તે ઉપનો હો રાક્ષસ અવસાન કે, નિજ આતમ વિદ્યા કરી; સંભારી હો પૂરવ અપમાન કે, વૈર જાગ્યો મત ઓસરી. ॥૨૦॥ અતિ ભીષણ હો વિરુઓ વિકરાલ કે, કોપાકુલ ગલ ગાજતો; વલગાડ્યાં હો કંઠે વિષ વ્યાલ કે, ગિરિવર વન તરૂ ભાંજતો. ॥૨૧॥ મુખ વમતો હો, વૈશ્વાનર જાલ કે, પિંગલ લોચન હઠ ભર્યો; કર લીધો હો તીખો કરવાલ કે, જાણે ગિરિ કોઈ સંચર્યો. ॥૨૨॥ ધસમસતો હો આવ્યો તતકાલ કે, રાજાને ઇણીપરે કહે; મુજ મારક હો પાપી ભૂપાલ કે, કિમ શાતાએ તું રહે? ॥૨૩॥ તુજ બાંધવ હો શરણે ગયો નાસ કે, તો પણ જટકસું મારિયો; પાપીયડે હો આવી એક શ્વાસકે, નૃપનો વૈર ઉતારીયો. ॥૨૪॥ ભય દેખી હો પૂરનાં સવિ લોક કે, જીવ લેઈ નાસી ગયા; કેઇ માર્યા હો કરતાં ઘણું શોક કે, પણ નાવી પાપી દયા. ॥૨૫॥ પુરુષનો હો દેખી ભયભૂત કે, નાસંતી મુજને ગ્રહી; ઇમ બોલ્યો હો ધરી રાગ પ્રતીત કે, ભદ્રે જાવે કિહાં વહી? ॥૨૬॥ મુજ સાથે હો ભોગવ સુખભોગ કે, મત બીહે તું કામિની; રહે મંદિર હો એ સરિખો યોગ કે, ભાગ્યે લહીએ ભામિની. ॥૨૭॥ એમ કહી હું હો રાખી તેણે જૂંગ કે, આપ વસે સુખ લંપટે; નિશિ આવે હો મંદિરમાં રંગ કે, દિવસે કિહાં કિણ તે અટે. ॥૨૮॥ દેવરજી હો અમ એહવાં હવાલ કે, જે

જાણો તે કરો હવે; ઈમ કાંતે હો કહી સાતમી ઢાલ કે, વાત કહી વિજયા સવે. ॥૩૦॥

॥ દુહા ॥

કુમર નિસાસો નાંખીને, પૂછે મર્મ વિચાર;
કિમ જીતીએ અહુને, વાલું રાજ્ય ઉદાર. ॥૧॥

મર્મ કહે વિજયા હવે, સાંભલ સુભટ પુરોગ;
રાજ ચિંત તુજ શિર અછે, તિણે દાખું છું યોગ. ॥૨॥

સૂતાં રાક્ષસનાં ચરણ, ... જો મરદાય;
મૃતક સમો અતિ નિંદવશ, તો નિશ્ચેતન થાય. ॥૩॥

નર મરદે નિદ્રિત હુવે, સ્ત્રી ફરસે નવિ થાય;
જો નર ભેદ લહે વલી, નાંખે [1]શીશ ઉડાય. ॥૪॥

બાંધવનારી મુખ થકી, સાંભલી સર્વ સરૂપ;
કરવા કોઈ સહાય નર, ચાલ્યો હું અભિરૂપ. ॥૫॥

તેટલે મુજને તું મલ્યો, ભાગ્ય યોગ ગુણવંત;
તેં પૂછી મુજ વાત તે, મેં ભાખી સહુ તંત. ॥૬॥

કુમર ચતુરનર દેખીને, કરવાં આતમ કાજ;
વલી ગુણવર્માને પૂછી, અરજ કરે તેણે ઠામ. ॥૭॥

## ॥ ઢાળ આઠમી ॥

ધણુરા ઢોલાં....એ દેશી.

કુમર કહે કરજોડીને રે, સાંભલ સુગુણ સુજાણ; મનરા માન્યા; તુજ દરિશણ કરતાં હુંઓ રે, માનવ જન્મ પ્રમાણ....મન૦ ॥૧॥ અતિમાઠાં હો સકલ દુઃખ નાઠાં, ભય ત્રાઠાં મહારા રાજ અતિ કાઠાં ધાઠા અરિયણ માન....મનરા૦ એ આંકણી. હિયડું હેજે ગહગહે રે, ઉત્તમ નરને સંગ....મ૦; અણચિંત્યા સાજન મલે

1 માથું

રે, તો આળસમાં ગંગ....મન૦ ॥૨॥ સજ્જન સહેજે પરકજુ રે, દુઃખિયા દે આધાર....મન૦; બલિહારી ત્યું લખમમે રે, દરિયાં જેણે ફિરતાર....મન૦ ॥૩॥ વિધિ સઘલી દૂષણ ધરી રે, ચૂકો સઘલી સૃષ્ટ....મ૦; પણ સાજન ઘડતાં કરી રે, ચતુરાઈ ઉત્કૃષ્ટ....મ૦ ॥૪॥ સ્વારથ તજી પર કારજે રે, સમરથ સુગુણ હુવંત.... મ૦; ચંદ્રધવલ જસ શાસતું રે, દિન દિન તે પ્રસવંત ....મ૦ ॥૫॥ પરજન સુખીયા દેખીને રે, સંત લહે સંતોષ....મ૦; દૂહવ્યાં જૂઠે માણસે રે, પણ નાણે મન રોષ....મ૦ ॥૬॥ તરુ તટિની [1]ઘણ [2]ધેનુકારે, સંત શશી દિણુકાર....મ૦; મિત્ત કહ્યાં વિણ સ્વારથે રે, કરતાં જગ ઉપકાર....મ૦ ॥૭॥ કર [3]સાહજ તું માહરી રે, થાસે સુજસ અનંત....મ૦; દુરવસ્થિત પુર દેખતાં રે, કિમ તુજ દુઃખ ન વહંત?....મ૦ ॥૮॥ શેઠ કુમર ચિંતે ઇસ્યો રે, કઠણ કરેવો કાજ....મ૦; પણ ઉપકાર કર્યાં પછી રે, એ કરસે પ્રતીકાર....મ૦ ॥૯॥ અંગી-કર્યો શિર ચાઢીને રે, વિજય વચન નિરધાર....મ૦; વિનય સહિત હવે શેઠને રે, બોલ્યો વિજયકુમાર....મ૦ ॥૧૦॥ રાક્ષસનાં પગ મરદજો રે, ધૃતસું હો સાહસ ધીર....મ૦; સહસ જપન કરી મંત્રનો રે, થંભાવીસ તેણીવાર....મ૦ ॥૧૧॥ રાક્ષસને હું વશ કરી રે, કરશું ચિંત્યા કામ....મ૦; ઈમ વિચારી મેલવી રે, સામગ્રી પર તામ....મ૦ ॥૧૨॥ ગુપ્તપણે આવી રહ્યાં રે, મંદિરમાં એકંત....મ૦; ગુણવર્મ્માયે પહેરીયો રે, બિજયા વેશ સુતંત....મ૦ ॥૧૩॥ રયણી પડી રવિ

૧ મેઘ, ૨ ગાય, ૩ સહાય

આથમ્યો રે, પ્રગટયો [1]ઘણ અંધાર....મ૦; રાક્ષસ રમતો આવીયો રે, રંગે રમે તિણિવાર....મ૦ ॥૧૪॥ રયણીચર કહે નરતણી રે, આજ અછે શી વાસ?....મ૦; હણતાં જે રહ્યો જીવતો રે, કરશું તાસ વિનાશ....મ૦ ॥૧૫॥ પ્રિયા બોલે હો ચતુર હું છું નારી, ઘણું વાસેં મહારાજ ઘરચારી; અવર નહીં કોઈ પાસ....મ૦ ॥૧૬॥ અવગણુતો ઉદ્ભટ પણે રે, સુતો સેજેં તુરંગ ....મ૦; કુમર વહુ મિષ આવાને રે, મરદે પય નિર-ભંગ....મન૦ ॥૧૭॥ વિજયકુમર વિધિસું જપે રે, થંભન મંત્ર વિશેષ....મ૦; તે પણ નરનાં ગંધથી રે, ઉઠે કરી અંદેશ....મ૦ ॥૧૮॥ જિમ જિમ ઉઠે સેજથી રે, રાક્ષસ મારણ હેત....મન૦; તિમ તિમ ફરસ તણે સુખેં રે, લોટિ પડે ગત ચેત....મ૦ ॥૧૯॥ મંત્ર જાપ પૂરણ થયો રે, મૂકયો મરદન જામ....મ૦; કુમર બિહુંને મારવા રે, ઉઠયો રાક્ષસ તામ....મ૦ ॥૨૦॥ થંભ્યો અનોપમ મંત્રથી રે, શક્તિ થઈ વિચ્છિન્ન....મ૦; દાસ થયો કરજોડીને રે, ભાખેં એમ વચન્ન....મ૦ ॥૨૧॥ રે રે સાહસ મંડણી રે! કુમર સુણો એક વાત....મ૦; મુજ મહિમા મંત્રે હર્યો રે, જિમ [2]ઘન દક્ષણ વાત....મ૦ ॥૨૨॥ કિંકર હું કીધો ખરો રે, મંત્ર શક્તિસું આજ....મ૦; સેવક સાચો જાણીને રે, દ્યો સાહિબ કોઈ કાજ....મન૦ ॥૨૩॥ કુમર કહે સુણ તેં કરી રે, મુજ નગરી નિરલોક.... મ૦; ગત મંગલ વિધવા જિસી રે, દીસે અજ સશોક....મન૦ ॥૨૪॥ મણિ માણિક કણ કંચણે રે,

---

૧ ગાઢ, ૨ વરસાદ,

પૂરણ ભરી ઘર હાટ....મ૦; રચી તોરણ સ્વસ્તિક જલે રે સુરભિત કર સવિ વાટ....મ૦ ॥૨૫॥ 'તહત્તિ' કરી ક્ષણમેં કરી રે, નગરી નવલે રૂપ....મ૦; લોક ગયા દશ દિશિ જિકે રે, તે તેડયાં સવિ ભૂપ....મ૦ ॥૨૬॥ વિજકુમર મલી મંત્રવીરે, થાપ્યો રાજ સનૂર ....મ૦; અનમી અરિયણ નામિયા રે, વાધ્યો જસ મહિ મૂર....મ૦ ॥૨૭॥ વિજય નૃપતિ કરશે હવે રે, થંભ્યા વણિકનો સૂલ....મ૦; કાંતિવિજયે પૂરી કરી આઠમી ઢાલ અમૂલ....મન૦ ॥૨૮॥

॥ દુહા ॥

વિજયકુમર પાલે પ્રજા, દિન દિન પરમ પ્રમોદ;
શેઠ કુમર સંગે ચતુર, કરતો રંગ વિનોદ. ॥૧॥
એક દિવસ ગુણવર્મને રે, ભૂપ કહે સદ્ભાવ;
રાજ ગયું જે મે લહ્યું, તે સવિ તુજ પરભાવ. ॥૨॥
અતિ દુક્કર પણ આદરી, કીધું મોટું કાજ;
પ્રત્યુપકાર કરણ ભણી, લ્યે દઉં છું તુંજ રાજ. ॥૩॥
અવસર નિરખી બોલીઓ, શેઠ કુમર એમ વાચ;
મેં ધરા ફિરતે નિરખીઓ, તું મણિ બીજા કાચ. ॥૪॥
સુગુણા તેહ સરાહિયેં, જે જગમાંહે કૃતજ્ઞ;
પ્રત્યુપકાર કરે જિકે, તે સઘલા ધુરિ વિજ્ઞ. ॥૫॥
રાજ્ય વધો દિન દિન ઘણો, હું સેવક તું સ્વામી;
જો માનો મુજ વિનતિ, તો સારો એક કામ. ॥૬॥
લોભાકર બાંધવ સહિત, ચંદ્રપુરીનો શાહ;
વિઘા થંભ્યો તાત મુજ, તે છોડો નરનાહ. ॥૭॥
અવિનય સહિયેં સાહિબા, કરિયેં એ ઉપચાર;
જાં જીવું તાં તુમતણો, ગણસું એ ઉપકાર. ॥૮॥

વિગત પણે વૃતાંત સાવ, ભાખે કરી મનુહાર;
કરતાં નૃપને વિનતિ; રીઝ્યો ચિત્ત ઉદાર. ।૯।।

## ।। ઢાળ નવમી ।।

જીહો મથુરા નગરીનો રાજીયો....એ દેશી

જીહો રાય અચંબો પામીઓ, જીહો બોલ્યો શીસ ધુંણાય; જીહો વિષથી અમૃત ઉપનો, જીહો અકથ કથા કહેવાય. ।।૧।। કુમર! વારી ધન ધન તુમ અવતાર. જીહો આપ સહિત દુઃખ દોહિલો, જીહો કીધો મુજ ઉપકાર કુમર એ આંકણી ।। જીહો તે તેહવા તું એહવો, જીહો ઉપકારક પવિત્ર; જીહો અદ્‌ભૂત રચના દેવની, જીહો દીઠી આજ વિચિત્ર.... કુમર૦ ।।૨।। જીહો કારણ ગુણ કારજ વહે, જીહો એહવું શાસ્ત્ર પ્રસિદ્ધ; જીહો તાત તણા દુર્ગુણ વિધિ, જીહો પણ તુજ અંગ ન કીધ....કુમર૦ ।।૩।। જીહો કામ અછે એ કેટલું, જીહો કરવો મેં નિરધાર; જીહો પણ કારણ તુજ હાથ છે, જીહો જેહથી ન લાગે વાર....કુમ૦ ।।૪।। જીહો ઇણે પુર પરિસર બાહિરે, જીહો 'એકસિંગ ગિરિ' નામ; જીહો દેવાધિષ્ઠિત છે તિહાં જીહો કૂઇ એક સુઠામ....કુમર૦ ।।૫।। જીહો ગુપ્ત રહે ગિરિ કૂપિકા, જીહો સુર સાંનિધ દિન રયણ; જીહો ક્ષણ મલે ક્ષણ ઉઘડે, જીહો તસ મુખ જિમ નર નયણ કુમર૦ ।।૬।। જીહો સિદ્ધૌષધ જલ તેહનું, જીહો પૂર્ણહી લ્હેરાં ખાય; જીહો કામ પડે વિદ્યાનિલો, જીહો કોઇક લેવા જાય ....કુમર૦ ।।૭।। જીહોની ઉત્તર સાધક શિર રહે, જીહો સાધક પેસે ત્યાંહિ; જીહો જલ લેઇને

નીકલે, જીહો જો ન ડરે દિલમાંહિ....કુમર૦ ॥૮॥ જીહો તે જલનો મહિમા ઘણો, જીહો ભાંજે ભીડ નિદાન; જીહો થંભ્યો નર છૂટે સહિ, જીહો જો સુત છાંટે આણ.... કુમર૦ ॥૯॥ જીહો જેહને સુત નહિ આપણો, જીહો તે નર નવિ છૂટેત; જીહો વાર તીન છાંટે સહી, જીહો બંધન ચટ વિઘટંત.... કુમર૦ ॥૧૦॥ જીહો કારણ એ છૂટયાં તણો, જીહો એહનો અન્ય ન કોઈ; જીહો આરતિ કુમરે અનુમન્યો, જીહો દુક્કર કારજ જોય .... કુમર૦ ॥૧૧॥ જીહો સામગ્રી સુસહાયસું, જીહો કુમર ગયો ગિરિ શૃંગ; જીહો આપ કૂઇમાં ઉતરે, જીહો જિમ પંકજ માંહે ભૃંગ ....કુમર૦ ॥૧૨॥ જીહો નિર્ભય જલ તૂંબી ભરી, જીહો બેઠો માંચી સંચ; જીહો કૂઈ બાહિર કાઢીઓ, જીહો ભૂપે ત્યાંથી ખંચ.... કુમર૦ ॥૧૩॥ જીહો અતિ સાહસથી રીજીઓ જીહો તવ કૂઇનો દેવ; જીહો પ્રસન્ન પ્રગટ આવી રહ્યો, જીહો આગલ કરવા સેવ .... કુમર૦ ॥૧૪॥ જીહો અશ્વરૂપ કીધો સૂરે, જીહો બે બેઠાં તસ પીઠ; જીહો આવ્યા પુર ચંદ્રાવતી, જીહો થંભ્યા બેહુ દીઠ.... કુમર૦ ॥૧૫॥ જીહો કુમરે જલસું સિંચીઓ, જીહો લોભાકરનો અંસ; જીહો ઝટક છૂટી અલગો રહ્યો, જીહો પાસ થકી જીમ હંસ.... કુમર૦ ॥૧૬॥ જીહો લોભનંદી છૂટો નહિ, જીહો પાડે મુખ પોકાર; જીહો પુત્ર વિના કોણ તેહને, જીહો દુઃખથી છોડણહાર.... કુમર૦ ॥૧૭॥ જીહો વિજયચંદ્રને વિનવી, જીહો ગુણવર્મ્મે તે શેઠ; જીહો ઘરમાંહે પેસણ દીઓ, જીહો બીજા શિર રહી વેઠ.... કુમર૦ ॥૧૮॥ જીહો મંત્રી-

પદ મુદ્રા ભણી, જીહો આમંત્રે નરપાલ; જીહો ગુણવમ્માર્ં નવિ આદરે, જીહો જાણી પાપ કરાલ.... કુમ૦ ॥૧૯॥ જીહો કેતક દિન પૂંઠે નૃપે, જીહો નિજ-પુર કીધ પ્રયાણ; જીહો વિરહ વ્યથા હીયડે વધી, જીહો કુમરસુ બાંધ્યા પ્રાણ.... કુમર૦ ॥૨૦॥ જીહો કરી સત્કાર અનેકધા, જીહો તુંબી દીધી કાઢિ; જીહો ભૂપતિ વલી પાછી દીએ, જીહો કુમર લીએ શિર ચાઢિ.... કુમર૦ ॥૨૧॥ જીહો માયા ઘોટક ઉપરેં, જીહો બેસી વિજય નરિંદ; જીહો નિજપુર પહોતો વેગશું, જીહો જિમ વિદ્યાધર ઇંદ.... કુમ૦ ॥૨૨॥ જીહો ગુણ-વમ્મર્માએ આવીને, જીહો રાત્રિ સમય એકાંત; જીહો મુજ આગે ભેટણ ધર્યો, જીહો ભાખ્યો સવિ વૃત્તાંત.... કુમર૦ ॥૨૩॥ જીહો પ્રાણ પિયારી આગલે, જીહો રાખીજે શું ગુજ્જ ? પ્રીયે ! સુણ ચિંતા કારણ મુજ્જ....એ આંકણી જીહો કાકાનો નિજ તાતનો, જીહો થાપણ મોસા દોષ; જીહો કુમરે ખમાવ્યો મુજને જીહો વિનય વિવિધ પરે પોષ.... પ્રીયે૦ ॥૨૪॥ જીહો રાજ્ય ગયું વાલ્યું ફરી, જીહો વાલ્યું વૈર દુરંત; જીહો વિજયકુમર નિજ તાતને, જીહો ચાઢી શોભ અનંત ....પ્રીયે૦ ॥૨૫॥ જીહો મરણપણું પણ આગમી, જીહો શેઠસુતે નિજ તાત; જીહો આપદમાંથી ઉદ્ધર્યો, જીહો જૂઓ સુતનાં અવદાત....પ્રીયે૦ ॥૨૬॥ જીહો પુત્ર પાખે કુણ કામિની, જીહો ધણ કંચણની રાસિ; જીહો શોચ દિસા પામે સદા, જીહો પુત્ર રહિત આવાસ.... પ્રીયે૦ ॥૨૭॥ જીહો ધન્ય તે કૃત પુણ્ય તે, જીહો જેહને નવલા

પુત્ર; જીહો લાજ વધારે વંશની, જીહો રાખે ઘરનાં સૂત્ર.... પ્રીયે૦ ॥૨૮॥ જીહો લોભનંદી સંકટ સહ્યો, જીહો દેખી સયલ કુટુંબ; જીહો જો સુત હોવે એહને જીહો છોડાવે અવિલંબ.... પ્રીયે૦ ॥૨૯॥ જીહો હું જગમાં નિર્ભાગીયો, જીહો માહારે પોતે પોત; જીહો પુત્ર રહિત સરજ્યો વિધિ, જીહો વાલ્યો ચિંતા પોત ....પ્રીયે૦ ॥૩૦॥ જીહો કુંણ પૂજે ગુરુદેવને, જીહો કુણ ઉદ્ધરે ધર્મઠાણ; જીહો કુંણ ધારે કુલ આપણું, જીહો પુત્ર વિના હિત આણ?.... પ્રીયે૦ ॥૩૧॥ જીહો વંશલતા ફરસી સમી, જીહો સરજ્યો કાં જગદીશ?; જીહો એ ચિંતા મુજ ભામિની, જીહો બીજી રાવ ન રીસ.... પ્રીયે૦ ॥૩૨॥ જીહો નવમી ઢાલ પૂરી થઈ, જીહો રાયે કહી એ વાત; જીહો કાંતિ કહે પુણ્યે હવે, જીહો ઘર સંતતિ સુખશાત.... પ્રીયે૦! ॥૩૩॥

॥ દુહા ॥

ચંપકમાલા ચિત્તમાં, દુઃખ પૂરી દિલગીર;
ઈમ બોલી પ્રીતમ પ્રત્યે, નયણ ઝરંતી નીર. ॥૧॥
ધન્ય જનમ તસ લહીજીએ, જેહને આગલ બાલ;
હસે રમે રોવે લુઠે, ચાલે ચાલ મરાલ. ॥૨॥
ઘૂઘર પગ ઘમકાવતો, કરતો વિવિધ ટકોલ;
માય તણો છેડો ગ્રહી, બોલે મન મન બોલ. ॥૩॥
સુભગ શિખા શિર ફરહરે, ધૂલે ધૂસર દેહ;
લઘુદંતા આંકે પડે, હેલવિયા કરી વેહ. ॥૪॥
સુતવિણ ઉંચા માલિયા, પ્રત્યક્ષ ખરા મસાણ;
નિજ કુલ કમલ વિકાસવા, પુત્ર કહ્યો નવભાણ. ॥૫॥
મેં પામ્યો નહીં એક પણ, ધિગ ધિગ મુજ અવતાર;
પુત્ર વિહુણી દુખિણી; કાં સરજી કિરતાર? ॥૬॥

પૂરવ પૂણ્ય કિયા વિના, કયાંથી સંતતિ હોય ?;
સુકૃત કરીજે દુઃખ તજી, તે ભણી આપણ દોય. ॥૭॥
ચિંતા દૂરે છોડી દીઓ, હૃદય થકી હે કંત !;
પુત્ર હેતે આરાધશું, દેવ કોઈ સતવંત. ॥૮॥
પ્રસન્ન થયો સુર પૂરશે, વંછિત નવલો એહ;
સુર સેવા સાચી કરી, નિઃફલ ન હોવે કેહ. ॥૯॥
રાય કહે સુણ સુંદરી !, મુજ મન ભાવિ વાત;
શુભદિનથી આરાધસું, કોઇક સુર વિખ્યાત ॥૧૦॥

## ॥ ઢાળ દસમી ॥

રાજાને પ્રધાનરે....એ દેશી.

તિણે અવસર નૃપનારી રે, વલી બોલ્યે ઇશ્યું, ધરતી દિલમાં દુઃખ ઘણું એ; વદન થયું વિચ્છાયરે, ચિંતા ઉમટી દીસે અંગ દયામણું એ. ॥૧॥ થરહર થરકે ગાત્રરે, વિનય વિહ્વલ થઇ, ચટપટ લાગી આકરી એ; રતિ નાઠી સંતાપરે, વ્યાપ્યો પાપીઓ, ચતુરાઇ પણ ઓસરીએ. ॥૨॥ ફરકે જમણી આંખરે, પ્રીતમ માંહરી, કુંણ જાણે શ્યેં કારણે એ; ભાવિ કોઈ અનર્થ રે, ફરી ફરી સૂચવે, મુજ મન ન રહે ધારણે એ ॥૩॥ થાશે કોઇ ઉત્પાત રે, ભૂતાદિક તણું, દુઃખદાઇ મુજને સહી એ; અથવા વિદ્યુત્પાતરે, થાશે મુજ શિરે, કે ઉલટા પડશે વહી એ. ॥૪॥ કે જાશે સર્વસ્વ રે, જીવન માહરો, કુશલ હોજો તુમને સદા એ; કે થાશે મુજ રોગ રે, શોક અશુભકર, કે પડશે કાંઈ આપદા એ ? ॥૫॥ પ્રાણ તણો સંદેહ રે, હોંશે માહરે, નિશ્ચય લોચન એમ કહે એ; હું નવિ જાણું કાંઈ રે,

બોલી ભામિની, દૈવગતિ જ્ઞાની લહે એ ॥૬॥ રતિ નાઠી મુજ તેણ, રે હઈડું કમ કમે, અધૃતિ ધરૂ છું કાહિલીએ; વીરધવલ ભૂપાલ રે, વલતું એમ વદે, કાં ભામિની દુઃખમાં ભલી એ ॥૭॥ ચિંતા મ કરીસ લગાર રે. મુજ બેઠા કિસી, શંકા સંકટની કહે એ; રવિ તપતે અતિતીવ્ર રે, તિમિર ભરમ સમો, લોક માંહે કેમ થિતિ લહે એ. ॥૮॥ જો હોશે તુજ કાંઈરે, બાધા અણજાણી રે, વિરહ વ્યથા દુઃખ કારણીએ; તો મુજને તુજ સાથે રે, શરણ અગની તણો, હોશે સહી સુણ ભામિનીએ. ॥૯॥ ઇણીપરે ધરણીનાહ રે, આશ્વાસી પ્રિયા, સિંહાસન જઈ બેસીઓ એ; ફિરિ ફિરિ ફરકે નયણ રે, રાણીનો વલી, તિમ તિમ થરકે તસ હીયો એ. ॥૧૦॥ મંદિરમાંથી ઉઠી રે, વનિકામાં ગઈ, અરતિ લહે તિણ પણ ઘડીએ; વનિકામાંથી તેમ રે, આવી મંદિરે, ત્યાંથી બાહિર વન ભણી એ ॥૧૧॥ વનથી પુરમાં આઈરે, સહિયર પરવરી, દેવકુલે જાવે વલીએ ॥૧૨॥ ન લહે રતિ લવલેશ રે, કલેશ સહે ઘણું, જિમ સૂકે જલ માછલીએ ॥૧૨॥ ઇમ વોલ્યા મધ્યાન્હ રે, આવી નિજ ઘરે, સૂતી પણ મન વાઉલોએ; અલ્પ અલ્પ તવ નિંદરે, આવી તિણે સમે, જેહ થયો તે સાંભલો એ. ॥૧૩॥ વેગવતી નામેણ રે, દાસી તેંતલે, હાથાસું શિર કૂટતી એ; આંસુ ધાર પ્રવાહરે, મારગ સિંચતી, કેશ ચટાચટ ચૂંટતીએ. ॥૧૪॥ વિલવંતી દુઃખપૂર રે. આવી દોડીને, રાય કન્હે રોતી ઘણુંએ; હા હા શું થયો તુજ્જરે, સામણિ માહરી, દીધું દૈવ વિગોવણુંએ. ॥૧૫ ફિટ રે ધીઠા

દેવરે, ઇમ કહી ઢલી પડી, નિરખી ચમકયો નૃપ ચિંતવે એ; આપદ દીસેં કાંઇરે, રાણીને પડી, હા હા શું કરવું હવે એ ? ॥૧૬॥ ઉઠયાં વ્યાકુલ રાયરે, દીનવદન થઇ, પૂછે દાસીને ઇસ્યું એ; ઉઠ ઉઠને ઉઠરે, કહેને શું થયું, શૂલ અંતેઉરનું કિશ્યું એ ? ॥૧૭॥ ફાટે હીયડું મુજ્જરે, ધીરજ સહુ નહી, કહેતાં વાર મ લાવીએ એ; વેગવતી તવ ઉઠી રે, રડતી ઇમ કહે હે, શું દુઃખ ઉદ્ભવીયે એ ?. ॥૧૮॥ કહેવાં સરખી વાત રે, નહી હો સાહેબા, કહેતાં ન વહે જીભડીએ; વીર શીરોમણી દેવ રે, હૃદય કઠણ કરો, વજ્ર વિષમ છે વાતડીએ. ॥૧૯ ચંપકમાલા દેવરે, પ્રભુ હૃદયેશ્વરી, દાહિણ લોયણ ફૂરકંતે એ; વેલા ગાલણ કાજરે, ચિંતાતુર ભમી, બાહિર અંતર જત તતેંએ ॥૨૦॥ લહતી અરતિ અપારરે; મંદિર આવીને, સૂતી એકાંતે જઇએ; મુજને પાન નિમિત્ત રે, મુકી હું પણ, પાન લઈ પાછી ગઇ એ. ॥૨૧॥ બોલાવી ભર હેજરે, મુખ બોલે નહી, દીઠી કાઠ પરે પડી એ; જીવ રહિત નિશ્ચેષ્ટ રે, જાંખી દેહડી, મીચાણી દોય આંખડીએ. ॥૨૨॥ કે સોસી કુંણ પ્રેતરે, કે સાકિણ ગ્રસી, કે કાંઈ સાપણી ડસી ગઈ એ ?; અથવા ઉત્કૃષ્ટ રોગ રે, જીવ લેઈ ગયો, કે નિજ હત્યા કરી મુઇ એ ? ॥૨૩॥ નિરખી માઠા શૂન્ન રે, પડિયો ધ્રાસકો, પણ ન કલાય એ શું થયું રે ?; આઈ દોડી એથ રે, શુદ્ધિ સવે ગઈ, જીવડલો ઉડી ગયો એ. ॥૨૪॥ વયણ સુણી ભૂપાલ રે, કડુઆં વિષ જિસ્યાં, મૂર્છાગત ધરણી ઢલ્યો એ; વીંજ્યો શીતલ વાય રે, સીંચ્યો ચંદને, કષ્ટે મૂર્છાથી

વલ્યો એ ॥રપા॥ લાગ્યો દુઃખ અછેહ રે, નેહ વિવસ થયો, વિલપણ લાગ્યો એણીપરે એ; હત્યારો દૈવ રે, કહેને કિહાં ગયો, જીવન માહારૂં અપહરીએ. ॥૨૬॥ જો મુજ દેવા દુઃખરે, સમરથ તું હુંઓ, મુને કાં પ્રથમ ન મારિયો એ ?; કરૂણા હીણા દુષ્ટ રે, દેઇને દગો, વિણ હથીયારે વિદારીયો એ. ॥૨૭॥ જા હિ

જા હિ જા હિરે મન રહે જીઉડાં, મન મેલૂં સીધારતા એ; હા ! હા ! હૂઓ ! સંતાપરે, વિરહાનલ તણું, સુંદરી વિણ તુજ ધારતા એ. ॥૨૮॥ રે ! રે ! કુલની દેવીરે, અવસર આજને કાંઈ ઉવેખો પરિ થઈ એ ?; તે રૂષીની આસીસ રે, સુકૃત ફલે ભરી, તે પણ નિષ્ફલ કેમ ગઈ એ ? ॥૨૯॥ હા ગોરી ! ગુણવંત રે, કિમ ન કહી મુજ્જ, મરણ દિસા જાણી તરેએ ?; જો જાણત એ રીત રે, પહેલી તાહરી, તો રાખત હૈડા ઉપરે એ. ॥૩૦॥ હા ! હા ! હું અજ્ઞાન રે, મૂઢ શિરોમણી, ભાવિ આપદ સાંસહી એ; દીનવદન વિચ્છાયરે, ધૂર તે મુજને, હું નારી આપદ કહી એ. ॥૩૧॥ નિંદા કરતો આપ રે, ભૂપતિ વિલપતો, પરિજનને દુઃખીયા કરે એ ક્ષણ હિંડે ગતિ મંદિ રે, ક્ષણ ધરણી ઢલે, ક્ષણ આંસુ નયણે ભરે એ. ॥૩૨॥ ક્ષણ બેસે મન શૂન્ય રે ક્ષણ ઉઠે ધસી, ક્ષણ વલી કરતો વિલંબના એ; છાંડી નર મર્યાદ રે, ધીરજ હારિયો, એ એ મોહ વિટંબના એ. ॥૩૩॥ મલિયાં સચિવ અનેક રે, દુઃખભર ભંગુરા, ગદ ગદ વચને વિનવે એ; ચાલો હો મહારાજ રે, લાયક સાહેબા, તુરત પણે જઇએ હવે એ. ॥૩૪॥ ઢીલ તણો નહી કામ રે, દેવી દેખીજે, કવણ દિસા-

એ આક્રમીએ ?; જો વિષ વ્યાપિ હોય રે, તો પણ જીવડો, રહે તે નાભિમાં સંક્રમીએ ॥૩૫॥ કરતાં કોઇ ઉપાય રે, જો જીવે કદી, તો તુજ ભાગ્ય પ્રશંસીએ; વચન સુણી ભૂનાથરે, ચાલે વેગશું, વીંટયો પરિયણ દાસીએ. ॥૩૬॥ આવ્યા રાણી ગેહરે, દીઠી [1]કાઠસી, દવ દાધી જિમ વેલડીએ; શબ્દ રહિત નિશ્ચેષ્ટ રે, નીલ વદન છબી, દંત ભીડી સેજે પડીએ. ॥૩૭॥ મૂર્છાણો ક્ષિતિકંત રે, ભ્રાંત નયણ થયા, નેહ દાવાનલ વલી જગ્યો એ; સીંચ્યો શીતલ નીર રે, ઉઠયો નિજ પ્રિયા, દેખી વલી મૂર્છા લગ્યો એ. ॥૩૮॥ ફરી ઉઠે ફરી તેમ રે, મૂર્છે નરપતિ ફરી ઉઠે એમ દુઃખ લહે એ; મંત્રી મલીને અંગરે, દેખી રાણીનું, માહોંમાંહે એમ કહેરે. ॥૩૯॥ અંગે નહીં છે કોઈ રે, વ્રણ ઘાતાદિક, અક્ષત દીસે સર્વથાએ; કે સુર મારી કેણ રે, કે મન પીડાયેં, સાજી તનુ કેમ અન્યથાએ ॥૪૦॥ મરશે નિશ્ચે રાયરે, દેવી મોહિયો, રાજ્ય ભંગ થાશે સહીએ; કરવો કોણ પ્રકાર રે, ઇમ મંત્રી સહુ, અણ-બોલ્યાં રહ્યાં કહીએ. ॥૪૧॥ મંત્રી નામ સુબુદ્ધિરે, બોલ્યો તતક્ષણે, કાલ વિલંબન ન કીજીયેરે; તો હોયેં કોઈ ઉપાયરે. જેહથી ભૂપને, મરણ થકી રાખીજીયેંએ. ॥૪૨॥ મંત્રી બોલ્યો એક રે, વલી એમ ચિત્ત ધરી, કાલક્ષેપ કેણી પરે હુવેએ ?; રાજા દેવીમાંહેરે, ઘેર્યો પરવશો, કાજ અકાજ નવિ જૂવે એ. ॥૪૩॥ વલી કહે મંત્રી સુબુદ્ધિરે, વિષની વિક્રિયા, છે દેવી એ જીવશેએ; મણિ મંત્રૌષધ યોગ રે, વિષ ટલશે પરહો,

૧. લાકડાસરખી,

રાણી અતિ સુખ પામશે એ. ॥૪૪॥ જૂઠો કહીને એમરે, નૃપને આશ્વાસી, કરત અકાજ નિવારીયે એ; ગુપ્તમંત્રી કેરે સર્વરે, મંત્રીસર બોલ્યો, રાજન વિષ ઉપચારિયેંએ. ॥૪૫॥ કાંઇ કરો મહારાજરે, નિપટ અધીરતા, વવલાં મંગલ વરતશે એ; સાંભલી એમ નરેશ રે, વિકસ્વર લોચને, હર્ષ સુધા નાહ્યો તિસેંએ. ॥૪૬॥ કરશે કોડી ઉપાયરે, નૃપને ભોલવી મંત્રીસર મતિ આગલાએ; દશમી ઢાલ રસાલરે, કાંતિવિજય કહે; મોહે નડીયાં ભલભલાએ. ॥૪૭॥

॥ દુહા ॥

રે ! રે ! આવો ધાઇને, વિષધર ઓષધ યંત્ર;
આમંત્રે માંત્રિક પ્રતેં, ધારે વિષ મણિ મંત્ર. ॥૧॥
નૃપ આદેશે મેલવી, સામગ્રી તત્કાલ;
આરંભે માંત્રિક ક્રિયા, ઉચિત કહ્યાં સવિ ચાલ. ॥૨॥
એકાંતે દેવી ઠવી, કરે ચિકિત્સા તેમ;
માંત્રિક મંત્રીસર સહિત, જાણે નૃપ જેમ એમ. ॥૩॥
હમણાં દેવી ઉઠસે, કરશે નેત્ર વિકાસ;
હમણાં કાંઈક બોલશે, વલશે વલી ઉસાસ. ॥૪॥
બોલી એમ નૃપ ચિંતતા, અર્દ્ધ દિવસ ને રાત્ર;
સચિવાદિ નિરુપાય સવિ, કરે વિચાર પ્રભાત. ॥૫॥
નૃપને કેમ ઉગારશું, મરણ દિશાથી આજ ?
નેહ ગ્રહ્યો જાણે નહી, કરવો ચતુર અકાજ. ॥૬॥
રાજ્ય દેશ ગઢ સુંદરી, સૈનાં લોક હિરણ્ય;
સચિવ પ્રમુખ દિન આજથી, સકલ થયા અશરણ્ય ॥૭॥
ઈમ ચિંતા સાયર પડયાં, મંત્રીસર ભય વામ;
એક એક સાહામું જૂવે, જિમ મૃગ ચૂકા ઠામ ॥૮॥

દીઠી કાંતા તિણ સમે, પૂર્વપરે નૃપ આપ;
આપૂર્યો અતિ દુઃખસું, ઇણ વિધ કરે વિલાપ. ॥૬॥

## ॥ ઢાળ અગીયારમી ॥

"રે રંગરત્તા કરહલારે. મો પીઉ વિરતો જાણ;
હું તો ઉપર કાઢીનેરે પ્રાણ કરૂં કુરબાણ...
સુરંગા કરહા રે, મો પીઉ પાછો વાલ,
મજીઠા કરહા રે.... એ દેશી.

રે ગુણવંતી ગોરડી રે, કાંઈ રહી રે રીસાય; વિણ બોલ્યા મુજ જીવડો રે, પ્રાહુણડા પરેં જાય....પ્રિયારી બોલો હો, અઈ પ્રીતમશું એકવાર ॥૧॥ હઠીલી બોલો હો વિરત્ત થઈ કુણ કારણે રે ?, જીવડો છેહ દિખાય ....એ આંકણી. તુજ ન ઘટે ગજ ગામિની રે, કરવો માન અપાર; જીવતણી તું ઔષધીરે, તુંહિજ પ્રાણા-ધાર.... પ્રિ૦ ॥૨॥ જક ન લહે પલ જીવડો રે, તુજ વિરહેં પ્રજલાય; હાંસું ન કીજે તેહવું રે, જિણે હાસે ઘર જાય.... પ્રિ૦ ॥૩॥ ઉઠ પ્રિયા ! દિન બહુ ચઢયો રે, લોક લગે વ્યવસાય; પણ પ્રીતમને ઉવેખતી રે, તું બોલે નહી કાંય.... પ્રિ૦ ॥૪॥ તું કહેતી મુજને સદા રે, હૃદય વસો છો મુજ; તે મુજ આજ વિસારતાં રે, વાત લહી મેં તુજ્જ....પ્રિ૦ ॥૫॥ એક ઘડી મુજ તુજ વિના રે, મુજને વરસ સમાન; તો દિન એ કેમ ચોલસે રે ગોરી કહે ગુણ ખાણ ?....પ્રિ૦ ॥૬॥ કેઇ વિલસે કેઇ હસે રે, સુખીયાં પુરનર નાર; આજ અવસ્થા મુજ ભણી રે, દીધી એ કિરતાર....પ્રિ૦ ॥૭॥ મો તનુ દુઃખ દુર્બલ થઈ રે, જો તું આંખ ઉઘાડ; ગ્રીષમ પવને આકરી રે, જિમ તરૂ નાંખ્યા જાડ....

પ્રિ૰ ॥૭॥ તું ચતુરા ચંદ્રાનના રે, જીવ રહણની વાડ; પણ ઇણ વેલા પદ્મણી રે, હીયડું નાંખ્યું જાડ....પ્રિ૰ ॥૯॥ હરિલંકી હસી બોલને રે, નિંદ રયણરી છાંડી; કર કરૂણા મુજ કામિની રે, મનની પૂર રૂહાડિ....પ્રિ૰ ॥૧૦॥ તુજ કારણ કીધાં ઘણાં રે, સબલ જુગતિ ઉપચાર; હા ! હા ! પણ ઉઠે નહીં રે, કીજે કવણ પ્રકાર ?.... પ્રિ૰ ॥૧૧॥ નિશ્ચે દીસે છે હવે રે, પહોતી તું પરલોક; નહિ તો મુખ બોલે સહી રે, વાલમ કરતે શોક....પ્રિ૰ ॥૧૨॥ ધિગ પ્રભુતા ધિગ ચાતુરી રે, ધિગ્ જીવન ધિક્ રાજ્ય; સંકટ માહેંથી તુજજને રે, હું રાખી શકયો નહીં આજ....પ્રિ૰ ॥૧૩॥ હે મુગ્ધે ! હે કોપને રે !, હે પ્રમદે ! ગઇ [1]કેથ ?; તુજ મુખ નિરખણ ઉમટયો રે, હું પણ આવું તેથ....પ્રિ૰ ॥૧૪॥ હવે સૂધે છોડી હવે રે, તુજને પણ નિરધાર; સાંસિ સકી નહી શોકને રે, ફિટ ફિટ તુજ આચાર ....પ્રિ૰ ॥૧૫॥ ઇમ કહીને ધરણી ઢલ્યો રે, મૂર્ચ્છાવશેં ભૂપાલ; શીતલ જલ સિંચ્યો ઘણું રે, ઉઠયો વલી કરૂણાલ....પ્રિ૰ ॥૧૬॥ હા ! હા ! મંત્રીસર ! સુણો રે, ભૂમિ પડયાં મુજ હાથ; પરલોકેં જાતાં પ્રિયા રે, જાઇસ હું પણ સાથ....પ્રિ૰ ॥૧૭॥ સલુણા મંત્રી ! હો, ઢીલ કરો મત કાંઈ; સુરંગા મંત્રી હો ॥ એ આંકણી ॥ ગોલા નદીને કાંઠડે રે, હું પ્રજલીસ સંગાથ....સલુણા૰ શીઘ્ર કરાવો ચય તિંહા રે, [2]કાઠેં પૂરો પૂર્ણ; અંગ બાલીને આપણો રે, નિવૃંત્તિ થાઇસિ તૂર્ણ.... સ૰ ॥૧૮॥ નયણે શ્રાવણ ઝડી લગી રે, બોલ્યાં

૧. ક્યાં, ૨. કાષ્ટે.

એમ પ્રધાન; હા હા હા! અનરથ કિસ્યો રે, માંડયો એ રાજન્! રંગીલા રાજન્ હો ।। સમજો હીયડાં માંહે, છબીલા રાજન્! હો મત કરો આતમ દાહ, હઠીલા રાજન્! હો કહીયે ગોદ બિછાયને રે, સાહેબજી! રઢ માન....રંગી૦ ।।૧૯।। કમલ જિસ્યાં રવિ આથમે રે, જલ સૂકે જિમ મીન; માય તાય વિણ બાલ જ્યું રે, કાંઈ કરો જગ દીન?....રંગી૦ ।।૨૦।। મત લ્યો રિપુ એહ રાજ્યને રે, પામો પ્રજા મત પીડ; વસુધા મત અશરણ હુઓ રે, ન પડો અમમાં ભીડ....રંગી૦ ।।૨૧।। તુમ સરિખા મહારાજવીરે, ધીરપણું મન છાંડ; તો કિહાં રહેસે લોકમાં રે, થાનક તે દેખાડ....રંગી૦ ।।૨૨।। મરણ લહી દેવી પ્રમો રે, તે તો કર્મ નિદાન; એહ અવસ્થા ધ્રુવ કહી રે, સઘલાને અવસાન....રંગી૦ ।।૨૩।। રાજા ખેચર કેશવા રે, ચક્રધરા દેવેન્દ્ર; કર્મ થકી નવિ છુટિયાં રે, ગણધર દેવ જિનેન્દ્ર....રંગીલા ।।૨૪।। જીવિત અથિર સંસારમાં રે, ડાભ અણી જલ બિંદ; સંપદ ચપલ સ્વભાવથી રે, જેહવી સ્ત્રી સ્વચ્છંદ....રંગીલા૦ ।।૨૫।। સયણ કહ્યાં સવિ કારમા રે, જેહવાં સુપન જંજાલ; કાયા કાચઘટી જિસી રે, યૌવન સંધ્યાકાલ....રંગી૦ ।।૨૬।। જન્મ જરા મરણે ભર્યો રે, એ સંસાર અસાર; ઇમ જાણીને સાહેબા રે, મત કરો દુઃખ લગાર....રંગી૦ ।।૨૭।। સંભાલો નિજ રાજ્યને રે, ટાલો મનનો શોક; ગાલો અરિયણ માનને રે, પાલો પીડિત લોક....રંગી૦ ।।૨૮।। રાય કહે મંત્રીસરો રે, સાચી તુમારી વાત; પણ દેવી-મોહેં મઢયો રે, તે ભણી રહ્યો ન જાત....રંગી૦ ।।૨૯।।

મેં પૂર્વે અંગીકર્યો રે, સાથે મરણનો બોલ; જો ન કરૂં તો કિમ રહે રે, સત્યવાદીનો તોલ ?....રંગી૦ ॥૩૦॥ આજ લગે મેં નિરવહ્યો રે, સુધો સત્ય વચન્ન; તે અંતરાલે છોડતાં રે, ન વહે માહરૂં મન્ન....રંગી૦ ॥૩૧॥ નિજ મુખથી જે આદરી રે, બે સમ પ્રતિજ્ઞા કાય; અવસર વહેતી મૂકતાં રે, સહસા સત્ય લજાય ....રંગી૦ ॥૩૨॥ જિણ સત્ય કારણ હોમીઉં રે, વલ્લભ પણે નિજ દેહ; મૂઓ પણ જગ જીવતો રે, શાસ્ત્રે કહ્યો નર તેહ....રંગી૦ ॥૩૩॥ ક્ષિપ્ર કરો ને સજ્જતા રે, મ્હારી દેવી સાથ; દેશું દુઃખને જલાંજલી રે, એ નિશ્ચય અમ આથ....રંગી૦ ॥૩૪॥ ઈમ કહેતાં નૃપ વારિઓ રે, બહુ પરે સર્વ પ્રધાન; પણ વિરમે નહી મરણથી રે, દેવી મોહ નિદાન....રંગી૦ ॥૩૫॥ અનરથ કરતાં નવિ ચલે રે, કોઇ મંત્રીનું મન્ન; તે ભણી મૌન લેઈ રહ્યાં રે, રોતાં મંત્રી રતન્ન....રંગી૦ ॥૩૬॥ પૂરી ઢાલ અગ્યારમી રે, કાંતિવિજય કહે એહ; મોહ સુભટ જીતે જિકે રે, હોય નર સુખિયાં તેહ.... રંગીલા૦ ॥૩૭॥

॥ દુહા ॥

હવે ભૂપે મંત્રીશને, દેખી કરતાં ઢીલ;
પ્રેર્યાં પુરુષ બીજા વલી, કરવાં સાજ હઠીલ. ॥૧॥

તુરત મંગાવી પાલખી, રયણ જડિત મનુહાર;
નવરાવે કલેવર નારીનું, કનક કલશ જલધાર. ॥૨॥

કુંકુમ ચંદન મૃગમદે, કર્પૂરે કરી લેપ;
કુસુમ સરસું પૂજિકે, કર્યાં ધૂપ ઉત્ક્ષેપ. ॥૩॥

શિબિકા માંહે થાપિઉં, તે રાણીનું દેહ;
ચાલે નૃપ ગોલા તરે, શિબિકા આગે કરેહ. ॥૪॥
પુરથી જબ નૃપ નીકલે, તબ દુઃખિયા સવિ લોક;
ઝૂરે વિલપે હૂબકે, રોવે કરતાં શોક. ॥૫॥

## ॥ ઢાળ બારમી ॥

ઓલગડી ઓલગડી કીજે મુનિસુવ્રત સ્વામીની રે....એ દેશી.

પરિજન પરિજન દુઃખિયો સહુ રોવે ઘણું રે, નૃપ વિરહો ન ખમાય; કરૂણે કરૂણે શબ્દે બોલે આવીને રે, વદન હુઆં વિચ્છાય. ॥૧॥ રાય જિમ રાય જિમ છોડો અમને સાહેબા રે, વિણ શરણે ગુણવંત; તુમ મુખ તુમ મુખ દીઠે સુખ પામું સદા રે, છેહ ન દ્યો ક્ષિતિ કંત....રાય૦ ॥૨॥ તુમ વિણ તુમ વિણ અમને કહો કુણ રાખશે રે, સંકટથી મહારાય; મનનાં મનોરથ હવે કુંણ પૂરશે રે, બહુલાં લાડ લડાય?....રાય૦ ॥૩॥ ન શકયો ન શકયો દેખી દૈવ અટારડો રે, અમચો સુખ નિરધાર; નહીં તો નહીં તો સમજુ પણ કેમ ચૂકીઓ રે, મૂકે વિણ આધાર....રાય૦ ॥૪॥ તિણદિન તિણ દિન બાલ તરૂણ ઘરઢા મલી રે, કરે ઘણા આક્રંદ; અન્ન ન અન્ન ન ભાવે નાઠી નિંદડી રે, વાધ્યો દિલ દુઃખ દંદ....રાય૦ ॥૫॥ હણીયા હણીયા વજ્રકે વિષ વ્યાપિયા રે, ધૂમે પડિયાં કેઈ; હૃદય હૃદય સુના હૃત સર્વસ્વ જ્યું રે, ગહિલા કેઈ ફિરેઈ....રાય૦ ॥૬॥ હા વત્સ! હા વત્સ! હા નિધિ! હા કુલ દીવડો રે!, કુલ મંડણ! કુલ મોડ!; હા નૃપ! હા નૃપ! અમને ઊંચી ચઢાવીને રે, ધસકાઇ વિણ છોડ....

રાય૦ ॥૭॥ ફુલની ફુલની વૃદ્ધા ઇમ વિલપે ઘણું રે, નાઠી રતિ દિલગીર; મનમેં મનસેં ખુતો નેહ નરિંદનો રે, જીમ તીખેરો તીર....રાય૦ ॥૮॥ ધિગ ધિગ ધિગ ધિગ અમચી બુદ્ધિને રે, જે નાવી કોઇ કામ; સહજ સહજ સનેહો અમને છોડીને રે, જો જાવે છે આમ....રાય૦ ॥૯॥ મુજરો મુજરો અમચો કુંણ લેશે હવે રે, કુણ દેશે સન્માન; આતમ આતમની ચિંતાએ, વાઉલા રે, ઇમ નિંદે પરધાન....રાય૦ ॥૧૦॥ હા! જિણે હા! જિણે રૂપે કામ હરાવીયો રે, વળી હુઓ નિર્દેહ; સુંદર હો સુંદર હો પ્રભુ નારી કારણે રે, કિમ બાલીશ તે દેહ?....રાય૦ ॥૧૧॥ કદી હો કદી હો રૂપ મનોહર પેખશું રે?, પરગટ પૂનમ-ચંદ; ઇમ કહી ઈમ કહી નયણે જલ દ્રવે રે, પુરનારીનાં વૃંદ....રાય૦ ॥૧૨॥ જનક જનક તણી પરે પાળ્યાં પ્રેમથી રે, એ સઘલા પુરલોક; રૂલસેં રૂલસેં દૈવ વિછોહ્યાં બાપડાં રે, જિમ દિણયર વિણ કોક....રાય૦ ॥૧૩॥ નગરી નગરી દીસે આજ દયામણી રે, જિમ દવદાધું વન્ન; ઈમ કેઇ ઇમ કેઈ સંચરતા નૃપ મારગે રે, ભાખે દીન વચન્ન....રાય૦ ॥૧૪॥ સીંચીય સીંચીય ધણ કંચણ મણિ માણિકે રે, મહોટા કીધા આપ; તુમ વિણ તુમ વિણ તરૂસમ અમચો ટાલશે રે, કુણ દુઃખ દવ સંતાપ?....રાય૦ ॥૧૫॥ યાચક યાચક લોક ભણે નૃપ આગલે રે, આપણો દુઃખ દેખાય; જીવન જીવન જાતા જગમાં કેહનો રે, ધીરજ જીવ ધરાય?.... રાય૦ ॥૧૬॥ કરૂણા કરૂણા દાક્ષિણતા ને શૂરતા રે, ધીરજ દાન સમાન; કવિતા કવિતા સત્ય સુભગ ગંભીરતા

રે, નિરૂપમ જ્ઞાન વિજ્ઞાન....રાય૦ ॥૧૭॥ સાહસ સાહસ સત્ય પ્રચંડ ઉદારતા રે, ઉપકાર કરતા ધર્મ; એ સવિ એ સવિ ગુણ નિરધારી આજથી રે, કીધા તે વિણ મર્મ....રાય૦ ॥૧૮॥ રંડિત રંડિત પંડિત કીધા વિણ ગુને રે, ખંડિત દૈવે એણ; મંડિત મંડિત વિદ્યાયે તુમ સારિખાં રે, પડિયાં સંકટ જેણ....રાય૦ ॥૧૯॥ ચોપદ ચોપદ જલ પીવે નહીં તિણે સમે રે, છોડે પંખી ચુણ; તો નર તો નર દેખી જાતો રાજવી રે, દુઃખ પામે નહીં કુંણ?....રાય૦ ॥૨૦॥ મમકર મમકર અણઘટતું ઈમ રાજીયા રે, હા હા ધીંગડધીર; ઈમ પુર ઈમ પુરવાસી વચન ઉવેખતો રે, પહોતો ગોલાતીર ....રાય૦ ॥૨૧॥ તે શબ તે શબ તીરે તવ ઉતરાવીને રે, મંડાવે ચય ત્યાંહિ; દેતો દેતો દાન યાચક ને ઉતરે રે, ન્હાવા લાગો માંહિ....રાય૦ ॥૨૨॥ ભૂધવ ભૂધવ નહિ ત્યાં જલ જેતલે રે, રડતે લોક સમગ્ર; જલને જલને પૂરે તવ એક તાંણિયું રે, આવ્યો [1]કાઠ ઉદગ્ર....રાય૦ ॥૨૩॥ નિરખી નિરખી મંત્રીસર તવ બોલીયા રે, રે રે તારક! જાહુ; લાકડ લાકડ જલમાં સન્મુખ આવતું રે, વેગે કાઢી લ્યાહું....રાય૦ ॥૨૪॥ એહ છે એહ છે યોગ્ય ચિતાને ઇમ સુણી રે, ધીવર પેસી ત્યાંહિ; બાહિર બાહિર કાઢયો તાણી તત્ક્ષણે રે, જલ ઉંડું અવગાહિ....રાય૦ ॥૨૫॥ બંધન બંધન બહુલે બાંધ્યો ચિહું પખે રે, ત્રાપા પરે તે થંભ; દીસે દીસે સ્થૂલ કઠિન આગે પડયો રે, જાણે

૧. મહોટું કાષ્ટ.

વાહણ થંભ....રાય૦ ॥૨૬॥ આદેશે આદેશે નૃપને સેવકે રે, કાપ્યો છૂરીયે બંધ; જટક જટકસું અર્દ્ધ જુદો ઉઘડી પડયો રે, ત્રુટી ગયાં સવિ સંધ....રાય૦ ॥૨૭॥ તેહમાં તેહમાં મૃગમદે કેશર ચંદને રે, અરચી સુંદર અંગ; ચરચી ચરચી ઘનસારાદિક ગંધશું રે, માલ ઠવી બહુ ભંગ....રાય૦ ॥૨૮॥ કંઠે કંઠે લહકે હાર મનોહરૂં રે, નિદ્રિત લોચનભંગ; જલમાં જલમાં છાંની રતિ આવી રહી રે, છેતરી આંણી અનંગ.... રાય૦ ॥૨૯॥ ચંપક ચંપકમાલા નૃપ મનમોહિની રે, દીઠી દૈવ સંયોગ; પેખવી પેખવી ભૂપતિને દિલ જાગીઉં રે, ભાંગ્યો વિરહ વિયોગ....રાય૦ ॥૩૦॥ અચરિજ અચરિજ પામ્યા પુરજન સવે તિહાં રે, દૂર ગયાં જંજાલ; ઇણીપરેં ઇણીપરેં કાંતિવિજય કહે બારમી રે, સુંદર ઢાલ રસાલ રાય૦ ॥૩૧॥

॥ દુહા ॥

લોક સકલવસ્થિતપણે, નૃપને બોલે આમ;
ચંપકમાલા જીવતી, લહી સુકૃતથી સ્વામ. ॥૧॥

પાલખીએ પોઢાડીને, રાણી આણી ગેહ;
ખરી એહ કે તેહ છે, કે કોઈ છલ છે એહ? ॥૨॥

નૃપતિ કહે સેવક પ્રતે, નીરખો શિબિકા માંહિ;
તેહ દેહ તિમહિં જ અછે, કે વિધ ધરિઓ આંહિ ॥૩॥

જબ સેવક જઈ નીરખિઓ, આવી શિખીકા પાસ;
તબ તે શબ હડ હડ હસત, ઉડી ગયો આકાશ ॥૪॥

હે! હે! હું વંચ્યો ખરો, છેતરતાં નૃપ છેલ;
સ્ત્રીને કારીણુ જે નર મરે, તે જગ સાચા લબે ॥૫॥

ઈમ કહેતાં ચલતો નહિ, જલતકાર મય દેહ;
દંત ડસત કરતલ ઘસત, થયો ઉલકા સમ તેહ ॥૬॥
થર હરતાં સેવક સવે, આવ્યા નૃપની પાસ;
વીતક વ્યતિકર ભૂપને, દાખ્યો સકલ પ્રકાશ ॥૭॥
રાય કહે એ વાતનો, કોઈ ન લહે વિરચામ;
તે માટે પૂછે હવે, રાણીને ઈણુ ઠામ ॥૮॥

## ॥ ઢાલ તેરમી ॥

સોનાની આંગી હે, સુંદર મારા સાહેબાને અંગ, વિચ વિચ રતન જડાવ કોડી સૂરજ કરૂં વારણેજી....એ દેશી.

મૃગ નયણી રાણી હે, સુંદર હવે નયણ ઉઘાડ; ઉઠો રાણી આલસ છોડી, કબકો પ્રીત્તમ અલજો કરેજી ॥૧॥ પ્રિયા મોરી બોલો હો, હસિત મુખે મીઠડાં બોલ. કહો રાણી વીતક વાત, ધુરથી જાણે જે જિણુ પરેંજી ॥૨॥ વચણા તે સુણી હે, રાણી કરે નિદ્રાછાંડ, કહો પીઉ ઉભા છો કેમ ?, ભીના વસન એ પહેરીનેજી ? ॥૩॥ લખગમે ઉભા હે, નિકટ ચય પાખલે લોક; કહો પીઉ શિબિકા માંહે, ઠવીય લાવ્યા કેહનેજી ? ॥૪॥ નૃપતિ કહે માહરી હે, સુંદર પછે કહેસું વાત; કહો તુમચો વિરતંત, જિમ અમ મન [1]સાંસો ટલેજી. ॥૫॥ કયાં ગઈ કયાં રહી હે, નવલ કિહાં પામ્યો હાર; કહો કિમ પેઠી કાઠ, કિણે વાહી ગોલા જલેજી ?. ॥૬॥ પદ્મણી પ્રેમે હે, કહે એણે વડની છાંહિ; ચાલો પીઉ થાઓ ? [2]સુસ્થ સંભલાવું અમ વાતડીજી. ॥૭॥ નૃપતિ તવ આવ્યો

૨. સ્વસ્થ, ૧ શંસય

હે, સકલ જન વિંટયો તેહ; શ્રમે ભરી કોમલકાંય, તડકે તપી થઈ રાતડીજી. ॥૮॥ રાણી કહે વાણી હે, પ્રીતમ પણ જાણો છો તેહ, દાહિણ મુજ ફૂરકયો જે નયણ, સૂચક અશુભ નિમિત્તનોજી. ॥૯॥ ભમી વન વાડી હે, આવી ફરી મંદિર માંહે; દાસી ગઇ લેવા પાન, વેગવતી ચંચલ તનુજી. ॥૧૦॥ નિદ્રાભર તેણે હે, સૂતી જવ સેજ હું આય; દુષ્ટ કોઇ આવ્યો પાસ, તુરત ઉપાડી લેઇ ગયોજી. ॥૧૧॥ સૂને ગિરિ ટૂંકે હો, મુકી મુજ નાઠો ધીઠ; ભયે ઘણુ થરકિત ગાત, સકલ દિશ જોઉં સું થયોજી ?. ॥૧૨॥ દીસે નહીં કોઈ હે, પાછલ મુખ આગલ પાસ; સુણ્યું કોઇ વિષમ આક્રંદ, વિરૂઆ વનચરનાં ઘણાંજી. ॥૧૩॥ વાઘ સિંહ ધડૂકે હે, સબલ દીયે ચિત્તા ફાલ; રમે રીછ દેતાં દોટ, કિહાં કણે મૃગ કરે ખેલણાજી. ॥૧૪॥ જાઉં કિણુ આગે હે, સુણે કોણ દુઃખની વાત ?; ચિંતા ચયસું લગી ચિત્ત, ક્ષણ એક દુઃખ પૂરે ભરીજી. ॥૧૫॥ સાહસ ધરી સાચો હે, ચાલી દિશિ એક નિહાલ; કિહાં પીઉં કિહાં વન કેણિ, વૈરી અકારણ અપહરિજી. ॥૧૬॥ ચઢી ગિરિ ટુંકે હે, કરૂં નિજ આતમ ઘાત; ચિત્ત ચીંતી એહવું ત્યાંહિ, ચાલી લડથડતે પગેજી. ॥૧૭॥ દીઠો તસ સિંગે હે, વારુ એક નવલ પ્રાસાદ; ઉંચો અતિ જલહલ જયોતિ, જલકે અંબર તલ લગેજી. ॥૧૮॥ રૂષભ પ્રભુ રાજે હે, મોહન જિહાં જગનો નાથ; દેખી મણિ મૂરતિ ખાસ, અંતર આતમ ઉલ્લસ્યોજી. ॥૧૯॥ કીધી સ્તુતિ મોટી હે, લલિત પદ અર્થ ગંભીર; લાગો જિનસું

એકતાન, દુઃખ સયલ મનથી ખસ્યોજી. ॥૨૦॥ કાંતે કહી રૂડી હે, સરસ એ તેરમી ઢાલ; મીઠી જિમ સાકર દ્રાક્ષ, સુણતાં કાને અમૃત વસ્યોજી. ॥૨૧॥

॥ દુહા ॥

વિધિ વિવેક પૂર્વક પણે, કીધી મેં જિન સેવ;
ભગતિ નિરખી હરખિત થઈ, બોલી શાસન દેવ. ॥૧॥
હું શાસન રખવાલિકા, ચક્રેશ્વરી મુજનામ;
આદિ ભુવન રક્ષા કરું, મલયાચલ શુભ ઠામ. ॥૨॥
મલયદેવી મુજ નામ છે, બીજું ઠાણુ ગુણેણુ;
સાહમી ધર્મ ભણી ચરણ, પ્રણમું છું તિણે એણ. ॥૩॥
કઠિણ હીયું કર કામિની, મનમાં કાંઈ મ બીહ;
પડે અવસ્થા માણસા, ન ટલે સુખ દુઃખ લીહ. ॥૪॥
પૂછ્યું મેં કહે માત્રડી, કિણેં આણી મુંજ આંહિ?;
કહિયે સવિ નિરત્તસું, તવસા બોલી ત્યાંહિ. ॥૫॥

## ॥ ઢાલ ચૌદમી ॥

મેંદી રંગ લાગ્યો....એ દેશી.

વીર ધવલ તુંજ નાહને રે, વીરપાલ હુઓ બંધુ; વત્સે ! સાંભળજો, નિર્ગુણ લોભી રાજ્યનો રે, કૂડ કપટનો સિંધુ....વત્સે૦ ॥૧॥ વડ બાંધવ હણુવા ભણી રે, ચિંતે વિવિધ ઉપાય....વ૦; અન્ય દિવસ વધ કારણેં રે, પેઠો મંદિર માંહિ....વ૦ ॥૨॥ ખડ્ગ ઘાવ મૂકે ખરો રે નૃપ સાહામો અતિ ધીઠ....વ૦; એક ઘાયેં વડ બાંધવે રે, પાડયો ધરણી પીઠ....વ૦ ॥૩॥ શુભભાવે અંતે મરી રે, એણે ગિરિ એ થયો

ભૂત....વ૦; અતુલબલી પરિવારમેં રે, દીઠી માહરે દૂત....વત્સે૦ ॥૪॥ ગત ભવે તે પાપીઓ રે, સંભારે નિજ વૈર....વત્સે૦; છલ જોતો નરનાહનાં રે, વિચરે વનગિરિ નયર....વ૦ ॥૫॥ પુણ્યબલે ન સકે કરી રે, નૃપને કાંઇ વિરૂપ....વ૦; ચિંતે નૃપને નારીશું રે, પ્રેમ નિબિડ છે અનૂપ....વત્સે૦ ॥૬॥ જો મારૂં નૃપ-નારીને રે, તો મરશે નૃપ આપ....વ૦; ખસ જાશે શીતલ જલે રે, ટલશે સર્વ સંતાપ....વ૦ ॥૭॥ છાનો છલ તાકે રસી રે, લાગો રહે નિત પૂઠ....વ૦; સૂતી સેજે તું એકલી રે, ઉપાડી તેણે દુઠ....વ૦ ॥૮॥ ઇણ ગિરિટૂંકે મુકીને રે, આપ થયો વિસરાલ....વ૦; પૂરવ પુણ્યે ભેટીયાં રે, તેં શ્રી રૂષભ કૃપાલ....વ૦ ॥૯॥ તૂઠી હું જિન ભક્તિથી રે, આપું તું વર માંગ....વ૦; દુલ્લહો દર્શન દેવનો રે, દીઠો દે સોભાગ....વ૦ ॥૧૦॥

દેવીને મેં વિનવ્યું રે, જો તૂઠી મુંજ માય....વ૦, સંતતિ નહીં મહારે કિસ્યો રે, કીજે તાસ ઉપાય.... વત્સે૦ ॥૧૧॥ ચંપકમાલાને કહે રે, નિસુણી બાણી એમ....વત્સે૦; ચક્કેશ્વરી દેવી વલી રે, બોલી ધરી અતિ પ્રેમ....વ૦ ॥૧૨॥ પુત્ર પુત્રીને જોડલે રે, થાશે તુજ સંતાન....વ૦; ગર્ભરોધ તાહરે થયો રે, તે તો ભૂત નિદાન....વ૦ ॥૧૩॥ હવે દુઃખ દેતાં વારશું રે, નિજ સેવકને ભૂત....વ૦; શિક્ષા દેશું આકરી રે, ખલ ન કરે કરતૂત....વત્સે૦ ॥૧૪॥ નૃપ કહે મતિ તુજ રૂઅડી રે, માગ્યો વારૂ એહ....વ૦; ચિંતા માહરી ઉદ્ધરી રે, તુજ વિણકુ ણુ ગુણ ગેહ ?....વત્સે૦ ॥૧૫॥ [illegible] પતિ[illegible]તને કે પરમ કૃપાપર જંજ....પ્રિતમ

સાંભલો. હાર દીધો એ દેવીયે રે નામે લક્ષ્મી પૂંજ.... પ્રી૦ ॥૧૬॥ સપ્રભાવ સુર સંક્રમ્યો રે, હાર રયણ બહુ મૂલ....પ્રી૦; સયલ મનોરથ પૂરસે રે, કરશે જગ અનુકૂલ....પ્રી૦ ॥૧૭॥ એહથકી સપરાક્રમી રે, હોશે તુજ સંતાન....પ્રી૦; અતુલ વિઘન જાશે પરાં રે, વધશે જગમાં માન....પ્રી૦ ॥૧૮॥ પૂછયો વલી દેવી કહે રે, ભૂત તણો સંબંધ....પ્રી૦; ચંદ્રાવતીયે તે ગયો રે, તુજ ઠવી ગિરિને ખંધ....પ્રી૦ ॥૧૯॥ તુજ ઠામે તુજ સારિખો રે, કરી રહ્યો મૃતક સરૂપ....પ્રી૦; મરણ લહી દયિતા ગણી રે, ઘણું દુઃખ પામ્યો ભૂપ....પ્રી૦ ॥૨૦॥ સાત પોહોરને અંતરે રે, મલશે તાહરો કંત....પ્રી૦; તિણ વેલા એક ખેચરી રે, નભ પંથથી આવંત....પ્રી૦ ॥૨૧॥ અદૃશ્ય ભાવ દેવી લહે રે, ખગનારી હુઈ સંગ....પ્રી૦; એકાકી મુજ દેખીને રે, પૂછયું વચન વિભંગ....પ્રી૦ ॥૨૨॥ તસ આગલ મેં તાહરો રે, ભાખ્યો સવિ વિરતંત....પ્રી૦; સુણી વિસ્મિત બોલી તિહાં રે, મુજ દુઃખથી નિસતંત....પ્રી૦ ॥૨૩॥ ચિંતા મ મ કર ભામિની રે, કરશું અતિ ઉપકાર....પ્રી૦; ચંદ્રાવતીએ મૂકશું રે, જિંહા તુજ પ્રાણધાર....પ્રી૦ ॥૨૪॥ ઈમ [1]આસાસે ખેચરી રે, વચન અમૃત સુરસાલ....પ્રી૦; કાંતિવિજયે ઈમ ચૌદમી રે, ભાખી નિરૂપમ ઢાલ પ્રી૦ ॥૨૫॥

॥ દુહા ॥

રૂપ નિરખી હરખી તિકા, કહે સાંભલ ગુણખાણ;
વિદ્યા સાધન કારણે, હું આવી ઈણે ઠામ. ॥૧॥

[1] આશ્વાસન આપીને,

સ્ત્રી લંપટ મુજ પતિ ઈહાં, આવે છે મુજ પૂઠ;
જો તુજ રૂપ નિહાલશે, શીલ ખંડશે ઉઠ. ॥૨॥

શોક ધરમ માહરે હશે, જનમાં વધે દુઃખદાય;
ખોઈશ તું કુલ વટ્ટડી, પરવશ વાસ વસાય. ॥૩॥

નવરસ લોભી નાહલો, અવગણશે કુલ લાજ;
આવી તુરત જિમ તાહરો, વિષમ સુધારૂં કાજ. ॥૪॥

એમ કહી કરતલ ગ્રહી, [૧]ખગ નારી દે ધીર;
નિકટ નદી જલ ભર વહે, આવી તેહને તીર. ॥૫॥

## ॥ ઢાળ પંદરમી ॥

ઘોડી તો આઇ થાંરા દેશમાં મારુજી....એ દેશી.

ગુહીર નદી જલ ઉછલે....વારૂજી, છટકે પવનની છાંટ હો....મૃગાનયણીરા ભમર સુણો વાતડી, મારૂજી; નીરખી તરૂ તટ મંડલી...વા૦, હીયડું નાખે કાટ હો...મૃગ૦ ॥૧॥ જાણું હું એહ ખેચરી...વા., હણશે સહી ઇણિ વાટ હો...મૃગ૦; કે તરૂ ડાલે બાંધશે...વા૦; કે જાશે [૨]ખિતિ દાટ હો?...મૃ૦ ॥૨॥ કે જલપૂરે વાહશે..વા૦, ઇમ મન મુજ દુઃખ ઘાટ હો...મૃ; તવ નિરખે તે ખેચરી..વા૦, સુક કઠિન એક કાઠ હો... મૃ૦ ॥૩॥ વિદ્યા બલે તે ખેચરી..વા૦, કીધો ફાડી દુ ભાગ હો...મૃ૦, છિદ્ર કર્યો તસ અંતરે...વા૦, પુરૂષ પ્રમાણે માગ હો...મૃ૦ ॥૪॥ મુજ તનુ ચરચ્યો ચંદને.વા૦, કરી મૃગમદ છિટકાવ હો..મૃ૦; અગર પ્રમુખ શુભ વસ્તુયે..વા૦; કીધી મુને ગરકાવ હો... મૃ૦ ॥૫॥ કાઠ વિવરમાં મુજ ધરી વા. ઢાંકે ઉપર

૧ વિદ્યાધરી ૨ પૃથ્વીમાં દાટશે

હવે નાથજી વા૦, પૂરવ પુણ્ય સંયોગ હો....વા૦, નૃપ કહે તુંજ વિરહણ દુઃખે મેલવી એ યોગ હો....વા૦, મૃ. ॥ ૭ ॥ ચય માંડી ગોલા તટે....વા૦, વારણ કિ લિયો રંગ હો....મૃ૦; દુઃખ સુખ લાભે લોકમાં ....વા૦, ન ટલે પૂરવકૃત ભોગ હો....મૃ૦ ॥ ૮ ॥ મંત્રી કહે તેણે ખેચરી....વા૦, શોક સબલ દુઃખ ભાલિ હો....મૃ૦; કાઠ દુવલ વિવરે ધરી....વા૦, વહેતી કરી જલ નાલ હો....મૃ૦ ॥ ૯ ॥ મારે તે જો ખેચરી....વા૦, તો વિદ્યા હોયે આલ હો....મૃ૦; પોહોર દિવસ ચઢતે મલ્યાં....વા૦, સાત પહોર સવિ કાલ હો....મૃ૦ ॥ ૧૦ ॥ નૃપ કહે મુજ દયિતા તણો ....વા૦, હરણ હૂઓ સુખ હેત હો....મૃ૦; કુલક્ષયકારી ભૂતનો....વા૦, બંધ કર્યો સંકેત હો....મૃ૦ ॥ ૧૧ ॥ દેવી જલમંદિર તલે....વા૦, કાંઠે ધર્યો શુભઠામ હો....મૃ૦; ઇણે અવસર બિરૂદાવલી....વા૦, બોલ્યો વૈતાલિક તામ હો....મૃ૦ ॥ ૧૨ ॥ પ્રબલ પ્રતાપી વિશ્વમાં....વા૦, કમલાભાસન જેહ હો....મૃ૦; જય જય તે જગ શિર ઠવ્યો....વા૦, પ્રભુ પરે દિનકર એહ હો....મૃ૦ ॥ ૧૩ ॥ મંત્રી ભાણે અવસર લહી ....વા૦, પઉધારો પુરનાહ હો....મૃ૦; નાહણ ભોયણ પાણથી....વા૦, વીસરો દુઃખ દાહ હો....મૃ૦ ॥ ૧૪ ॥ તહત્તિ કરી નૃપ ઉઠીયો....વા૦ આવે નયરી વાટ હો ....મૃ૦; શબ્દ પંચ નાદે કરી....વા૦, બીહિના દિસી ગજ થાટ હો....મૃ૦॥૧૫॥ માંગલિઆ જય રવ ભણે ....વા૦ નાચે ગણિકા કોડિ હો....મૃ૦; દે આશીષ

સોહાગણી....વા૦, ગુણીજન હોડાહોડિ હો....મૃ૦॥૧૬॥ લેતો સહુઅ વધામણાં....વા૦, દેતો દાન ઉદાર હો ....મૃ૦; જોતો પુરનાં વ્યવહારિઆ....વા૦, શણગાર્યાં બાજાર હો....મૃ૦ ॥૧૭॥ ભૂપતિ લખનાં ભેટણાં....વા૦, ગ્રહેતો હય ગય ઘાટ હો...મૃ૦; સુણતાં યાચકની સ્તુતિ ઘણી...વા૦, કરતાં ઔર મુખ દાટ હો...મૃ૦; ॥૧૮॥ મંદિર પોહોતો મહીપતિ...વા૦, ભેટે નિજ પરિવાર હો...મૃ૦; સચિવ પ્રમુખ નમી ભૂપને...વા૦, પોહોતો નિજ નિજ ઠાર હો...મૃ૦ ॥૧૯॥ નાહણ કરી નરપતિ ગૃહે...વા૦, પૂજે અરિહંત બિંબ હો...મૃ૦; ભોજન વિવિધ પ્રકારનો...વા૦, આરોગે અવિલંબ હો ...મૃ૦ ॥૨॥ ભૂપતિ દયિતા સંગતે...વા૦, વિલસે નવ નવ ભોગ હો...મૃ૦; પુણ્ય થકી દિશા પાધરી ...વા૦, લહેસે સકલ સંયોગ હો...મૃ૦ ॥૨૧॥ ગર્ભ ધરે તે દિન થકી...વા૦, પટરાણી ગજગેલ હી...મૃ૦; કાંતિ કહે એ પન્નરમી...વા૦, ઢાલ સરસ રસ રેલ હો...મૃ૦ ॥૨૨॥

॥ દુહા ॥

યુગલ ગર્ભ જિમ જિમ વધે, તિમ તિમ નૃપ મનમોદ;
રાણી ભાગ્ય સૌભાગ્ય ભર, ધારે વિવિધ વિનોદ. ॥૧॥

તન રક્ષા રૂડી પરેં, ભૂપ કરાવે તાસ;
કરે કૃતારથ દોહલાં, પૂરે મનની આશ. ॥૨॥

દયિતા મુખ કેતે દિને, કેતક દલ છબી હુંત
તનુ દુર્બલ શણગાર રસ, અલ્પ અલ્પ ભાવંત. ॥૩॥

મુખ પરિમલ રસ લાલચે, ચિહું દિસિ ભમર ભમંત;
સહજ સુરભિ ઉસાસથી, પંકજ ફુલ લાજંત. ॥૪॥

પૂર્ણ દિવસ શુભ વાસરે, શુભ મુહૂર્ત શુભ વાર;
પુત્ર પુત્રિકા રૂપ તિણે, પ્રસવ્યો યુગ્મ ઉદાર. ॥૫॥

## ॥ ઢાળ સોળમી ॥

ગેંદુડાની......એ દેશી.

પટરાણી પ્રસવ્યો તિહાં રે...હાજી, સુત તનુજાનો યુગલ અનૂપ...એ રૂડા રે; રતિ પતિનો રંગ..-એ રૂડા રે, સરસતીનો અંગ...એ રૂડા રે, જિમ નંદન ખિતિથી હુવે રે. હાજી, કલ્પવૃક્ષ છે અંકૂર રૂપ...એ૦ ॥૧॥ વેગવતી દાસી ધસી રે હાજી, દીયે વધામણી નૃપને આયરે...એ૦; શિર ન્હવરાવે સંતોષ શું રે હાજી, દાસ કરમ તસ ટાલે રાય...એ૦ ॥૨॥ વેગે કરાવો નયરમાં રે હાજી, દશ દિન નૃપ થિતિપતિ કાજ....એ૦; પુત્રાગમનનાં હર્ષથી રે હાજી, હુઓ અપૂરવ મન સુખસાજ...એ ॥૩॥ નગર ભુવન સવિ ચીતર્યાં રે હાજી, બારણ ઠવિયાં સોવન કુંભ...એ૦; ધ્વજપટ લહકાવિયાં રે હાજી, રોપ્યાં ટોડે કદલી થંભ...એ૦ ॥૪॥ રયણથંભ ઉભા કર્યાં રે હાજી, અતિ સુંદર પુર શોભા હેત... એ૦; તોરણ દલ સહકારનાં રે હાજી, બાંધ્યા નવ મંગલ સંકેત...એ૦ ॥૫॥ પુરલોકે હટ શહેરમાં રે હાજી, થાપી સોવન દીપક ઓલ...એ૦; સેરી પંથી પૂજાવીને રે હાજી, કીધાં સીંચણ ચંદન ઘોલ...એ૦ ॥૬॥ રાજ મારગ [1]ત્રિક ચાંચરે રે હાજી, દેવરાવે મણિ કંચન દાન...એ૦ બંદિ ભવન સોધિ વિધિરે હાજી, મૂકયાં સઘલા બંદીવાન...એ૦ ॥૭॥ વાજ્યો પડહ અમારીનો રે હાજી, દેશ માંહે ભય ભંજણ ભાગ...એ૦ કુસુમ

૧. ચઉટં

પગર ભાંતે ભર્યા રે હાજી, ધૂપ ઘટા પસરી નભ માગ...એ૦ ॥૮॥ જનપદ અકર કર્યાં હૂસે રે હાજી, તાડયાં દુંદુભિ વાજ્યા ઘોર...એ૦ નાચ કરી હાવ ભાવથી રે હાજી, વાર વધૂ કુલ ચતુર ચકોર...એ૦ ॥૯॥ અક્ષત પાત્ર ભરી રંગથી રે હાજી, નૃપને વધાવે આવી નાર...એ૦ વિકસિત રંગ વધામણાં રે હાજી, ચતુર સચિવ મલિયાં દરબાર...એ૦ ॥૧૦॥ ભુવન ભુવન થાપાં દીયાં રે હાજી, સુરભી અગર કુંકુમ ઘન ઘોલ...એ૦, ઉત્સવ મહોત્સવ માંડિયાં રે હાજી, શોભાવી નગરની પોલ....એ૦ ॥૧૧॥ માંગલિઆ મંગલ ભણે રે હાજી, બંભણ ભણે બહુલાં સ્તુતિ પાઠ ....એ૦; મલ્લ રમે બલ માલ્હાતા રે હાજી, નટુઆ ઠેકે ઉંચા કાઠ....એ૦ ॥૧૨॥ જિનભુવન પૂજા રચે રે હાજી, સામી ભક્તિ કરેહ અનેક..એ૦ અવસરે, અવસરે કર ખેંચે નહીં રેહા જી, કહિયે સાચો તાસ વિવેક....એ૦ ॥૧૩॥ અશુચિકર્મ વીત્યાં પછી રે હાજી, સંતોષે સુપરે કુંટુંબ એ૦; કર પંકજ જોડિ કહે રે હાજી, તે આગલ ભૂપતિ અવિલંબ....એ૦ ॥૧૪॥ મયા કરી મલયાસુરી રે હાજી, આપ્યાં મુજને બે સંતાન...એ૦; તસ નામે હોજો બિન્હે રે હાંજી, મલયસુંદરી અભિધાન...એ ॥૧૫॥ પંચધાઈ પાલીજતા રે હાંજી, કુમર કુમરી વધે સસનુર...એ૦; દિનદિન નવલ કલા ગ્રહે રે હાજી, બીજ તણો જીમ ચંદ્ર અંકૂર...એ૦ ॥૧૬॥ હસણુ લૂંઠણુ ચલણાદિકેરે હાજી, જિમ જિમ વાધે શૈશવ યોગ....એ૦; તિમ તિમ નૃપરાણી લહે રે હાજી, હર્ષ મનોહર ફલ સંયોગ....એ૦ ॥૧૭॥ નિરૂપમ યૌવનને

રસે રે હાજી, શિશુતા રસ મૂકે આસ્વાદ....એ૦; કાલે ઉચિત કલા ગ્રહે રે હાજી, બુધ સંગે નિજ મતિ ઉન્માદ....એ૦ ॥૧૮॥ કિણુદિન મદગલ રાજથી રે હાજી, ખેલ કરે પણુ નૃપ સુત બાંધ....એ૦; ખ્યાલ કરે હયથી [1]કદે રે હાજી, ખડ્ગ રમેં નાખેં શર સાંધ ....એ૦ ॥૧૯॥ કુમરી પણુ ભ્રમરી પરે રે હાજી, વીટીં પરિકર અતિ અનુકૂલ....એ૦; વનવાડી આરામમાં રે હાજી, રમણ કરે યૌવન મદઝૂલ....એ૦ ॥૨॥ કાંતિ વિજય બુધ સોલમી રે હાજી, ઢાલ કહી ઉત્સવની એહ....એ૦; પુણ્યથકી જય માલિકા રે હાજી, વાધે દિન દિન વધતે નેહ....એ૦ ॥૨૧॥ ॥એ.॥ રતિ૦ ॥ સર ॥ સર્વગાથા ૫૪૨

॥ચોપાઈ॥ ખંડ ખંડ રસ છે નવા નવાં, સુણતાં મીઠાં સાકર લવા; નિર્મલ મલયચરિત્ર જગ જયો, પ્રથમ ખંડ સંપૂર્ણ થયો. ॥૧॥

॥ इति श्री ज्ञानरत्नोपाख्यानापरनामनि मलयसुंदरी चरित्रे पंडित कांतिविजय गणि विरचिते प्राकृत प्रबंधे मलयसुंदरी प्रसवनो नाम प्रथम खंड : संपूर्णः ॥१॥

[1] ક્યારેક

## ॥ અથ દ્વિતીય ખંડ પ્રારંભ ॥

॥ દુહા ॥

સ્વસ્તિ શ્રી ગુરુ જિન ગિરા, ગણધરને કર જોડી;
બીજો ખંડ કહું હવે, આલસ નિદ્રા છોડી. ॥૧॥
હુર મીઠી જો હોય કથા, કથક વચન નિર્દોષ;
મીઠી સભા સુણે વલી, તો હોયે રસનો પોષ. ॥૨॥
ફોગટ ફેરવે ચાતુરી, વિચમાં કરે બકોર;
રસ ભંજણ વિકથા કરે, માણસ નહી તે ઢોર. ॥૩॥
તેહ ભણી મન થિર કરો, મૂકી અલગો ધંધ;
કહેતાં શ્રોતા સાંભલો, સરસ કથા સંબંધ. ॥૪॥
લહી હવે કુમરી સુભગ, યૌવન પૂર અભંગ;
કાલે કામ સમુદ્રના, ઉગમે વિવિધ તરંગ. ॥૫॥

## ॥ ઢાળ પહેલી ॥

પનામારૂ યૌવન આઈ જી પૂર....એ દેશી.

યૌવન રસ પૂરેં ચઢી રે, નવલ ગોરીરો ગાત; જલકે કરે છબિ ચંદ્રિકારે, જાણું આસો પૂનિમની રાત ॥૧॥ કન્યા વારૂ યૌવન આઈ[1]જી પૂર રાજીરૂપે લૂંટી લીધી રતિ રાણી, કન્યા વારૂ યૌવન આઈજી પૂર...એ આંકણી. વેણી નિહાલી શામલી રે, નાખું નાગિણ ઘોલ; વદન કમલ રસ લાલચે રે, માનું બેઠી ભમરની 'ઓલ...કન્યા૦ ॥૨॥ ભાલ ભલું ભાગ્યે ભર્યું રે, દીપે સબલ સુઘાટ; પુણ્ય રેખ લિખવા ભણી રે, વિધિ માંડયો કનકનો પાટ...કન્યા૦ ॥૩॥

---

૧ પંક્તિ

વિછડીયાં મૃગનાં જિસ્યાં રે, લોચન તાસ વખાણુ; તીખાઇ૯ વિધિના ઘડી રે, જિમ શર ચાઢયાં ખુરસાણ ...કન્યા૦ ॥૪॥ સજ્જન મન ધારા જિસીરે, નાસા સરલ સુહાય; ચાંચે લાજ્યાં સૂડલાંરે, તે લખિ લખિ વનફલ ખાંય...કન્યા૦ ॥૫॥ અધર ધરે રંગ રાતડો રે, નવ પલ્લવ સુકુમાલ; વડવાનલ સંગતિ મિષે રે, માનું પેઠી વિદ્રૂમ જાલ... કન્યા૦ ॥૬॥ બિહું પખધારે અતિકલા રે, તસ મુખ ચંદ્ર હસાય; નિરખી ખિંસાણો ચંદ્રમા રે, નિત્ય ઉદય લહી ખસી જાય... કન્યા૦ ॥૭॥ સરલ સુંહાલી બાંહડી રે, તેહ લુઢાવે બાલ; અભિનવ આપે જોડલે રે, નમી આવી કલ્પતરૂ ડાલ ...કન્યા૦ ॥૮॥ ગોલ કઠિન કંચુક કસ્યાં રે, કુચ યુગ એમ શોભાય; કામ નૃપતિ જીતવા ભણી રે, ઈંહા તંબુ દીધાં આય...કન્યા૦ ॥૯॥ ઉદર સુકોમલ પાતલું રે, જેહવું પોયણ પાન; જલકારેં જાણ્યો પડે રે, અતિકનક તબકને વાન...કન્યા૦ ॥૧૦॥ છાજે સુંદર વાટલો રે, જીણો કેડનો લંક; દેખતહી વન ગિરિ ગયા રે, મૃગરાજ થયા સાશંક...કન્યા૦ ॥ ૧૧ ॥ જંઘ યુગલ દીપે ભલાંરે, અચલા કદલી ખંભ; મદન માલીએ સિંચીયાંરે, ભરી લાવણ્ય અમૃત કુંભ.... કન્યા૦ ॥ ૧૨ ॥ ઉંચા માંસલ સુંદરૂંરે, પગ કાછબ અનુહાર; તસ તુલના કરવા ભણીરે. જાણે કમઠે લીયો અવતાર....કન્યા૦ ॥૧૩॥ કોમલ કર પગ આંગુલી રે, ઉપર નખ દીપંત; માણિક મંડિત લેખણીરે, રતિપતિની એહવી ન હુંત....કન્યા૦ ॥૧૪॥ પગે જાંજર જમજમ કરે રે, કટિ મેખલ ખલકાર; લક્ષ્મીપુંજ સોહામણો

રે, તસ કંઠે છાજે હાર....કન્યા૦ ॥ ૧૫ ॥ કરકંકણ મણિમય જડયાં રે, કાને કુંડલ જોડ; સોહે સવિ શણગારથી રે, ગજ ગામણિઆં શિર મોડ....કન્યા૦ ॥ ૧૬ ॥ નિપુણપણે દિન નિગમીરે, વર લાયક તે બાલ; ભાખી બીજા ખંડની રે, ઇમિ કાંતે પહેલી ઢાલ.... કન્યા૦ ॥ ૧૭ ॥

॥ દુહા ॥

હવે અછે એહ ભરતમાં, પુરવર પુહવી ઠાણ;
સૂરપાલ નામે તિહાં, રાજ્ય કરે ખિતિ ભાણ. ॥૧॥

પટરાણી પદ્મમાવતી, રૂપ શીલ ગુણ વાસ;
સુત સુંદર તેહને હુઓ, નામ મહાબલ તાસ. ॥૨॥

વિદ્યા સાધક કોઈક નર, સેવ્યો કુમરે એણ;
રૂપ પલટ્ટણ કારણી, વિદ્યા દીધી તેણ. ॥૩॥

નાગદમન વ્યામોહિની, ભૂતદમણ વશિ તંત;
મંત્ર યંત્ર કાર્મણ પ્રમુખ, શીખ્યો કુમર અનંત. ॥૪॥

સૂરપાલ નૃપ કારજે, ખાસા આપ ખવાસ;
મિલણું આપી મોકલે, વીર ધવલ નૃપ પાસ. ॥૫॥

કુમરે પણ નૃપ વિનવી, કીધું સાથ પ્રયાણ;
કેતેક દિન ચંદાવતી, પોહોતો સુગુણ સુજાણ. ॥૬॥

મૂકી મુંહગો ભેટણો, ઉચિત કરી વ્યવહાર;
નૃપ આગલ બેઠા સહુ, ભાખે કુશલ પ્રકાર. ॥૭॥

નિરખી ભૂપ કહે ઈશ્યો, એ કુણ તરૂણો જેહ ?;
એક સચિવ ડાહ્યો કહે, મુજ લઘુ બાંધવ એહ. ॥૮॥

કહી કામ નિજ સ્વામિના, ઉઠયો તેહ પ્રધાન;
ભૂપ દત્ત મંદિર જઈ, ઉતરિયાં શુભથાન. ॥૯॥

રાજ કુમર મન કૌતુકી, નિરખત પુર આવાસ;
ભમતો ભમતો આવીયો, મલયા મંદિર પાસ. ॥૧૦॥

## ॥ ઢાલ બીજી ॥

થાહરા મોહલા ઉપર મેહ ઝબૂકે વીજળી હો લાલ....એ દેશી

કુમરી કુમરનું રૂપ, નિહાલી તવ હો લાલ, નિહાલી૦, માંડે મીંટ અનૂપ, કુમર ઉભો જિહાં હો૦ કુ૦; જક ન પડે તિલમાત્ર, કે વિરહથી પરજલી હો૦, કે૦; કામાતૂર અકુલાત, કે હુઈ મન આકલી હો૦.... કે૦ ॥૧॥ નિરખી સુંદર અંગ, વખાણે તેહનાં હો૦.... વ૦, ફૂલ્યાં જાસૂ રંગ, ચરણ તલ એહનાં હો૦.... ચ૦; તેજ તણો અંબાર, રહ્યો સુરપતિ જિસ્યો હો૦ ....ર૦, મયગલ સુંડાકાર, સુજંઘા યુગ તિસ્યો હો૦.... સુ૦ ॥૨॥ સુંદર કટીનો લંક, વિરાજે લંકથી હો.... વિ૦, માવે કરતલ માગ, ભલો મધ્ય અંકથી હો....ભ૦; હૃદય મહા સુવિશાલ, ભૂજા ભોગલ જિસી હો....ભૂ૦, રેખા ત્રણ ગલનાલ, કહું ઉપમા કિસી હો૦....કે૦ ॥૩॥ સૂડા ચંચુ સમાન, સુહાવે નાશિકા હો૦ સુ૦, મણિ દર્પણ ઉપમાન, કપાલે ભાસિકા હો૦ ક૦; કામણગારી કાને અડી, બિહુ આંખડી હો૦....અ૦, શ્યામ ભમર અનુમાન, શિખા રતિપતિ છડી હો૦....શિ૦ ॥૪॥ બલિહારી લઉં તાસ, ઘડયો જેણે એહવો હો૦ ....ઘ૦, નિરખ્યો રૂપ નિવાસ, જનમ સફલો હવો હો૦....જ૦; નૃપ બાલા ભરી નયણ, પીયે રસ રૂપનો હો૦....પી૦, લાગો જઈને ગયણ, ઉમાંહો ચૂપનો હો૦....ઉ૦ ॥૫॥ નૃપસુત પણ તે દેખી, થયો મદના-

ફુલો હો૦....થ૦, વાદ્યો વિરહ વિશેષ, અલેખ ઉપાંપલો હો૦....અ૦; અહો અહો રૂપ નિહાલી, ચતુર ગુણ ધારિકા હો૦....ચ૦, પરણી અછે એહ બાલ કે, હજીઅ કુંઆરિકા? હે૦....હા૦ ॥૬॥ ઈમ ચિંતવતા લેખ, લખીને બાલિકા હો૦....લ૦, કુમરે સકલ ઉદંત, ચતુરપણે વાંચિયા હો૦....ચ૦; પદ પદ અંગ અનંતહ હરખ રોમાંચિયા હો૦....હરખ૦ ॥૭॥ કવણ અછે તુજ જાતિ, રહે તું કિહા વલી? હો....રહે૦ નામ કવણ, કુણ જાતિ જાયો તું મહાબલી હો૦....જા૦; વીરધવલની જાયિઅ હું છું કુમારિકા હો૦....હું૦, મોહી તાહરૂં ગાત, નિહાલી બારિકા હો૦ નિ૦ ॥૮॥ તુમ વિરહે મુજ કાય, રહી એ જલબલી હો૦ રહી૦, ભેટ દેઇ મહારાય, કરો હવે સીઅલી હો૦ કરો૦; વાંચી ઈમ વિરતંત, કુમર મન વિંધીઉં હો....કુ૦, નેહ નિવિડને તંત, બિહુ મન સાધિઉં હો૦....બિહું૦ ॥૯॥ કુમર થઇ થિરથંભ, નિહાલે જિહાં હો૦ નિ૦, કોઈક નર નિરદંત, કહે આવી તિહાં હો૦....ક૦; કુમર સંબાહો વેગ, પિયાણો આજ છે હો....પિ૦; છાંડો નિરખણ નેગ, ઉતાવલો કાજ છે હો૦ ઉ૦ ॥૧૦॥ વૈર વસાવ્યો ક્યાય, તિણે તિહાં આવીને હો૦ તિ૦, હઠ નાણ્યો અકુલાય, ચલ્યો બિરચાઇને હો૦ ચ૦; વિરહો તાસ કઠોર, હિયામાં આથડે હો૦, માંડે આઘા જોર, ચરણ પાછા પડે હો....ચ૦ ॥૧૧॥ ચિંતે ચિત્તમાં આપ, જણાવ્યો મેં નહી હો૦....જ૦; રહેસે મુજ સંતાપ, મિલણને એ સહી હો....મિ૦; ચાલણરી એ વાર, હસે એકાં ઘડી હો....હ૦, રહેસે પણ નિશિ-

ચાર આવીશ હું હડબડી હો....આ૦ ॥૧૨॥ ધારી ઇમ મનમાંહે ગયો નિજ થાનકે હો....ગ૦, અવસર દેખી ત્યાંહિ, આવ્યો ઉચાનકે હો....આ૦ કિરણરૂપ થઇ ફાલ, દીયે ગઢ ઉપરે હો....દી૦, આવ્યો પ્હેલે માલ વિદ્યાધરની પરે હો....વિ૦ ॥૧૩॥ કનકવતી નૃપનારી નિહાલે પેસતો હો....નિ૦, કવણ પુરૂષ ઇણે ઠામ, આવ્યો કિમ હિંસતો હો....આ૦, અતિદૂઠા દરબાન, સુતા ઇણે વંચિયા હો....સૂ૦, કે કોઈ મંત્ર નિદાન, તિણે જન વંચિયા હો....તિ૦ ॥૧૪॥ ઇમ ચિંતવી તે તેહ મોહી રૂપે ઘણું હો....મો૦, ભાખે ધરતી નેહ મનોરથ આપણું હો મનો૦; આવો કુમર કરાર, કરો ઈણે આસણે હો....ક૦, લાહો લ્યો મુજ સાર, શરીરને ફરસણે હો....શ૦ ॥૧૫॥ કુમર સુણી તે વાણી, વિચારે નિજ હિયે હો....વિ૦, પેસી એહવે ઠાણ, વિશ્વાસ ન કીજીયે હો..વિ૦; કપટ કરી એ નારી, કરૂં રાજી ખરી હો..કરૂં૦, બોલે વચન વિચાર, સુગુણ તિહાં અવસરી હો....તિ૦ ॥૧૬॥ સુણ સુંદરી ગુણ રેખ, વિદેશી આવીએ હો....વિ૦, મલયાનો એક લેખ, વિગતસું લાવીઉં હો....વિ૦; દેખાડો તસ ઠામ દેઈ તે તેહને હો....દે૦, તો વલી તાહરો કામ, કરૂં હું થિર મને હો....કરૂં૦ ॥૧૭॥ તવ નૃપ દયિતા આવી, દેખાડે વાટડી હો દે૦, ઉંચો ચઢીઉ ધાય નારી નીચે ખડી હો...ના૦; દીઠી બાલા દીન, વદન કરતલ ધરી હો....વ૦, બેઠી કરી આકીન, કુમર એક ઉપરે હો....કુ૦ ॥૧૮॥ કુમર ભણે સુણ બાલ, કરો ચિંતા કિસી હો.... કરો૦, કરવાં તુમ સંભાલ, આવ્યો હું ઉલ્લસી હો.... આ૦; દેખો ઉઘાડો આંખ હવે, કાં પાંતરો હો....હવે૦,

નાંખો વિરહો તાડિ, કરો મત આંતરો હો....કરો૦ ॥૧૯॥ ઉઠી બાલા રંગ, મિલિ મન મોદસું હો....મિ૦, માથું અતિહે ઉમંગ, ધરે તસ ગોદમાં હો....ધરે૦; બીજે ખંડે ઢાલ, થઈ બીજી ઈહાં હો....થઈ૦, કાંતિ કહે વર બાલ, બિહું મિલિયાં તિહાં હો૦...બિહું૦ ॥૨૦॥

॥ દુહા ॥

કરે વિવિધ તિહાં ગોઠડી, બિહું જણ પ્રેમ ધરંત;
કુમર કહે સવિ આપણો, તે આગલ વિરતંત. ॥૧॥
પુહવી ઠાણ તણો ધણી, સૂરપાલ મુજ તાત;
પટ દેવી પદ્માવતી, તેહનો હું તનજાત. ॥૨॥
નામ મહાબલ માહરો, દેશ નિરખણની ખંત;
નૃપ કામે પરિવારશું, ઈહાં આવ્યો ગુણવંત. ॥૩॥
નિરખત અચરજ પુરતણાં, દીઠો તે ઉપકંઠ;
લેખ લખ્યો તે વાંચતા, જાગ્યો નેહ ઉલ્લંઠ. ॥૪॥
મલિઓ હસિ હવે શીખ દે, ચાલણ મુખ સહુ સાથ;
વચન સુણી બાલા વિલપી, ઈમ કહે જોડી હાથ. ॥૫॥

## ॥ ઢાળ ત્રીજી ॥

ઉભી ભાવસડે રાણી અરજ કરે છે, અબ કો વરસાલો ઘર કીજે હો ગઢ બુંદી વાલા....એ દેશી

મલયા કહે વિરહાનલ તાપી, અવસર એહ રહ્યાનો હો...પ્રભુ ધણરા હો લોભી, વાલા ચલણ ન દેસ્યાં. ચલણ તુમારો મોહન મરણ હમારો, રહો રહો કહ્યું માનો હો....પ્ર. ॥૧॥ કરૂણા કરીને મુજ ઉપર વિભુજી, પૂરો મનોરથ રૂડા હો...પ્ર૦; લક્ષ્મીપૂંજ મુત્તાહલ મનજું, એહ લ્યો ચાતુર સૂડા હો....પ્રભુ૦ ॥૨॥ હાર તણે

મિસે એ વરમાલા, કંઠે ઠવી ઇમ જાણો હો....પ્રભુ૦; હવણાહી ગાંધર્વ વિવાહે, પરણી મુજ સુખ માણો હો....પ્રભુ૦ ॥૩॥ કુમર કહે સુણ ચંદ્રમુખીને, વચન કહ્યું તેં વારૂં હો....પ્ર૦; માતા પિતા આણા વિણુ, કન્યા વરવી નહી વિવહારૂ હો....પ્રભુ૦ ॥૪॥ દુઃખ મ ધરીસ રહી દિન કેતાઇક, બુદ્ધિ કરૂં હું તેહવી હો....પ્ર૦; માત પિતા જન જોતેં તુજને, દેસે મુજ તતખેવી હો....પ્રભુ૦ ॥૫॥ પણ બાંધ્યો એ મેં તુજ આગે, મન રલીઆયત કીજે હો....પ્ર૦; ઢીલ હુવે જાવાને તેહથી શીખડી શી હવે દીજે હો....પ્રભુ૦ ॥૬॥ કનકવતી નીચે નૃપરાણી, વાત સુણે રહી છાને હો....પ્ર૦; રીસાણી ચિંતે એ ધૂરત, લાગો કન્યાને કાને હો....પ્રભુ૦ ॥૭॥ કરી સંકેત મલ્યો એ એહને, મુજ કારજ નવિ સીધું હો....પ્ર૦; દોડીને દાદરને દ્વારે, છાનેસેં તાલું દીધું હો...પ્ર૦ ॥પ॥ ૮ ॥ કુમરી કહે મુજ એહ વિમાતા; મુજ માતાની શોકિ હો પ્ર૦; કનકવતી ઇણે કપટ કરીને, રાખ્યાં છે બિહું રોકી હો...પ્રભુ૦ ॥૯॥ વ્યતિકર સર્વ સુણ્યો રીસાલી, અનરથ કરસે પ્રાહિ ....પ્ર૦; કુમર ભણે એહને હું કૂડે, વંચી આવ્યો આંહિ હો...પ્રભુ૦ ॥૧૦॥ વાત કરે જિમ ઇમ તિણ વેલા, કનકવતી નૃપ પાસે હો...પ્ર૦, આવી પ્રકાશે મુખ રસ વાહિ, દીઠી વાત ઉલ્લાસે હો....પ્ર૦॥૧૧॥ કોપે લોચન રાતાં કીધાં હણવાને મન પ્રેર્યું હો.... પ્ર; સુભટ ઘણાં વીટયાં નરનાથે, કન્યા મંદિર ઘેર્યું હો...પ્રભુ૦ ॥૧૨॥ કહે કુમરી હૈ હૈ વિષ કન્યા, હું સરજી કાં નાથે હો પ્રભુ૦ મુજ કારણ અનરથ લહેશે, એ આયો પરાયે હાથે

હો....પ્ર૦ ।।૧૩।। કુમર ભણે સુભગે કાં બીહો, એહથી નહી મુજ પીડા હો....પ્ર૦; પરઘર પેસે તે તો કિહાં કિણે, રાખે છલબલ છીંડા હો...પ્રભુ૦ ।।૧૪।। ઇમ કહી આપ શીખાથી કાઢી, ગુટિકા મુખમાં ધારી હો પ્ર, તસ અનુભાવે ચંપકમાલા, થઈ બેઠો તે નારી હો...પ્રભુ૦ ।।૧૫।। રૂપ નિહાલી નિજ જનનીનું, કુમરી અચરજ ભારી હો...પ્ર.; ભાંજી તાલું નરવર આવ્યો, દેખે સુતા ને નારી હો....પ્રભુ૦ ।।૧૬।। નૃપ બોલ્યો કનકા મુખ દેખી, કૂડું ઇમ કાં ભાખે હો... પ્ર, અલવે આલ દેઇ પર ઉપર, કાં દુર્ગતિ ફલ ચાખે હો? ....પ્રભુ૦ ।।૧૭।। આક્રોસી વિલખી થઇ કુમરે, બોલાવી હર્સા આગેં હો....પ્ર૦; કહો બહેની પીઉ કોપ્યાં કેણે, ઇંહાં આવ્યા કિણ ઠાગેં હો....પ્રભુ૦ ।।૧૮।। પુરનો લોક અનાદર વયણે, કનકામેં નિર ધાડે હો....પ્ર૦; કહે કનકા જો હું છું જૂઠી, તો કિહાં હાર દેખાડે હો....પ્રભુ૦ ।।૧૯।। છલ જનની નિજ કંઠ થકી તે, ઉંચો હાર ઉલાલે હો....પ્ર૦; ભૂપ પ્રમુખ સહુને દેખાડે, કનકાનો મદ ગાલે હો....પ્રભુ૦ ।।૨૦।। તિણ વેલા કુમરીની જનની, ભર નિદ્રા માંહે હુંતી હો....પ્ર૦; સુખ નિદ્રાએ નિજ પુત્રીની, વિગત લહે નહી સૂતી હો....પ્રભુ૦ ।।૨૧।। ફરી આવ્યા હસતા નિજ સ્થાને, ભૂપાદિક સવિ લોક હો....પ્ર૦, કનકવતીની નિંદા કરતાં, લોકવદન કહ્યાં બોક હો....પ્રભુત ।।૨૨।। કૂડી પડી કનકા મહાબલનો, વિઘન થયો વિસરાલ હો....પ્ર૦; કાંતિ કહે ઇમ બીજે ખંડે, એ થઈ ત્રીજી ઢાલ હો....પ્રભુ૦ ।।૨૩।।

॥ દુહા ॥

કનકા ચિત્ત ચિંતા કરે, નયણે નાવે નીંદ;
મલયા કિમ દુઃખ પામસે, માની જેહ મહિંદ ॥૧॥

હવે કુમર મુખ માંહેથી, કાઢે ગુટિકા રયણ;
પ્રગટ હુઓ નરરૂપ ત્યાં, જાણે નવલો મયણ ॥૨॥

કહે કુંઅર અનરથ વડો, હુઓ એહ વિસરાલ;
જો વલી રહિયે તો હુવે, અણચિંત્યો કો આલ ॥૩॥

તે માટે તુમ શીખથી, ચાલીશ હું નિજ દેશ;
પ્રીતલતા સંભાલજો, ઉગી હૃદય નિવેશ ॥૪॥

કહ્યો સુલભ મેલાવડો, આપણ બિહૂંનો જેણ;
ચિંતા કરશે તેહ વિધિ, મ કરે ચિંતા તેણ. ॥૫॥

વલિ અનોપમ તુજને કહું, સુંદર એક સલોક;
સર્વે કાલ તે ચિંતવે, થાશે સઘલા થોક. ॥૬॥

॥तद्यथा॥ विधत्ते यद्विधिस्तदस्तया-त्र स्याद् हृदयचिंतितं
एवमेवोत्सुकं चित्त-मुपायांश्चिन्तयेद् बहून् ॥१॥

વરણ ઉકેર્યા ઢાંકણે, ઈમ ભાગા તસ ચિત્ત;
તેહ પ્રશંસે ચિત્ત થકી, એ શ્લોક સબલ સુપવિત્ત ॥૭॥

સુખિયાં હોજો સાજના, કુશલ્યાં હોજો પંથ;
વેગે વેગ મેલાવડો, ગ્રહેજો લખમી ગંથ ॥૮॥

કહે બાલા ભરી લોયણાં, રે છયલાં છોગાલ;
નેહ નવલ તુજ ખટકશે, જિમ તન ખૂતો શાલ ॥૯॥

ઘસ મોહોલથી નીસરી, આવી ચટયો કેકાણ;
નિયત પ્રયાણે ચાલતો, પોહોતો પુહવી ઠાણ ॥૧૦॥

# ॥ ઢાળ ચોથી ॥

કરેલણાં ઘડિ દે રે....એ દેશી.

તાત ચરણ આવી નમ્યો, આપે અનોપમ હાર; વીરધવલે દીધો મુને, ઇમ કહી કૂડ તિવાર ॥૧॥ ભવિક જન સાંભલો રે, મલયાનો અધિકાર ભ૦, એ તો સુણતાં હર્ષ અપાર રે ભ૦; એ આંકણી. રાય કહે તુજ ચાતુરી, દીઠી અધિક વિદીત; થોડા દિનમાં જેહથી, વાધી એહવી પ્રીત....ભ૦ ॥૨॥ ઈમ કહીને કંઠે ઠવ્યો, કુમરે માયને હાર; ઘણું સરાહ પુત્રને, રાણી પણ તેણીવાર....ભ૦ ॥૩॥ રાજકુમર એમ ચિંતવે, પણ બાંધ્યો મે જેહ; કન્યા કિમ પરણી હવે, સાચો કરશું તેહ....ભ૦ ॥૪॥ તિણે અવસર એક આવીઓ, વીરધવલનો દૂત; પ્રણમી નૃપને વીનવે, સાંભલ નર પુરુહૂત....ભ૦ ॥૫॥ પુત્રી અમચા સ્વામીની, મલયાસુંદરી નામ; તાસ સ્વયંવર માંડીઓ, કરીને પ્રતિજ્ઞા આમ ....ભ૦ ॥૬॥ ધનુષ પૂર્વે પરિયાં તણું, વજ્રસાર છે સાર; જે નર તેહ ચઢાવશે, વરશે તેહ કુમાર.... ભ૦ ॥૭॥ દેશ દેશાવર રાયનાં, નંદન તેડણ કાજ; દૂત મોકલ્યાં રાજીયે, હું મુકયો તુમ રાજ....ભ૦ ॥૮॥ દેવ! મહાબલ મોકલો, કુમર કામ અવતાર; કુણ જાણે એહથી વિંધે, યોગ લિખ્યો થાનાર....ભ૦ ॥૯॥ જયેષ્ટ કૃષ્ણ એકાદશી, આજ થઈ તિથિ ખાસ; આગામી ચૌદશી દિને, હોશે સ્વયંવર તાસ....ભ૦ ॥૧૦॥ વાટે હું માંદો થયો, તેહથી હુઓ વિલંબ; કરી ઉતાવલો મોકલ્યો, લગન અછે અવિલંબ....ભ૦

॥૧૧॥ સન્માનની તે દૂતને, શીખ કરે ભૂપાલ; કુમર સભામાં સાંભલી, ચિંતવે ઇમ હરખાલ...ભ૦ ॥૧૨॥ દૈવે મુજ કરૂણા કરી, નીઠા દુઃખ સંયોગ; ભુખમાં-હે ભોજન મિલે, તિમ એ દીસે યોગ...ભ૦ ॥૧૩॥ કાજ હતું સાંસે પડયું, શિખા ગ્રહ્યું તે આજ; વિશ્વા-વીશ દયા કરી, મુજ ઉપર મહારાજ...ભ૦ ॥૧૪॥ તાત દીયે મુજ આગન્યા, તો તિહાં જઇ તત્કાલ; રાજપુત્ર કુલ અવગણી, હું પરણું તે બાલ...ભ૦ ॥૧૫॥ તવ નૃપ નિરખી પુત્રને, કહે વચ્છ તું શુભકાજ; બલ વાહનનાં ઘાટસ્યોં, રાતેં સધાવો આજ...ભ૦ ॥૧૬॥ કહે કુમર વિનયે ભર્યો, તાત વચન પરમાણ; દલ સજ્જ કીધું તાં વલી, બોલ્યો હરખેં રાણ... ભ૦ ॥૧૭॥ લખમીપૂંજ મનોહરૂં, સુત લ્યો સાથે હાર; કુમર કહે તે હારની, વાત સુણો નિરધાર... ભ૦ ॥૧૮॥ સુતાં મુજ નિશિને સમે, કરે ઉપદ્રવ કોઈ; વસ્ત્ર શસ્ત્ર ભૂષણ હરે, ગુપ્ત બીહાવેં સોઇ...ભ૦ ॥૧૯॥ માત કનેથી મેં ગ્રહી, હાર ઠવ્યો મુજ કંઠ; આજ રયણમાં અપહરી, લીધો તેણે ઉત્કંઠ...ભ૦ ॥૨૦॥ હાર ગયો જાણી હવે, માતા ધારે દુઃખ; કરી પ્રતિજ્ઞા મેં તિહાં, માતાને અભિમુખ...ભ૦ ॥૨૧॥ જો નાપું દિન પાંચમેં, તે મુત્તાવલી હાર; તો મુજ કાયા આગમાં, દહેવી એ નિરધાર...ભ૦ ॥૨૨॥ હાર કદાપિ નવિ લહું, તો મુજ મરણ સહાય; કરે પ્રતિજ્ઞા આકરી, દુઃખ ધરતી ઇમ માંય...ભ૦ ॥૨૩॥ અદૃશ્ય નડે જે રાતમાં, રાક્ષસ કે ચૂડેલ; પહોર એક બે રહી

ઇહાં, નાંખું તસ પગ જેલ...ભ૦ ॥૨૪॥ સ્વવશ કરી તેહ દુષ્ટને, લેઈ હાર ભલિ ભાંતિ; સોંપી માતાને પછે, ચાલીશ પાછલી રાતિ...ભ૦ ॥૨૫॥ શય પ્રશંસે પુત્રનાં, સાહસ સત્વ વિશાલ; બીજે ખંડે એ કહી, કાંતે ચોથી ઢાલ...ભ૦ ॥૨૬॥

॥ દુહા ॥

હવે કુમર મંદિર ગયો, અલવે ત્યાંથી ઉઠી;
બાર જડી ખાંડુ ગ્રહી, બેઠો દીવા પૂંઠિ. ॥૧॥

મધ્ય રયણીને આંતરે, ચંચલ સબલ જસ ટેક;
ગોખ માર્ગથી મલપતો, પેસે કર તિહાં એક. ॥૨॥

કુમર વિચારે પૂર્વપરે, કરશે કાંઈ વિરુદ્ધ;
તેહ થકી પહેલી ભલી, આપું શિક્ષા શુદ્ધ. ॥૩॥

સોવન ચુડી ખલખલે, ઓપ કંકણુ રેહ;
તેહ ભણી કર નારીનો, એ છે નિસ્સંદેહ. ॥૪॥

દેવી અથવા દાનવી, આવી છે ઈહાં કોય;
દેવ શક્તિનાં બલ થકી, દૃષ્ટે નાવે સોય. ॥૫॥

જો નાખું ખાંડુ ખરૂં, તો વલિ જાસે ભાગિ;
ચઢશે હાથ ન માહરે, નહી આવે વલી લાગિ. ॥૬॥

એમ વિચારી ઉછલ્યો, ત્રિવલી બાલેં ચાઢિ;
ચઢિ બેઠો કર ઉપરે, ગ્રહી બે હાથે ગાઢિ. ॥૭॥

## ॥ ઢાળ પાંચમી ॥

તટ યમુનાનો રે અતિ રળિયામણો રે....એ દેશી...

મંદિરમાંથી રે તે કર કંપતો રે, ગયણે ચઢિઓ આંટા ખાય; સુર અસુરનારે કુલ બીવરાવતો રે, ઉલટ

પલટ કરી ચાલ્યો જાય...મંદિર૦ ॥૧॥ નિર્ભય બેઠો રે કુમર તે ઉપરે રે, તેહને ભારે કર લચકાય; પવને ઉડાડયો રે ધ્વજ પટની પરે રે, હઠ ચઢિઓ ચિહું દિશિ ડોલાય...મં૦ ॥૨॥ જટાકી આછાટે રે નીચો નાંખવારે, પણ આસણુ ન કરે ચલચાલ; કુમરે થકાડયો રે, અલડ કેકાણુ જ્યું ગે, તવ પ્રગટી દેવી વિકરાલ...મં૦ ॥૩॥ એહ રોશાલી રે મુજને નાંખશે રે, વિષમ મહાવન ગિરિવર છેહ; ઈમ નિરધારી રે, મારી આકરી રે, કુમરે કરકશ મુઠી તેહ...મં૦ ॥૪॥ દીન રડતી રે-દેવી ઈમ કહે રે, કરૂણાવંત દયાલ; મુજ અબલાને રે-સબલાં કાં નડે રે?, મૂક હવે ન કરૂં તુજ આલ...મં૦ ॥૫॥ મૂકી કુમરેં રે તે નાસી ગઇ રે, છેદ્યો કાને કૂકર જેમ; આપ તિવારે પડિઉં ગયણથી રે, વિદ્યા ચૂકયો ખેચર એમ....મં૦ ॥૬॥ ફલભર ભારી રે વન આંબા શિરે રે, આવી રહ્યો નૃપ નંદન વેગ; નયણુ નિમેલી રે, ક્ષણુ મૂર્છા લહ્યો રે, પવને વિંજયો અતિ તેગ....મં૦ ॥૭॥ કુમર વિમાસે રે ચેત વલ્યાં પછે રે, કિણુ થાનક હૂં આયો ચાલિ; રયણિ અંધારે રે, કર ફરસ્યાં થકી રે, જાણ્યો તરૂ સાહિ તસ ડાલિ....મં૦ ॥ ૮ ॥ ક્ષણુ એક માંહેરે તરૂથી ઉતરી રે, આવી બેઠો તરૂને ખંધ; ઈમ મન સોચે રે કુણ એ આપદા રે, દીધી તિણ કુલ વૈર પ્રબંધ....મં૦ ॥૯॥ કિંહા મુજ માતા રે કિંહા તાત માહરો રે, કિહાં હું એ કિમ થાશે સૂલ?; હાર ન પામે રે જનની જો હવે રે, કરશે જીવિતનું પ્રતિકૂલ ....મં૦ ॥૧૦॥ માય વિયોગે રે વલી મુજ તાતજી રે, ધરવા પ્રાણુ અછે અસમરથ; હૈ હૈ દીસે રે કુલક્ષય

માહરો રે, ઇમ ચિંતાભર બેઠો તત્થ....મં૦ ॥૧૧॥ ખરખર વાગો રે તવ રવ ભૂમિનો રે, ભૂપતિ સુત નિરખે તરુમૂલ; નારી ગલીને રે અરધી આવતો રે, નજર પડયો અજગર એક થૂલ....મં૦ ॥૧૨॥ કુમર વિચારે રે એ પ્રાણી ગલી રે, આવે તરૂ આફલવાં કોય; એ વિછોડાવું રે જો જોરો કરી રે, તો મુજ આતમ સફલો હોય....મં૦ ॥૧૩॥ સાહસ ધારી રે તરુથી ઉતર્યો રે, બેઠો સ્થાને આંબા ગૌઢ; અજગર આયો રે દેવા વિંટલી રે, કુમર ગ્રહે તસ મુખ અતિ પ્રોઢ....મં૦ ॥૧૪॥ વદન વિદાર્યું રે હોઠ બિન્હે ગ્રહી રે, તે માંહેથી કાઢી એક નારી; વચન કહંતી રે માહારે ઇણ સમેરે, શરણ હોજો એક મહાબલ તારી....મં૦ ॥૧૫॥ નામ સુણીને રે પોતાનું તિહાં રે, વિસ્મય વિકશિત લોચન થાય; દૂરે ઉડાડીરે અજગર નાખીઓરે, દેખે અબલા મુખગત છાય....મં૦ ॥૧૬॥ મલયા સરખી રે નીરખી ગોરડી રે, ચિત્ત ચમકયો ઢોલે તિહાં વાય; ચેતન વાલ્યું રે તવ બાલા ભણે રે, પૂરવલો તે શ્લોક સુણાય...મં૦ ॥૧૭॥ કુમર સુણીને રે તિહાં નિશ્ચય કરી રે, વીર ધવલ તનુજા એ હોય; કરપદ સેવા રે કુમર કરે વલી રે, જિમ પીડા તનુ વિરલી હોય...મં૦ ॥૧૮॥ કુમર પયંપેરે ઉઠો સુંદરી રે, તુમ વિરહે મુજ મન સીદાય; નયણ ઉઘાડે રે નિરખી પદ્મણી રે, સેવાપર નૃપ સુત ચિત્તલાય...મં૦ ॥૧૯॥ લાજ કરંતીરે નેહલ મીટમાં રે, કહે જીવન જીવાડી આજ; સંગમ દૈવે રે કિમ મેલ્યો ઈહાં રે, ભાખો જી ભાખો મહારાજ...મં૦ ॥૨૦॥ કુમર તિવારે રે કહે

સરિતા જલે રે, પ્રથમ પખાલો તનુ પંકાલ: વીતક બેહું રે કહીશું વલી પછે રે, ઇમિ કહી આણી નદીએ બાલ...મં૦ ॥૨૧॥ અંગ પખાલ્યું રે જલ પીધું ગલી રે, વલી આવ્યા પાછા તરૂ તીર; કુમરે સુણાવી રે નિજ વીતી કથા રે, સુણતાં થરકે તાસ શરીર...મં૦ ॥૨૨॥ નૃપ સુત તેહને રે ધણિને પૂછશે રે, વીતક સયલ કરી ચિત્ત ચૂપ; કાંતે પ્રકાશી રે ખાસી પાંચમી રે, બીજે ખંડે ઢાલ અનૂપ...મં૦ ॥૨૩॥

॥ દુહા ॥

ભણે કુમર ક્ષાણોદરી, માંડી કહે તું વાત;
અજગર વદને કિમ પડી, રાખીતી ભરભ્રાંત ॥૧॥

કહે કુમરી હું નવિ લહું, અજગર વદન પ્રવેશ;
સુણો કઠિન થઈ જે કહું, અવર વાત લવલેશ. ॥૨॥

તેહવામાં પગરવ થકી, જાણ્યો જન સંચાર;
કુમર વિચારે રાતિમાં, કેહનો એ વિહાર. ॥૩॥

આવે છે સાહમો ધસ્યો, રસીયો કે લૂંટાક;
વ્યસની મદ પીધો અછે, કે કોઇ જાર લડાક. ॥૪॥

કે કોઈ પરિચિત નારીનો, આવે છે ધણિવાટ;
મીટ ન પામું ગોરડી, એ અવસર તે માટ. ॥૫॥

એમ વિચારી શિર થકી, કાઢી ગુટિકા ટાલ;
આંબાના રસમાં ઘસી, કર્યું તિલક તસ ભાલ. ॥૬॥

પુરૂષ થયો નારી ટલી, કુમર કહે મત શંક;
રૂપ પાલટ્યું તુજ્જ મેં, આવત નર આશંક. ॥૭॥

જ્યાં નહિ માંજુ થુંકથી, ત્યાં લગે તુજ નરરૂપ;
પુરૂષ ગયા માંજ્યાં પછી, થાશે મૂલ સ્વરૂપ. ॥૮॥

આપણ બે એ એક છે, સુખે પધારો આંહિ;
ઇમ કહી નિરખત વાટડી, દીઠી નારી ત્યાંહી. ॥૯॥
તરૂણી હરિણી પરે ધસી, આવે થિરકિત ગાત;
નૃપ નંદન મધુરે સ્વરે, પૂછે તસ અવદાત. ॥૧૦॥

## ॥ ઢાળ છઠ્ઠી ॥

નહીં યમુનાકે તીર ઉડે દોય પંખીયા ....એ દેશી

કુમાર કહે તું આંહિ-આવી કુણ એકલી, કિમ કંપે તુજ ગાત-ચિંતાતુર કો વલી; કુણ તટની એ ભૂપ-કવણ નગરી કિસી, ઈહાં પામ્યાં સુખશાત-અમે મનમાં વસી? ॥૧॥ નારી ભણે એ નીર-નદી ગોલા વહે, ચંદ્રાવતી ઉપકંઠ-પુરિ અતિ ગહગહે; દશ દિશિ પસરી જાસ-મહા કીરતિ ધ્વજા, વીરધવલ ભૂપાલ-ઈંહા પાલે પ્રજા. ॥૨॥ કુમર વિચારે જેથ આવણ હું ચાહતો, પડતો પડતો તેથ-આયો નભ ગાહતો; અહો મુજ પુણ્ય પ્રમાણ પ્રસન્ન છે જગપતિ, જસ મુખે પેઠી નારી-મલી જે જીવતી. ॥૩॥ કહે વલી આગલ વાત-નારી અચરિજ ભરી, પુત્રી હુઈ તે ભૂપને-મલયાસુંદરી; મંડપ માંડયો તાસ-સ્વયંવર ભૂપતે, મૂકયાં દૂત નિમંત્રણે-નૃપ નંદન પ્રતે. ॥૪॥ આજ થકી વિવાહ-હોસે ત્રીજે દિને, કીધી સામગ્રી સર્વ-અગાઉ મેલીને; નૃપને બીજી નારી-અછે કનકાવતી, મલયા સાથે રોષ-વહે તે દુર્મતિ. ॥૫॥ સોમા માહરૂં નામ-હું તાસ મહોલણી, સર્વ રહસ્યનું ઠામ-ઘણું વિસવાસણી; મલયાનાં કેઈ છિદ્ર-જોવે મુજ સામિની, પણ નવિ દેખે કોઈ-કિહાં અવગુણ કણી. ॥૬॥ નૃપ પુત્રી

નરરૂપ-રહી પૂછે ઇસ્યું, તે સાથે ઇમ રોષ-તણું કારણ કિશ્યું; કુમર કહે સંતાન-હોવે જો શોકનાં, શોક તણે મન સાલ-સમા હૂએ સહેજના. ॥૭॥ નારી ભણે એ સાચ-કહ્યો છે જેહવો, જોતાં તેહનાં છિદ્ર-સમય કેતો હવો; આજની અધરાત-થઈ કૌતુક કથા, દીઠી કહું તુજ આગે-નહી તે અન્યથા. ॥૮॥ નામે લખમીપૂંજ ગલે કનકા તણે, હાર ઠવ્યો કિણ આઈ-ગગનથી ચુપ પણે; કુમર વિચારે હાર-ઠવ્યો તેણે વ્યંતરી, નિશ્ચય કોઈક નેહ-કારણથી ઉતરી. ॥૯॥ પામી નહી મેં શુદ્ધ-કિહાં હમણાં લગે, તે પામ્યો હવે વાત-સવે હોંસે વગે; સોમા કહે મુજ હાર-દેખાડી શ્રીમુખે, વારી હું એ લાભ-કિહાં કહેતી રખે. ॥૧૦॥ હારરયણ બહુ મુલ-છુપાવી એકમને, મુજને સાથે લેઈ-ગઈ ભૂપતિ કને; અવસર દેખી દોષ-ઉઘાડે અતિ ઘણાં, વિરસપણે એમ આલ-લવે મલયા તણાં. ॥૧૧॥ સ્વામી સુણો અવદાત-કહું પુત્રી તણાં, નયણે દીઠાં આજ-નિપટ અસુહામણાં; પુહવી ઠાણ નગરીનો-ભુપ વખાણીયે, સુરપાલ તસ પુત્ર-મહાબલ જાણિયે. ॥૧૨॥ તેહનો કિંકર એક-ગુપ્ત મલયાં ઘરે, આવે છે નિત્ય રાત-નિશાચરની પરે; હાર રયણ તે સાથ-કુમરને પાઠવ્યો, લેખે લિખિ સંદેશ-ઇસ્યો વલી સુચવ્યો. ॥૧૩॥ મલશે નૃપનાં નંદ-અનેક સ્વયંવરે, તે મિસ તું પણ વેગ-આવે આડંબરે; મુજ બુદ્ધિએ રાજ્ય-સકલ હાથે કરી, પરણી મુજ ફલવંત-કરે યૌવન સિરિ. ॥૧૪॥ રાજ્ય ગ્રહણની ચાહિ, કુમારી ધૂરતે, ધૂતીયે તિણે બેહુ-થયા એકણ

મતે; નારી હું એ મતિ હીણ-કપટની કોથલી, વાલ્હાને દ્યે છેહ-સરે સ્વારથ વલી. ॥૧૫॥ અતિ વિરૂદ્ધ રોશાલી-વાઘણ જિમ સુંદરી, સાહસનો ભંડાર-અનૃતની છે દરી; મુખ મીઠી મન ધીઠ-ધરમણી દામણી, ન હુવે કેહની નેટ-સંતોષી કામિણી. ॥૧૬॥ એહને સંગ વિલુદ્ધા-જે નર બાપડાં, તે પામે દુઃખ લાખ-થયા રસ લાંપડા; નહિં કરૂણાનો લેશ-હીયામાં નારીને, મલતાને સવિશેષે—મૂકે મારીને. ॥૧૭॥ અનરથ એ હો નારી—કહ્યો મેં છે જિસ્યો, કરતાં પૂર્વ ઉપાય-પછે નહી સોચશો, જો મુજ વચન વિચાર-ભરોસો નવિ કરો, માંગો અમૂલક હારત્ન દેસે તો ખરો. ॥૧૮॥ ઇમ ઉદ્દભાવ્યાં દોષ-અનેક મૃષા કહી, રોષા-રૂણ ભૂપાલ-કર્યો દ્વેષે ગ્રહી; છઠ્ઠી ઢાલ રસાલ-એ બીજા ખંડની, કાંતે કહી મીઠાશ-ભરી મધુ ખંડની. ॥૧૯॥

॥ દુહા ॥

રોષ ગહિલ નરપતિ તિહાં, અમને કરી વિદાય;
ચંપકમાલા ભામિની, બોલાવી વિલખાય. ॥૧॥
વ્યતિકર સર્વ સુણાવીયો, રાણીને રાજાન;
નિજપુત્રી ઉપર તિહાં, થઈ રોષ અસમાન. ॥૨॥
માંગો હાર મનોહરૂં, જો નવિ દીસે બાલ;
તો વ્યતિકર સઘલો ખરો, ઈમ કહે ચંપકમાલ. ।૩॥
કન્યા તેડી માંગીયો, હાર રયણ તત્કાલ;
ભ્રમભૂલી મૌને રહી, મનમાં પેઠી જાલ. ॥૪॥
ચિત્ત વિકલ્પી કૂડ ઈમ, ઉત્તર દીધું એણ;
તાત હાર મુજ કંઠથી, અપહરી લીધો કેણ. ॥૫॥
અવગુણ ઇંધણ અતિ સબલ, વચન પવન નૃપ કુંડ;
રોષ અનલ કુમરી દહન, વાધ્યો જઈ બ્રહ્માંડ. ॥૬॥

## ॥ ઢાલ સાતમી ॥

જીણા મારૂજીની કરહલડી, કરહલડી કેશરરો કૂપો મને આલોહો રાજ...એ...દેશી

નૃપ કહે નિજ પુત્રી ભણી, ફિટ પાપિણી હતિયારી, મુખડું કાંઇ દેખાડે હો રાજ, અલગી રહે મુજ નયણથી, કુલ ખંપણી મતિ હીણી, મુજ કાં લાજ લગાડે હો રાજ. ॥૧॥ ન્હાની પણ દોષે ભરી, જિમ વિષહરની દાઢા, અલવે લાગી મારે હો રાજ; કન્યા રૂપે વૈરિણી, થઈ લાગી ઉપરાંઠી, વૈર વિરોધ વધારે હો રાજ. ॥૨॥ એવડું તુજ કિણે શીખવ્યું, ચરિત્ર વિષમ અતિ ઉંડું, ભુંડું સુણતાં લાગે હો રાજ; આજ થકી જો ઇમ કરે, વધતી વધતી વલી શું કરશે. જાતાં આગે હો રાજ ? ॥૩॥ દોષ નહી માહરે શિરે, કીધું છે તે જોહવું. તેહવા ફલ તું ચાખે હો રાજ; પ્રત્યક્ષ વિષની વેલડી, ઉખેડી હવે નાંખી, સારેસું તુજ પાખે હો રાજ. ॥૪॥ તાત વચન કડુઆ સુણી, માય રીસાણી જાણી, આણી નિજ આવાસે હો રાજ, બેઠી આમણી દૂમણી કરીને મુખ નીચું, મનમાં એમ વિમાસે હો રાજ. ॥૫॥ અણગમતું મેં તાતનું, વિકલપણે કીધું જેહથી, તાત રીસાણો હાર રયણ ખોયાં થકી, એવડો કોપ કિવારે, રાજા મનમાં નાણે હો રાજ ॥૬॥ શ્યો અવગુણ નૃપ માહરો, દેખીને કલુષાણો બોલ્યો, વિરૂઆં વયણાં હો રાજ; ઇમ કુમરી ચિંતા ભરી, મુખ પંકજ કરમાણી, વરસે

આસું નયણાં હો રાજ ॥૭॥ નૃપ કહે પટરાણી પ્રત્યે, તુજ તનુજાના દીઠા, ચરિત્ર મહાવિષ તોલે હો રાજ; હાર રયણ તિગ કુમરને ઈણે દીધો છે નિશ્ચે મુજ મારણને કોલે હો રાજ ॥૮॥ વાલ્હી પણ વૈરિણી હુઈ, જિમ વિષધરીએ ડંકી, આંગુલી હોય દુવાલહી હો રાજ; રિપુકુલને જો નવિ મલે, તે પહેલી એ હણવી, પાપ ન ગણવો કાલ્હી હો રાજ ॥૯॥ દુઃખભરી રયણી નિગમી, પ્રહકાલે નૃપ તેડી, સેવકને ઇમ ભાષે હો રાજ; મલયાને હણજો તુમે, હુકમ ફરી મત પૂછો, રખે કિહાં કિણ એ નાસે હો રાજ ॥૧૦॥ મંત્રી સુબુદ્ધિ સુણયે સવે, વ્યતિકર એ કન્યાનો, આવી નૃપને ભેટે હો રાજ; કર જોડી ઇમ વીનવે, અસમંજસ એ માંડયો, ભૂપ કહો કિણ ભેટે હો રાજ ॥૧૧॥ શું અપરાધી કન્યકા. નેહ ગયો કયાં પેલો, ધરતાં જે એહ સાથે હો રાજ ?; વિષતરૂ વર પણ કાપવો, ન ઘટે જેહ ઉછેર્યો પુરથી આપણે હો રાજ ॥૧૨॥ દેવ વિચારી કીજીએ. જિમ ન હોવે પસ્તાવો, પછે ફલ પાકતા હો રાજ; સકલ વિચાર સુણાવિઉં, સચિવ ભણી નૃપ ધુરથી, સચિવ, કહ્યો ભાખતા હો રાજ ॥૧૩॥ મૌન ધરી મંત્રી રહ્યો, સેવક નૃપ આદેશે, મલયા મંદિર આવે હો રાજ; ગદ ગદ કંઠે ઇમ કહે, તુજ ઉપર નૃપ રૂઠો, આણા વધ ફરમાવે હો રાજ ॥૧૪॥ દીન વદન કન્યા કહે, વીરા નૃપ કિમ કોપ્યો, તે કહે ન લહું કાંઇ હો રાજ; કન્યા ઇમ વિલપે તિહાં, હા હા મુજ કિણ ભાખ્યા, અવગુણ વૈર વસાઇ હો રાજ ॥૧૫॥ મુજ

રૂખ નિરખી હરખતો, તે પણ થઈ અતિ વાંકો, નરપતિ મુજને મારે હો રાજ; ચંપકમાલા માવડી, ઉપરાંઠી થઈ બેઠી, નૃપને તે નવી વારે હો રાજ ॥૧૬॥ મલયકુમર મુજ સુંદરૂ, તે પણ આંખું આડા કાન દઈને બેઠો હો રાજ; બંધુ વરગ હું પરીહરી, પરીહરીયો જિમ મીંઠો પણ જે ભોજન એઠો હો રાજ ॥૧૭॥ પુણ્ય ગયાં કિહાં માહરાં,? પ્રગટયાં કયાંથી મૌઢા, પાપ પૂરવ ભવ કેરા હો રાજ ?; કરૂં ધરણી તુજ વિનતિ. ધે મારગ જિમ પેસી, કાઢું પ્રાણ આઘેરાં હો રાજ ॥૧૮॥ મહેલ માંહે મલયા રહી, પૂર્વ કર્મને નિંદે, કહેસે વલી કઇ આગે હો રાજ બીજે ખંડે સાતમી, ઢાલ સરસ એ ભાખી, કાંતે ઇમ અતિરાગે હો રાજ ॥૧૯॥

॥ દુહા ॥

તેડાવે મલયા હવે, વેગવતીને વેગ;
નૃપ આદેશ સુણાવીને, કહે નિજ કારજ નેગ. ॥૧॥
સખી સિધાવો નૃપ કન્હે, કહે જો ઈમ સંદેશ;
તુમ પુત્રી ઈમ મુજ મુખે, દીધો છે નિર્દેશ. ॥૨॥
વેગવતી બાલા થકી, આવે નૃપને પાસ;
કુમરીનાં સંદેશડાં, ઈમ સંભલાવે તાસ. ॥૩॥

## ॥ ઢાલ આઠમી ॥

કોઈલો પરવત ધૂંધલો હો રાજ........એ દેશી.

સંદેશો મલયાં કહે હો લાલ, સાંભલ પુરનાં ઈંસ...નરિંદજી; ગુનહ કર્યો મેં રાવલો હો લાલ, મલવે પાઈ રીસ....ન૦ સં૦ ॥૧॥ અવગુણ ખમજો

મહોરો હો લાલ, કીધાં જે મેં અજાણ....ન૦, મરણ સરણ મેં તે સિરેં હો લાલ, દંડ કર્યો પરમાણ.... ન૦ સં૦ ॥૨॥ આવું પ્રભુ પદ ભેટવાં હો લાલ, તુમ વચને મહાભાગ....ન૦, અતિથિ હૂઆ પરલોકનાં હો રાજ, લહેસું ને વલી લાગ....ન૦ સં૦ ॥૩॥ ઇમ ન ગમે તો ઈહાં થકી હો લાલ, ગ્રહેજો પ્રણતિ અનેક....ન૦; પ્રણુતિ વલિ બિહું માયને હો લાલ, કહેજો મુજ સુવિવેક....ન૦ સં૦ ॥૪॥ અનરથ જે મેં આચર્યાં હો લાલ, તે ભાખો નિઃશંક....ન૦; દોષ દેખાડી મારતાં હો લાલ, ન હુવે કાલ કલંક....ન૦ સં૦ ॥૫॥ ભૂપ વિચારે દેખજો હો લાલ, ક ૈ વૈરીનાં કામ....સુલોચની; ગુનહ પૂછાવે આપણો હો લાલ, અણજાણી થઈ આમ....સુલોચની ચરિત્ર ભલો મલયા તણો હો લાલ ॥૬॥ કપટમંજુસ ત્રિયાં કહી હો લાલ, મુખ મીઠી ધૂતારી....સુ૦; મધુ લિપી વિષ ગોલિકા હો લાલ, એવી રચી કિરતાર સુ૦, ચ૦ ॥૭॥ પ્રણતિ મ હોજો એહની હો લાલ, નહી મુખ દીઠે કામ....સુ૦; મરણ શરણ વહેલી કરો હો લાલ, કન્યા અવગુણ ધાર.... સુ૦ ચ૦ ॥૮॥ વેગવતી વલતું ભણે હો લાલ, નરપતિને કુમણાય....સુ૦; ગોલા નદી તટ દાહિણે હો લાલ, અંધ કૂઓ કહેવાય....સુ૦ ચ૦ ॥૯॥ જંપ દેઇ° કુમરી તિહાં હો લાલ, કરસેં જીવિત નાસ; ઈમ કરી રોતી જૂરતી હો લાલ, આવે મલયાં પાસ.... સુ૦ ચ૦ ॥૧૦॥ વેગવતી મલયાભણી હો લાલ, ભાખ્યો તેહ પ્રબંધ....સુ૦; તાસ વચન અવિલંબીને હો લાલ ઉઠે તિહાંથી મુંધ....સુ૦ ચ૦ ॥૧૧॥ વજી

કઠિન હીયડું કરી હો લાલ, સાહસ વસ અસમાન ....સુ૦; પૂરવકર્મને નિંદતી હો લાલ, ધરતી નવપદ ધ્યાન....સુ૦ ચ૦ ॥૧૨॥ ધારી મન નિર્ભય પણે હો લાલ, વિંટી સુભટ અનેક....સુ૦; પાલે પગ પંથે વહે હો લાલ, સાહી સબલો ટેક....સુ૦ ચ૦ ॥૧૩॥ પગ પગ પંથે આફલે હો લાલ, પડી પડી ઉઠે તેમ.... સુ૦; દાસી દાસ ઉદાસીયાં હો લાલ, પૂછે બોલે એમ....સુ૦ ચ૦ ॥૧૪॥ જો તુજ મનમાં એવડી હો લાલ, હુંતી તાતી રીસ....સુ૦; કાંઈ સ્વયંવર માંડીને હો લાલ, તે તેડયાં અવનીશ....સુ૦ ચ૦ ॥૧૫॥ પાલ્યાં જે પોતા વટે હો લાલ, પહેલાં પોષી લાડ ....સુ૦; તે કિંકર કુલને હવે હો લાલ, છેધે કાં દુઃખ હાડ? સુ૦ ચ૦ ॥૧૬॥ કિમ કરશુ રહેશું કિહાં હો લાલ, તુમ વિરહે તરસંત સુ૦; લાગે એ અલખામણો હો લાલ, ફીટલ પ્રાણ રહંત....સુ૦ ચ૦ ॥૧૭॥ લોક ઘણાં નગરીતણાં હો લાલ, વિલખ વદન કહે વેણ....સુ૦; કુમરી રયણ સીધાવતે હો લાલ, જગત હુઓ ગત રેણ....સુ૦ ચ૦ ॥૧૮॥ રાય-સુતા પગમાં ચૂભે હો લાલ, તીખાં કંટક કોડિ.... સુ૦; ડાભ રક્ત રસિયાં મુખે હો લાલ, પેસે પગતલ ફોડિ....સુ૦ ચ૦ ॥૧૯॥ આવી કૂવા કંઠડે હો લાલ, બોલે ઇમ મુખ વાચ....સુ૦; કુમર મહાબલનો ઈહાં હો લાલ, શરણ હોજો મુજ સાચ....સુ૦ ચ૦ ॥૨૦॥ બાલ જંપાવે કૂપમાં હો લાલ, પડતી જિમ જલબાલ ....સુ૦; પૂરજન તવ હાહારવે હો લાલ, પૂરે ગગન વિશાલ....સુ૦ ચ૦ ॥૨૧॥ સીંચે ધરણી આંસુએ હો

લાલ, નિંદે નૃપને કેય....સુ૦; દેતાં દૈવ ઓલંભડા હો લાલ, આવ્યાં લોક વલેય....સુ૦ ચ૦ ॥૨૨॥ ખબર કહી જે સેવકે હો લાલ, સંતૂઠો નરપાલ....સુ૦ બીજે ખંડે આઠમી હો લાલ, કાંતે કહી એ ઢાલ.... સુ૦ ચ૦ ॥૨૩॥

॥ દુહા ॥

હવે નરપતિ હરખ્યો હીયે, ચિત્તમાં ચિંતે એમ;
હસુતાં પુત્રી દુષ્ટને, થયો વંશને ખેમ. ॥૧॥
આમં ા નૃપ નંદ જે, તાસ જણાવું વાત;
મુજ તનુજા વ્યાધે મૂઈ, મતિ આવો કિણુ ઘાત; ॥૨॥
વલી પૂછું કનકા પ્રત્યે, મુજ ઉપકારક એહ;
ઈમ વિચારી સચિવશું, નૃપ પોહોતો તસ ગેહ. ॥૩॥
બાર જડયાં જખી તિંહા, પામે ચિત્ર સરૂપ;
કુંચી વિવર કમાડનો, તેહમા નીરખે ભૂપ. ॥૪॥
ગર્ભ ભવન દીપક કરી, લેઈ હાર તે નાર;
દીઠી ભૂપે વિવરથી, કરતી ઈમ મનોહાર. ॥૫॥

## ॥ ઢાળ નવમી ॥

નેમિ પયંપે હો પ્રીતિ સંભાલો મહારાં લાલ....એ દેશી.

હાર છબિલાં હો કરૂણા ધરજો....મારા લાલ, સંકટ હરજો હો મંગલ કરજો....મારા૦; દુર્લભ લાધો હો સુરમણિ બીજો....મારા૦; દીઠો તાહરો હો સબલ પતીજો....મા૦ ॥૧॥ રાખ્યો ગોપવી હો છાનો પહેલો....મા૦; ભૂપ ભંભેરી કીધો ગહેલો-...મા૦; વૈરિણી મલયા હો, કૂપે નંખાણી....મા૦, સંપત્તિ સઘલી હો મુજ ઘર આવી....મારા૦ ॥૨॥

તે સાંભલીને હો, ભૂપતિ બોલ્યો....મા૦, ઈણુ પાપિણીએ હો મુજને જોલ્યો....મા૦; કપટ કરીને હો પોતે ચોર્યો....મા૦, મલયા માથે હો દૂષણ ઓર્યો........મા૦ ॥૩॥ ધિગૂ તુજ જીવ્યું હો, અધમ કગારી....મા૦; વાંકવિહુણી હો, મલયા મારી....મા૦; કદિહી ન તેણે હો, કીડી દુહવી....મા૦, ઉંચે સાસે હો બોલે ન તેહવી....મા૦ ॥૪॥ હૈ હૈ વંચ્યો હો કપટ પવાડે....મા૦, ઇમ કહી બારે હો, હાથ પછાડે ....મા૦; ગાઢે પોકારી હો ધરણી ઢ ીઓ....મા૦; દુઃખડે દાધો હો મૂચ્છા મલીઓ....મા૦ ॥૫॥ લોક સુણીને હો દોડી આવ્યા...મા૦, શું થયું નૃપને હો ઇમ કહતા આવ્યા? મા૦, તેહવા માહે હો કનકા ત્રાઠી....મા૦, ગોખ મારાગથી હો કૂદી નાઠી....મા૦ ॥૬॥ હું પણ પૂંઠે હો જઈ જંપાવી....મા૦, કનકા પાસે હો તત્ક્ષણ આવી....મા૦; સૂને મંદિર હો ખુણે બેઠા....મા૦, સુણીયે વાતો હો જણની બેઠા ....મા૦ ॥૭॥ ચેતન વાલ્યું હો નૃપનું લોકે....મા૦, ભૂપતિ રોવે હો લાંબી પોકે....મા૦; ચંપકમાલા હો આવી દોડી....મા, પીઉને પૂઠે હો બે કર જોડી....મા૦ ...॥૮॥ એહ અમારૂં હો પ્રાણ નિપાતન....મા૦, શું માંડયું છે હો શોક સંતાપન....મા૦; પ્રગટ પ્રકાશે હો રોતા મંત્રી....મા૦, કનકાવતીના હો કરણી સૂત્રી ....મા૦ ॥૯॥ ચંપકમાલા હો નૃપ ગલ વલગી ....મા૦, દુઃખ પાવકની હો જાલા સલગી....મા૦; ગદ્દ ગદ્દ સાદે હો રોવા લાગી....મા૦; કરતી દુઃખના હો લોક વિભાગી....મા૦ ॥૧૦॥ સચિવ બિહુંને હો

ઇમ સમજાવે....મા૦, મૂઆં જગમાંહિ હો પાછા નાવે....મા૦; તો પણ દેખો હો કૂપ એકંતી....મા૦; ભાગ્યે લહીએ હો જઈ જીવંતી....મા૦ ॥૧૧॥ કૂઆ કંઠે હો ભૂપતિ આવ્યો....મા૦; જણ પેસાડી હો, તે શોધાવ્યો....મા૦, મલયા નાવી હો મીટે ક્યાંથી ...મા૦, આશા ત્રુટી હો નૃપની તિંહાથી....મા૦ ॥૧૨॥ મંદિર પહોતો હો મન દુઃખ કરતો....મા૦, કનકા ધામે હો આવો ફિરતો....મા૦; બાર ઉઘાડી હો રાણો ભાખે....મા૦; પાપિણી નાઠી હો અણિયે આખે....મા૦ ॥૧૩॥ જોવાં પગલાં હો કિહાં ગઈ ભાગી....મા૦, આણો બાંધી હો કેડે લાગી....મા૦; રાય કહ્યાંથી હો તસ ઘર લૂંટયો....માં૦, પરિજન તેહના હો પકડી કૂટયો....મા૦ ॥૧૪॥ વાંક વિના જે હો પુત્રી મારી ....મા૦, અતિ પસ્તાવો હો તે ચિત્ત ધારી ....મા૦; સુરજ ઉગે હો રાણી સાથે....મા૦, નરપતિ બલશે હો ચયમાં હાથે....મા૦ ॥૧૫॥ જિહાં તિહા ભમતી હો નૃપ ભટ પેખી....મા૦, કનકા બ્હીની હો કરણી દેખી....મા૦; ઇમ મુજ ભાંખે હો બિહું વિછડીએ....મા૦, રહેતાં ભેલાં હો હાથે પડીએ...મા૦, ॥૧૬॥ હારાદિક સવિ હો લે નિજ સંગે...મા૦; મુજને છોડી હો દોડી રંગે ...મા૦; મગધા વેશ્યા હો મિલતી પહેલી મા૦, તે ઘર પેઠી હો ધમકી વહેતી...મા૦ ॥૧૭॥ હું એકલડી હો ત્યાં ન જઈ શકી...મા૦, રાતે ઉઠી હો વનમાં ચસકી...મા૦; ઇહાં આવી છું હો ભય ધ્રુજંતી ...મા૦, વાત કહી મેં હો જેહવી હુન્તી...મા૦ ॥૧૮॥ હવે હું જાશું હો રયણી વિહાણી...મા૦; ઇમ કહી

સોમા હો આગે ઉજાણી...મા૦; ઢાલ એ નવમી હો બીજે ખંડે...મા૦; કાંતિ પયંપે હો વચન અખંડે...મા૦ ॥૧૯॥ ઇતિ

॥ દુહા ॥

વાત સુણી વિસ્મત હૂઓ, કહે કુમર ગુણ ગેહ;
પહેલાં ઈણે જે સંગ્રહ્યું, વૈર વિશુધ્યું તેહ. ॥૧॥

દુષ્ટ હૃદય યુવતી તણું, વિષમ ચરિત્ર ભંડાર;
કરતાં ન જૂએ કામિની, અનાચરણ સંસાર. ॥૨॥

કન્યા રયણ વિણાસતાં, મરણોન્મુખ નૃપ કીધ;
પ્રજા અનાથ કરી વલી, પોતે અપજશ લીધ. ॥૩॥

કનકાંની દાસી થકી, સુંદરી તુજ વિરતંત;
લહ્યું સકલ મેં મૂલથી, અહો ચરિત્ર બલવંત. ॥૪॥

અલ્પકાલમાં અતિઘણી, દીઠી તે દુઃખ રાશિ;
અંધકૂપ પડતાં ગ્રહી, અજગર વદન વિકાશિ. ॥૫॥

નિકટ કિહાં કિણ કૂપ છે, તેમાંથી તે સાપ;
આફલવા આંબા થડે, ઈણી થલ આવ્યો આપ. ॥૬॥

વદન વિદાર્યું બલ કરી, મેં તેહનું કલસાજ;
તેમાંથી તું નીસરી, મિલી ઇહાં મુજ આજ. ॥૭॥

એકાંતે અજગર પડ્યો, દેખી બ્હીની બાલ;
કુમર કહે શંકા કિસી, જો વિધિ છે રખવાલ. ॥૮॥

પૂરવ શ્લોક ભણે તિહાં, બિહું જણ ધરી બહુ રાગ;
મુખ ધોવે ગોલા જલે, ભર્યાં સબલ સોભાગ ॥૯॥

તેહજ આંબા ફલ ગ્રહી, ભક્ષણ કરી સસનેહ;
દેવી જલ મંદિર ભણી, વેગે આવ્યાં બેહ. ॥૧૦॥

## ॥ ઢાળ દસમી॥

હાંરે કાંઈ જોબનીયાનો લટકો દહાડાં ચારજો....એ....દેશી....

હારે વારી બિહું તિહા દેખે કાઠ તણી બે ફાડ જો, પહેલાં રે જેહમાંથી નૃપરાણી લહ્યો રે લો; હાંરે વારી કુમર તે દેખી, તેહમાં વિવર વિચાલ જો, ધૂણી રે શિર ચિત્તમાં ચિંતે ઈમ કહ્યો રે લો. ॥૧॥ હા રે વારી તીન કારજ હવે કરવાં માહરે આંહિ જો, એક તો રે નૃપ બલતો ચયમાંથી રાખવો રે લો; હા રે વારી બીજું એ તુજ પરણું નૃપની ચાહિ જો, ત્રીજું રે જનની ગલે હાર તે નાખવો રે લો. ॥૨॥ હાં રે વારી લખમીપૂંજ અનોપમ નાઠો હાર જો, તે હું રે તુજ દેઈશ દહાડાં પાંચમા રે લો; હાંરે વારી ઈમ પણ બાંધ્યો જનની આગે સાર જો, સફલો રે કરવો યે સાચી વાચમાં રે લો. ॥૩॥ હાંરે વારી તે માટે તું પુરમાં ફરી નર રૂપ જો, સાંજે રે મગધા ઘરે જાજે હામશું રે લો; હા રે વારી તિહાં રહીને કનકાનું નિરખીશ રૂપ જો, કરતાં રે છલ બલ મુક્તાવલી પામશું રે લો. ॥૪॥ હાં રે વારી હું પણ જઈ ચય બલતાં નૃપને સંગ જો, વારુ રે નવલી બુદ્ધિ કોઈ કેલવી રે લો; હાં રે વારી નામાંકિત મુજ દ્યે તુજ મુદ્રા નંગ જો, ચહેશે રે એહથી તુજ કો ચોરી ઠવી રે લો. ॥૫॥ હાં રે વારી મુદ્રા લીધી તે થાપિ શિર આપ જો, ઈમ કહી રે ઈહાં છાની ફરતાં ફાયદો રે લો; હાં રે વારી આજની રજની મગધા ઘરે થિર થાપજો, મલજો રે કાલે સાંજે છે વાયદો રે લો. ॥૬॥ હાં રે વારી સાધી

કારજ સઘલાં કાલે સાંજ જો, આવીશ રે દેવીજલ ભવને હું વલી રે લો; હાં રે વારી કુમર વચન ચિત્ત ધારી તે પુરમાંહિ જો, આવી રે નર વેષે કિણહિ ન અટકલી રે લો. ॥૭॥ હાંરે વારી આગામી જે કરવાં કામ અશેષ જો, તે સવિરે નિરધારી પુર આવ્યો ધસી રે લો, હાંરે વારી નૃપ નંદન નૈમિત્તિકનો લેઈ વેશ જો, તરૂતલે રે બાંધ્યો એક ગજ દેખે રસી રે લો. ॥૮॥ હાંરે વારી તે ગજનું બહુલા જણ લેઈ છાણ જો, દીઠાં રે ભાજનમાં જલશું ગાલતાં રે લો; હાં રે વારી કુમરે પૂછયાં કહે કારણ પરમાણ જો, ગતદિન રે નૃપ સુત ઈહાં આવ્યાં માલતા રે લો. ॥૯॥ હાંરે વારી રમતમાં તેણે સોવન સાંકલ એક જો, વિંટી રે સેલડીએ નાખી ગજદિશા રે લો; હાં રે વારી પડતી લે ગજ મુખમાં ઘાલી છેક જો, તાણી રે થાકયાં તિહાં કેઈ મહાવત જિસ્યાં લો. ॥૧૦॥ હા રેં વારી નૃપ આદેશે ગાલીજે એહ છાંણુ જો, તેહનાંરે ઇહાં ખંડ કદાચિત પામીયેરે લો; હાં રે વારી કાઢી મહાબલ કેશ થકી સુવિનાણ જો, મુદ્રા રે પૂલામાં ઠવી ગજને દીએ રે લો. ॥૧૧॥ હાં રે વારી ચાવણ લાગો ગયવર પૂલો તેહજો, તેહવે રે ભૂપતિ સુત આગે ચાલીઉં રે લો; હાં રે વારી ગોલા, કાંઠે મલીઓ લોક અછેહ જો. કરતો રે કોલાહલ કુમરે ભાલીઓ રે લો. ॥૧૨॥ હાં રે વારી કુમર વિચારે ચાલ્યો હું જિણ કામ જો, પુરવરે રેં કારજ એહ તેહનો મેલવ્યો રે લો; હા રે વારી ચક્રમાંથી ઉલલતે અતિ ઉદ્દામ જો, દીસેરે ઘણુ ધૂમે નભતલ ભેલવ્યો રે લો. ॥૧૩॥ હાં રે વારી ભુજ ઉંચા કરી

દોડે કુમર તિવાર જો, કહેતો રે ઈમ મધુર વચન ગાઢે સ્વરે લો; હાં રે વારી જીવે છે તુમ પુત્રી મલય કુમારીજો, ખેલે રે સાહસ કાં ભોલાં ઇણિપરે રે લો? ॥૧૪॥ હાં રે વારી કર્ણ સુધાસમ સુણીને તેહનાં વયણ જો, સાહમા રે આવ્યા લખલોક ઉજાયને રે લો; હાં રે વારી જીભે લવણ ઉતારૂં તુજને સયણ જો, કયાં છે રે કહો મલયા તેહ બતાયને રે લો? ॥૧૫॥ હાં રે વારી ઇમ સુણી બોલે તેહ નિમિત્તનો જાણ જો, કાઢો રે નૃપ રાણી ચયથી વેગલાં રે લો; હાં રે વારી તો ભાખું આગમગતિ હું ઇણે ઠાણ જો, ઈમ સુણીરે ચયમાંથી કાઢયાં કરી કલારે લો. ॥૧૬॥ હાં રે વારી કુંઅર કહે વસુધાધિપ કાં અકુલાય જો?; કિહાં એક રે મલયા છે નિશ્ચે જીવતી રે લો; હાં રે વારી નિમિત્તતણે બલે જાણ્યું મેં માહરાય જો, મતિ બલે રે કહું છું હું તમને તે વલીરે લો; ॥૧૭॥ હાં રે વારી હવે નૃપ પૂછે મલયા કેરી વાત જો, કરશે રે અતિ કૌતુક મહાબલ ઇહાં વલીરે લો; હાંરે વારી બીજે ખંડે એ થઈ દશમી ઢાલ જો, ભાખીરે ઇમ કાંતિ વિજય રંગે ભલી રે લો. ॥૧૮॥

॥ દુહા ॥

ભૂપ કહે સુણ નિમિત્તિયા, દુ:ખિયો હું વિણ ભાગ;
દેખું મલયા જીવતી, એવડો કિહાં મુજ ભાગ્ય?; ॥૧॥

કાલકુક્ષી સમ કૂપમાં, નાખી ન મરે કેમ?
અહો દૈવની ચિત્રતા, ન મૂઈ ભાગ્યે એમ. ॥૨॥

શોધી પણ લાધી નહી, જિમ નિર્ધન ધન કોડિ;
દુષ્ટ કિણે જલ થલચરે, ખાધી હોશે મરોડિ. ॥૩॥

તેહ ભણી મુજને સુખે, હોજો અગ્નિ સહાય;
વચન સુણી ઈમ ભૂપનાં, બોલ્યો કુમર બનાય. ॥૪॥

## ॥ ઢાલ અગીયારમી ॥

સૂવટિઆ લાઈ.......એ દેશી.

ભૂપતિજી રૂડા, સાંભલ ચમુર સુજાણ, હો રે હાં ...વાત ન ભાંખે કૂઅડી ભૂપ૦...આજ દિવસ સુખ ઠાણ હો રે હાં બારશ તિથિ થઈ રૂઅડી... ભૂ૦ ॥૧॥ આજથી ત્રીજે દિવસે, હો રે હાં હોર વાસર ચઢે... ભૂ૦; બેઠા સહુ અવનિશ હો રે હાં, મંડપ આડંબર મઢે...ભૂ૦ ॥૨॥ શોભિત તનુ શણગાર, હો રે હાં કુમારી દરિશણ આપશે...ભૂ૦; દેખીશ સહસાર, હો રે હાં; અચરજ સહુને વ્યાપશે ભૂ૦...॥૩॥ રચી સ્વયંવર શુભ એહ, હો રે હાં, આવત નૃપ મત વારજે ભૂ૦; જો છે તુજ સંદેહ, હો રે હાં. તો અહિનાણી એહ ધારજે... ભૂ૦ ॥૪॥ મલયા મુદ્રારયણ, હો રેહાં, કાલે તુજ કર આવશે...ભૂ૦; તો સાચા મુજ વયણ, હો રે હાં વેદ વાણી ગુણ પાવશે....ભૂ૦ ॥૫॥ ચૌદશને પ્રભાત, હો રે હાં પૂરવદિશિ પૂર બાહિરે....ભૂ૦; નૃપના બલ મન ખાંત, હોરે હાં, પરખાવણ તુજ કુલસૂરી....ભૂ૦ ॥૬॥ ષટ્કરણો એક થંભ, હોરે હાં પોલ સમીપે થાપશે ભૂ૦; લહેતાં લોક અચંભ, હોરે હાં દેખત રંગ ન પ્રાપશે....ભૂ૦ ॥૭॥ તે લેઇ તેણિવાર, હો રે હાં થિરથાપે મંડપ તલે ભૂ૦; ધનુષ વજ્રસાર હો રે હાં બાણ સહિત પૂજા ભલે....ભૂ૦ ॥૮॥ થાપે થાંભા

છેહ, હો રે હાં જે નર તેહ ચઢાઈને ભૂ૦; ભેદશે થાંભો તેહ, હો રે હાં હોશે વર તુજ જાઇને....ભૂ૦ ॥૯॥ અનોપમ છે અતિભ્રાંતિ, હોરે હાં પૂજાવિધિ તે થંભની ભૂ૦; ભાખ્યાં એ અવદાત, હોરે હાં, નિમિત્ત કલાએ અનુપમી....ભૂ૦ ॥૧૦॥ મલશે એ અહિનાણુ, હો રે હાં નિમિત્ત બલે ભાખ્યા અછે ભૂ૦; ન મલે જો નિરવાણુ, હોરે હાં ભૂ; હોરે હાં મન માન્યું કરજો પછે.... પંડિતજી રૂડા ॥૧૧॥ લોક કહે શિરનામ, હોરે હાં અમ ભાગ્યે તું આવીયો પં.; જ્ઞાની તું જસ પામ, હોરે હાં ઉપકાર ધુર ઠાવિયો....પં૦ ॥૧૨॥ તાહારા એ ઉપકાર, હો રે હાં, વીસરશે નહી જીવતે પં૦; આપ્યો એ અધિકાર, હો રે હાં જગદીશે તુજ ગુણ છતે....પં૦ ॥૧૩॥ આલે હરખ નિધાન, હો રે હાં, કંચનમણિ ભૂષણ બહુ....પં.; તે કહે જો લ્યું દાન, હો રે હાં તો ઉપકાર કિશ્યો કહું ?....પં૦ ॥૧૪॥ કરજો તુંહિ જ તેહ, હો રે હાં થંભતણા પૂજા વડી....પં.; નૃપ વચન છેહડે એહ, હો રે હાં બાંધે શુકનની ગાંઠડી.... પં૦ ॥૧૫॥ નૃપ કહે કન્યા કંત, હો રે હાં, કિણ નામે હોસે કહો....પં.; આગમ નિગમ અનંત, હો રે હાં પ્રગટપણે શાસ્ત્ર લહો....પં૦ ॥૧૬॥ પોહવીપૂર સુરપાલ, હો રે હાં મહાબલ નંદન પરવડો....પં૦; વરશે તે તુજ બાલ, હો રે હાં કુમર કહે એમ પરગડો.... પં૦ ॥૧૭॥ દિવસ થયો મધ્યાન્હ, હો રે હાં નૃપ આવે નગરી ભણી....પં.; કુંમર ઘણું સન્માન, હો રે હાં સાથે લે પૂરનો ધણી....પં૦ ॥૧૮॥ સાડંબર મહારાય, હો રે હાં આયો મંદિર ઉજમે....પં.; કુમર

નૃપતિ તિણે ઠાય; હો રે હાં સાથે વલી ભોજન જમે.... પં૦ ॥૧૯॥ વીતી કરતાં વાત, હો રે હાં અરધ દિવસ ને તે નિશા....પં.; ગહ મહ હૂઇ પ્રભાત, હો રે હાં રવિ ઉગે પૂરવદિશા....પં૦ ॥૨૦॥ બીજે ખંડે એહ, હો રે હાં પૂરણ ઢાલ અગ્યારમી....ભૂ.; કાંતિ કહે સસનેહ, હો રે હાં, સુણતાં શ્રોતાને ગમી....ભૂ૦ ॥૨૧॥

॥ દુહા ॥

પહેલા નૃપ મૂકયાં જિકે, ગાલણ ગજનું છાણ;
તેહ પ્રભાતે આવીયાં, સેવક જિહાં મહીરાણ. ॥૧॥

કર જોડી કૌતુક ભર્યાં, બોલ્યાં તિહાં એમ વયણ;
લાધ્યું ગજમલ ગાલતાં, એ પ્રભુ મૂદ્રા રયણ. ॥૨॥

નૃપ લીધી તે મુદ્રિકા, રભસપણે સસલૂણ;
વાંચત નામ સુતા તણું, ઈમ બોલ્યો શિર ધૂંણ. ॥૩॥

અહો અચંભો મુદ્રિકા, કિમ આવી ગજપેટ;
વલી નિમિત્ત એ કારણે, મલતો દીસે નેટ. ॥૪॥

તવ બોલ્યો જ્ઞાની ઈસ્યું, નિમિત્ત વિફલ નવિ હુંત;
કુલદેવી કારણ ઇહાં, સંભવીયે ખિતિકંત. ॥૫॥

હરખ્યો ભૂપ વિશેષથી, કરે સ્વયંવર કાજ;
લોક કહે કુમરી વિના, સ્યો માંડે નૃપ સાજ.? ॥૬॥

કથન થકી કિમ રાચીએ, હોયે જૂઠ કે સાચ;
પેટ પડયાં પતીજીયે, ઈમ બોલે કેઈ વાચ. ॥૭॥

કન્યા વિણ લઘુતા ઘણી, લહેશે નૃપ નૃપ માંહિ;
આવ્યાં નૃપ વિલખા થઈ, ઠુકલ કરશે પ્રાંહિ. ॥૮॥

સાંજ સમય તેરસ દિને, આવ્યાં નૃપનાં નંદ;
આવ્યાં મંદિર જૂજૂઆં, ત્યાં ઉતાર્યા નરિંદ. ॥૯॥

## ॥ ઢાલ બારમી ॥

રહો રહો રહો વાલહા.......એ દેશી.

જ્ઞાની કહે ઇમ રાયને, જો આપો અમ સીખ
લાલ રે; મંત્ર અધુર્ં મેં સાધીઓ, તે સાધું મન
ઇષ લાલ રે. સુગુણ સનેહા સાંભલો ॥૧॥ જો નવિ
સાધુ એ સમે, તો વલતું ન સધાય લાલ રે; કોઇ
વિઘન શુભ કામમાં, અણજાણ્યા ઇહ રાય લાલ રે...
સુ૦ ॥૨॥ આજૂની એક રાતિનો, આપો જો
અવકાશ લાલ રે, સાધી મંત્ર પ્રભાતમાં, આવીશ
હું તુમ પાસ લાલ રે....સુ૦ ॥૩॥ શીખ દેઇ
નૃપ ઇમ કહે, મંત્ર સાધનને કાજ લાલ રે;
જોઇએ તે આપું હજી, લેતાં ન કરશો લાજ લાલ
રે....સુ૦ ॥૪॥ ધન લેઇ કેતું તિંહા, કુમર ગયો
વનમાંહિ લાલ રે; રયણી ગમાડી દોહિલે, રાજાએ
ચિત્ત ચાહિ લાલ રે....સુ૦ ॥૫॥ પ્રહકાલે પગ ભૂપનાં,
ભેટે નાણી આય લાલ રે; નૃપ કહે તુજ મંત્રની, સિદ્ધિ
થઇ નિરપાય લાલ રે....સુ૦ ॥૬॥ કુમર કહે કાંઇક
થઇ, કાંઇક રહી છે શેષ લાલ રે....સુ૦; અર્ચન થંભ
તણું કરી, જાઇશ વલી તેણે દેશ લાલ રે....સુ૦ ॥૭॥
ખબર કરાવો થંભની, પહેલો મૂકયો જેહ લાલ રે;
સેવક તે તિંહા આઇને, બોલ્યો ધરી ઇમ નેહ લાલ
રે....સુ૦ ॥૮॥ તુમ આદેશે હું ગયો, પુર બાહિર
પ્રભાત લાલ રે; પોહોલ તણી ડાબી દિશે, દીઠો
થંભ સુજાત લાલ રે....સુ૦ ॥૯॥ ઇમ સુણી રાજા
ઉઠીઓ, તે નર સાથે લેઇ લાલ રે; થંભ સમીપે
આવીઓ, નિરખે દૃષ્ટિ ભરેય લાલ રે....સુ૦ ॥૧૦॥

લોક સહિત પૂર રાજિયો, આવે પૂજણ થંભ લાલ રે; તેહવે તેહ નિમિત્તિઓ, બોલ્યો ઈમ ધરી દંભ લાલ રે....સુ૦ ॥૧૧॥ અડશે જે એ થંભને, સમજ્યાં વિણ નર કોઇ લાલ રે; તો કુલદેવી કોપશે, કરશે અનરથ સોઈ લાલ રે....સુ૦ ॥૧૨॥ રાય પ્રમુખ પાછા ખિસે, મનમાં બીહીતાં અછેહ લાલ રે; નૃપ ભણે પૂજો તમે, પૂજ પ્રભૃતિ લેઈ એહ લાલ રે....સુ૦ ॥૧૩॥ વિધિપૂર્વક નાણી તિંહા, પૂજે બેઠો ધ્યાન લાલ રે; ૐ પદ મુખથી ઉચ્ચરી, મેલે માયા તાન લાલ રે....સુ૦ ॥૧૪॥ દોઢ પહોર વાસર ચડે, સેવક નૃપ આદેશ લાલ રે; થંભ ઉપાડી પૂર ભણી, પાવન થઇ સવિશેષ લાલ રે....સુ૦ ॥૧૫॥ મંડપમાં આડંબરે, થાપ્યો આણી શ્રી કાર લાલ રે; ષટ્કરણી પત્થર શિલા, કુંમરે કરાવી તૈયાર લાલ રે....સુ૦ ॥૧૬॥ ઊભી ખોસેં મંડપે, ધરતી માંહે બે હાથ લાલ રે; થંભ નિપુણ નિજ સંચથી, લેઈ બાંધ્યો તે સાથ લાલ રે....સુ૦ ॥૧૭॥ બે કર મુખ ઉંચે રહે, શિલા થકી તે થંભ લાલ રે; બાણ ધનુષ તેહથી ઠવે, પચ્છિમને આરંભ લાલ રે....સુ૦ ॥૧૮॥ સિંહાસન નૃપનાં ઠવ્યા, દક્ષિણ ઉત્તર ભાગ લાલ રે; ગંધર્વ માંડયો તિંહા, ગાવા મધુરો રાગ લાલ રે....સુ૦ ॥૧૯॥ થંભ ધનુષ પૂજાવીને, નૃપ પાસે તત્કાલ લાલ રે; કુમર કહે ભૂપતિ પ્રતે, તેડાવ્યા નરપાલ લાલ રે ....સુ૦ ॥૨૦॥ નાણી નૃપની ભીડમાં, દેખી અવસર ખાસ લાલ રે; જઇ બેઠો ગાંધર્વમાં, પલટી વેશ

પ્રકાશ લાલ રે....સુ૦ ॥૨૧॥ બેઠો ભૂપ સિંહાસને, દેવ જિસ્યાં સોહંત લાલ રે; પરવરિયાં પરિવારશું, રૂપે જગ મોહંત લાલ રે....સુ૦ ॥૨૨॥ ઢાલ થઇ એ બારમી, બીજે ખંડે ઉદાર લાલ રે; કાંતિ કહે ઇહાં પરણુસે, મહાબલ મલયા નાર લાલ રે....સુ૦ ॥૨૩॥

॥ દુહા ॥

ભૂપ ન દેખે કુમરને, તવ બોલ્યો અકુલાય;
રે જોવો નાણી કિંહા, ગયો ખબર લ્યો જાય? ॥ ૧ ॥

કહે સેવક જોઇ તિહાં, આવ્યો નહી અમ મીટ;
કરથી છૂટો કિહાં ગયો, જિમ ફુલ પાકે બીંટ. ॥ ૨ ॥

ભૂપ ભાણે પહેલાં ઇણે, સાધ્યો મંત્ર સુસાજ;
સાધન અર્ધ રહ્યો હતો, ગયો હશે તસ કાજ. ॥ ૩ ॥

વચન સવે તેહનાં મલ્યાં, પણ ન મલ્યો એક બોલ;
કન્યા વર મહાબલ કહ્યો, એ તો વચન ટકોલ ॥ ૪ ॥

અવસરે ઇહાં આવ્યો નહી, નહી યોગે હોનાર;
નિમિત્ત વચન નિઃફલ હોસે, હે હે સરજણહાર ॥ ૫ ॥

કુંઅર સુણી તિંહા વસ્ત્રસું, ઢાંકી વદન હસંત;
સર્વ જણાશે છેહડે, ઇમ મનમાંહે કહંત. ॥ ૬ ॥

વાત લહી કન્યાતણી, ભૂપે સકલ યથાર્થ;
માંહો માંહિ તે કહે, આવ્યા છો શ્યે અર્થ? ॥ ૭ ॥

મલયા બાલા બાપડી, મારી વિણુ અપરાધ;
હવે નૃપને કિમ વાલસે, ઉત્તર દેઇ અબાધ? ॥ ૮ ॥

એહવામાં નૃપ કહેણુથી, ઊંચે સ્વર સંભલાઇ;
નિપુણ નકીબ કહે ઇસ્યું, રાજ સભામાં આઇ ॥ ૯ ॥

## ઢાળ તેરમી

ચિત્રોડા રાજા રે..........એ દેશી.

સુણો ભૂપ હઠાલા રે, નરપતિ છોગાલા રે, થાઓ ઉજમાલા વિકથા છોડીને રે; મંડપ તલે આવો રે, નિજ શક્તિ જગાવોરે, વજ્ર સાર ચઢાવો દાવો જોડીને રે. ॥૧॥ શર પુંખી જોરે રે, થાંભા મુખ કોરે રે, કરે ઘાત કઠોરે બે દલ જૂ જૂઆં રે; તે નૃપ મહાબલને રે, પ્રગટી છલકલિને રે, વરસે અટકલીને અમ નૃપની ધૂઆ રે ॥૨॥ લાટ દેશનો રાણો રે, ઉઠયો સપરાણો રે, આવે હર્ષ ભરાણો મંડપને તલે રે; ઇન્દ્ર ધનુષથી ભારી રે, દીસે એહ કરારી રે, મનમાં ઇમ ધારી તે પાછો વલે રે. ॥૩॥ ચૌડ ભૂપતિ નામે રે, ઉઠયો તિંહા હામે રે, આવ્યો મંડપ ઠામે થઇને સાંસતો રે; નિરખી ચિલકારા રે, જિમ તપત અંગારા રે, એ તો જગત સંહારા ઇમ કહે નાસતો રે. ॥૪॥ ગૌડાધિપ હસતો રે, આવ્યો ધસ મસતો રે, તે તો દરિઓ ખિસતો ધનુષ ઉપાડતો રે; હું તો એ રસિઓ રે, પણ દેવે મુશીઓ રે, ઇમ નૃપગણ હસિયો તાલી પાડતો રે ॥૫॥ કરણાટક સ્વામી રે, આયો ગજગામી રે, રાખે નહી ખામી બલ કરતો અડે રે; શર નાખી વંકારે, થયો તે સાશંકારે, જિમ હુયે સુકુલ કલંકો રે તિમ જાંખો પડે રે. ॥૬॥ કેતાં નવી ઉઠે રે, કેઇ બેઠા પૂછે રે, કેઇ શરની મૂઠે ભેદે થંભને રે; પણ થંભ ન ભેદ્યો રે, નૃપ ટીલો ખેદ્યો રે, નિજ દર્પ ઉછેદ્યો બલ

આરંભીને રે. ॥૭॥ મરડક મૂછાલા રે, લાજ્યાં ભૂપાલા રે, કરતાં ઢકચાલા નિંદે આપ આપને રે; માટી પણ મૂકયાં રે, ભુજનું બલ ચૂકયાં રે, સાહામાં વલી ઢૂકયાં કોઇ ન ચાપને રે. ॥૮॥ વીરધવલ વિમાસે રે, કુમરી સવિલાસે રે, પ્રગટીં નહી પાસે જનમાં લાજશું રે, મહાબલ તે તેહવે રે, થંભ પાસે એહવે રે, આવ્યો ધસી કે હવે વીણા સાજશું રે. ॥૯॥ તિહાં વીણ બજાવી રે, આકાશ ગજાવી રે, મૂકયાં રીજાવી જણ તંતી રસે રે; વલી ધનુષ ઉપાડી રે, બોલ્યો અતિ ત્રાડી રે, પરણીશ હું લાડી મુજ બલને વશે રે. ॥૧૦॥ ગાંધર્વ એ ધીઠો રે, એહને વિધ રૂઠો રે, નહી છે ઇહાં મીઠો ખાવો ભીખને રે; ઇમ કહી નૃપ હસતાં રે, મહાબલસું સુસતા રે, રહેસો કર ઘસતાં કહ્નું મગ શીખનો રે. ॥૧૧॥ તાણ્યો ધનુષને સીધો રે, ટંકારવ કીધો રે, જાણે મદ પીધો નૃપ ગણ લોટવ્યો રે; શર ચાઢી ખંચે રે, નાખે પરપંચે રે, ખીલીને સંચે થાંભો ચોટવ્યો રે. ॥૧૨॥ સંપટ ઉઘાડીયું રે, માથે જે જડિઓ રે, અલગો જઇ પડિઓ બાણે આહણ્યો રે; તેહમાંથી સારી રે, નરરાય કુમારી રે, પ્રગટી મનોહારી વેશ ભલો બન્યો રે. ॥૧૩॥ શ્રીખંડ કપૂરે રે, કસ્તૂરી પૂરે રે, અંબરને ચૂરે લેપી દેહડી રે; દિવ્યાલંકારે રે, અતિ શોભા ધારે રે, શ્રીપૂંજને હારે છબી બમણી ચઢી રે. ॥૧૪॥ બીડી કર ડાબે રે, જિમણે કર ઠાવે રે, વરમાલ સુહાવે હાવેં તે ભરી રે; દીપે દ્યુતિ ભારી રે, જિમ રતિપતિ નારી રે,

જાણે નાગકુમારી થંભમાં ઉતરી રે. ॥૧૫॥ પેઠી કિમ કાઠે રે, કય રે કિણે કાંઠે રે, પૂછે ઇતિ પાઠે નૃપ કન્યા પ્રત્યે રે; જીવી જસ શકતે રે, કન્યા કહે વિગતે રે, જાણે તે જુગતે કુલદેવી મતે રે ॥૧૬॥ નૃપ કહે મેં ચૂંપે રે, નાંખી તે કૂપે રે, રાખી ઇંણે રૂપે કુલદેવીયે રે; વરશોભા ભૂંડા રે, એહને વર રૂડા રે, આલોચીને ઉંડો ચિત્ત દેવી તિયે રે. ॥૧૭॥ ભૂપતિનાં વારૂ રે, બલ પરખણ સારૂં રે, રચિયો એ વારૂ થંભો કાઠનો રે, કનકાથી લીધો રે, શ્રીહાર પ્રસિદ્ધો રે, તુજને તેણે દીધો સુંદર ઠાઠનો રે. ॥૧૮॥ ચર્ચિત અતિ રૂડે રે, મણિ સોવન ચૂડે રે, ઓપી બાજુડે કોમલ બાહુડી રે; કુલદેવી સુધારી રે, વરમાલા ધારી રે, થંભ માંહિ ઉતારી તું અમને જડી રે. ॥૧૯॥ દુઃખડું મુજ નાઠું રે, કારજ થયું કાઠું રે, પણ લાગે એ માઠું મહાબલ નહિ રે; જેણે થંભ ઉઘાડયો રે, નૃપ ગર્વ લતાડયો રે; ગંધર્વ દેખાડયો તે ભાગ્યે વહી રે. ॥૨૦॥ ઇમ શોચે તિવારે રે, ભૂપતિ દુઃખ ભારે રે, મહાબલ તેણિવારે મુંખ ઢાંકી હસે રે; થાંભાથી નિકસી રે, કુમરી કહે વિકસી રે, નાખ્યો થંભ ઉકસી તે નર કયાં વસે રે. ॥૨૧॥ દેખાડે પ્રકાશે રે, ધાઇ માત ઉલ્લાસે રે, ઉંભો થંભ પાસે શ્લોક તે ગોઠવે રે; ભૂપતિની બાલા રે, સુંદર વરમાલા રે, મહાબલને વિશાલા કંઠે લોઠવે રે. ॥૨૨॥ મહાબલ વર વરિઓ રે, ભાગ્યે અતિ ભરિઓ રે, રતિપતિ અવતરિઓ રૂપ સમાજશું રે; બીજે ખંડે દાખી રે,

ઢાલ તેરમી ભાખી રે, લેજો રસ ચાખી કાંતિ કહે ઈર્સ્યું રે. ॥૨૩॥

॥ દુહા ॥

ભૂપતિ કોપે ધડહડયાં, બોલે વિષમ વચન;
જૂઓ પરીક્ષા એહની, વરીઓ પુરૂષ રતન. ॥ ૧ ॥
નૃપ મણિ છાંડી આદર્યો, મૂર્ખપણે એ કાચ;
દેવ જિસી પાત્રી હુવે, એ ઉખાણો સાચ. ॥ ૨ ॥
સહેશું કિમ જલપૂર પરે, પ્રગટ પરાભવ પાલ;
હણી એહ ગંધર્વને, લેશું બાલ ઊલાલ. ॥ ૩ ॥
ઈમ કહી તે હુઈ એકઠા, હણવા ઉઠયાં રૂઠ;
ધવલ કટક ગંધર્વને, તતક્ષણ વીંટે ઉઠ. ॥ ૪ ॥
વજ્રસાર તે કર ગ્રહી, વેણુ કરણ રોશાલ;
કરે પ્રગટ શર શર વર્ષણે, પૌરૂષ વર્ષાકાલ. ॥ ૫ ॥
અણસહેતા પ્રતિઘાત તસ, નાઠા તેહ વરાક;
જેમ દંડાગ્રે બીહતાં, જાયે દિશો દિશ કાગ. ॥ ૬ ॥
ભટ્ટ પુત્ર પરિચિત તિહાં, ઉભો એક નજીક;
મહાબલને જાણી ઈસી, ભણે સ્વસ્તિ નિભીક. ॥ ૭ ॥

## ॥ ઢાળ ચૌદમી ॥

બાવા કિસનપુરી...એ દેશી.

શૂર નૃપતિ કુલ ભાસણ ચંદ, પદ્માવતી દેવીના નંદ....મોહન સ્વસ્તિ ગ્રહો. આયા ઇહાં કેમ, કહોજી કહો, ઘણા દિવસની હુતી ચાહ, સફલ હુઈ દીઠા નરનાહ....મો૦ આ૦ ॥૧॥ વાયની મારી કોયલ જેમ, સંભવે તુમ આગમ ઈહાં એમ....મો૦; અલગા ન

કુર્યાં ભીટથી લેશ, ધીર્યા કિમ નરપતિ પરદેશ.... મો૦ આ૦ ॥૨॥ પરિકર સાથે નહીં છે કોય, ઈમ કર્યાં આયા એકાકી હોય....મો૦; કારજ કો સોંપો મહારાજ, મુજ લાયક કરીયેં જેમ આજ....મો૦ ॥૩॥ ઈમ સુણી ત્યાં રીજ્યો નૃપ ચિત્ત, પૂછે કવણ સાચું કહો મિત્ત...મો૦; તે કહે ઈહાં નહી છે સંદેહ, મહાબલ નામે કુમર હોય એહ....મો૦ આ૦ ॥૪॥ વાઢ્યો જેહને હાથાં હેઠ, ઓલખીયેં નહી કિમ તે નેઠ?....મો૦; નૃપ કહે સાચું નિમિત્તનું વયણ, આજ હૂઓ મિલતે નર રયણ....મો૦ આ૦ ॥૫॥ આવ્યો હશે એ ગયણને માગ, કે વલી ધરણીતલમાં લાગ મો૦; અકલ કલાથી કરતો કેલિ, અમ ભાગ્યે પાયો ગજગેલ....મો૦ આ૦ ॥૬॥ પૂછીસ પાછેં સઘલી વાત, પહેલાં નૃપની ટાલું ઘાત....મો૦; એમ વિમાસી નૃપ આશ્વાસ, સમજાવી વાલ્યા આવાસ....મો૦ આ૦ ॥૭॥ જીમાડયાં વરકન્યા બેહ, ભોજન મૂકે નૃપને તેહ....મો૦; જોવરાવ્યો તે નાણી રાય, પણ નવિ લાઢ્યો કિણહીં ઠાય....મો૦ આ૦ ॥૮॥ રાય વિમાસે તે નર લોભ, પવન પરેં ન લહે કિહાં થોભ....મો૦; ચંપકમાલા સાથે ભૂપ, ભૂંજે ભોજન સરસ અનૂપ મો૦....આ૦ ॥૯॥ લગનનો દાહડો લીધો સમીપ, કરે સજાઈ અતિ અવનીય....મો૦; સમરાવ્યાં જલ છાંટયાં શહેર, શણગારી નગરી ચોફેર....મો૦ આ૦ ॥૧૦॥ સમીઆણા તાંણ્યા વલી ખાસ, જાણે ઉતાર્યા સુર આવાસ....મો૦; કૃષ્ણાગરૂના ધૂપ ધૂખંત, આકાશે ઘણ થઈ વરસંત....મો૦ આ૦ ॥૧૧॥ તોરણ માલા

ઝાક જમાલ, ઘર ઘર વર્ત્યાં ધવલ ધમાલ....મો૦; બીજે ખંડે ચૌદમી ઢાલ, કાંતિ કહે સુણો વચન રસાલ....મો૦ આ૦ ॥૧૨॥

॥ દુહા ॥

રાજ ભવનમાં રસભરે, પ્રગટયાં રંગ અપાર;
અભિનવ શોભાએ કર્યો, લીલાએ સંચાર ॥ ૧ ॥

કરે વિલેપન કુંકુમે, સાજન માંહોમાંહિ;
દેહ ધરી બાહિર રહ્યો, જાણે રાગ ઉચ્છાહિ. ॥ ૨ ॥

કુલદેવી પૂજી વિધે, વજડાવ્યાં નીશાણ;
અશન વસન તાંબૂલનાં, લહે ગુરૂ જન સનમાન. ॥ ૩ ॥

નૃત્ય કરે વારાંગના, વિધ વિધ અંગ ઉવટ્ટ;
સોહે મીન કુટુંબની, લેતી જેમ પલટ્ટ. ॥ ૪ ॥

બાંધ્યાં જલકે ચંદુઆં, જરતારી જર બાફ;
જેમ અકાલે યુગતિની, સંધ્યા ફૂલી સાફ. ॥ ૫ ॥

શણગારે સાડી સબલ, સધવા સુંદર તેહ;
કોકિલ કંઠે કામિની, ધવલ દીએ ધરી નેહ. ॥ ૬ ॥

મલે જમલશું જાનીયા, ખમકંતે કેકાણ;
સોંધે ભીના સામઠા, ગાહિડ ભર્યાં જુવાણ. ॥ ૭ ॥

## ઢાળ પંદરમી

કરડો તિહાં કોટવાલ........એ દેશી

મહાબલ મલયા બાલ, ચંદન ચર્ચિત સોહ્યા ભૂષણજી, સુરતરૂ મોહન વેલી, સરીખાં દીસે બિહું નિર્દૂષણેજી. ॥૧॥ વાજે ભૂંગલ ભેરિ, તાલ કંસાલ નફેરી નાદશુંજી; શણગાર્યાં ગજરાજ, આગલ ચાલે

અતિ ઉન્માદશુંજી ॥૨॥ ચામર છત્ર ઢલંત, ફરહરતે કેસરીયે વાઘે સજ્યોજી; નિરૂપમ થાપ્યો મોડ, શ્રીફલ કરમાં સુંદર રાજતોજી ॥૩॥ કુંકુમ તિલક બનાય, તંદુલ ભાલે ચોઢયાં ઉજલાંજી; પરવરિયાં ઘમસાણ તોરણ આવ્યો વર વધતી કલાજી ॥૪॥ મોતી થાલ વધાવ, પધરાવ્યા વર કન્યા ચોરીએજી; ભટ્ટ ભણે જયમાલ, સોહલાં ગયાં સરલે ગોરીયેજી ॥૫॥ બ્રાહ્મણ ભણતે વેદ, પંચામૃતના હોમ તિહાં કીયાંજી; ચારે ચોરી અંગ, દીપે જિમ પુરૂષારથ વીંટીયાંજી ॥૬॥ બિહુંના છેહડાં બાંધ, ચારે ફેરે મંગલ વરતીયાંજી; પ્રીતિ જિસ્યાં સુસવાદ, સાર કંસાર તિહાં આરોગીયાંજી ॥૭॥ વિધિપૂર્વક કમનીય, પાણીગ્રહણ મહોત્સવ તિહાં કિયોજી; નૃપ રાણી આશીષ, વચન ઇસ્યો અતિ હેજે ઉચ્ચર્યોજી ॥૮॥ ચંદ્રિકા ચંદ્ર સમાન, અવિચલ હોજો તુમચી જોડલીજી; હયગય રથધન કોડી, કરમોચન વેલાયે હે ભલીજી. ॥૯॥ વર-કન્યા મનરંગ, મોહલામાંહે તિહાં પધરાવિયાંજી; સંતોષ્યો પરિવાર, માન મહોત દે સહુ રાજી કીયાંજી. ॥૧૦॥ લોક કહે લખ કોડિ, મલતી જોડી વિધાતા મેલવીજી; મુદ્રા નંગ સમાન, રતિપતિ નાયકની જોડી હવીજી. ॥૧૧॥ અવસર લહી અવનીશ, પૂછે ત્યાં મહાબલને ખાંતશુંજી; એકાકી ઇણે ઠામ, લગન આવ્યા સમયાં કિણ ભાંતશુંજી? ॥૧૨॥ કુંમર ભણે મહારાય, જાણું નહિ કિણ દેવી આણીઓજી; નૃપ કહે સઘલું સાચ, કુલદેવી નિપજાવે જાણીઓજી ॥૧૩॥ વલી

મહાબલ કહે એમ, શીખ કરો તો ચાલું ઘર ભણીજી; મુજ વિરહે મા તાત, કરતાં હોશે ચિંતા મન ઘણીજી ॥૧૪॥ બાર પહોરમાં જાઈ, ન મલું તો તે મરશે નેહથીજી; કરી કરૂણા કરુણાલ, શીખ દીયો હવે મુજને તેહથીજી, ॥૧૫॥ પડવેને દિન સૂર, ઉગ્યાં પહેલાં જો જાઇ મલુંજી; જીવંતા મા બાપ તો દેખું હવે કહું વલી કેટલુંજી ? ॥૧૬॥ રાય કહે સુણ ધીર ધૈર્ય ધરો મત થાઓ આકલાજી; સઘલાની મુજ ચિંત, કરવી મેં જાણો ગુણ આગલાજી ॥૧૭॥ બાસઠ યોજન દૂર, પોહવીઠાણ નગર ઇહાંથી અછેજી; આજ રયણી એક યામ, પડખોજી વોલાવીશ હું પછેજી ॥૧૮॥ કરહલિયાં કરી સાજ, કરવતિયાં ઘર કાટણ કોરડીજી; સંપ્રેડીશ તતકાલ, અસવારી મનધારી એ છડીજી ॥૧૯॥ કોપ્યાં જે નરપાલ, સત્કારી બોલાવું તેહનેજી; ત્યાં લગે ધીર ધરાય, રહો ઇમહિજ કરતાં એ બનેજી ॥૨૦॥ ઈમકહી ઉઠયો ભૂપ, બીજે ખંડે સરસ સોહામણીજી; એ પન્નરમી ઢાલ, કાંતિવિજય સવિલાસપણે ભણેજી ॥૨૧॥ ઇતિ ॥

॥ દુહા ॥

કુમર કહે કન્યા પ્રત્યે, રહસ્ય પણે તજી લાજ;
કરી પ્રતિજ્ઞા તુજ મુખે, તે મેં પૂરી આજ ॥૧॥

ગત દિવસે દેવી ગૃહે, મિલ્યાં રભસમાં જેહ;
કહી ન શકયાં નિજ નિજ કથા, હવે કહીજે તેહ. ॥૨॥

એહવે વેગવતી તિંહા, મલયાની ધાત્રમાઈ;
આવી કરજોડી બિન્હે, પૂછે એમ હસાઈ. ॥૩॥

કારજ એ દેવી તણા, અથવા અવર ઉપાય;
એમ મન સંશય આકુલે, કહો સુભગ સમજાય. ॥૪॥
કહે કુમરી એ માહરે, વીશવાસણી છે સ્વામિ;
સુખે કહો શંકા તજી, એહ મુજ જામણિ ઠામ. ॥૫॥
ગજ મુખ દીધી મુદ્રિકા, તેહ પ્રમુખ સુચરિત્ર;
ભાખીને દિન અપરનું, સંધ્યાનું કહે ચિત્ર. ॥૬॥

## ॥ ઢાલ સોળમી ॥

સખીરી આયો ઉન્હાલો અટારડો... એ દેશી.

પિયારી સાંજ સમય બીજે દિને નૃપથી માંડી પ્રપંચ.... મૃગાક્ષી સાંભલો; પિયારી મંત્ર સાધન મિષ નીકલ્યો, નીકલ્યો ભૂપકને લેઇ લંચ....પિં ॥૧॥ પિયારી તે દ્રવ્યે સુતારનાં....સૂ૦, ઉપકરણ લેઇ મૂલ....મૃ૦; પિં રંગ અનેક લીયા વલી....લી; મૃગમદ પ્રમુખ અતૂલ....મૃ૦ ॥૨॥ પિં સામગ્રી ઈમ સંગ્રહી....સં૦, આવ્યો દેવી ધામ....મૃ.; પિં વિવર સહિત તે ફાલિકા....ફા૦, કીધી ઘડી અભિરામ....મૃ૦ ॥૩॥ પિં ખીલી છાની તેહમાં....તે૦, બેસારી કરી સંચ....મૃ૦; પિ. સાલ સંચે મુખ ઢાંકણો મુ૦, નીપાયો પરપંચ....મૃ૦ ॥૪॥ પિ. એહવે ત્યાં કેઈ તસ્કરા....ક૦, મૂકી ભીત મંજૂષ મૃ૦; પિ. તસ્કર એક ઠવી ગયાં....ઠ; તે પુર ચોરી હુંશ....મૃ. ॥૫॥ પિ. પૂર્વ સામગ્રી ગોપવી....ગો૦, હું થયો ચોર સમાન.... મૃ૦; પિ. જાણી એકાકી તે કનેં....તે૦, ઉભો રહ્યો કરી સાન....મૃ૦ ॥૬॥ પિ. મુજને નિરખી ઈમ કહે....ઈ૦, તે અતિ લોભને વ્યાપ....મૃ૦; પિ. તાલું

ભાંજી નવિ શકું....ન૦; તું મુજ ખોલી આપ....મૃ૦ ॥૭॥ પિ. તુરત ઉઘાડી મેં દીયો....મેં૦; લીધો તેણે સવિ માલ....મૃ૦; પિ. તાણી બાંધે પોટલી....પો૦, દ્રવ્ય તણી લોભાલ....મૃ. ॥૮॥ પિ૦ બીહીતો મુજને ઇમ કહે....ઇ૦, શૂકી સતની મૂંઠ....મૃ૦, પિ. જાઉં તો હવે ચોર તે....ચો૦, કે નૃપ જન કરે પૂંઠ ....મૃ૦ ॥૯॥ પિ૦ મારે મુજને મૂલથી....મૂ૦, થરકે તેહથી ચિત્ત મૃ૦; પિ. થાનક મુજ જીવ્યાં તણું....જી૦, દેખાડો કોઇ મિત્ત....મૃ૦ ॥૧૦॥ પિ૦ પદ્મશિલા તે ભવનની....તે૦, મેં ઉઘાડી ખાંચ....મૃ૦; પિ. માલ સહિત તે ચોરને.... તે૦, ઘાલ્યો ઉંચે ખાંચ....મૃ૦ ॥૧૧॥ પિ. તિમહીજ ઉપર તે ઠવી....તે૦, વિવર અંતર રાખ....મૃ૦; પિ. ઉતરતાં અંગણ તલે....અં૦, દીઠો વડતરૂ જાંખ....મૃ૦ ॥૧૨॥ પિ. દોડી વડ ઉપર ચઢયો....ઉ૦, રહું જોતો તુજ વાટ....મૃ૦; પિ. દીઠા વડની કૂખમાં....કૂ૦, ભૂષણ વસનનો થાટ....મૃ૦ ॥૧૩॥ પિ. અપહરિ લીધા દેવીયેં....દે૦, પહેલો મુજ સમુદાય....મૃ૦; પિ. તે તિણ છાનાં ગોપવ્યાં....ગો૦, દીસે છે એ પ્રાય.... મૃ૦ ॥૧૪॥ પિ. મેં લીધો તે ઓલખી....ઓ૦, નિરખું બેઠો ગુજ્જ....મૃ૦; પિ. ઉપરવાટે આવતી.... આ૦ નજરે પડી તું મુજ્જ....મૃ૦ ॥૧૫॥ વડતરૂથી હું ઉતર્યો....હું૦, સાહામો આવ્યો દોડ....મૃ૦; પિયારી બેહું મલ્યાં એ માહરી....મા૦, વાત કહી છલ છોડ.... મૃ૦ ॥૧૬॥ પિ. બીજે ખંડે સોલમી....સો૦, એ થઇ નિરૂપમ ઢાલ....મૃ૦; પિ. કાંતિ કહે મલયા હવે....મ૦, કહેશે વાત રસાલ....મૃ૦ ॥૧૭॥

॥ દુહા ॥

કુમાર ભણે મેં જુગતિશું, ભાખ્યો મુજ વિરતંત;
તું પણ કહે તાહરો હવે, મૂલથકી જિમ હુંત. ॥૧॥
તે કહે તુમ શિક્ષા ગ્રહી, પેઠી હું પુરમાંહિ;
પુરૂષ વેષ મગધાસદન, પુછું પગ પગ છાંહિ ॥૨॥
ઘર ન મલી પુરમાં ભમી, કિંહાઈ ન દીઠી સ્વામ;
બેઠી દેવલ એકમાં, દીઠી મગધા તામ. ॥૩॥
નાંખી વાંકે ફાંફડે, ધૂરત એકે ધૂત;
જાવા લાગ લહે નહી, રોકી સબલ કુસૂત. ॥૪॥
કારણ મેં પૂછ્યાં થકી, બોલી કરતી રીંગ;
અહો સુગુણ મુજ પાછલે, વલગો છે એક લિંગ. ॥૫॥
ધૂરત એહ પૂઠે પડ્યો, લંઘાવે છે મુજજ;
ક્ષણ ક્ષણ થઇ વિરુઓ નડે, ગુંમડ જેમ અરૂજજ. ॥૬॥
નિઃકારણ મુજને હણે, ભીડી સંકટ માંહિ;
વાત કહું તે આદિથી, સુણજો ચિત્તની ચાહિ. ॥૭॥

## ॥ ઢાલ સત્તરમી ॥

દક્ષિણ દોહિલો હો રાજ....એ દેશી.

ગતદિન બેઠી હો રાજ, મંદિર બારેં રાજ; ધૂરત ત્યારે રે, એતો આવ્યો માલ્હતો ॥૧॥ હાસ કરીને હો રાજ, મેં બોલાવ્યો રાજ; ઇંમ તો ન જાણ્યો રે, ધૂત્તારો જન એહ છે. ॥૨॥ મુજ તનુ મરદે હો રાજ, ખાંતે કરીને રાજ; કાંઇક આપું રે, હું તુમને રૂઅડું. ॥૩॥ વચન સુણીને હો રાજ, આવ્યો સમીપેં રાજ, મદીં માહારી રે, ઇણેં દેહ ચોળીને. ॥૪॥ હું પણ તૂઠી હો રાજ. મનમાં વારૂ

રાજ, જિમવા સારું રે, મેં તો તેહને નોતર્યો ॥૫॥ એહ કહે માહરે હો રાજ, કામ નહી છે રાજ; ભોજન ન કરુ રે, કાંઇક મુનેદે હવે. ॥૬॥ પીત પટોલી હો રાજ, લે નહીં દેતાં રાજ, સો ગમે દેતી રે, દામે રાજી ના થયો. ॥૭॥ નામ ન ભાખે હો રાજ, કાંઇક માંગે રાજ; આજ એ આવીરે, લાગો પૂંઠે માહરે. ॥૮॥ દેહરે બેસારી હો રાજ, મુજને લંઘાવે આજ જાવા ન દીયે રે, કયાંહિ પીટ્યો બાહિરે. ॥૯॥ તવ મેં વિચાર્યું હો રાજ, જો હું દુઃખમાં રાજ; જગડો નિવેડી રે, વેશ્યાને છોડવું ॥૧૦॥ તો મુજ થાવે હો રાજ, કારજ એહથી રાજ; ઇમ નિરધારી રે, બેઠી ત્યાં હું તેં કન્હે. ॥૧૧॥ મગધાને કાને હો રાજ, કાંઇ છાને રાજ; મે કહ્યું બિહુંને રે, જાઓ જમવા જોખમાં ॥૧૨॥ ત્રીજે તે પહોરેં હો રાજ, જગડો હું ભાંજીશ રાજ; વહેલાં આંહિ રે, બેહું પાછા આવજો. ॥૧૩॥ મહાબલ પૂછે હો રાજ, વાદ એ મહોટો રાજ; કિમ કરી ભાંજ્યો રે, ગોરી કહે ને તે હવે. ॥૧૪॥ પંથની થાકી હો રાજ, દેહરે હું સૂતી રાજ; ત્રીજે પોહોરે રે, ફરી બેહું આવીયા. ॥૧૫॥ મુજને ઉઠાડી હો રાજ, મગધાની દાસી રાજ; ઘટ એક ઢાંકીરે, માંહે છાની ત્યાં ઠવે. ॥૧૬॥ મેં કહ્યુ તેહને હો રાજ; જણ કરી સાખી રાજ; કાંઇક અપાવી રે, તુજને રાજી હું કરૂં. ॥૧૭॥ તે કહે વારુ હો રાજ, કાંઇક અપાવો રાજ; તો નહી દાવો રે, એહથી માહરે આજથી. ॥૧૮॥ મગધાને કીધી હો રાજ, શાન મેં જયારે રાજ; મગધા ત્યારે રે, ભાંખે એહવું

ધૂર્તને. ॥૧૯॥ હું તો હારી હો રાજ, તું હવે જીત્યો રાજ; કાંઇક મૂક્યું રે, મેં તો માંહે કુંભમાં. ॥૨૦॥ તે તું લેઈને હો રાજ, છેહડો છેડો રાજ; ઇમ સુણી આવ્યો રે, રંગે દેવલમાં વહી. ॥૨૧॥ કુંભ નિહાલી હો રાજ, ઢાંકણી ઉઘાડી રાજ; કાંઇક લેવા રે, ઘાલે માંહે હાથ તે. ॥૨૨॥ ફણિધર મહોટો હો રાજ, હાથે વલગો રાજ; ન રહે અલગો રે, વાંકો કર આછોડતાં. ॥૨૩॥ તે કહે ઇહાં તો હો રાજ, કાંઇકિ દીસે રાજ; મગધા હસતી રે, ભાંખે એહ છે તાહરો. ॥૨૪॥ મેં મુજ બોલ્યો હો રાજ, તે એહ દીધો રાજ; તુજ દેણાંથી રે, કીધો માહરો છૂટકો. ॥૨૫॥ લોક હસતા હો રાજ, કહે તિંહા બહુલા રાજ; એહને દીધું રે, એણે કાંઇક રૂઅડું ॥૨૬॥ વિષધર ડંકયો હો રાજ, તે નર મૂકયો રાજ; તોતિલ નામે રે, દેવી કેરે બારણે. ॥૨૭॥ મુજને તેડી હો રાજ, મગધા સાથે રાજ; નિજઘર આવી રે, પાડ માહરો માનતી. ॥૨૮॥ બીજે ખંડે હો રાજ, ઢાલ સત્તરમી રાજ; કાંતિ ઉમંગે રે, ભાંખી રૂડી નેહશું. ॥૨૯॥

॥ દુહા ॥

દ્વાર રહી મેં તેહને, આપ્યો ઇમ ઉચ્ચાર;
તુજ ઘર નૃપદ્વેષી રહે, પેસું નહી તે માટ. ॥ ૧ ॥
ઇમ સુણી તે વિલખી થઇ, ચિંતે એહવું ચિત્ત;
એ નાણી છે કોઈક નર, જાણે રહસ્ય ચરિત્ત. ॥ ૨ ॥
બીહતી મનમાં બાપડી, મુજને ઈમ કહે વાણ;
રખે સુગુણ ! કહેતાં કિહાં, કહું છું જોડી પાણ. ॥ ૩ ॥

કિંહા છુપાઉં તુમ થકી, ન રહે છાની નેટ;
કહો છિપાયો કિંહા છિપે, હાથ આંબલ પેટ. ॥ ૪ ॥

બને કપટ કરવો તિંહા, જિંહા કપટનો લાગ;
કોઇક દિન તેહવો મલે, કાઢે સઘલો તાગ. ॥ ૫ ॥

સૂઈ છિદ્ર કરે નિતા, પૂરશુ ધાગા સાખ;
સજ્જન સહેજે ગુણ કરે, ઢાંકે અવગુણ લાખ. ॥ ૬ ॥

એહથી મુજ પાનું પડ્યું, તે તો પૂરવ ભોગ;
ગલે ગ્રહીને કાઢવા, હવે બન્યો છે જોગ. ॥ ૭ ॥

## ॥ ઢાળ અઢારમી ॥

ચંદનરી કટકી ભલી.... એ દેશી.

વીરધવલની ગોરડી, કનકવતી નામેણ....નાણિદાં હો રાજ; ચરિત્ર સુણો એહવી નારીના, કપટ કરીને નૃપ નંદની, કૂપે નખાવી એણ....ના૦ ॥૧॥ કૂડકપટ જાણી નૃપે, રોકીતી નિજ ગેહ....ના૦; નાસી નિશિ આવી રહી, મુજ ઘર પૂરવ નેહ....ના૦ ચ૦ ॥૨॥ બલતી જેહવી ગાડરી, પેઠી ઘરને ખૂણ....ના૦; મુજ ઘરથી કાઢો પરી, કરીને કાંઈક ટુંણ....ના૦ ચ૦ ॥૩॥ માનીશ હું ઉપગારડો, બીજો એ ગુણ જોઈ.... ના૦; પારથીયા હોયે સ્વારથી, સ્વારથ વિણ જગ કોય....ના૦ ચ૦ ॥૪॥ તવ મેં મગધાને કહ્યું, કાઢું જો કરી ખ્યાલ....ના૦; વૈર વધે તો બેહુમાં, જાણયો પણ જંજાલ....ના૦ ચ૦ ॥૫॥ તો પણ તુજ ઉપ-રોધથી, કરશું હું એ કાજ....ના૦; તે મુજ રાતે મેલવે, જિમ કરું કાઢણ સાજ....ના૦ ચ૦ ॥૬॥ ગણિકાયેં અતિ આદરે, ભોજન મુજને દીધ....ના૦;

રાતે એકાંતે મુને, કનકા મેલવી સીધ....ના૦ ચ૦ ॥૭॥ મુજ સાથે રાગે ભરી, વદતી મીઠા બોલ...ના૦; ભોગ ભણી મુજ પ્રારથે, કરતી નયણ કલ્લોલ.... ના૦ ચ૦ ॥૮॥ મેં ભાખ્યું તેહને ઇર્સ્યું, મુજ વાલો છે એક...ના૦; તે અતિ અરથી નારીનો, મનમથ રૂપે છેક....ના૦ ચ૦ ॥૯॥ પણ કામે ગામે ગયો, આજ કરી સંકેત...ના૦; મુજ મલશે દેવી ઘરેં, રાતે કાલે સહેત....ના૦ ચ૦ ॥૧૦॥ મુજ સાથે તું આવજે, દેશું જોગ બનાય...ના૦; નહીં તો પણ એ આપણી, પ્રીતિ કિંહા નહી જાય....ના૦ ચ૦ ॥૧૧॥ કહે કનકાં કયાંથી તુમે, આવ્યા કુણ તુમ જાત....ના૦; મેં કહ્યું બિહું ક્ષત્રી અમે, ચાલ્યા વિદેશ સખાત....ના૦ ચ૦ ॥૧૨॥ મુજ વચને તે વીશ્રમી, ભાખે નિજ અવદાત....ના૦; ગોષ્ઠિ કરતાં રાતડી, વીતી ગયો પ્રભાત....ના૦ ચ૦ ॥૧૩॥ પૂછયું પ્રપંચે મેં વલી, તેહને પ્રભાતે તાંઇર્....ના૦; છે તુંજ પાસેં કે નહી, આભરણાદિક કાંઈ....ના૦ ચ૦ ॥૧૪॥ તવ મુજને દેખાડીયાં, આભૂષણ તેણે કાઢિ....ના૦; હસતાં મેં કહ્યું થોડલાં, તે કહે ઈમ રસ ચાઢ....ના૦ ચ૦ ॥૧૫॥ હાર અછે માહારે વલી, નામે લખમીપૂંજ....ના૦; ગુપ્ત ધર્યો તે કાઢતાં, આવે છે મુજ ધ્રૂજ....ના૦ ચ૦ ॥૧૬॥ મેં પૂછયું તે કયાં ધર્યો, તે કહે ચહુટા માંહિં....ના૦; સુના ઘર પાસેં વડો, કિતિર્ થંભ છે ત્યાંહિ....ના૦ ચ૦ ॥૧૭॥ તે નીચે ભંડારીયો, તેહમાં મૂકયો

દાટ....ના૦; ન શકું જાવા વાસરે, ડરતી હું તિણ વાટ....ના૦ ચ૦ ॥૧૮॥ રાતે આજ જઈ તિંહા, આણીશ તેહ છિપાય....ના૦; જાઈ શકે જો તું તિંહા, તો લેઈ આવ તકાઈ....ના૦ ચ૦ ॥૧૯॥ નહી તો સાંઝે, મુજને, કહેજે જેહવું હોયે....ના૦; ઈમ આલોચ કહ્યો ઘણો, માંહોમાંહે રસ ઢોય....ના૦ ચ૦ ॥૨૦॥ માલથકી હું ઉતરી, આવી મગધા નાલ....ના૦; બીજે ખંડે અઢારમી, કાંતે ભણી ઈમ ઢાલ....ના૦ ચ૦ ॥૨૧॥

॥ દુહા ॥

મગધા કહે મુજને હસી, કહો કેતી છે ઢીલ;
મે કહ્યુ એ તુજ ઘર થકી, કાઢી છે અડખીલ. ॥૧॥
સંચ કર્યો છે એહવો, પુરી પૂરણ પૂઠ;
વારંતા પણ રાતમાં, જાશે કનકા ઉઠ. ॥૨॥
સામગ્રી ભોજન તણી, કરે મગધા અતિ નેહ;
જમી રમી તિંહાથી વલી, ગઈ દિવસને છેહ. ॥૩॥
છાના થાનક થંભનો, જોતાં ન લહ્યો હાર;
રાતે કનકાને વલી, જઈ ભાખ્યો સુવિચાર. ॥૪॥
હાર લેઈ તું આવજે, દેવી ભવન મઝાર;
પૂછીને મગધા પ્રત્યે, હું ચાલી નિશિચાર. ॥૫॥

## ॥ ઢાળ ઓગણીશમી ॥

આ છે લાલની....દેશી

રયણી અંધારી માંહે, વહેતી હું ચિત્ત ચાહે ....આ છે લાલ, અધ મારગે ભૂલી પડી; આફલતી પુર સેર, ખાતી ધારણ ફેર....આ છે લાલ જિમ તિમ

પામી વાટડીજી. ॥૧॥ આવી હું તુમ પાસ, ભાખી વાત પ્રકાશ....આ૦ કનકવતી જોઈ આવતીજી; હાર લેઈને એહ, આવે છે અતિ નેહ....આ૦ કનકા તુમને ચાહતીજી. ॥૨॥ વાત સુણી ઈમ નાહ, આણી ટેક અથાહ....આ૦ પ્રીતિ વચન તે ઉત્થપ્યાંજી; બોલવું નહી ઘટમાન, એહથી હોય નુકશાન....આ૦ ઈમ કહી થે છાના છિપ્યાંજી ॥૩॥ કનકા મન ઉત્કંઠ, આવી મુજ ઉપકંઠ....આ૦ તવ મેં ઈમ કહ્યું તેહને જી; આવી મ કર કાંઇ સોહ, બેઠા છે ઇંહા ચોર.... આ૦ દે મુજ જે હોય તુજ કને જી. ॥૪॥ રાખું છિપાડી કયાંહિ, તવ તે આપે ત્યાંહિ....આ૦ બગચો હાથે ઉંચકી જી; મે તેહમાંથી ટાલિ, કાઢિ વસ્તુ નિહાલી....આ૦ હાર વલી અને કંચુકીજી. ॥૫॥ બાકી સવિ સમુદાય, બાંધ્યો એક મિલાય....આ૦ ચોર મંજુષે તે ધર્યો જી; મેં કયું તેહને એમ, થરકે છે તું કેમ....આ૦ થાનક મેં તાહરે કહ્યો જી. ॥૬॥ જ્યાં લગે ચોર ન જાય, ત્યાં લગે તે ન ખમાય.... આ૦ પેશ મંજુષે તે ભણી જી; પેઠી તે નિભીંક, મેં ધારી મન ઠીક....આ૦ તાલું દીધું આહણી જી; ॥૭॥ આપણુ બે અતિ હુંસ, ઉપાડી ને મંજૂષ.... આ૦ ગોલામાં વહેતી કરી જી; વૈર પ્રથમનું વાલિ, વાહિ નીર વિચાલ....આ૦ કરતા શું કરીએ ખરી જી. ॥૮॥ માંજ્યું વિઉ તત્કાલ, થૂંકે માહારૂં ભાલ.... આ૦ રૂપ સહજનું હું લહી જી; તુમ આણાથી અંગ, દીધું વિલેપન ચંગ....આ૦ પહેરી પટોલી મેં વહી જી. ॥૯॥ પહેર્યા કુંડલ ખાસ, રવિશશી મંડલ ભાસ

....આ૦ લાધાં જે વડને થડે જી; પહેર્યો કંચુક સાર, કંઠે ઠવ્યો તે હાર....આ વરમાલા ધારી ભલી જી. ॥૧૦॥ પેઠી સંપુટ માંહિ, ગુહિર વિવર અવગાહિ.... આ૦ ત્યારે મુજ સવિ શીખવીજી; નિસુણે વીણા ઘોર, તવ એ ખીલી ચોર....આ૦ કાઢે ઇહાંથી નીઠવી જી ॥૧૧॥ ઈમ કહી બીજું ખંડ, થાપ્યું શીશ અખંડ....આ૦ તેહમાં વસી ખીલી જડીજી; રાખ્યાં પવનનાં માગ, નીચે છાને લાગ....આ૦ ચતુરાઇશું તે ઘડીજી. ॥૧૨॥ જાણું એતી વાત, કહો આગે અવદાત....આ૦ મેં ન લહ્યાં તિહાં સંક્રમીજી; બીજે ખંડે એહ, કાંતિ કડે ધરી નેહ....આ૦ ઢાલ ભણી ઓગણીશમીજી. ॥૧૩॥

॥ દુહા ॥

કહે મહાબલ માનિની સુણો, આગે જે હુઈ વાત;
થંભ તિસ્યો મેં ચીતર્યો, જિમ જાણ્યો નવિ જાત. ॥૧॥

રંગ પ્રમુખ જે ઉગર્યા, તે વાહ્યાં જલપૂર;
એહવામાં ફરી ચોર તે, આવ્યા ભવન હજૂર. ॥૨॥

ચોર સહિત પેટી તિકે, જિહાં તિહાં જોતાં દીઠ;
તસ સાંને બોલાવતાં, કીધાં આદર ઇટ્ઠ. ॥૩॥

મુજ પૂછે મંજૂષશું, દીઠો એક કિહાં ચોર ?;
બીડું મેં દેઈ આદરે, કહ્યું એમ તિણ ઠોર. ॥૪॥

થંભ એહજો પૂર્વની, પોલે મૂકો આજ;
તો દેખાડું ચોર તે, વ્યવહારે નહી લાજ. ॥૫॥

## ॥ ઢાળ વીશમી ॥

પંતોને આયા ઓલગું, ઉલગાણા જી....એ દેશી.

ચોર કહે ઇમ ઉમહી....ગુણવંતાજી, રાજ ભલે

મલ્યાં ભાગ્ય થકી; કામ કરે શું એ વહી....ઉજમંતાજી, અરથેં અવસર એહ તકી. ॥૧॥ ગુણ કરતાં ગુણ કીજીએ....ગુ૦, એહમાં પાડ ન કોઈ ઈહાં; કહો તો કાઢી દીજીયેં....ઉ૦, જીવ સરખો કાજ જિહાં. ॥૨॥ જીવ જીવાતન સારિખો....ગુ૦, તે જાતાં હોય દુઃખ ઘણો; પોતાવટીનું પારિખું....ઉ૦, લહીયેં અર્થ સરે બમણો. ॥૩॥ ઇમ કહી તે થયાં એકઠા....ગુ૦, ધન દાટી તેહ સિંધુ તડે; ઉંપાડે મલી સામટા....ઉ૦, થંભ તિહાંથી એક ઘડેં ॥૪॥ તે પૂઠેં હું ચાલિયો ....ગુ૦, પૂરવ પોલ સમીપ ગયા; વાંછિત થલ દેખાડિયો ....ઉ૦, તે તિહાં મૂકી નિચિંત થયા. ॥૫॥ મેં જાણ્યો જે ગોપવ્યો....ગુ૦, દેખાડું તે ચોર હવે; તો એ ટોલો કોપવ્યો....ઉ૦, ધન લોભેં તસ લોહી પીવે. ॥૬॥ ઇમ ધારી અંતર વટે....ગુ૦, ઉત્તર કૂડું એમ કહ્યું; લોભવશેં તેણે ચોરટે....ઉ૦; તાલું ઉઘાડી દ્રવ્ય ગ્રહયું. ॥૭॥ ગોલા સિંધુ પ્રવાહમાં....ગુ૦, તરતી મૂકી મંજૂષ સુખે; તેહ ઉપર ચઢી રાહમાં....ઉ૦, નદીયેં થઈ એ જાય મુખે. ॥૮॥ દીઠા મેં સઘલી પરેં....ગુ૦, પાસેં ઉભે ચરિત્ત ઘણાં, ચોર સહુ ઈમ ઉચ્ચરે....ઉ૦, સાચ ચરિત્ત એ ચોર તણાં. ॥૯॥ રાતિ સૂધી તે નીરમાં....ગુ૦, જાશે તરતો ભૂમિ કીત્તી ?; દેશું વડ જંજીરમાં....ઉ૦, ગ્રહિશું કરશે જોય થિતી. ॥૧૦॥ જાશે એ કિહાં વેગલો....ગુ૦ ?, ચોટી એહની હાથ અછે; હમણાં મૂકયાં મોકલો....ઉ૦, લેશે ફલ રસ પાક પછે. ॥૧૧॥ ઈમ કહેતાં મન આમલે....ગુ૦, ચોર ગયા નિજ કાજ વગે; યતન

કરી મેં એકલે....ઉ૦, રાખ્યો થંભ પ્રભાત લગે. ॥૧૨॥ પ્રહકાલે જણુ ભૂપનો....ગુ૦, આવ્યો નિરખણ થંભ તિહાં; હું થઈ અલખ સ્વરૂપનો....ઉ૦, બેઠો આવી છે ભૂપ જિહાં. ॥૧૩॥ ઈત્યાદિક વીતી કથા ....ગુ૦, કહીને વલી મહાબલ ભણે; કાઢું ચોર તે સર્વથા....ઉ૦, શિખર ઠવ્યો જે ભુવન તણે. ॥૧૪॥ ચાલીશ જો હું નિજપુરે....ગુ૦, તો મરશે તિણેં ભીડ પડયો; ચઢશે પાપ ખરાખરે....ઉ૦, ઇણે ફિકરેં મુજ ચિત્ત નડયો. ॥૧૫॥ તું ઈહાં રહેજે હું વહી....ગુ૦, આવીશ તેહનો સૂલ કરી; કહે મલયા રહેશું નહી ....ઉ૦, સાથે આવીશ રંગ ધરી, ॥૧૬॥ તવ કુમર વિચારી ચિત્તમાં....ગુ૦, વેગવતીને એમ ભણે; જો નૃપ આવે તુરતમાં....ઉ૦, તો કહેજો ઇમિ નિપુણ પણે. ॥૧૭॥ ગોલાતટે દેવી નમી....ગુ૦, આવશે કુમર ઈહાં હમણાં; માનત કિમ શકીયેં ગમી....ઉ૦, માન્યાં હોય જે દેવ તણાં. ॥૧૮॥ ઇમ કહી ચાલ્યો તિંહા થકી....ગુ૦, રાતિ સમય દેવી ભુવને; વારી પણ નવિ રહી શકે....ઉ૦, મલયા સાથેં હુઇ સુમનેં ॥૧૯॥ બીજે ખંડે વીશમી....ગુ૦, ઢાલ ભલી અતિ સરસ રસેં, સુણતાં શ્રોતાને ગમી....ઉ૦, કાંતિ કહે મનને હરસેં ॥૨૦॥

॥ દુહા ॥

સામ દામ દંડે કરી, વીરધવલ ભૂપાલ;
સમજાવ્યા નરપતિ ઘણું, પણ સમજે નહી હઠાલ. ॥ ૧ ॥
તેહ કહે પ્રભાતમાં, મારી તુજ જામાત;
કન્યા લેઈ ચાલશું, તું ન કરે અમ તાત. ॥ ૨ ॥

વચન સુણી, ભૂપતિ ચઢયો, આવે ભુવન વિચાલ;
સાજ કરાવે કર હલિ, સંપ્રેડણુ વર બાલ. ॥ ૩ ॥
ચૂંપ કરાવણ આવિઓ, વર કન્યા ભવણેહ;
દીઠા નહી પૂછયું તદા, વેગવતી કહે તેહ. ॥ ૪ ॥
બેઠો જોવે વાટડી, ભૂપતિ કરતો ચિંત;
રાત પડી તવ જિહાં તિંહા, શોધ્યા પણ ન મિલંત ॥ ૫ ॥
ખબર લહી નૃપ નંદના, કટક ગયા પ્રભાત;
આવ્યા તિમ નિજ નિજ પૂરે, વિલખ વદન વિરચાત. ॥ ૬ ॥
જામાતા કન્યા તણી, કિહાં ન લહી નૃપ સૂજ;
દુઃખિયો ભૂપતિ ચિત્તમાં, ચિંતે એમ અમૂંજ. ॥ ૭ ॥

## ॥ ઢાલ એકવીશમી ॥

ધિગ્ ધિગ્ ધણુની પ્રીતડી....એ દેશી.

નરરાજ અતિ ચિંતા કરે, મનમાં પોષી દાહરે; વર કન્યા બિંહુ કિહા ગયાં, એતો અચરિજ રે, દીસે જગનાહ. ॥૧॥ ભૂપતિ ત્રટકીને કહે રે, કુંણ જાણે રે એહ અકલ સરૂપ; જોયાં પણ લાધાં નહી રે, થયું હોશે રે કાંઈ વિપરીય રૂપ....ભૂપતિ૦ ॥૨॥ કિંહા નગરી ચંદ્રાવતી, કિંહા નગર પોહવી ઠાણ; કિંહા કન્યા મહાબલ કિંહા એ તો વિભ્રમ રે, રચના અહિનાણ....ભૂ૦ ॥૩॥ અથવા દૈવે બેહુનો, સંયોગ ઇમ કિમ કીધ; ઇન્દ્રજાલ પરે કારિમો, દેખાડી રે કિમ જડપી લીધ....ભૂ૦ ॥૪॥ તુજ ચિત્તમાં એહવું હતું, કરવું દૈવ અનિષ્ટ; તો મૂલ થકી પરગટ કરી, કયાં પાડયો રે એહ માહરી દૃષ્ટ....ભૂ૦ ॥૫॥ નવિ દીધું *ભોજન ભલું; નહિ દીધું લીધ ઉદ્દાલી; મણિહીણું*

ભૂપણુ ભલું. પણ પડિઉં રે જશ મણિ તે ટાલિ.... ભૂ૦ ॥૬॥ હણ્યા દુષ્ટ કિણ વૈરીએ, અથવા નિરુધ્યાં કેણ; કે કિણ દેવે અપહર્યાં, દંપતી હોઈ રે આવ્યાં નહી તેણ....ભૂ૦ ॥૭॥ રૂપ કરી મહાબલ તણું, આવ્યો હતો કોઇ ચોર; પરણી નિજ દેશે ગયો, મુજ કન્યા રે કાલજાની રે....ભૂ૦ ॥૮॥ કુમર કુમરી રૂપે કરી, ભ્રાંતિ મુજ મન ઘાલી; મરણ થકી વારી ગયા, કરુણાલા રે કેઈ અથવા વિચાલિ....ભૂ૦ ॥૯॥ શું કરૂં કેહને કહું, કુણ લહે મુજ મન પીડ ?; ઇમ કહેતો ગલહથ કરી, નૃપ બેઠો રે પડયો ચિંતા ભીડ....ભૂ૦ ॥૧૦॥ વેગવતી વેગેં કહે, પ્રભુ ધરો મનમાં ધીર; તેહિ જ મલયા એ હતી, તેહ હું તો રે એહ મહાબલ વીર....ભૂ૦ ॥૧૧॥ પણ રાતમાં જાતાં બને, છલ છેતર્યાં તતખેવ; કોઇક વૈરી વિરોધિથી, સંભવીયે રે હરિયા કિણે દેવ....ભૂ૦ ॥૧૨॥ દેશાઉર પુર પર્વતે, વનભૂમિ વિષમ પ્રદેશ; મૂકી નર વિશવાસિયાં, જોવરાવો રે તજી અપર કિલેશ....ભૂ૦ ॥૧૩॥ પ્રથમ પુહવી-ઠાણ પુર દિશિ, તુરત કરવી શોધ; કિણ હીક કારણથી કદે, નારી લેઈ રે ગયો હોય તિહાં યોધ....ભૂ૦ ॥૧૪॥ સુરપાલ નરિંદને, એહ સયલ જણાવો વાત; તે પણ ખબર કરે વલી, કરતાં ઈમ રે સવિ આવશે ઘાત.... ભૂ૦ ॥૧૫॥ ભલું ભલું ભૂપતિ કહે, તે કહ્યો સાહુ ઉપાય; વેગવતીને સરાહતો, તિમ કરવા રે નરપતિ સજ થાય....ભૂ૦ ॥૧૬॥ મલયકેતુ નિજ પુત્રને, દેઈ શીખ નૃપ સસનેહ; સૂરપાલ દિશિ મોકલ્યો, કહેવાને રે વ્યતિકર સવિ તેહ....ભૂ૦ ॥ ૧૭ ॥ હય ગય સુભટ

રથ સાજશું, તે કુમર નિયત પ્રયાણ; કુશલે મલશે ભૂપને, હોશે રૂડાં રે ઇહાં કોડી કલ્યાણ....ભૂ૦ ॥૧૮॥
ઢાલ એહ એકવીશમી, ઇમ કહી કાંતિ રસાલ; જુગતે બીજા ખંડની, ભણતાં હોયે રે, ઘર ઘર મંગલમાલ.... ભૂ૦ ॥૧૯॥

॥ ચોપાઇ ॥

ખંડ ખંડ રસ છે નવનવાં, સુણતાં મીઠા સાકર લવાં;
નિર્મલ મલય ચરિત્ર જગ જયો, બીજો ખંડ સંપૂરણ થયો, ॥૨૦॥

॥ ઇતિ શ્રી જ્ઞાનરત્નોપાખ્યાને દ્વિતીયનામ્નિ મલયસુંદરી ચરિત્રે પંડિત કાંતિવિજય ગણિ વિરચિતે પ્રાકૃતપ્રબંધે મલયસુંદરી પાણીગ્રહણપ્રકાશકો નામા દ્વિતીયઃ ખંડઃ સંપૂર્ણઃ ॥૨॥ ર વર્ગ ગાથા ॥૫૭૫॥

---

# ॥ અથ તૃતીય ખંડ પ્રારંભઃ ॥

॥ દુહા ॥

બીજો ખંડ ઘમંડશું, પૂરણ કીધ પ્રગટ્ટ;
હવે ત્રીજો કહેવાં ભણી, ઉમટ્યો રંગ ગરટ્ટ. ॥૧॥

પ્રેમે પ્રણમી શારદા, કહેશું શેષ ચરિત્ર;
અતિ રસશું શ્રોતા સુણી, કરજો કરણ પવિત્ર. ॥૨॥

હવે કુમર વનમાં જઇ, મલયાને પભણંત;
ફિરવું નિશિ સમશાનમાં, નારીને ન ઘટંત ॥૩॥

તે માટે નર રૂપ તુજ, કરૂં કહી ઇમ બાલ;
તિલક કર્યું આંબા રસે, ઘોલી ઘસી તત્કાલ. ॥૪॥

નારી રૂપે નર હુઓ, થયાં બિહું સંબંધ;
દેવી ગૃહનાં શિખરથી, કાઢે ચોર નિરુદ્ધ. ॥૫॥
કહે પ્રસ્યું રે ગતહિને, ગયા ચોર તું જ દેખ;
જા કુશલે જીહાં રૂચિ હોવે, તિહુંનો પંથ ઉવેખ. ॥૬॥
પ્રાણ લાભ ધન લાભમેં, તુમ પસાએ લદ્ધ;
ઈમ કહી તે નમતે થયું, તેણે પયાણું કીધ. ॥૭॥
બિંહુ ભવનથી ઉતરી, આવે વડતલે આપ;
તવ તિહાં ગયણે ગેમનો, સુણ્યો ભૂત આલાપ. ॥૮॥
કુમર ડરંતો ભૂતથી. કરવાં યતન પ્રકાર;
તતક્ષણ કામિની કંઠથી, લીએ ઉતારી હાર. ॥૯॥
રહે રહે છાની સલકમાં, સાંભલે દેઈ કાન;
વડમાં ભૂત વદે કિશ્યું, કુમર કરે ઇમ સાન. ॥૧૦॥
છાના વડ પોલાણમાં, બિહું બેઠા થિર ગાત;
સાવધાન થઈ સાંભલે, ભૂતતણી ઈમ વાત. ॥૧૧॥

## ॥ ઢાળ પહેલી ॥

**સહેર ભલો પણ સાંકડો રે, નગર ભલો પણ દૂર રે**
**॥ હઠીલા વયરી ॥ એ...દેશી**

વડ શિખરેં ઇમ બોલીઓ રે, ભૂતાને એક ભૂતરે....મોહન રંગીલા; વાત કહું નવલી ભલી હો લાલ, સાંભલજો અદભૂત રે....મો૦ ॥૧॥ ભૂત વડી કહે વાતડી હો લાલ. એ આંકણી. કુમર સુણે રહ્યો હેઠ રે....મો૦, રહસ્ય મરમ જોતાં વલી હો લાલ; વેધક પામે નેઠ રે....મો૦ ભૂત૦ ॥૨॥ પુહવિઠાણ નરિંદનો રે, મહાબલ નામે કુમાર રે....મો૦; છે મતિમંત ગુણાયરૂ હો લાલ, રતિપતિને અણુહાર

રે....મો૦ ભૂત૦ ॥૩॥ તસ જનની પદમાવતી રે, તેહનાં ગળાંનો હાર રે....મોહન; કિણહીક અલખ પણે લીયો હો લાલ, માય કરે દુઃખ ભાર રે....મો૦ ભૂત૦ ॥૪॥ ઇમ પણ બાંધ્યો આકરો રે, વાલણ હાર કુમાર રે....મો૦; હાર ન દઉં દિન પાંચમે હો લાલ, તો મુજ અગનિ આધાર રે....મો૦ ભૂ૦ ॥૫॥ માતાયેં પણ આદર્યો રે, પણ તેહવો નિરધાર રે.... મો૦; પાંચ દિવસમાં તે લહું હો લાલ, તો રહું જીવિત ધાર રે....મો૦ ભૂ૦ ॥૬॥ ખબર નહી છે કુમરની, હાર કેડેં ગયો ઉઠ રે....મો૦; પંચમ દિન કાલેં હુંશે હો લાલ, સૂરજ ઉગ્યાં પૂંઠ રે....મો૦ ભૂ૦ ॥૭॥ નૃપ નંદન મુગતાવલી રે, મલવા દુર્લભ બેહ રે....મો૦; તે દુઃખ મરવું આગમી હો લાલ, બેઠા રાણી તેહ રે....મો૦ ભૂત૦ ॥૮॥ વિષથી કે ગિરિ પાતથી રે, કે પેશી જલદેશ રે....મો૦; મરશે કે વલી શસ્ત્રથી હો લાલ, કે કરી અગનિ પ્રવેશ રે....મો૦ ભૂત૦ ॥૯॥ લોક બહુલશું રાજીયો રે, મરશેં પૂંઠે તાસ રે....મો૦; ખબર લેઇને આવીયો હો લાલ, હું તિંહાથી તુમ પાસ રે....મો૦ ભૂત૦ ॥૧૦॥ ભૂત નંદન વટ કોટરે રે, સાંભલે બેઠો એમ રે....મો૦; ફાટે હીયડું દુઃખથી હો લાલ, કાચો ઘટ જલ જેમ રે....મો૦ ભૂત૦ ॥૧૧॥ ચિંતાભર મન ચિંતવે રે, દેવકથન નહિ ફેર રે....મો૦; થાશે જો એહવું કદે હો લાલ, કરશું શ્યો દ્રોક રે...મો૦ ભૂત૦ ॥૧૨॥ ભૂત કહે જઇયેં તિહાં રે, વહેલાં છાંડિ પ્રમાદ રે...મો૦; કૌતિક જોશું ખંતશું હો લાલ, લેશું રૂધિર સવાદ રે...મો૦ ભૂત૦ ॥૧૩॥ ઇમ કહી સમકાલેં કર્યો રે, ભૂતકુલે હુંકાર

રે...મો૦; આકાશે વડ ઉપડયો હો લાલ, લેતાં સાથ કુમાર રે...મો૦ ભૂત૦ ॥૧૪॥ વેગે વડ નભે ચાલતો રે, આવ્યો પુહવી ઠાણ રે...મો૦; આલંબન ગિરિ નીચે જઇ હો લાલ, તુરત કર્યો મેલાણ રે...મો૦ ભૂત૦ ॥૧૫॥ પુર પાસે ગોલા તટે રે, નામે ધનંજય યક્ષ રે...મો૦, ભૂત ગયાં તસ દેહરે હો લાલ, કરવા કૌતુક લક્ષ રે...મો૦ ભૂત૦ ॥૧૬॥ નિજપુર ઉપવન ભૂમિના રે, પરિચિત તરુનાં વૃંદ રે...મો૦; કુમરે નિહાલી ઓલખી હો લાલ, પામ્યો પરમાનંદ રે... મો૦, ભૂત૦ ॥૧૭॥ કુમર ભણે મલયા ભણી હો લાલ, દીસે પુણ્ય પ્રમાણ રે...મો૦; જેહથી એ વડ ઉપડી હો લાલ, આવ્યો પુહવી ઠાણ રે...મો૦ ભૂત૦ ॥૧૮॥ વડ કોટરથી નીસરી રે, જઇયેં ઉપવન કૂલ રે... મો૦; સુર શકતે વલી ઉડશે હો લાલ, તો કરસ્યાં શ્યો સૂલ રે...મો૦ ભૂત૦ ॥૧૯॥ એમ વિચારી નીસર્યાં રે, વડ કંદરથી દોય રે...મો૦; કદલી વન છે ઢૂકડું હો લાલ, તિહાં જઇ બેઠા સોય રે...મો૦ ભૂત૦ ॥૨૦॥ ઉપડતો ગયણાંગણે રે, દેખે વડ વલી તેમ રે...મો૦; માહેંમાહેં હે ઇહાં થકો હો લાલ, જાશે આવ્યો જેમ રે...મો૦ ભૂત૦ ॥૨૧॥ જો રહેતા એહમાં વસી રે, તો જાતાં કિણ થાન રે... મો૦; પડતાં વિષમી જોલમાં હો લાલ, જિમ પવને તરુ પાન રે....મો૦ ભૂત૦ ॥૨૨॥ ત્રીજે ખંડે એ કહી રે, સુંદર પહેલી ઢાલ રે...મો૦; કાંતિ વિજય કહે પુણ્યથી હો લાલ, વાધે સુજશ વિશાલ રે...મો૦ ભૂત૦ ॥૨૩॥

॥ દુહા ॥

હવે કુમર નિસુણે તદા, વનિતાનાં આક્રંદ;
દયાપણે નયણે ભરે, કરુણા જલ નિસ્યંદ. ॥ ૧ ॥
આવીશ હું વહેલો પ્રિયે!, ચિંતા મુજ ન કરેશ;
ઇમ કહી નરરૂપે ત્રિયા, તિહાં ઠવી ચાલ્યો નરેશ. ॥ ૨ ॥
નિરખત પિયુની વાટડી, ભૂને રંભા કુંજ;
રયણી ગમાવે નારી તે, દાખી દુઃખને પૂંજ. ॥ ૩ ॥
પીત વરણ પ્રાચી હુવે, પામ્યાં કમલ વિબોધ;
બંધ નયરથી બદ્ધ જિમ, છૂટા અલિકુલ યોધ. ॥ ૪ ॥
ગુંજા પુંજ સમાન તનુ, ઉદયો બાલો સૂર,
આલે કિરણમાલે હણી, કર્યાં તિમિર રિપુ દૂર. ॥ ૫ ॥

## ॥ ઢાળ બીજી ॥

વૃષભાન ભુવને ગઈ હૂતી રે એ....દેશી.

મલયા મન એમ વિચારે, જાઉં હું પુરમાં કરા રે; માયબાપને મલવાકામે, મુજ નાહ ગયો હોશે ધામે. ॥૧॥ ચાહી ઇમ ચાલી ચુંપે, આવી વહી પુરની ખુંપે; પેસે જવ પુરને દુવારે, રોકી તવ નગર તલારે. ॥૨॥ દિવ્ય વેશ નિહાલી ચમકયો, કહે કુણ તું આયો ધમકયો; બોલાવ્યો તિહાં ઉત્તર નાપે, દશ દિશિમાં લોચન થાપે. ॥૩॥ મલિયા કેઈ નગર નિવાસી, નિરખે તસ રૂપ પ્રકાશી; કુંડલને દુકૂલની ફાલી, ઓલખ્યાં મહબલના ભાલી. ॥૪॥ તલવર કહે કિહાંથી લાધાં, આભૂષણ કુમરનાં બાધાં; ઇમ કહી નૃપ પાસે લાવ્યો, દેખી નૃપ ચિત્ત ચમકાવ્યો. ॥૫॥ કહે કોણ પુરુષ એ નવલો, સોહે ભૂષણે કરી

ભાંતીલો; મુજ સુતના પહિર્યાં દીસે, આભૂષણ વિશ્વાવીસે. ॥૬॥ તલવર કહે એ હિસંતો, પકડયો પુરમાં પેસંતો; પૂછયો પણ ઉત્તર નાપે, પૂછો વલી જો હવે આપે. ॥૭॥ ભૂપતિ કહે કુંણ તું કિહાંથી, આવ્યો કહે સાચ જિંહાથી; મલયા મનમાંહિ વિમાસે, સાચું ઇંહા જૂઠું ભાસે. ॥૮॥ કહિશું અમ ચરિત્ર વખાણી, કોઇ સદ્દહશે નહી પ્રાણી; કહેવું નહી પીડિડા પાખે, ભાવિ મટશે નહી લાખે. ॥૯॥ ઇમ ધારીને મલયા બોલે, મહાબલ મુજ મિત્રને તોલે; તે માટે એ વેશ પ્રસિદ્ધો, મુજને તેણે પહેરણ દીધો. ॥૧૦॥ સૂરપાલ કહે તેહ કયાં છે, સા કહે ઇહાંહિ જ જિહાં ત્યાં છે; નૃપ કહે હોવે જો ઇહાં ઠાવે, મુજ મલયા તો કિમ નાવે. ॥૧૧॥ જૂઠી સવિ વાત પ્રકાશી, ચોકસ ન પડી વિણ રાસી; મહાબલથી પ્રીતિ વખાણે, તો સેવક કોઇ તુજ જાણે. ॥૧૨॥ ઇત્યાદિક વચન સુણીને, રહી મૌન ધરી મન હીને; બોલાવ્યો નરપતિ હુંકારી, એહ વાત હવે અવધારી. ॥૧૩॥ અણદીઠાં મુજ નંદનનાં, વસનાદિક લીધાં તનનાં; લોભસાર નામે જેણે ચોરે, રહે તે ગિરિકંદર ઠોરે. ॥૧૪॥ ચોર્યો પુરનો જેણે માલ, પકડયો તે માટે હવાલ; કાલે તસ નિગ્રહ કીધો, તસ બાંધવ દીસે એ સીધો. ॥૧૫॥ નિજબંધુ વિયોગે બલતો, શુદ્ધિ લેવાં આવ્યો ચલતો; પહેરી મુજ સુતનો વેશ, ઇણે પુરમાં કીધ પ્રવેશ. ॥૧૬॥ મુજ સુત હણિઓ ઇણે મલીને; મુજ વૈરી એ અટકલીને; લોભસાર કન્હે જઇ હણજો, ઇહાં પાપ કિસ્યું મત ગણજો. ॥૧૭॥ મલયાં મનમાં

ઇમ ધ્યાવે, અસમંજસ કર્મને દાવે; પ્રાણાન્તક આપદ મોટી, દીસે છે ઈહાં વલી ઓટી. ॥૧૮॥ ચિંતવતી પુર્વ સલોક, રહી મૌન ધરી અતિ શોક; તવ બોલ્યો સચિવ વિચારી, મહારાજ જુવો અવધારી. ॥૧૯॥ જિમ સાહ નહી એ સાચો, તિમ ચોર કરી મત ખાંચો; આચરણા દીસે છે રૂડી, શિર આવી તો મતિ કૂડી. ॥૨૦॥ ઈહાં ઉચિત કરાવો ધીજ, હોયે શુદ્ધ અશુદ્ધ પતીજ; ઇમ કરી હણુશો તો આછે, કોઈ દોષ ન દેશ પાછે. ॥૨૧॥ નૃપ કહે શી ધીજ બતાવો, તવ તે કહે સર્પ મંગાવો; સાચો ઘટ સર્પની ધીજે, હોશે તો ચરણ નમીજે. ॥૨૨॥ નૃપ ગારૂડ વિદ અવિલંબે, મૂકે તવ શૈલ અલંબે; દુર્દ્ધર વિષધર આણેવા, ગયા હસતાં તે તતખેવા. ॥૨૩॥ વસ્ત્ર કુંડલ ભૂપે લેઈ, તલવરને સોપ્યાં તેઈ; બંધ આવી મલયા રાણી, પણ ઢાલે વહેશેં પાણી. ॥૨૪॥ ત્રીજે ખંડે બીજી ઢાલ, ઇમ કાંતિ કહે સુરસાલ; કેઈ કૌતુક હોશે આગે, સાંભલજો શ્રોતા રાગે. ॥૨૫॥

॥ દુહા ॥

એહવે પટરાણી તણી, મહુલણી આવી દોડ;
ગલગલતી નૃપ આગલેં, કહે એમ કરજોડ ॥૧॥
દેવ ખબર નહી કુમરની, પંચમ દિન છે આજ;
નેઠ અનિષ્ટ ઈહાં કિસ્યું, દીસે છે નરરાજ. ॥૨॥
પુત્ર રતન દૂર્લભ હુઓ, હાર તણી શી વાત?;
શૈલ અલંબાથી પડી, કરશું તે દુઃખ ઘાત. ॥૩॥
અવિનય જે કીધા હુવે, તે ખમજો નરનાથ;
સંદેશા તુમ રાણીએ, ઇમ દીધા તુજ હાથ ॥૪॥

સમયોચિત ચિત્તમાં ધરી, કરો આપ હિત જાણી;
ઇમ સુણી નરપતિ તેહને, પભણે અવસર વાણી. ॥ ૫ ॥

## ॥ ઢાલ ત્રીજી ॥

જુંબખડાની....એ દેશી.

મુજ વચને ઇમ ભાખજો રે, રાણી સમીપે જાય...સલૂણી ગોરડી; મુજને પણ તાહરી પરે રે, એ દુઃખ ખમીઉં ન જાય...સલુણી૦ ॥૧॥ ખબર કરેવાં મોકલ્યાં રે, દિશિ દિશિ સેવક સાથ....સ૦; તે આવ્યાથી જાણશું રે, વાતતણો પરમાર્થ...સ૦ ॥૨॥ પામીશું નહી સર્વથા રે, કુમર તણી જો સુદ્ધિ.... સ૦; તો તુજ ગતિ મુજને હજો રે, ધારી મેં એહવી બુદ્ધિ...સ૦ ॥૩॥ ઉટ કડણ કિણ બેસશે રે, તેલ જુઉ તેલ ધાર....સ૦; કૂંડલ વસન કુમારના રે, આવ્યાં સહસાકાર...સ૦ ॥૪॥ કિમ રહેશે છાનો હવે રે, લાધો પગ સંચાર...સ૦; પુરૂષ અપૂર્વક દાખશે રે, તેહને એ નિરધાર...સ૦ ॥૫॥ સહિ નાણી રાણી ભણી રે, આપીને કહેજો એમ...સ૦ જિમ એ અજાણ્યા આવિયાં રે, સુત પણ આવશે તેમ...સ૦ ॥૬॥ પુરૂષને ધીજ કરાવશું રે, જેહથી લાધા સાજ... સ૦; મલશે નંદન જીવતો રે, કરશે જો મહારાજ... સ૦ ॥૭॥ મહુલણી આવી મહોલમાં રે, સકલ સુણી અવદાત...સ૦; કુંડલ વસન સમર્પીને રે, સુપરે સુણાવી વાત...સ૦ ॥૮॥ વિસ્મિત મન રાણી હુઇ રે, પૂછે વસ્તુ નિદાન....સ૦; મહુલણી આગમ પુરૂષથી રે, ભાંખે તસ ઘટમાન...સ૦ ॥૯॥ હર્ષ શોકાકુલ કામિની

રે, કુલણી આગે વદંત....સ૦; મુજ સુત વલ્લભ આવિયો રે, કહેવાં સુધિ કુણ ખંત....સ૦ ॥૧૦॥ અથવા કોઇક વૈરીયેં રે, કુમર હણ્યો છલ ખેલ...સ૦; કુંડલ વસન લિયાં તિકે રે, તે આવ્યો ઈણિ વેલ.... સ૦ ॥૧૧॥ તે માટે નિરખું હવે રે, કરતો ધીજ વિશુદ્ધ...સ૦; ઇમ કહી યક્ષગૃહે ગઇ રે, પરિકર સાથે શુદ્ધ....સ૦ ॥૧૨॥ નૃપ પહેલો તિહાં આવીયો રે, વીંટયો જણને થાર...સ૦; આવ્યા તવ વિષધર ગ્રહી રે, ગારુડી જોતાં વાટ....સ૦ ॥૧૩॥ ભૂપતિનેં કહે ગારુડી રે, દેવ અલંબા હેઠ...સ૦ વિવર અનેક નિહાલતાં રે, લાધો ફણિધર નેઠ....સ૦ ॥૧૪॥ ફૂંકારે તરુ બાલતો રે, કાલો કાજલવાન...સ૦; મંત્ર પ્રયોગે કુંભમાં રે, ઘાલ્યો આણી નિદાન....સ૦ ॥૧૫॥ યક્ષ ધનંજય આગલે રે, મૂકાવે નર કુંભ... સ૦; નર ન્હવરાવી આણીયો રે, સુભટે કરી સંરંભ.... સ૦ ॥૧૬॥ રૂપ નિહાલી તેહનું રે, કહે રાણી પુરલોક...સ૦; એહવા ગુણ ઇમ દૂષવી રે, વિધિ રચના હુઈ ફોક....સ૦ ॥૧૭॥ ચંદ્ર અંગારા જો ખરે રે, પાવક જલ વિશ્રામ...સ૦; દાહ અમૃતથી જો હુવે રે, તો એહથી એ કામ....સ૦ ॥૧૮॥ દિવ્ય કઠિન એ એહને રે, દેતાં મન ન વહંત...સ૦; દોષ નહિ ભૂપતિ ભણે રે, ગુણહિ એમ લહંત....સ૦ ॥૧૯॥ સમસૂ ધોવા નીગ્રહે રે, વાધે સુજશ અતાગ...સ૦; જાત્ય સુવર્ણ હુતાશને રે, તાપ્યો લે ગુણભાગ....સ૦ ॥૨૦॥ નરરુપા વનિતા તિંહા રે, જપતી મન નવકાર

...સ૦; શ્લોકારથ નિરધારતી રે, ઉઘાડે ઘટ બાર.... સ૦ ॥૨૧॥ નિર્ભય કરકમલેં ગ્રહ્યો રે, વિષધર અતિ રોષાલ...સ૦, લોક લહ્યો અચરિજ નવો રે, નિરખી નિરૂપમ ખ્યાલ....સ૦ ॥૨૨॥ નાગ હૂઓ નિર્વિષમુખો રે, રહ્યો તસ વદન નિહાલ...સ૦; નેહ નિવિડ રસ પૂરીયો રે, સંબંધે તતકાલ....સ૦ ॥૨૩॥ સાચો સાચો ઈમ કહે રે, પાડે નર કરતાલ...સ૦; ત્રીજે ખંડે એ કહી રે, કાંતે ત્રીજી ઢાલ....સ૦ ॥૨૪॥

॥ દુહા ॥

કેલિ કરંતા કર તલે, કાઢે મુખથી હાર;
તે મલયા કંઠે ઠવે, મુખે ગ્રહી ફણિધાર. ॥ ૧ ॥
તે નીરખી વિસ્મિત હુઆ, ભૂપ પ્રમુખ પુર લોક;
હાર પિછાણી ઇમ કહે, કરતાં નયણે ટોક. ॥ ૨ ॥
લખમીપૂંજ કિંહા થકી, આવ્યો એહ અચિંત;
વિણુ વાદલ વરસાત જ્યું, કરે અચંભ અનંત. ॥ ૩ ॥
ભાલ તિલક નરનો ચઢી, ચાટે જવ અહિરાવ,
દિવ્યરૂપ તરૂણી હુઇ, તવ તે મૂલ સ્વભાવ. ॥ ૪ ॥
વિસ્તારી ફણિ મંડલી, રહ્યો ઉપર ધરી છત્ર;
જોતાં જણુ અદ્ભૂત રસ, લહે ચિત્ર સુપવિત્ર. ॥ ૫ ॥

## ॥ ઢાળ ચોથી ॥

માલી કેરે બાગમાં, દો નારંગ પકે રે લો....એ દેશી.

થર થરતો નર રાજીયો, ભણે એહવી વાચા લો... અહો ભણે૦; દેખી તિહાં અચરિજ મોટો રે લો; વિણ વિગને મેં મૂરખે, કામ કીધાં કાચાં લો....અહો૦

॥૧॥ પુરજણ દેવી વારતા, અનરથ ઉડાડયો લો...અ૦; ભરનિંદે સૂતો ઈહાં, મૃગરાજ જગાડયો લો....અહો૦ દે. ॥૨॥ નહિ સામાન્ય ભુજંગ એ, કોઈ દેવ સરુપી લો. અહો.; નિરખત રચના એહની, રહી મનડે ખુંપી લો....અહો૦ દે. ॥૩॥ શકિત સહિત એ બે જણા, ઢાંકી નિજ વાના લો...અહો૦; પુરમાં કાર્ય ઉદ્દેશથી, આવ્યાં કોઇ છાના લો....અહો૦ દે. ॥૪॥ પરમારથ લહેતો નથી, આરાધી બેંહુને લો...અહો૦; ભગતેં સુધાં રીજવી, પૂછું ગતિ એહુંની લો....અહો૦ દે. ॥૫॥ ઇમ કહેતો ધૂપ ઉવેખતો, કુંકુમાં જલ ઢોવે લો...અહો૦; ફણિધર મૂકો સુંદરી, ઇમ કહી મુખ જોવે લો...અહો૦ દે. ॥૬॥ અવિનય મુજ પન્નગ પ્રભુ, કીધો તે ખમજો લો...અહો૦; ભકતે વશ હોય દેવતા, ઇમ જાણી સમજો લો...અહો૦ દે. ॥૭॥ નિસુણી નૃપતિ વિનતિ, મલયા અહિ મૂકયો લો...અહો૦; નૃપે પયપાત્ર ધર્યું તિંહા, પીવા જઈ ઢૂંકયો લો....અહો૦ દે. ॥૮॥ સંતોષ્યો પય પાનથી, નરપતિ આદેશે લો...અહો૦; ગારુડીયે પાછો ગ્રહી, મૂકયો ગિરિદેશે લો....અહો૦ દે. ॥૯॥ ભૂપતિ પૂછે નારીને, જોતાં જણ પાસે લો... અહો૦; નરથી નારી કિમ હૂઈ, એહ કૌતુક ભાસે લો....અહો૦ દે. ॥૧૦॥ કુણ છે કિમ આવી ઈહાં, કેહની તું બેટી લો...અહો૦; રહસ્ય કહો સવિ ચિત્તથી, અંતર પટ મેટી લો....અહો૦ દે. ॥૧૧॥ મલયા એહવું ચિંતવે, મૂલ રૂપ એ ઉલટયું લો.... અહો૦; ભાલ અમૃતથી માંજતા, પહેલું પણ ઉલટયું લો....અહો૦ દે. ॥૧૨॥ રૂપ એ વિષહર ચાટતાં,

કહો કિમ બદલાણું લો...અહો૦; હાર લહ્યો પીયુ કરતણો અચરિજ ઈહાં જાણું લો....અહો૦ દે. ॥૧૩॥ કારણ એ મુજ પીઉનાં, વિણ કારણ સીધાં લો...અહો૦ કારણે નાગ થઈ તિણે, કારજ શું કીધા લો...અહો૦ દે. ॥૧૪॥ સમજણ મુજ પડતી નથી, શ્યું ઉત્તર આપું લો....અહો૦; જેતું ઈહાં કહેવું ઘટે, તે તું થિર થાપું લો....અહો૦ દે. ॥૧૫॥ લાજે મુખ નીચું કરી, કહે મલયા બાલી લો. અહો૦; દક્ષિણ દિશિ ચંદ્રાવતી, વીરધવલેં પાલી લો....અહો૦ દે. ॥૧૬॥ હું તે નૃપ નંદની, જીવિતથી પ્યારી લો....અહો૦; નામે મલયાસુંદરી, ચંપક ઉરધારી લો....અહો૦ દે. ॥૧૭॥ ભૂપ કહે જુગતું નહી, એ વચન વિશેષે લો....અહો૦; પ્રથમ કહ્યું તું તેહથી. મલતું નહી લેખે લો....અહો૦ દે. ॥૧૮॥ કારણ વશે તે ભૂપને, પુત્રી જો આઇ લો....અહો૦; કેતાઈક જણ આવશે, તો પૂંઠે ધાઇ લો....અહો૦ દે. ॥૧૯॥ હાર સહિત એહને હવે, દેવી તુજ પાસે લો....અહો૦; સુખશાતાશું રાખજો, ઉંચે આવાસે લો....અહો૦ દે. ॥૨૦॥ રાણી મલયાને તિહાં, રાખે મન ખાંતે લો.... અહો૦; ચોથી ત્રીજા ખંડની, ઢાલ ભાખી કાંતે લો.... અહો૦ દે. ॥૨૧॥

॥ દુહા ॥

ભૂપતિ કહે સુણ ભામિની, પંચ દિવસ ને અંત;
હાર રયણ અણજાણિઓ, લાધો અતિ ચાહંત. ॥ ૧ ॥
કીધો મહબલ નંદને, પ્રાણાંતિક પણ જેમ;
સુખ દુઃખ અંગે સાહસી, પૂર્યો દીસે તેમ. ॥ ૨ ॥

વચન સુણી રાણી હુઈ, દુઃખ ભારે દિલગીર;
પ્રીતમને ઈમ વિનવે, નયણ્ જરંતી નીર. ॥૩॥

## ॥ ઢાળ પાંચમી ॥

આસુ કાઢા હે, ગહું પીસાય. આપણુ જાસ્યાંહે માલવે સોઈ નાહીં ભણે ॥ એ દેશી ॥

પીયા બેઠા હે, કાંઇ નિચિંત, કાન ઢાલીનેં હે ઇણિપરે, સુત નાચો ઘરેં; પીયા વિરહો હે. અતિ ખટકંત, સુતનો હે હીયડાં ભીંતરે....સુ० ॥૧॥ પીયા મુજથી હે રહ્યું ન જાય, લંબા દીહાં કિમ નીગમું ....સુત૦; પીયા રયણિ હે વૈરિણિ થાય, નીંદ ગઇ સૂની ભમું....સુ० ॥૨॥ પીયા બાલું હે નવલખહાર, પુત્ર રતન જેહથી ગમ્યો....સુ०; પીયા લેઇ હે રતન ઉદાર, પાહાણ કારજ આગમ્યો....સુ० ॥૩॥ પીયા ઢોલ્યું હે સરસ પીયૂષ. ક્ષાર ઉદકને કારણે....સુ०; પીયા કાપી હે સુરતરૂ રૂખ, વાવ્યો ધતુરો બારણે.... સુ० ॥૪॥ પીયા જીવું હે હું હવે કેમ, પુત્ર રહિત દોભાગિણી....સુ०; પીયા ગિરિ હે જંપાવીશ જેમ, નિવૃત હોઈ જીવિત ભણી....સુ० ॥૫॥ પ્રીયા વારીહ મેં સમજાય, પહેલાં પણ તુજને ઘણું....સુ०; પ્રીયા લહેશું હે પુણ્ય પસાય, હાર પરેં સુત આપણું.... સુ० ॥૬॥ પ્રીયા વચને હે-ઇમ આસાસ, પુત્ર વિછોહી હે ગોરી ને....સુ०; પ્રીયા આવ્યો હે નિજ આવાસ, મન વીંધ્યું દુઃખ કોરીને....સુ० ॥૭॥ પ્રીયા પહોતા હે નિજ નિજ થાન, લોક ભર્યો અચરિજ ચિંતે....સુ०; પ્રીયા સાલે હે સાલ સમાન,

નૃપરાણીને વિરહ તે....સુ૦ ।।૮।। પ્રીયા વોલ્યો હો તપતાં દીસ, રાનિ વિહાણી દોહિલે....સુ૦; પ્રીયા જાણે હે દુઃખ જગદીશ, કે જસ વીતે તે કલે....સુ૦ ।।૯।। પ્રીયા આયા હે જન પરભાત, કુમર ખબર પામ્યાં નહી....સુ૦; પ્રીયા ચિત્તમાંહે અતિ અકુલાય, દંપતી ચાલ્યા ગિરિ વહી....સુ૦ ।।૧૦।। પ્રીયા પડવા હે ઘાલી હાંમ, નૃપ રાણી ઉંચાં ધસે....સુ૦; પ્રીયા સાસે હે ભરીયાં તામ, પુરૂષ કેઈક આવ્યા તિસેં.... સુ૦ ।।૧૧।। પ્રીયા નૃપનેં હે તે કહે એમ, ગોલા તટ વડ ડાલિયે; સુત પાયો વડે પ્રીયા ટાંગ્યો હે વાગુલી જેમ, મહાબલ દીઠો ગોવાલીએ, (કનાલિયેં) ....સુ૦ ।।૧૨।। પ્રીયા બાંધ્યો હે જે લોભસાર, ચોર અધોમુખ જિણ વડે....સુ૦; પ્રીયા ભીડયો રે ડાલ મઝાર, તુમ નંદન તિહાં તડફડે....સુ૦ ।।૧૩।। પ્રીયા જાણ્યો હે નહી પરમાર્થ, દીઠું તેહવું ભાખીયું....સુ૦; પ્રીયાં સુણીને હે ઇમ નરનાથ, વચન અમૃત કરી ચાખીયું....સુ૦ ।।૧૪।। પ્રીયા પામ્યો હે વિસ્મય હર્ષ, સમકાલે તે રાજવી...સુ૦; પ્રીયા વાધ્યો હે મન ઉત્કર્ષ, મરવા ઇચ્છા ભાંજવી...સુ૦ ।।૧૫।। પ્રીયા સુતનાં હે દરિસણ ચાહિ, ચાલ્યો નૃપ વડ સનમુખે...સુ૦; પ્રીયા સાથેં હે મલયા ઉમાહ, ચાલી પ્રીતમની રૂખેં...સુ૦ ।।૧૬।। પ્રીયા આયા હે વડતરૂ પાસ, નૃપરાણી મલયા મલી...સુ૦; પ્રીયા દીઠો હે ઉંચો આકાશ, ટાંગ્યો ન શકે સલસલી... સુ૦ ।।૧૭।। પ્રીયા કરશે હે સુત સંભાલ, નવલી

વિધિ નૃપ આગમી...સુ૦; પ્રીયા ત્રીજા હે ખંડની ઢાલ, કાંતે કહી એ પાંચમી...સુ૦ ॥૧૮॥

॥ દુહા ॥

નયણે આંસુ નાંખતો, પૂછે સુતનેં ભૂપ;
લેખન નિપટ કૃતાંતનો, એ તુંજ કવણ સરુપ. ॥૧॥
લોભસાર ટાંગ્યો વડે, તું પણ તિમ તસ ફૂલ;
દેખીને તુજ દુર્દશા, ગયો સુદ્ધિ હું ભૂલ. ॥૨॥
ધિગ મુજ બલ જીવિત કલા, પ્રભુતા થઈ અકાજ;
જેહ છતે તેં અનુભવી, દોહિલિમ દુઃખ સમાજ. ॥૩॥
ઈમ કહી તેડયો વર્ધકી, છેદાવી વડ ડાલ;
યતનેં સુતને જીવતો, કાઢે નૃપ કરૂણાલ. ॥૪॥
વચન હીણ પીડિત તનુ, વીંજે શીતલ વાય;
ચેત વલી બેઠો હુઓ, બોલાવ્યો તવ માય. ॥૫॥

## ॥ ઢાલ છઠ્ઠી ॥

મારગડામાં જોવુંજી. આવે ક્યારે કાન....એ દેશી.

માતા સુતનેં ભાખેજી....નંદનજી ગુણવંત, કહો મનની અભિલાષેજી....નં૦; કિહાં વિચર્યો અમ પાખેજી....નં૦, બાંધ્યો કિણ વડસાખેજી?....નં૦ કહે સુખ દુઃખ તે કિહાં કિહાં લાધું, કરતે હાર વિશુદ્ધ ....મા૦ ક૦ કિ૦ બા૦ ॥૧॥ નિંદદશા નિરધારીજી ....નં૦, નિરખે નયણ ઉઘાડીજી....નં૦; બેઠી આગલ માડીજી....નં૦, પૂછે મલયા લાડીજી....નં૦ નિજ-વ્યતિકર તે કહેવાં લાગી, સુસ્થ થઈ નૃપનંદ.... નિં૦ ॥૨॥ આવ્યો કર આવાસે જી. નં૦, ગોખ

થઈ મુજ પાસે જી....નં૦, હું બેઠો તસ વાસેજી.... નં૦, ઉડયો તે આશાશેજી....નં૦, ઇમ ઇત્યાદિક કદલી વન આવ્યા, તિહાં સુધી કહી વાત....આવ્યો૦ ॥૩॥ રોતી કોઇક નારીજી નં૦, નિસુણી મે વનચારીજી નં., કદલી વન બેસારી જી....નં., તુમ વહુઅર નિરધારી જી....નં., આક્રંદને અનુસારે તિહાંથી, ચાલ્યો હું વનમાંહે....રોતી૦ ॥૪॥ આગલ જાતે દીઠો જી નં., કરી પાવક અંગીઠોજી....નં૦, સોવન પુરિસો ઈંઠો જી....નં૦, સાથે એક નર બેઠોજી....નં૦; તે કહે મુજને સાહમો આવી, આવોજી વડભાગ....આગલ૦ ॥૫॥ મંત્ર ઈહાં આરાધુંજી....નં૦, સોવન પુરિસો સાધુજી....નં૦, સહાયક નવિ લાધુજી....નં૦, તેહથી કાચું બાધુંજી....નં૦, ઉત્તર સાધક તું માહરે જિમ હોય કુશલે સિદ્ધ....મંત્ર૦ ॥૬॥ મન ઉપગાર ભરીને જી....નં૦, ન શકયો બોલી ફરીને જી....નં૦, વચન પ્રમાણ કરીને જી....નં૦, હાથે ખડગ ધરીને જી.... નં૦, ઉપસાધક થઈ બેઠો પાસે, કરતો કોડી યતન્ન મન૦ ॥૭॥ કહે યોગી અવધારીજી....નં૦, જિહાં રોવે છે નારીજી....નં૦, તિહાં છે વડતરૂ ભારીજી નં૦, કરો કુંમર હુંશીયારી જી....નં૦, ચોર સુલક્ષણ શાખે બાંધ્યો, તે આણો જઈ વેગ....કહે૦ ॥૮॥ વચન સુણી હું ચાલ્યોજી....નં૦, ઉગ્ર ખડગ કર ઝાલ્યોજી....નં૦, ઉભે રહી જવ ભાલ્યો જી....નં૦, બાંધ્યો ચોર નિહાલ્યોજી....નં૦, ચોર તલે વિરલ સ્વર રોતી, દીઠી તિહાં એક નારી....વચન૦ ॥૯॥ મેં પૂછ્યું કાં રોવેજી....નં૦, કાં દુઃખ દેહ વિગોવે

જી....નં૦, એકાકી કિમ હોવે જી....નં૦, એહ સાહામું શું જોવેજી....નં૦ ઘન ભીષમ વનને શમશાને, બેઠી તું કિણ કામ?....મેં૦ ॥૧૦॥ તવ તે વદન ઉઘાડી જી....નં૦, જોતી અવલી આડી જી....નં૦, મૂકી લાજ કમાડી જી....નં૦, બોલી ઇમ પટકાડી જી....નં૦, શું દુઃખ ભાખું હું તુંજ આગે ભાગ્ય રહિતમાં લીહ....તવ૦ ॥૧૧॥ બાંધ્યો જે વડ ડાલે જી....નં૦, શૈલ અલંબ વિચાલે જી....નં૦, રહેતો કંદર નાલે જી....નં૦, હરતો પુરધન આલે જી....નં૦, ચોર પુરાતન પાપ દશાથી, એ આવ્યો નૃપ હાથ.... બાંધ્યો૦ ॥૧૨॥ લોભસાર ઇણે નામે જી....નં૦, વીતક ત્રીજે યામે જી....નં૦, સંધ્યાયે વિણ મામે જી....નં૦, બાંધી હણિઉ ઠામે જી....નં૦, મુજ પ્રીતમ છે હું પણ એહની, રોવું છું દુઃખ તેણે....લોભ૦ ॥૧૩॥ નેહ નવલ મુજ ખટકે જી....નં૦, ચિંતા ચિત્તમાં ચટકે જી....નં૦, વિરહ અગ્નિ જિમ ભડકે જી....નં૦, પ્રાણ કંઠમાં અટકેજી....નં૦, આજ પ્રભાતે કર મેલાવી, હુઓ હતો એહ સાથ....નેહ૦ ॥૧૪॥ કરવા ચોરી નિકસ્યોજી....નં૦, ગયો નેહનો તરસ્યોજી નં૦, મુજ સંગે નવિ વિલસ્યોજી....નં૦, હવે વિરહો મુજ વિકસ્યોજી....નં૦, ચંદન લિંપી આલિંગન દ્યુ હું, જો આપે તુજ બુદ્ધિ....કરવા૦ ॥૧૫॥ મેં નિસુણી તસુ વાણીજી....નં૦, મનમાં કરૂણા આણીજી....નં૦, કહ્યું આવો ગુણખાણીજી....નં૦, મુજ ખાંધે ચઢી પ્રાણીજી....નં૦, જિમ જાણે તિમ કર તું એહને,

મેલ્યો મેં એ યોગ મેં૦ ॥૧૬॥ ધરણીથી તે કૂદીજી ....નં૦, ચરણ દેઈ મુજ ગૂંદીજી....નં૦, લેપે શબની બૂંદીજી....નં૦, આલિંગે દ્રંગ મૂંદિજી....નં૦, કંઠાલિંગન કરતા મૃતકે, લીધી નાસા તોડિ.... ધરણી૦ ॥૧૭॥ ઘણું હુંતી અનુરાગીજી....નં૦, પણ નાકે કર દાગીજી....નં૦, ડરતી પાછી ભાગીજી.... નં૦, ગાઢી રોવાં લાગીજી....નં૦, તાણે ત્રુટી રહ્યો શબમુખમાં નાક તણા અગ્રભાગ....ઘણું૦ ॥૧૮॥ જોતા રમત આસીજી....નં૦, આવી મુખે હાંસીજી ....નં૦, તવ નવ કોપ પ્રકાશીજી....નં૦, બોલ્યો મૃતક વકાશીજી....નં૦, કાંઇ હસે તું ઇણે વડ મુજ જ્યું બંધાઇશ નિશિ કાલ....જોતા૦ ॥૧૯॥ વચન સુણી હું ભડકયોજી....નં૦, શોક મહાભર ખડકયોજી ....નં૦, ચિંતાથી ચિત્ત તડકયોજી....નં૦, હૃદય થકી ભય ધડકયોજી....નં૦, દૈવ પ્રયોગે શબ ઇમ બોલ્યો, હૈ હૈ કરશું કેમ?....વચન૦ ॥૨૦॥ નકટી ડરતી નિતરેંજી....નં૦, મુંજ ખાંધાથી ઉતરેંજી....નં૦, કહેવાં લાગી ઇતરેજી....નં૦, કિણ નગરે તું વિચરેજી ....નં૦, નામ થાનાદિક મેં તે આગે, ભાખ્યું સઘલું સાચ....નકટી૦ ॥૨૧॥ મુજ ઉપર વિશ્વાસીજી....નં૦, બોલી તે ઉલ્લાસીજી....નં૦, સુણો કુમર સુવિ લાસીજી....નં૦, મુજ નાસા રુજાસીજી....નં૦ તવ હું પીઉંનું દ્રવ્ય ગુફામાં, દેખાડીશ તુમ આય....મુજ૦ ॥૨૨॥ ઇમ કહી તે ઘર ચાલી જી....નં૦, હું ચઢીઉં વડ ડાલીજી....નં૦, છોડયો ચોર સંભાલીજી....નં૦, નાખ્યો નીચો ભાલીજી....નં૦, ઉતરી જોઉં તો

તિણ સાખેં. બાંધ્યો તિમહિજ દીઠ....ઇમિ૦ ॥૨૩॥ મેં જાણ્યો તતકાલજી....નં૦, સાધક દેવી ચાળાજી....નં૦, છોડી મન ઢક ચાલાજી....નં૦, ફિરિ ચઢીયો વડ ડાલાજી...નં૦, બંધન છોડી કેશ ગ્રહીને. ઉતરિયો વલી હેઠ, મેં૦ ॥૨૪॥ ખંધ ચઢાવી લીધુંજી...નં૦, અક્ષત શબ પરસીધુંજી...નં૦, જઇ યોગીને દીધું-જી...નં૦, ઇમિ પર કારજ કીધુંજી...નં૦, ત્રીજે ખંડે ઢાલ એ છઠ્ઠી, કાંતે કહી રસ રેલ...ખંધ૦ ॥૨૫॥

॥ દુહા ॥

ચરિત્ર સુણી ચિત્તમાં ચકયા, ભૂપાદિક જન ભૂર;<br>
અદ્‌ભુત ભય આનંદ દુઃખ, હાસ્ય સોગ આપુર. ॥૧॥

વલી વિગત મહાબલ કહે, મૃતક દેહ નવરાઈ;<br>
ચંદન રસ ચર્ચિત કરી, થાપ્યું મંડલ ઠાઈ. ॥૨॥

અગ્નિકુંડ દીવા ચિંહું, રાખ્યો સાધક પાલ;<br>
પદ્માસન બેસી જપ્યો, મંત્ર તિણે તતકાલ. ॥૩॥

મૃતક તરત નભ ઉલળે, પડે ન પાવક કુંડ;<br>
ખિન્ન થયો જપ ધ્યાનથી, સાધક ચિંતા મંડ. ॥૪॥

તે હવે શબ ગયણાંગણે, ઉડયો કરતો હાસ;<br>
અવલંબ્યો તિમહિજ જઈ, વડશાખા અવકાશ. ॥૫॥

ચૂકો કાં એક ધ્યાનમાં, તેણું ન સીધો મંત્ર;<br>
સાધીશું ફિરિ આવતી, રાતેં કરીશું તંત્ર. ॥૬॥

તુજજ બલેં સાધન તણી, થાશે વહેલી સિદ્ધ;<br>
રહો સુભગ યોગી કહે, ઉપગરવાની બુદ્ધ. ॥૭॥

વચન પ્રમાણી હું રહ્યો, થઈ ઉપસાધક પાસ;
યોગી કરતો મુજને, બોલ્યો એમ પ્રકાશ. ॥ ૮ ॥

## ॥ ઢાળ સાતમી ॥

ન્હાનો નાહલો રે........એ દેશી.

ઉપસાધક જો તું થયો રે, તો સવિ થાશે કામ ....નંદન રાયના રે; પણ ચોખો મુજ ચિત્તમાં રે, એહવો એક ઈણુ ઠામ....નંદન૦ ॥૧॥ મુજ સંગે જો દેખશે રે, તુજને નૃપ જણ વૃંદ....નં૦; તો જઈ કહેશે ભોલવ્યો રે, અવધૂતે તુમ નંદ...નં૦ ॥૨॥ પ્રાણ પિયાણું માહરે રે, હોશે અચિંત્યું આય....નં; તે માટે તુમ ફેરવું રે કહો તો રૂપ બનાય....નંદન૦ ॥૩॥ જાશો મા મુજ પાસથી રે, લખમીપૂંજ અનેથ ....નં૦; ઇમ ધારી મુખમાં ઠવી રે, કથન ગ્રહ્યું મે તેથ....નંદન૦ ॥૪॥ તામ મુલી ઘસી યોગીયે રે, મંત્રી તિલક મુજ કીધ....નં૦; તાસ પ્રભાવે હું થયો રે, પન્નગ વિષ આવીધ...નંદન૦ ॥૫॥ મૂકી મુજ ગિરિ કંદરે રે, આપ ગયો કોઇ કામ....નં૦; પવન-ભખી સુખમાં રહું રે, છાનો બિલને ઠામ....નંદન૦ ॥૬॥ ગિરિથલ જોતાં ગારૂડી રે, આવ્યાં મુજનેં હેર ....નં૦; મંત્ર પ્રયોગે વશ કરી રે, ઘટમાં ઘાલ્યો ઘેર....નંદન૦ ॥૭॥ યક્ષ ભવનમાં મૂકીયો રે, કુંભ કરાવી ધીજ...નં૦, તુમ આદેશે જે નરે રે, કાઢયો હું વિણુ ખીજ...નંદન૦ ॥૮॥ તેહને તુરત જ ઓલખી રે, કાઢી મુખથી હાર...નં૦; કંઠે ધર્યો તેહથી હુવો રે, તે નારી અવતાર....નંદન૦ ॥૯॥ આરાધી ગિરિ

કંદરે રે, મૂકયો પાછો નાગ....નં૦; ઇત્યાદિક વીતી કથા રે, થઇ તુમ પ્રત્યક્ષ ભાગ....નંદન૦ ॥૧૦॥ ભૂપ કહે તે કિમ હૂઓ રે, જોતાં નારી સ્વાંગ....નં૦, મહાબલ ભાંખે તાતને રે, શેષ કથા એકાંગ....નંદન૦ ॥૧૧॥ જાતાં નારી પાછલે રે, ગુટિકા તિલક રચેય ....નં૦, નારી નર રૂપે કરી રે, મુજ વસ્ત્રાદિક દેય ....નંદન૦ ॥૧૨॥ તે ફણિધર હું કર ગ્રહ્યો રે, ધીજ સમય ઇણે બાલ....નં૦; ભાલ તિલક ચાટયું ચઢી રે, મેં એહનું તતકાલ....નંદન૦ ॥૧૩॥ નર ફિટી નારી હૂઈ રે, એ પરમારથ વાત....નં૦; ભૂપ પ્રમુખ સહુ રીઝિયાં રે, સુણી અદ્‌ભુત અવદાત....નંદન૦ ॥૧૪॥ ભૂપ કહે મેં આચર્યું રે. અણઘટતું પ્રતિ-કૂલ....નં૦; લોક કહે ન મોટે લિખ્યું રે, જે સરજિત વિધિ મૂલ....નંદન૦ ॥૧૫॥ રાણી મલયાને કહે રે, બેસારી ઉત્સંગ....નં૦; કાન પ્રકાશ્યો આતમા રે, વત્સે! તેં દુઃખ સંગ....નંદન૦ ॥૧૬॥ અથવા તે જાણ્યું કહ્યું રે, વાત ન ખાતી પાડ....નં૦; વિણ અવસર જે ભાખીએ રે, ન ચઢે તેહ સિરાડ.... નંદન૦ ॥૧૭॥ દુઃખમાં મૌન ધરી રહી રે, નાંખી ન એકા ટોક....નં૦; એ વિરતંત કહી જતો રે, માનત નહિં કો લોક....નંદન૦ ॥૧૮॥ રૂડું દૈવે કર્યું હશે રે, પામ્યા દુઃખનો પાર....નં૦; અમ ગુનહો ખમજો હવે રે, સતિયાં કુલ શણગાર....નંદન૦ ॥૧૯॥ ઇમ કહેતી નૃપની પ્રિયા રે, જે જીવિતની આથ.... નં૦; આભૂષણ મણિ તે હસી રે, આપે મલયા હાથ....નંદન૦ ॥૨૦॥ ત્રીજે ખંડે સાતમી રે, એ

થઈ અનુપમ ઢાલ....નં૦; કાંતિ કહે સુણતાં સદા રે, લહિયેં મંગલ માલ....નંદન૦ ॥૨૧॥

॥ દુહા ॥

તાત કહે વિષધર પણે, રહેતાં શેલ અલંબ;
કારણ શું શું અનુભવ્યાં?, કહીયેં તે અવિલંબ ॥૧॥
પવન ભખત ગિરિ કંદ રે, નિર્ગત હુઆ દિનેશ;
રજની સમય સાધક ધસી, આવ્યો મુજ ઉદ્દેશ ॥૨॥
દિનકર તરુનાં દુગ્ધથી, ઘસ્યું ભાલ મુજ તેણ;
દેખી મૂલ સરુપ દગ, બોલાવ્યો નેહેણ. ॥૩॥
આવો કુમર કલા નિલા, કરીયેં મંત્ર વિધાન;
ઈમ કહી પાવક કુંડ નર, લાવ્યો દે સનમાન. ॥૪॥
સાધક વચને વડથકી, આણી દીઓ શબ ફેરિ;
બેઠો જપવા તેહ તવ, હું પણ બેઠો ઘેરિ. ॥૫॥

## ॥ ઢાળ આઠમી ॥

હરિહા સુજ્ઞાની સાહેબ મેરા બે....એ દેશી.

જિમ જિમ જાપ જપે તે યોગી, આહુતિ દ્યે અવસાન; તિમ તિમ શબ ઉપડી પડે, તડફડનું રોષ નિદાન.... હઠીલી યોગિણી આઈ બે, અરિહાં રીસ ભરાઈ બે. ॥૧॥ આધી રાતિમાં ગગન વિચાલેં, વાગ્યાં ડમરું ડાક; વીર બાવન આગેં ચલે, પાડતા પ્રૌઢી હાક....હઠીલી૦ ॥૨॥ અભ્રથકી ઉદ્ભટ ઉતરતી, શક્તિ કહે એ ધીઠ; મૃતક અશુદ્ધ આણી કિસ્યું હું?, તેડી કાં ભૂપીઠ....હઠીલી૦ ॥૩॥ ઇમ કહેતી યોગીનેં સાહી, નાખેં અગનિનેં કુંડ; નાગપાશને બંધને મુજ,

બે કર બાંધ્યા પ્રચંડ...હઠીલી૦ ॥૪॥ સુંદર રૂપ કુમર તે મારે, મારી લે કુણ પાપ?; ઇમ કહેતીં નભ મારગેં, બિંહુ પગ ગ્રહી ઉડી આપ...હઠીલી૦ ॥૫॥ બે શાખા વિચ હું પગ ભીડી, ઉંચા પગ શિર હેઠ; ટાંગી મુજને એ વડેં, ઉડી ગઇ લેતી કુલેઠ...હઠીલી૦ ॥૬॥ શબ તે તિમહિ જ ઉડી તિહાંથી, વલગું ગુંડાલે આપ; પુરલોકેં જોયું વલી, તિહાં પાછી કોટ ફિરાય...હઠીલી૦ ॥૭॥ લોક કહે દીસે છે બાંધું તો, કિમ અશુચિ એ કીધ; નૃપ કહે મુખમાં એહને, નાસા પલ હોશે કુશુદ્ધ...હઠીલી૦ ॥૮॥ લોક કહે ઇમ કહિ જતા રાજા, જાવરાવેં જણ પાસ; દીઠી વલગી દાંતમાં, નાસા તિણ આયો વિસાસ...હઠીલી૦ ॥૯॥ એ મેં સાધકને ન જણાવ્યું, કુમર કરેં ઇમ ખેદ; ભૂપ કહે ભવિતવ્યતા, મેટીજે કેમ ઉમેદ?... હઠીલી૦ ॥૧૦॥ ભૂપ કહે કેમ કરથી છૂટયાં, બાંધ્યા વિષધર પાશ?; સુત કહે તેહનું પૂછડું, મુજ મુખમાં આવ્યું ઉકાસ...હઠીલી૦ ॥૧૧॥ ક્રોધ ભરી ચાવ્યું મેં તેહથી, પીડયો પન્નગ જોર; નર્મ થઇ હેઠગો પડયો, ન ચઢયું વિષ મંત્રથી ઘોર. .હઠીલી૦ ॥૧૨॥ દોય પહોર રયણીનાં કાઢયાં, દુઃખમાં મેં વિલતાત; સંકટ સહુ ટળીયાં હવે, મલતા ક્રમયોગે તાત...હઠીલી૦ ॥૧૩॥ વચન કહ્યું સુર શક્તિ મૃતકે, તે મલિઉં પ્રત્યક્ષ; મુજ વિરતંત કહ્યો સવે, તુમ આગલ પુરી પક્ષ...હઠીલી૦ ॥૧૪॥ લોક પ્રશંસે શિર ધૂણંતા, અહો હો અતુલ બલવીર; થોડા કાલ માંહે ઘણી, ભલ સાંસયો પીડ શરીર...હઠીલી૦ ॥૧૫॥ નાવે

વચન પથ મન નવિ માવે, કહેતાં પણ જે વાત; તે સંકર જલરાશિનો, તારૂ એક તુંહિજ તાત... હઠીલી૦ ॥૧૬॥ અહો સાહસ નિર્ભય પણ માયા, બુદ્ધિ મહોદ્યમ ખાસ; ઉપગારક કરૂણાપણું, દઢતા મતિ પુણ્ય પ્રકાશ...હઠીલી૦ ॥૧૭॥ નારી લહી લક્ષણ લાખીણી, મલીયોં અમને વેગ; લોક અનેક કરેં તિંહા, ઇમિ વર્ણન ગુણમતિ ભેગ...હઠીલી૦ ॥૧૮॥ ભૂપ કહે નંદન મંડલ તે, દેખાડો છે કયાં હિ?; કુમર નૃપતિ જણ વિટીંઓ, દેખાડે જઇને ત્યાંહિ...હઠીલી૦ ॥૧૯॥ હરખેં લોક મલ્યાં ઉત્કર્ષે, નિરખેં પાવક કુંડ; સોવન પુરિસો તિહાં તિણેં, દીઠો જલહલતો દંડ...હઠીલી૦ ॥૨૦॥ છેદ્યાં પણ નિશિમાંહે વાધે, શીશ વિના જસ અંગ; પુરિસો તેહ કઢાવીને, ભંડાર ધર્યો નૃપ ચંગ...હઠીલી૦ ॥૨૧॥ સકુંટુંબો નિજ મંદિર આવ્યો, રંગ ભર્યો નર નેત; દસ દિન રંગ વધામણા, વરતાવ્યાં મંગલ હેત...હઠીલી૦ ॥૨૨॥ ત્રીજા ખંડની આઠમી ઢાલેં, ભાંગ્યા વિરહ વિયોગ; કાંતિ વિજય કહે પુણ્યથી, લહિયેં મનવંછિત ભોગ...હઠીલી૦ ॥૨૩॥

॥ દુહા ॥

હવે નગર વન શોધતો, મલયકેતુ મતિવંત;
પુહવીઠાણ નરિંદને, વેગે આવી મિલંત. ॥૧॥
વાત પ્રકાશી વિગતથી, વર કન્યાની એણ;
ભગિનિપતિ ભગિની બિંહુ, મેલવીયોં નૃપ તેણ. ॥૨॥
કુશલ પ્રશ્ન પૂર્વક સહુ, હરખિત બેઠા ઠાણ;
વર કન્યાએ આપણું, દાખ્યું ચરિત્ર વખાણ. ॥૩॥

મલયકેતુ શિર ધુણંતો, પામે મન અચરિજ;
નવલી વાતે કેહનું, ચિત્ત ન ચિત્ર ભરિજ? ॥ ૪ ॥
ગોષ્ટિ મહારસ સાગરે, કરતાં હર્ષણ કેલિ;
ભૂખ તૃષા નિદ્રા પ્રમુખ, ન ગણે રસને એલિ. ॥ ૫ ॥
મજ્જણ ભોજન વસ્ત્રથી, સત્કાર્યો નૃપ નંદ;
બાંધ્યો બેહુંની નેહનો, રહે તિહાં સ્વચ્છંદ. ॥ ૬ ॥
કેતાઈક દિન ત્યાં રહી, માગી નૃપ આદેશ;
જનની જનક વધાવવા, કરે પ્રયાણું દેશ. ॥ ૭ ॥

## ॥ ઢાળ નવમી ॥

ઘરે આવોજી આંબો મોરીઓ....એ દેશી.

મલયકુમરને નૃપ કહે, સંપ્રેડણ મન ન વહંત.... ગુણવંતાજી કુમર કલાનિલા; તો પણ કહેવાં વધામણી, પઉધારો પુરિ મતિવંત....ગુણ૦ ॥૧॥ પ્રીતિલતા સિંચી રસે, પહેલાંથી વધારી જેહ; સફલ હૂઈ તુમ આવતાં, પોતાવટ રાખી અછેહ....ગુણ૦ ॥૨॥ વીરધવલને મુજ વિનતિ, કહેજો કરી કોડિ પ્રણામ; મુજ ઉપર હિત આદરી, ગણજો લઘુ દાસ સમાન....ગુણ૦ ॥૩॥ મહાબલને મલયા પ્રત્યે, પોહોતો આપૂછણ કાજ; દેખી દંપતી ઉઠીયાં, બોલાવે વચને સભા-જ....ગુણ૦ ॥૪॥ મહાબલ કહે મુજ સસુરને, કહે જો જઈ કોડિ સલામ; ચોર થયો હું રાવલો, ખમજો તે ગુનહ પ્રકામ....ગુણ૦ ॥૫॥ વિણ શીખે તુમ નંદની, લેઈ આવ્યો પરનો અધીન; ઉપજાવ્યું દુઃખ આકરું, તે કરજ્યો માંઈ વાત વિલીન....ગુણ૦

॥૬॥ મલય ભણી મલયા કહે; બાંધવ મુજ વાત નિતાર, વીનવશો માય તાતને, મુજ આગમનાદિ પ્રકાર....ગુણ૦ ॥૭॥ ચિંતા ન કરશો ચિત્તમાં, મુજ સુખ શાતા છે આંહિ; ચતુર તુમે પણ ચાલતાં, રહેજો રાહિં....ગુણ૦ ॥૮॥ વચન સહુનાં ચિત્ત ધરી, ગલગલતો થાય વિદાય; ઉપપૂર લગે આડંબરે, મહીપતિ પોહોંચાવા જાય....ગુણ૦ ॥૯॥ કેટલે દિન ચંદ્રાવતી પોહોંચ્યો, કહે સકલ વૃતાંત; ખબર વહી લહી માતા પિતા, પામે તિંહા હર્ષ અનંત....ગુણ૦ ॥૧૦॥ મહબલ મલયા સંગમે, વિલસંતે નિવહે કાલ; એક સમયે બેઠા બિન્હે, ઉંચા મંદિરને જાલ....ગુણ૦ ॥૧૧॥ નાક વિહુણી નાયિકા, આવી એક મંદિર બાર; મહબલ દેખીને કહે, એક પશ્યતહરની નારી ....ગુણ૦ ॥૧૨॥ થિર મીટે તવ ઓલખી, પ્રમદાએ તે ઉપમાત; પ્રીતમ કનકવતી ઇહાં, દીસે છે આવી કુજાત....ગુણ૦ ॥૧૩॥ ગુહ્ય ન કહેશે લાજતી, જો ઓલખશે મુજ દેખ; તેહથી હું પડદે રહું, પૂછો અવદાત વિશેષ....ગુણ૦ ॥૧૪॥ ઇમ કહેતી ભુવણંતરે, બેઠી જઈ સુણવા વિગત; કનકવતી આવી કરે, નૃપ નંદનને પણિપત્ત....ગુણ૦ ॥૧૫॥ આદર દે પૂછયાં થકી, કહેશે ઇહાં આપ ચરિત્ર; નવમી ત્રીજા ખંડની, કાંતે કહી ઢાલ પવિત્ર...ગુણ૦ ॥૧૬॥

॥ દુહા ॥

પભણે સા ચંદ્રાવતી, નગરીપતિ ઉદ્દામ;
વીરધવલ તસ હું પ્રિયા, કનકાવતી ઇતિ નામ. ॥ ૧ ॥
મુજપતિ કોપ્યો મહીપતિ, એક દિવસ વિણ કાજ;
તવ હું રૂઠી નીકલી, મૂકી સકલ સમાજ. ॥ ૨ ॥

મલ્યો વિદેશી મુજને, તરૂણો એક છયલ્લ;
તસ સંકેત સૂરિ ગૃહે, મલી રાતિ હું હલ્લ. ॥૩॥
દેખાડી ભય ચોરનો, વસ્ત્રાદિક મુજ લીધ;
મુત્તાવલી ને કંચુકી, આપ હત્થુ તિણે કીધ. ॥૪॥
શેષ જણસ સાથેં મુને, ઘાલી પેટી માંહિ;
કપટ કરી તે ધૂરતે, દીઉં યંત્ર ભટકાંહિ. ॥૫॥
સંકેતિ બીજો તિહાં, આવ્યો ધૂરત કેહિ;
બિહું ઉપાડી મંજૂષડી, નાંખી નદીયેં રેડિ ॥૬॥
આલંબન વિણ પવનથી, ખાતી જોલ અછેહ;
ગુહિવ નદી ગોલા જલે, તરી તરી જેમ તેહ. ॥૭॥
કુમર કહે કિણ કારણે, નાખી તુજને નીર;
અથવા તેહને ઓલખે, જો ઉભા હોય તીર. ॥૮॥
તેહ કહે કારણ કિશ્યું, હતા અજાણ્યા ધૂત;
નિષ્કારણ વૈરી ઇસ્યાં, ગયા કરી કરતૂત. ॥૯॥
કુમર કહે હો ધૂરતેં, કીધો અનુચિત ખેલ;
શીશ ધૂણંતો આગલે, પૂછે કથા ઉકેલ. ॥૧૦॥

## ॥ ઢાળ દશમી ॥

બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ છો....એ દેશી.

જલપૂરેં તે તરતી પેટી, પ્રાતઃ સમય ઇહાં આવી; યક્ષ ધનંજય ભવન સમીપેં, ગોલા કંઠે ઠાવી. ॥૧॥ સાચી વાત કહાં છાં રાજ, જે વીતી છે અમમાં; તિલભર જૂઠ કહું નહિ મોહન, મલતાનાં સંગમમાં....સાચી૦ એ આંકણી. લોભસાર ચોરે જલ માંથી, કાઢી ભાર ગરિટ્ટી; તાલું ભાંજી જોતાં માંહે, વસ્ત્ર સહિત હું દીઠી....સા૦ ॥૨॥ શૈલ અલંબ વિષમ

કંદરમાં, લેઈ ગયો મુજ છાને; દ્રવ્ય સહિત મંદિર પોતાનું, દેખાડયું બહુમાને....સા૦ ॥૩॥ નેહરસેં મીંજી મુજ ભીંજી, તસ સંગે મન મોહે; પોહોર દોય રહી તિંહાથી ઈંણે પુર, આવ્યો કાજ વિનોદે ....સા૦ ॥૪॥ પાપ દશાથી ભૂપે સાહી, સાંજે વડલે બાંધ્યો; પર્વત શિખર રહી મે જોતાં, મોહન વિડંબન સાંધ્યો....સા૦ ॥૫॥ રાતિં સમય ગઈ પાસેં રડતી, તિહાં મલી હું તુમને; આગલ વાત સકલ જાણો છો, એ વીત્યું છે અમને....સા૦ ॥૬॥ આવો દ્રવ્ય ઘણું દેખાડું, ઈમ સુણી મહાબલ ઉઠે; કહ્યું તાતને તાત કુમરશું, ચાલ્યો ત્યાં તસ પૂંઠે....સા૦ ॥૭॥ વસ્તુ હતી જે જેહની તેહને, દીધી સર્વ સંભાલી; શેષ દ્રવ્ય લેઈ નરપતિ નગરે, આવ્યો પાછા ચાલી.... સા૦ ॥૮॥ દાન આપી સત્કારી કનકા, આવે કુમર નિવાસે; લખમીપૂંજ સહિત મલયા ત્યાં, દેખી બેઠી પાસે....સા૦ ॥૯॥ ચમકી ચિત્ત વિચારે એ કિમ, ઇહાં આવી જીવંતી; કૂપથકી નિકશી કિમ પરણી, એ મુજ વૈરિણી હુંતી....સા૦ ॥૧૦॥ ફરકે અધર શકે નહી પૂછી, રહી વદન નિરખંતી; રખે ચરિત્ર મુજ ચાવાં પાડે, મનમાં ઈમ બીહંતી....સા૦ ॥૧૧॥ લખમી પૂંજ મનોહર મહારો, લીધો તો જિણ ધૂતે; એ પાપણીને આણી દીધો, દીસે તેણ કુપૂતે....સા૦ ॥૧૨॥ જાણું નહી કે લીધો ઇહુંણે, ખેડી નવલો ફંદો; હવણાં તો એહિજ મુજ વૈરી, કીધો ઇમ દિલ મંદો....સા૦ ॥૧૩॥ કહે મલયા માતા છો રૂડાં, એકાકી કિમ આવ્યા; કુશલ ન દીસે નાક ભણી કાં,

કે કિણે કર્મે સંતાપ્યા?....સા૦ ॥૧૪॥ કુમર ભણે પદમિણિ મત પૂછો, કહેશું હું તુમ આગે; દિન ન ખમે કારજ છે બહુલાં, કહેતાં વેલાં લાગે....સા૦ ॥૧૫॥ શીખકરી નકટીને આપ્યો, સૂને મંદિર પાસે; મુખ મીઠી હિયડાંમાં ધીઠી, વાસી તિણ આવાસે.... સા૦ ॥૧૬॥ પ્રતિ દિવસેં મલયા ઉપકંઠે, આવે કનકા રંગે; થઈ વિશવાસિણી તે, નવ નવ કથા પ્રસંગે....સા૦ ॥૧૭॥ છિદ્ર નિહાલે મલયા કેરાં, શોક્ય સમી નિશદીસ; સુખ ભોગવતાં મલયા એહવે, ધરે ગર્ભ સુજગીશ....સા૦ ॥૧૮॥ ઉપજતાં દોહોલાં પીઉં હેજે, પૂરે નવ નવ ભાતેં; પ્રસવ સમય આસન્ન હૂઓ તવ, દીપે રાણી ગાતેં....સા૦ ॥૧૯॥ ત્રીજે ખંડે ચાવી દશમી ઢાલ મહારસ પૂરી; ભાંખી કાંતિ વિજય બુધનેહેં, નિરૂપમ રાગ સનૂરી....સા૦ ॥૨૦॥

॥ દુહા ॥

ઇણ અવસર મહાબલ પ્રત્યે, દીયે તાત આદેશ;
વત્સ! વિકટ ભટ સાજશું, કરો ચઢાઈ વેશ. ॥૧॥
નામેં કૂર સજ્જયો, ગઢેં, પલ્લી નાયક કૂર;
કરે ઉપદ્રવ દેશમાં, તે નિર્દ્ધાટો દૂર. ॥૨॥
સભા સમક્ષે દક્ષ તે, તાત વચન પરમાણ;
મલયાને પૂછણ ભણી, ગયો ભુવન ગુણખાણ. ॥૩॥
ચિંતાકુલ પ્રમદા કહે, હું આવીશ પિયું સાથ;
દૂર રહીને કિમ ચઢું, વિષમ વિરહને હાથ. ॥૪॥
કુમર કહે અવસર નહિ, રહો કરી દઢ ચિત્ત;
લાભ ચિત્ત ગુટિકા કન્હે, રાખો ગુણ સંજુત્ત. ॥૫॥

જાણે તું ગુણ એહનાં, કરજે ખરાં જતન્ન;
તે આપી પભણે વલી, મહબલ વિરહ વિખિન્ન. ॥૬॥

પદ્દમિણી તો પાંખે હિયે, આવે વિરહ ભરેય;
ગણ્યા દિવસમાં તે ભણી, આવીશ કાર્ય કરેય. ॥૭॥

તાત વચન જો અવગણું, તો લાગે કુલ લાજ;
દીઉં અનુગ્ના સુંદરી, જિમ સાધું જઇ કાજ. ॥૮॥

નયણે આસું સીંચતી, નાખે મુખ નિસાસ;
પ્રીતમ વ્હેલા આવજો, બોલી એમ ઉદાસ. ॥૯॥

લેઇ અનુમતિ ઉણ મને, બાંધી તરકસ વેગ;
પાછી મીટે નિરખતો, ચલ્યો ભવનથી વેગ. ॥૧૦॥

## ॥ ઢાળ અગયામી ॥

અબ ઘર આવો રે, રંગસાર ઢોલણા....એ દેશી.

કનકવતી મુખેં મીઠી રે, ધીઠી કપર મહા વિષવેલિ; અહનિશિ જોવેરે, છલ મલયા તણું, અનુયાચી બેસે રમે રે ધીઠી, વાત કરે મનમેલ....અહનિશ૦ ॥૧॥ એકલડી ભવને રહીરે ધીઠી, મુજ ભાગ્યેં એ નારી ....અહ૦; ચિંતી ઇમ છલ કેલવી રે ધીઠી, આવી સદન મજારિ....અહ૦ ॥૨॥ બેઠી મુખ કરમાં ઠવીરે ગોરી, કરતી મન ઉદ્વેગ; પ્રમદા નિહાલી રે જરતેં લોયણાં, બેસેં પાસે આવીને રેં ધીઠી, પૂછે દુઃખ ધરી નેગ....પ્રમ૦ ॥૩॥ અકથકથા કહે મેલવી રે ધીઠી, રીજાવે રતિ આણી....પ્રમ૦; દિવસ ગમાવે રંગમારે ગોરી, કનકાશું રસ માણિ, નવ નવ ભાંતે રે કરતી ખેલણાં ॥૪॥ કહે મલયા માતા ઇહાં રે ભોલી, રાતે કરો વિશ્રામ; જિમ મુજ નાવે રે મનમાં ચોલણાં;

પયમાં સાકર ભેલવીરે ધીઠી. ચિંતવતી મન તામ; વચન પ્રમાણી રે. કરે નિશિ ગાલણા. ॥૫॥ દિન જિમ રજની નીગંમેરે ગોરી, ઉગ્યો દિનકર પ્રાત, તવ ઇમ બોલી રે કરતી ચાલણાં તુજ પૂઠે એક રાક્ષસીરે ગોરી, લાગી છે કમ જાત; નવ નવ ભાતે રે કરતી ખેલણા ॥૬॥ મેં દીઠી ભર રાતમાં રે ગોરી કાઢી દૂરેં ખેધિ....નવ૦ જો તું મુજને આદિશેરે ગોરી, તો નાખું એહને વેધિ, જિમ તુંજ નાવેરે મનમાં ચોલણાં. ॥૭॥ હું પણ તે સરખી થઇ રે ગોરી, ટાલું એહનું ઠામ, જિમ તુંજ નાવે૦ મલયા મન ભોલાપણે રે ગોરી. માને સાચું તામ; તવ ઇમ બોલે રે. કરતી ચોલણાં ॥૮॥ જીહાં દંત ભલાવવી રે ગોરી, જે શીખવવું તુજ્જ....તવ. મયા કરી મુજ ઉપરેં રે ભોલી, કરો ઉચિત જે ગુજ્જ; જિમ મુજ નાવે રેં મનમાં ચોલણાં ॥૯॥ નગરીમાં તેહવે સમે રે ધીઠી, દેખી મરગી ઇંતિ....નવ૦; ભૂપ કન્હે કનકા ગઇ રે ધીઠી, તેહને દેઇ પ્રતીતિ, રહસ્ય લહીનેંરે કહે ઇમ બોલણાં. ॥૧૦॥ તુમ આગે એક વારતા રે સામી, કહેવી છે ધરો કાન....રહ૦ તુંજ હિતની તે તો કહું રે સામી, જો ઘે જીવિત દાન રહસ્ય૦ ॥૧૧॥ અભય હજો કહે રાજીયો રે ભોલી. કહેતાં ન કર સંકોચ; જિમ મુજ નાવે રે મનમાં ચોલણા. જગમાંહે તેહિજ વાલહારે ભોલી, દેખાડે જો ચોચ....જિમ૦ ॥૧૨॥ તેહ કહે એ રાક્ષસી રે સામી, તુંજ વહૂઅર દીસંત....નવ. મુજ વચનેં નવિ વીસસો રે સામી, તો દેખાડું તંત....રહ૦ ॥૧૩॥ રયણીમાં રહી વેગલારેં સામી, જો જો આજ ચરિત્ર....નવ૦ રાતે થઇ એ

રાક્ષસીરે સામી, સાધે રાક્ષસ મંત્ર....નવ૦ ॥૧૪॥ અંગણમાં નાચે હસે રે સામી, રમે ભમે વલગંત.... નવ૦ દિસિ દિસિ નયણાં ફેરવે રે સામી, ફેંકારી જ્યું રટંત....નવ૦ ॥૧૫॥ ફેંકારીથી ઉછલે રે સામી, પુરમાં મરગી કષ્ટ, ગ્રહશો જો જાઈ નિશેં રે સામી, કરશેં કાંઈ અનિષ્ટ....નવ૦ ॥૧૬॥ પ્રાતઃસમય સુભટો કન્હે રેં સામી, કરજો એહનેં બંધ, જિમ તુમ નાવેરે મનમાં ચોલણાં. પહેલાં પણ નૃપનેં હતો રે સામી. પૂછવો કષ્ટ નિબંધ....રહ. ॥૧૭॥ એહવામાં એહથી સુણ્યું રે સામી, કારણ એ અસરાલ....નવ૦; તેહથી મન મેલું થયુંરે સામી, ચિત્ત ચક્યો ભૂપાલ ....નૃપતિ વિચારે રે કરતા ચોલણાં ॥૧૮॥ નિર્મલ મુજ કુલ લોકમાંરે સામી, થાશે હે સકલંક....નૃપતિ૦ લોક કલંક ન લાગશો રે ભોલી. લાગજો વિષહર ડંક....નૃપ૦ ॥૧૯॥ રાતે સર્વ જણાવશે રે ભોલી, બાહિર ન ભાખે વાત, તવ ઇમ બોલીરેં કરતી ચાલણાં, એબ ઉઘાડું પારકીરે સામી, એહવી નહી મુજ ધાત....રહ૦ ॥૨૦॥ સતકારી ભૂપેં તિકારે ધીઠી, પોહોતી ભુવન વિચાલ; અહો નિશિ જોતી રે, ત્રીજે ખંડે ઇગ્યારમીરે મીઠી. કાંતે કહી એ ઢાલ, નવ નવ ભાંતે રે કરતી ખેલણાં ॥૨૧॥

॥ દુહા ॥

રાક્ષસની વિનતા તણો, રજનીમાં સખી સાજ;
આવી મલયાને કહે, કનકા કપટ જહાજ. ॥૧॥
પુત્રી તું ઘરમાં રહે, હું તો બાહિર જાય;
હણી નિછાચર નારીનેં, આવીશ વહેલી ધાય. ॥૨॥

શિક્ષા દઇ બાહિર ગઈ, કૂડ ચાશતની કૂપ;
વસ્ત્ર ઉતારે અંગથી, કરવા રુપ વિરુપ. ॥૩॥
વિવિધ રંગ વરણું કરી, રંગે આપ શરીર;
ગ્રહે ઉંબાડી વદનમાં, બલબલતી બે પીર. ॥૪॥
રુંડ માલ કંઠે ધરે, કર સાહે કરવાલ;
પ્રત્યક્ષ રુપે રાક્ષસી, થઇ એલે શેશાલ. ॥૫॥
એહવે છાને રાતિમાં, આવ્યો જોવા ભૂપ;
અપર સમીપ ગૃહે ચઢયો, નિરખે દુષ્ટ સરુપ. ॥૬॥

## ॥ ઢાળ બારમી ॥

હોજી લુંબે ઝુંબે વરસાલો મેહ. લશકર આયો હરિયા પાર હો લાલ....એ દેશી.

હોજી કામિની કરતી નાચ, દેખે નૃપ છાને રહી હો લાલ; હોજી દીસે છે તે સાચ, જે મુજને કનકાયે કહી હો લાલ. ॥૧॥ હોજી નૃપ ચિંતે ચિત્ત એમ, કુલને દુર્યશ એ કિસ્યું હો લાલ; હોજી એહથી નહી જણુ ખેમ, મુજને પણ વિરુઉં કિશ્યું હો લાલ. ॥૨॥ હોજી કરવી ન પડે કચાટ, પહેલી જો સમજાવીયે હો લાલ; હોજી તેહ ભણી વનમાંહિ, એહને હવણાં હણાવીયે હો લાલ. ॥૩॥ હોજી ઇમ કહેતો નરનાથ, કોપાનલશું પરજલ્યો હો લાલ; હોજી તેડી સેવક સાથ, ગુપ્તપણે ભણે ભાંભલ્યો હો લાલ. ॥૪॥ હોજી મુજ સુત રમણી એહ, પાપિણી મલયા સુંદરી હો લાલ; હોજી રથ ચાઢી વન છેહ, ગુપત પણે હણજો પરી હો લાલ. ॥૫॥ હોજી કરતાં

રાતે કામ, લોક ન જાણે વાતડી હો લાલ; ઇમ સુણી સુભટ ઉદ્દામ, ઉઠયા લીડી ગાતડી હો લાલ. ॥૬॥ હોજી કર લીધું કરવાલ, આવત સુભટ નિહાલીને હો લાલ; હોજી જિહાં છે મલયા બાલ, કનકા ત્યાં ગઇ ચાલીને હો લાલ. ॥૭॥ હોજી થર થરતી વિણ સૂજ, હલ ફલતી બોલે ઇશ્યું હો લાલ; હોજી નૃપ ભટ હણવા મુજ, આવે છે કરવું કિશ્યું હો લાલ.? ॥૮॥ હોજી તુજ પાસે હું આજ, નૃપ આદેશ વિના રહી હો લાલ; હોજી તે માટે મહારાજ, મુજ ઉપર રૂઠા સહી હો લાલ. ॥૯॥ હોજી કયાંહિક મુજને છિપાડ, જણની મીટ ન જ્યાં પડે હો લાલ; હોજી મન માને તિંહા ગાડ, હાથ રખે કોઇનો અડે હો લાલ. ॥૧૦॥ હોજી મલયાને નિદેશ, પેઠી તેહ મંજૂષમાં હો લાલ; હોજી રોતી નાગે વેશ, બેસે માંહે એ કેંગમાં હો લાલ. ॥૧૧॥ હોજી તુરત જ તાલું દીધ, અભય કરી રાખી તિકા હો લાલ; હોજી આવ્યા સુભટ પ્રસિદ્ધ, કરતા રગત કનીનિકા હો લાલ. ॥૧૨॥ હોજી દીઠી મલયા તેણ, બેઠી રૂપ સ્વભાવને હો લાલ; હોજી તે કહે ડરથી એણ, બદલ્યો સાંગ જટાકિને હો લાલ. ॥૧૩॥ હોજી ફિટ રે પાપણી દુષ્ટ, જાણી તું કિમ મારશે હો લાલ; હોજી લાગી લોકાં પુંઠ, કેટલી સૃષ્ટિ સંહારશેં હો લાલ? ॥૧૪॥ હોજી ઇમ કહીને ગ્રહી બાંહિ, કાઢી રથ ચાઢી તિસે હો લાલ; હોજી ચાલ્યા અટવી રાહ, શ્વાપદ જિહાં વાંકા વસે હો લાલ. ॥૧૫॥ હોજી કરતાં અનાદર ઇષ્ટ, દેખી મલયા ચિંતવે હો લાલ; હોજી દીસેં કાંઇક અનિષ્ટ, ઇણ સૂલેં માહારે

હવે હો લાલ. ॥૧૬॥ હોજી હણવું કે વનવાસ, સુસરેં નિશ્ચય આદિસ્યો હો લાલ; હોજી મુજ અપરાધ પ્રકાશ, અણજાણ્યો દેખ્યો કિશ્યો હો લાલ. ॥૧૭॥ હોજી કે મુજ પૂરવ કર્મ, ઉદિત હુઆ ફલ આપવા હો લાલ; હોજી નહીં તો માહા મર્મ, બની આવે કિમ એહવા હો લાલ? ॥૧૭॥ હોજી કઠિન થઈ રે જીવ, ખમજેં કીધાં આપણાં હો લાલ; હોજી દારુણ કર્મ અતીવ, છૂટે નહી ચાખ્યા વિનાં હો લાલ. ॥૧૯॥ હોજી પૂરવ શ્લોક સંભારી, ભણતી નિયતી નિહાલિને હો લાલ; હોજી મૂકી વન સંચાર, આધું પાછું ભાલીને હો લાલ૦ ॥૨૦॥ હોજી છાની ઉનડ પાહાડ, વિષમ થલી માંહે ધરી હો લાલ; હોજી પ્રહસમે ભીમ ભિરાડ, આવ્યા જણ નગરે ફરી હો લાલ૦ ॥૨૧॥ હોજી પ્રણમી નૃપનાં પાય, વાત સયલ તિહાં કહી હો લાલ; હોજી મલયા મંદિર આય, ભૂપતિ મહીર કરે વલી હો લાલ. ॥૨૨॥ હોજી નાક રહિત તે નારિ, નૃપ જોવરાવી મંદિરે હો લાલ; હોજી દીઠી નહિ કિણ ઠાર, ભૂપ ભણે નાઠી ખરી હો લાલ. ॥૨૩॥ હોજી ત્રીજે ખંડે રસાલ, ઢાલ કહી એ બારમી હો લાલ; હોજી કાંતિવિજય સુવિલાસ, સુણજો શ્રોતાં ઉજમી હો લાલ. ॥૨૪॥

॥ દુહા ॥

કુમર હવે દિન કેટલે, જીતી તેહ કિરાત;
તાત ચરણ આવી નમ્યો, પ્રિયા વિરહ અકુલાત. ॥ ૧ ॥
મલયા ભવને સંચરે, ત્યાં નૃપ સાહી પાચું;
વીતક ચરિત્ર પ્રિયાં તણું, કહે સકલ સુવિનાણ. ॥ ૨ ॥

કુમર નિસાસો નાખતો, બે કર ઘસતો આપ;
ગદ ગદ કંઠે કુંઠ મન, કરે એમ ઉલ્લાપ. ॥ ૭ ॥

## ॥ ઢાળ તેરમી ॥

ભટીયાણીની દેશી.

ભૂપતિજી કાંઈ કીધું હો દુઃખ દીધું મલયા બાલને હાહાં ભૂંડો કાંહી; ચિત્તમાં કાંન વિચાર્યો હો, નવિ ધાર્યો અવસર આપશું. પ્રકૃત્તિ પલટી પ્રાંહી.... ભૂ૦ ॥૧॥ મુજ આગમ લગે નારી હો નવિ ધારી કામિની ધારીને કીધું અનુચિત કર્મ; ભાલા જ્યું ચિત્ત ખટકે હો અતિ ભટકે અગ્નિસમા થઇ, કામ કર્યાં વિણ મર્મ....ભૂ૦ ॥૨॥ નિર્નાસા તે નારી હો, છલ ભારી દાવ રમી ગઇ, જાણું એહના મૂલ; જોવરાવો કિહાં દીસે હો, પૂછી શે કારણથી, એહનાં એહ કુસૂલ....ભૂ૦ ॥૩॥ કુમર તણે કટુ વયણે હો, નૃપ વયણે શ્યામ પણું ધરી, મંદ વચન કહે એમ; જોવરાવી નવિ લાધી હો, ગઇ આધી રાતે તે કિહાં કહો હવે કીજે કેમ....ભૂ૦ ॥૪॥ કુમર સુણી નૃપ વયણાં હો જલ નયણાં પૂરણ નાંખતો, ઇમ કહે હાં હાં નાથ; ધૂત્તારી ગઈ નાસી હો, વિશવાસી મુજ પ્રમદા પ્રત્યે સાચું સહિ નરનાથ....ભૂ૦ ॥૫॥ ધૂત્તારીને વયણે હો, કુલ રયણે લંછન ચાઢિઉં, ગોત્ર ઉમૂલ્યું એણ; ઓલંભા એમ દેતો હો, નૃપ નંદન પોહોતો મંદિરે અતિ પીડયો વિરહેણ....ભૂ૦ ॥૬॥ વલ્લભ સુતને પૂંઠે હો, નૃપ ઉઠી આવે દૂમણો, ઉઘાડે ઘર તાલ; ઇમ કહે સુત મેં દીઠી હો તુજ ઇંદ્ર દયિતા

રાક્ષસી રૂપેં કરતી ચાલ....ભૂ૦ ॥૭॥ દોષ નહિં કો માહરો હો અવધારો નંદનજી ઈહાં, હુઈ અપરાધે દંડ; વાહાલી પણ જે વિણઠી હો, તે પરઠી દીજે છેદીને બાંહલડી કરી ખંડ....ભૂ૦ ॥૮॥ કુમલાણા કાં મનમાં હો, મંદિરમાં આવી આપણો, સંભાલો ઘર સાર; અધમ થકી જણ હાસો હો ઘર આથ વિણાસો જાણીએ, ઓછાં ન સહે ભાર....ભૂ૦ ॥૯॥ કુમર વિમાસે ભૂપતિ હો શું કહે મલયાં રાક્ષસી, પીડે જણને કેમ; સુપરે તેહ જણાશે હો ચાશે દરિશણ જીવતાં, ચિંતે વિરહી એમ....ભૂ૦ ॥૧૦॥ પય પાણીનો વહેરો હો થાશે મન ચહેરો રાજિયાં; થાઉં કાંઈ અધીરઈ; ઇમ કહિ જોવાં લાગો હો જઇ વાગો જિહાં મંજુષડી, ઉઘાડે બલવીર....ભૂ૦ ॥૧૧॥ દીઠી તિહાં વિણ નાસા હો ઉસાસા લેતી રાક્ષસી, રુપે કામિની એક; શૂકાણી દુઃખ ભુખે હો તન લૂખે દીન દયામણી, વસ્ત્ર વિહૂણી છેક....ભૂ૦ ॥૧૨॥ વિસ્મય કારી ભારી હો તે નારી ચરિત્ર નિહાલીનેં, લોક રહ્યાં થિર થંભ; કુમર પયંપે નૃપને હો જે દીઠી રીઠી રાક્ષસી, તેહિ જ એહ સદંભ....ભૂ૦ ॥૧૩॥ ખાંચી બાહરે કાઢી હો તિહાં તાડી આડી મારથી, આપ ચરિત કહે તેહ; ભૂપે કોપે નિભ્રંછી હો જણહ ધીકારે દૂહવી, કાઢી દેશા છેહ....ભૂ૦ ॥૧૪॥ શોકાકુલ વિરહાથી હો સુત હાથીનેહિં પાસીઓ, બેઠો મૌન ધરંત; મરવાને અભિલાખે હો નવિ ચાખે અશન સુહામણાં હૈ હૈ મોહ દુરંત....ભૂ૦ ॥૧૫॥ રાજા પરિજન રાણી હો દુઃખ આણી જૂરેં સામટાં, સચિવ

ઘણા અકુલાય; ચિંતા નાગિણિ નડીયાં હો પુરવાસી
પડીયાં સંભ્રમે, ઝુકિ ઝુકિ જોલાં ખાય....ભૂ૦ ॥૧૬॥
ત્રીજે ખંડે ફાવી । રસ ભાવી વગ આવી ભલી,
તાતી તેરમી ઢાલ; કાંતિ કહે સાંભલજો હો ચિત્ત
કલજો કવિતા ચાતુરી શ્રોતા થઈ ઉજમાલ....ભૂ૦ ॥૧૭॥

॥ દુહા ॥

ઇણે અવસર અષ્ટાંગવિત, પુસ્તક હસ્ત ધરેય;
આવ્યો એક નિમિત્તિઓ, મહબલ પાસ ધસેય. ॥ ૧ ॥

સ્વસ્તિ વચન મુખ ઉચ્ચરે, ભુજ કરી આધો સોય;
સચિવાદિક તેહને નમી, દે સત્કાર સંકોય. ॥ ૨ ॥

નૃપ નિર્દેશે આસને, બેઠો ભૂપાસન્ન;
પેખી પુરાતન પારખું, બોલે શાસ્ત્ર રતન્ન. ॥ ૩ ॥

ભક્તિ યુક્તિશું મંત્રવી, પૂછે કરી કર કોપ;
ઉપકારી નેમિત્તિયા, જૂઓ એક અમ જોશ. ॥ ૪ ॥

અકલંકિત ચંદ્રુ ઈંણીપરે, કુમર વધુ સગુણાલ;
અમ કરથી તિમ ઉતરી, જિમ ઢાલે પરનાલ. ॥ ૫ ॥

તા દુઃખે મહીપતિ હુઓ, મરણોન્મુખ સકુટુંબ;
અશન વસન રસ પરિહર્યાં, ન સહે પ્રાણ વિલંબ. ॥ ૬ ॥

તેહ ભણી કહો અમ તણે, ભાગ્યે ભાગ્ય વિશાલ;
મલયા મલશે જીવતી, પભણો તેહની ભાલ. ॥ ૭ ॥

જોષીને સાહમે મુખે, બેસી વિનય પ્રકાશ;
ભૂપતિ બોલ્યો તતક્ષણે, વારુ વચન વિલાસ. ॥ ૮ ॥

## ॥ ઢાલ ચૌદમી ॥

**જોશીયડાં રે નગર સીરોહીયે રાય રે હો રસીયા... એ દેશી.**

જોશીયડાં રે લગન નિહાલી જોય રે....હો સુગુણા, કહેને ગુણવંતી મલય કયાં વલી હો....સુ૦; જો૦ ક્ષણ ખટમાસી હોય રે હો સુ૦, મલયા દરિસણનો સુત કૌતૂહલી હો....સુ૦ ॥૧॥ જો૦ કહત મ લાવે વાર રે હો સુ૦, સુત મત થાવે દુઃખડે વ્યાકુલી હો સુ૦, જો. આતુર ન સહે ધાર રે હો સુ૦, જગમાં જિમ ન ખમે પાણી પાતલી હો....સુ૦ ॥૨॥ જો૦ ચિત્તમાંહે નિરધાર હો સુ૦, લખિને લઘુ હાથે લગન લહ્યો વહી હો....સુ૦ જો. મલેશે મલયા નારિ હો સુ૦, અબલા જીવતી વરષાંતે સહી હો....સુ૦ ॥૩॥ જો૦ કુમર સુણે તસ વાણી રે હો સુ૦, મીઠડી જીવાડણ સરસ સુધા સમી હો સુ૦; જો. અવલંબે નિજ પ્રાણ રે હો સુ૦, કાને પીયંતો કાંઈ ન કરે કમી હો....સુ૦ ॥૪॥ જો૦ પૂછે કુમર ઉદંત રે હો સુ૦, કહોને જીવંતી કિહાં છે ગોરડી હો સુ૦, જો૦ જોષી તવ પભણંત રે હો સુ૦, સાંભલ સલુણા જે કહું વાતડી હો....સુ૦ ॥૫॥ જો૦ જાણી ન જાયે કયાંહિ રે હો સુ૦, નિવસે વનમાંહિ કે પુરમાં વલી હો સુ૦; જો૦ સુખિણી દુઃખિણી પ્રાયે રે હો સુ૦, વીંટી પરિવાર કે કિહાં એકલી હો....સુ૦ ॥૬॥ જો૦ નરપતિ તેડયાં તેહ રેહો સુ૦, વનમાં જાણી સુભટે, મૂકી સુંદરી હો સુ૦; જો૦ અભય બીડો સસનેહ રે હો સુ૦, આપીને

પૂછે મલયા આશરી હો....સુ૦ ॥૭॥ જો૦ કહો સેવક કિણી રીતે રે હો સુ૦, માહરી આણાથી મલયાં કયાં ઠવી હો સુ૦; જો૦ તે કહે સા ભયભીત રે હો સુ૦, રોતીને મૂકી વિકટાટવી હો સુ૦ ॥૮॥ જો૦ નિરખી એહવાં ચિન્હ રે હો સુ૦, અમ મન ભાસ્યું એહને રાક્ષસી હો સુ૦; જો. ભૂપતિ મન નિર્વિઘ્ન રે હો સુ૦, કુણહી વ્યામો હ્યો ખેલેં સાહસી હો....સુ૦ ॥૯॥ જો૦ સ્ત્રી હત્યા મહાપાપ રે હો સુ૦, તિમહી કુણ લેશે હત્યા ગાભની હો સુ૦; જા. નહી હણીયેં ઈહાં આપરે હો સુ૦, કરણીએ નહી છે રૂડાલાભની હો....સુ૦ ॥૧૦॥ જો૦ ખાંતિ ગિરિ તટેં ઠેવ રે હો સુ૦, પડતી આખડતી જિમ નાવે વલી હો સુ૦; જો એકલડી સ્વયમેવ રે હો સુ૦, મરશે રડવડતી રખડતી આફલી હો....સુ૦ ॥૧૧॥ જો૦ ઈમ મન ધારી બાલ રે હો સુ૦, રોતી વનમાંહે મૂકી જીવતી હો સુ૦; જો. આવી ભાખ્યું આલ રે હો સુ૦. ભયથી તુમ આગેં કહી અછતી છતી હો....સુ૦ ॥૧૨॥ જો૦ નાઠી મુજથી જેહ રે હો સુ૦, સુહડે તે કરૂણા રૂડેં સંગ્રહી હો સુ; જો. વિણઠી મુજ મતિ છેહ રે હો સુ૦, ત્રાઠી તે પૈઠી ભય હીયડે વહી હો....સુ૦ ॥૧૩॥ જો૦ નૃપ નિંદે ઇમ આપ રે હો સુ૦, જણને પરશંસે પુરજન દેખતાં હો. સુ૦ જો૦ પરિઘર ચિત્ત સંમાપ રે હો, સુ૦, ઉત્તમ જોશીને પણમે પેખતાં હો....સુ૦ ॥૧૪॥ જો૦ કુમર કહે તુજ વયણ રે હો સુ૦, મલિયું તે સાચું અનુસારે તકી હો સુ૦; જો. શોધો બાલા રયણ રે હો સુ૦, એ હેલે ખોયું તે નિજ હાથાં થકી હો....સુ૦ ॥૧૫॥ જો૦ ત્રીજે ખંડે ઢાલ રે હો સુ૦, સુપરે

એ ભાંખી રૂડી ચૌદમી હો સુ૦; જો૦ કાંતિ વચન સુરનાલરે હો સુ૦, સુણતાને લાગે સરસ સુધાસમી હો....સુ૦ ॥૧૬॥

॥ દુહા ॥

કુમર ભણે મલયા તણાં, જનક ભણી અવદાત;
કહેવાં ચર ચંદ્રાવતી, પૂરીએં પ્રેષો તાત. ॥૧॥
ર ધવલ પણ આગમી, કરશે પુત્રી શોધ;
તિહાં કદાપિ જો પામીએ, તો મુજ પુણ્ય પ્રબોધ. ॥૨॥
કરી પ્રમાણ ભૂપેં પુરૂષ, મૂકયાં ચિહું દિશિ ભૂર;
નિરખણ લાગા તેહ પણ, દેશ દેશાંતર દૂર. ॥૩॥
સમજાવી નિજ તનુજને, ભૂપ જમાડે જામ;
કંડે ઉતરતાં કવલ, પગ પગ લ્યે વિશ્રામ. ॥૪॥
કેતે દિન નિરખી ધરા, ધરાપાલની પાસ;
આવ્યા નર કરજોડીને, પભણે એમ પ્રકાશ. ॥૫॥

## ॥ ઢાલ પંદરમી ॥

મદનેસર મુખ બોલ્યો ત્રટકી...એ દેશી.

સુણ મહીપતિ શુદ્ધિ ન પામી, ફરિ આવ્યા સવિ વામી હે....સસનેહી રે, ગોરી દીઠી નહી મલયાં કિહાં, દેશ નગર ગઢ ડુંગર ડોહ્યાં, જલ થલવટ અવરોહ્યાં હે....સસલૂણી રે ગોરી.... દીઠી૦ ॥૧॥ પુર પાટણ સંબાહણ પાટેં, દુર્ઘટ વિષમી વાટેં હે ....સ૦; ફરીયા ઉદ્ભટ અટવી ઘાટેં, મલયા જોવા માટે હો....સ૦ દી૦ ॥૨॥ કુમર સુણી ઇમ ચિંતાજુત્તો,

ચિંતે મન દુઃખ ખુત્તો હો....સ૦; પૂર્વ મહાપાતક મુજ વિકસ્યાં, સુચરિત્ત સંચય નિકસ્યાં હે....સ૦; દી૦ ॥૩॥ નિર્ગમશું કિમ દિન અતિલંબાં, જોલ્યો દુઃખની ઝુંબા હે....સ૦; હૂંઓ વિયોગ પ્રિયાશું માહરે, વાત ન દીસેં આરે હો....સ૦ દી૦ ॥૪॥ હૈ હૈ શૂન્ય મહાવન માંહે, દડ ખાદર અવગાહી રે....સ૦; મુઇ હશે હઇડું આફાલી, દયિતા મુજ સુગુણાલી હે....સ૦ દી૦ ॥૫॥ વનગહ્વર ફિરતી આથડતી, કિણ કર ચઢશે રડતી હે....સ૦; કે કોઇ નિર્દય શ્વાપદ સાથે, ફીધી હશે નિજ હાથે હે....સ૦ દી૦ ॥૬॥ મુજ વિરહે ભય ભંગુર મહિલા, સહતી સંકટ દુહિલાં હે....સ૦; યૂથ ટલી વનહરણી સરખી, મરશે ભૂખી તરસી હે ....સ૦ દી૦ ॥૭॥ મુજ સાથેં આવતી પ્યારી, પાપીયડેં મે વારી હે....સ૦; સુખમાંહેથી દુઃખમાંહિં નાખી, દીન વદન હરિણાખી હે....સ૦ દી૦ ॥૮॥ ગોરી તણો વિરહો ઉચ્ચાટે, કરવત થઇને કાંટે હે....સ૦; મુજ હીઅડું પથ્થરથી કાઠું, ઇંણી વેલા નવિ ફાટું. હે....સ૦ દી૦ ॥૯॥ સુકુલિણી તું ચતુર ચકોરી, દ્યે દરિસણ ગુણ ગોરી હે....સ૦; દેઈ વિચ્છોહો અલવે જોરી, ન કરો પ્રીત્ત ઠગોરી હે....સ૦ દી૦ ॥૧૦॥ સંભારી ઈમ ગુણ સંદોહો, વિલવે કુમર સમ્મોહો હે....સ૦; અણીઆલાં ભાલા જ્યોં ખટકે, હિયડે વિરહો ભટકે હે....સ૦ દી૦ ॥૧૧॥ માત પિતા સમજાવે લેખેં, સુતને વચન વિશેષેં હે....સ૦; પણ સુત અરતિ પડયો નવિ સમજે, વિષમ વિરહમાં અલજે હે....સ૦ દી૦ ॥૧૨॥ વચન નિમિત્તતણું

ચિત્ત ધારી, કુંમર નિરખણ નારી હે....સ૦; ગ્રહી ખડગ છાંનો ભલી ભાંતે, નિકસ્યો માઝિમ રાતેં હે ....સ૦ દી૦ ॥૧૩॥ હૂઓ પ્રભાત તનુજ નવિ દીસે, શું કીધું જગદીશેં હે....સ૦; કુમર ગયો જોવા દયિતાને, ઇંમ કહે પીઉ પ્રમદાનેં હે....સ૦ દી૦ ॥૧૪॥ લહેશે આપદ દુઃખ કિમ સહેશે, પગપાલો કિમ વહેશે હે ?....સ૦; ભૂમિશયન કરશેં કિમ બાલો, નંદન અતિ સુકુમાલો હો ?....સ દી૦ ॥૧૫॥ વધૂ સહિત સુત મુખડું જોસ્યાં, તહીયેં કૃતારથ હોસ્યાં હે....સ૦; માત પિતા ઈમ ચિંતા દાહે, દોહિલે દિવસ નિવાહે હે....સ દી૦ ॥૧૬॥ ભૂખ ગઇ સુખ નિદ્રા થાકી, નૃપ નંદન એકાકી હે....સ૦; ગામાગર પુર કરત પ્રવેશા, નિરખે દેશ વિદેશા હે....સ દી૦ ॥૧૭॥ શ્રી પંચાસર પાસ પ્રસાદેં, જ્ઞાન કથા સંવાદે હે....સ૦; પન્નરમી મીઠી રસનાલા, પૂરણ કીધી ઢાલા હે....સ દી૦ ॥૧૮॥ પૂરણ ત્રીજો ખંડ વખાણ્યો, મલય ચરિત્રથી આણ્યો હે....સ૦; મલયા સરસ કથા ઇમ ભાખી, કાંતિ વચન શ્રુત સાખી હે....સ દી૦ ॥૧૯॥

ઇતિ શ્રી જ્ઞાનરત્નોપાખ્યાનાપરનામનિ, શ્રી મલયસુંદરી ચરિત્રે પંડિત શ્રી કાંતિવિજય ગણિ વિરચિતે પ્રાકૃતપ્રબંધે મલયસુંદરી શ્વસુરકુલસમાગમ નામા તૃતીયઃ ખંડઃ સંપૂર્ણઃ ॥૩॥

# ॥ અથ ચતુર્થ ખંડ પ્રારંભ: ॥

॥ દુહા ॥

સ્વસ્તિ શ્રી મોહનલતા, વાન વધારણ મેહ;
જિન સદ્ગુરુ શારદ તણા, નમું ચરણ સસનેહ. ॥૧॥

સુણતાં મલયાની કથા, ટલે વ્યથાની કોડિ;
કહેતાં જસ મન અન્યથા, વૃથા તેહ પશુ જોડિ. ॥૨॥

મલય કથા ઉચિતારથા, કરે વ્યથાનો છેહ;
કથા વચેં વિકથાન્યથા, વૃથા યથા સ સનેહ. ॥૩॥

બીજો ખંડ કહ્યો ઇંહા, સરસ વચન રસ કુંડ;
ઈચ્છાહેં આદર કરી, કહીશું ચોથો ખંડ. ॥૪॥

હવે મહાબલ વાલહી, મૂકી નિશિ વન ઠોર;
કર્ણ કઠિન શ્વાપદ તણાં, સુણે શબ્દ અતિઘોર. ॥૫॥

થર થરતી ડરતી હિયે, ઝરતી આંસુ નયણ;
આરડતી પડતી કહે, વિરહાલાં ઇમ વયણ. ॥૬॥

## ॥ ઢાળ પહેલી ॥

અમ્માં મોરી અમ્માં હે, અમ્માં મોરી પાણીડાં ગઈતી તલાવ હે,
હે મારૂડે મેડેવાસી ડેરા તાણીયા........એ દેશી.

અમ્મા મોરી અમ્મા હે. સુસરે ન પૂછયો મુજ કો વંક હો, હે કોપેં ને કલકલિયો રાણો મોપરેં હે.... અમ્મા૦; ઠવીનેં કૂડું કાંઇ કલંક હે, હે છાનેશું અપમાનેં કાઢી બાહિરે હે....અમ્મા૦ ॥૧॥ અટવી એ વિષમી દંડાકાર હે, હે હિયડલું થરકાવે નયણેં

દેખતાં હે....અ૦; સિંહનાં ઇહાં બહુલાં સંચાર હે, હે શુરાને ભડકાવે વિરૂઆં પેખતા હે....અમ્માં૦ ॥૨॥ ગૂહરી ગૂંજે ગોહાં બોલી હે, હે ચિત્તા ને વનકુત્તા ચોટે દોટશું હે....અમ્મા૦; હલકે ગેવરિયાં ટોલાટોલિ હે, હે ખેલંતા આફલતા ભાખર કોટશું હે....અમ્મા૦ ॥૩॥ સકલકે સૂખરના માતાં યૂથ હે, હે તાંતાં હઠે ઉમતા થાતા આકુલાં હે....અ૦; વઢતા ઉચ્છલતા માંડે યુદ્ધ હે, હે રોષાલા દાઢાલા વાઘ મહાબલા હે....અમ્મા૦ ॥૪॥ ધમકે સીંગાલા ભરતા ફાલ હે, હે શંબરિયા અંબરિયા લગે અતિ કૂદણા હે....અ૦; રખડે ફૂકંતા પોઢા શ્યાલ હે, હે રોમાલાં હઠવાલાં રીંછ ફરે ઘણાં હે....અમ્મા૦ ॥૫॥ ખડતા દડબડતા દોડે રોઝ હે, હે હીંડે તે વિણ છીંડે પીડે મારકા હે અ૦; દીપડાં કરતાં ભક્ષની સોજ્જ હે, હે ટીબરીયાં ગુંબરીયા મારક પારકા હે....અમ્મા૦ ॥૬॥ વલગે ધુરકંતાકે સ્યાહ ઘોષ હે, હે પેંડામેં મદ બેંડા ગેંડા આથડે હે....અ૦; ચમકે ચીત્તલ કલિયાં રોષ હે, હે જાડા વન પાડા આડા આરડે હે ....અમ્મા૦ ॥૭॥ ઉલલે હુંકલતી નાહર કોડિ હે, હે લુંકડિયાં વાકડિયાં દડવડિયાં દીયે હે....અ૦; ચુંપતી ખેલેં ગેલેં જરખાં જોડિ હે, હે ઉધડતા ચલચલતા મૃતલપા લીયે હે....અમ્મા૦ ॥૮॥ ફિતકેં ફેંકારી મુખ ફાડી હે, હે સસલા તે સલસલતા તરુમૂલેં લુંકે હે....અ૦; મહકે સુરહા મશક બિલાડ હે, હે વિંજૂતા અતિ ખીજૂ મદમાતા ઝુકે હે....અમ્મા૦ ॥૯॥ ખમકે ખોભાલો ખાંતેં નીલ હે, હે હૂકે છલ નવિ ચૂકે માંકડ વાનરા

હે....અ૦; પંથે વિષધરની અડખીલ હે, હે પુંસ્રીને પરજાલે જાલાં ઝીંગરાં હે....અમ્મા૦ ॥૧૦॥ અડકે ચમરી વાંસાં જાલ હે, હે બેડુ ને વલી સાવજ ઝુઝે રોષમાં હે....અ૦; ખરડે ભડકે વિહગા માલ હે, હે ખરચરિયાં છલભરિયાં દોડે સૂસમાં હે....અમ્મા૦ ॥૧૧॥ અરડે ઉચ્છાલા આરણુ ઉંટ હે, હે દાઢાલા સુંઢાલા શરભ ઘણા ઉડે હે....અ૦; રડવડે રોહિ બોહિડ છૂટ હે, હે ગોકરૂણા કંદલિયા મિલિ બેસે ખૂડે હે....અમ્મા૦ ॥૧૨॥ ઘુરલે ઘૂઘડા માંડી ઘોર હે, હે ભડહડતાં હડહડતાં ભૂત ઘણાં ભમે હે...અ૦; ચરડા ચોરા કરતાં જોર હે, હે ધાડાંને લેઈ આવે આડા માગમેં હે...અમ્મા૦ ॥૧૩॥ એહવા ભીષણ વનમાં મુજઝ હે, હે નિર્દય નૃપના સેવક મેલી ગયા હે... અ૦; કહિયેં કો આગલ દુઃખ ગુજ્જ હે, હે વિણુ અપરાધેં નૃપ ધીઢા થયા હે...અમ્મા૦ ॥૧૪॥ જાઉં ઇહાંથી કયાં હવે નાથ હે!, હે પીયરડું ને અલગું વૈરી સાસરો હે?...અ૦; પડીયાં દુઃખથી સાહી હાથ હે, હે રાખે તે નવિ દીસે કોઈ ઇહાં આશરો હે... અમ્મા૦ ॥૧૫॥ સુસરાની શું પલટી બુદ્ધિ હે?, હે પસ્તાવો હવે થાશે એહથી આગલી હે...અ૦; પીઉડે લીધી નહિં કોઈ સુદ્ધિ હે, હે નિગમે કિમ દાહાડાં મો પાખેં વલી હે?...અમ્મા૦ ॥૧૬॥ જનમી કાં હું ન મુઈ કાંઈ હે?, હે દુઃખડામાં નવિ પડતી ઈણુવેલા ઈહાં હે...અ૦; વિલવે મલવું ગોરી ત્યાંહિ હે, હે સંભારે ચિત્ત ધારે શ્લોક ભણી તિહાં હે...અમ્મા૦ ॥૧૭॥ અટવીમેં પ્રગટી પીડા પેટ હે, હે બાલાએ

ત્યાં સુત પ્રસવ્યો ભલો હે...અ૦; રવિનો તાજો તેજ સમેટ હે, હે અવતરીયો સુરવરીયો પુણ્યે ઉજલો હે ...અમ્મા૦ ॥૧૮॥ સુતને ખોલે ઠવીને માઈ હે, હે આપણપેં તિહાં આપ સુતીક્રિયા કરે હે...અ૦; પભણે પુત્ર વધાવું કાંઈ હે, પાપિણી હું ઈણ વેલા તુજને આદરે હે...અમ્મા૦ ॥૧૯॥ સુતનું મુખડું જોતી માત હે, હે હરખેં ને તિમ થરકે વન દેખી કરી હે...અ૦; રજની વીતી થયો પ્રભાત હે, ઉઠીને ન્હાવાને નદીએં ઉતરી હે...અમ્મા૦ ॥૨૦॥ નિર્મલ જલમાં ન્હાઈ તામ હે, પાવન થઈને બેઠી બાલા કાંઠડે હે...અ૦; સમરી ગુરુ ને અરિહંત નામ હે, હે સંતોષે નિજ આતમ વનફલ મીઠડે હે...અમ્મા૦ ॥૨૧॥ છાની વન કુંજે પાલે બાલ હે, હે હીયડલેં હેજાલેં લાલેં ગહ ગહી હે...અ૦; ચોથા ખંડની પહેલી ઢાલ હે, હે કાંતે ઈમ ભલી ભાંતે પભણી ઉમહી હે...અમ્મા૦ ॥૨૨॥

॥ દુહા ॥

પંથે વહેતો તે સમે, સારથ પતિ બલસાર;<br>
આવી નદીએ ઉતર્યો, વીંટ્યો બહુ પરિવાર ॥૧॥

અવલ બનાતા પાથરી, નવલ કિનાતો તાણિ;<br>
ડેરાં દીધાં ડહકતાં, કારુજણે જલ ઠાણ ॥૨॥

જલ વણ ઇંધણ કારણે, પસર્યા જન વનમાંહી;<br>
સારથપતિ પણ સંચરે, તનુ ચિંતાએ ત્યાંહિ ॥૩॥

સંચરતો વનકુંજમાં, પોહોતો મલયા ઠામ;<br>
રુદન સુણી બાલક તણું, નીરખે વિસ્મય પામ ॥૪॥

બાલ સહિત બાલા તિહાં, દેખી ચિત્તે એમ;
રૂપ અપૂરવ લવણિમા, વસતી તરુણ ઇહાં કેમ ? ॥૫॥

## ॥ ઢાળ બીજી ॥

આજુ મન લાગું....એ દેશી.

સારથપતિ પૂછે હસી, એકલડી કુણ આંહી રે... ગોરી કહે સાચું, ઉતમકુલ સંભવ પ્રત્યે, કહે આકૃતિ તુજ પ્રાહી રે....ગોરી૦ ॥૧॥ મૂકી ઈહાં કિણે અપહરી, કે રીશાણી તું આપ રે...ગોરી૦; કે કોઇ ઇષ્ટ વિયોગથી લીધો તે વન વ્યાપ રે ?....ગોરી૦ ॥૨॥ પુત્ર પ્રસવ તાહરે ઇંહા, દીસે થયો ગુણગેહ રે...ગોરી૦; વનમાંહિ બીહતી નથી, કહે સુંદરી સસનેહ રે....ગોરી૦ ॥૩॥ ધનવંતો વ્યવહારીયો, નામે હું બલસાર રે...ગોરી૦; સાગરતિલકપુરે વસું, પર દ્વીપે વ્યાપાર રે....ગોરી૦ ॥૪॥ ભલું કર્યું જગદીશ્વરે, મેલવતાં તું આજ રે.... ગોરી૦; મુજ ડેરે આવ્વો વહી, મૂકી મનની લાજ રે....ગોરી૦ ॥૫॥ વચન સુણી સા ચિંતવે, એ નર ચપલ પતંગ રે...ગોરી૦; માતો ધન યૌવન મદે, કરશે શીલ વિભંગ રે....ગોરી૦ ॥૬॥ કૂડો ઉત્તર વાલતાં, રહેશે શીલ અખંડ રે...ગોરી૦; ઇમ ધારી બોલી ત્રિયા, સુણ ગુણ રયણ કરંડ રે....ગોરી૦ ॥૭॥ તનુજા હું ચંડાલની, કલહે કોપી આપ રે... ગોરી૦; આવી રહી વનમાં ઈહાં, મૂકી નિજ માય બાપ રે....ગોરી૦ ॥૮॥ મેલ મલે કિમ તે ઘટે, જિમ દિન રજનીયોગ રે...ગોરી૦; દેખી જોવાં સારિખો, ચહેરે સઘલા લોગ રે....ગોરી૦ ॥૯॥ આવાસે પોહોંચો

તુમે, નહી આવું નિરધાર રે...ગોરી૦; દુઃખીયાં મુજ મા બાપ રે, મલશું જઈ ઇણવાર રે....ગોરી૦ ॥૧૦॥ આકારે ઈંગિત ગતે, એ નહી નીચી જાત રે....ગોરી૦; કપટપણે ઉત્તર કરે, કારણ ઇહાં ન જણાત રે.... ગોરી૦ ॥૧૧॥ સાર્થપતિ ઇમ ચિંતવી, બોલ્યો વચન વિચાર રે...ગોરી; તુજ ચંડાલપણું કહે, નહી ભાખું સુણ નાર રે...ગોરી૦ ॥૧૨॥ મુજ આવાસે માનિની, સ્વેચ્છાયે રહો આય રે...ગોરી૦; તુજ વચને બાંધ્યો સદા, રહેશું હું મન લાય રે....ગોરી૦ ॥૧૩॥ ઇમ કહેતો ઝડપી લીયે, અંકથકી તસ બાલ રે... ગોરી૦; તસ્કર જિમ ચાલ્યો ધસી, આવાસે તતકાલ રે....ગોરી૦ ॥૧૪॥ શીલ વિખંડન ભય થકી, તે થઈ કાર્ય વિમૂઢ રે...ગોરી૦; તો પણ તે પૂંઠે ચલી નંદન નેહારૂઢ રે....ગોરી૦ ॥૧૫॥ હરખ વચને બોલાવતો, બાલાને બલસાર રે ગોરી૦; સુત નિજ વસને ગોપવી, પેઠો જઈ આગાર રે....ગોરી૦ ॥૧૬॥ દુઃખ કરતી છાને ઠવી, આસાસે દેઈ બાલ રે...ગોરી૦; દાસી એક પ્રિયવંદા, થાપી કરણ સંભાલ રે....ગોરી૦ ॥૧૭॥ અંબરભૂષણ ભોજના, આપે દાખી પ્રીતિ રે... ગોરી૦; ભાખે નહી કડવું મુખે, ઉપાવણ પ્રતીતિ રે....ગોરી૦ ॥૧૮॥ નામ પૂછાવ્યું અન્યદા, બલસારે કરી શાન રે...ગોરી૦; હલુયે સા કહે માહરૂં, મલયસુંદરી અભિધાન રે....ગોરી૦ ॥૧૯॥ વ્યવહારી ઇમ ચિંતવે, મમ કહે એ સ્વ ચરિત્ર રે...ગોરી૦; પણ નામે કરી જાણિઉં, કુલ એહનું સુપવિત્ર રે....ગોરી૦

॥૨૦॥ ચાલ્યો તિંહાથી વાણીયો, કરતો પંથ મુકામે રે...ગોરી૦; ઉદધિ તિલકપુર આપણે, પોહોતો કુશલે તામ રે....ગોરી૦ ॥૨૧॥ પુત્ર સહિત છાની ગૃહે, રાખી મહિલા તેમ રે....ગોરી૦; દાસી એક વિના કહે, જાણી ન પડે જેમ રે....ગોરી૦ ॥૨૨॥ એક સમય મલયા પ્રત્યે, નિઠુર એમ પભણંત રે....ગોરી૦; નાથ-પણે મુજને હવે, આદર તું ગુણવંત રે...ગોરી૦ ॥૨૩॥ મુજ સંપદની સામિની, થાતા ન કરે વિચાર રે...ગોરી૦ સપરિવાર હું તાહરો, રહેશું આણાકાર રે....ગોરી૦ ॥૨૪॥ પુત્ર નહિ કો માહરે, તે ઠામે તુજ પુત્ર રે... ગોરી૦; થાશે જય જય માલિકા, વધશે ઈમ ઘરસૂત્ર રે....ગોરી૦ ॥૨૫॥ વચન સુણી કામાંધના, બોલી મલયા મુદ્ધ રે...ગોરી૦; કુલવંતાને નવિ ઘટે, કરવું લોક વિરુદ્ધ રે....ગોરી૦ ॥૨૬॥ જાજો સર્વસ્વ આપથી, પડજો પણ એ પિંડ રે...ગોરી૦; ચંદ્રકિરણ સમ ઉજલું, રહેજો શીલ અખંડ રે....ગોરી૦ ॥૨૭॥ વાર્યો બહુલ પ્રકારથી, નાખ્યો વચન નિછેડ રે...ગોરી૦; રહ્યો અબોલો બાપડો, ન કરે વલતી જોડ રે....ગોરી૦ ॥૨૮॥ રોષારૂણ ઘર બારણે, દે તાલક સુત લેય રે...ગોરી૦; પ્રિયસુંદરી નિજ નારીને, પુત્ર પણે તે દેય રે....ગોરી૦ ॥૨૯॥ કહે સુંદરી એ પામીઓ, બાલક વનિકા માંહિ રે...ગોરી૦; ગુણરુપે તેજભર્યો રહ્યો, લક્ષણ અવ-ગાહિ રે....ગોરી૦ ॥૩૦॥ વ્યભિચારિણી કો મારીયેં, નાખ્યો એહ પ્રચ્છન્ન રે...ગોરી૦; પુત્ર રહિત આપણ ઘરે, હોજો પુત્ર રતન્ન રે....ગોરી૦ ॥૩૧॥ તે બાલકને આપણા, નામ તણે એક દેશ રે...ગોરી૦; નામે બલ

ઈતિ થાપના, કીધી નિજ ઉદ્દેશ રે....ગોરી૦ ॥૩૨॥
રાખી ધાઈ અનેકધા, કરવા પોઢા બાલ રે...ગોરી૦;
બીજી ચોથા ખંડની, કાંતે પભણી ઢાલ રે....
ગોરી૦ ॥૩૩॥

॥ દુહા ॥

વ્યવહારી હવે એકદા, પૂરે પ્રબલ જહાજ;
પરદ્વીપે આલણ તણાં, કરે સજાઇ કાજ ॥ ૧ ॥
દેઇ શીખામણ નારીને, પૂછી સ્વજન કુટુંબ;
છાની મલયા જોરથી, લેઇ ચાલ્યો અવિલંબ ॥ ૨ ॥
સજ્જિત પૂર્વ જહાજમાં, જઈ બેઠો શુભ સંચ;
સપ્રપંચ કારુક જને, લીધાં નાંગર ખંચ ॥ ૩ ॥

## ॥ ઢાળ ત્રીજી ॥

ઇડર આંબા આંબલી રે....એ દેશી.

પ્રવહણ પૂર્યો પાધરો રે, વારુ પવનનેં વેગ;
જલ નિધિમાં જલ મારગે રે, વહેતો તીરને વેગ.
॥૧॥ ધ્રમકીને ચાલે બાબર ફૂલ હવે કરસું કેહો સૂલ
ધ. ઇમ ચિંતે સા સુધિ ભૂલ...ધ. એ આંકણી, પર-
દેશે મુજ વેચશે રે, કે દેસે બુડાડી; કે કુમરણથી
મારશે રે, કે કિહાં દેશે ગાડી....ધ૦ ॥૨॥ હૂણી ઇહાં
હોજો હવે રે, પણ મુજ તનુજ વિયોગ; સંતાપે કાપે
હિયું રે, જિમ રોગી ક્ષય રોગ....ધ૦ ॥૩॥ જીવન્
મૃત સમ તે ત્રિયા રે, ગલ ગલતી ગલનાલ; પૂછે
પ્રવહણ નાથને રે, વહેતી આંસુ પ્રણાલ....ધ૦ ॥૪॥
શું કીધો મુજ નંદનો રે કહે સત પુરૂષ યથાર્થ; તે

સુત મેલવું રે, જો કરે મુજ ચરિતાર્થ....ધ૦ ॥૫॥
પડિયો નિરખી આપમાં રે, વાઘ નદીનો ન્યાય;
રાખણ શીલ સોહામણું રે, તે રહી મૌન ધરાય....ધ૦
॥૬॥ અનુગુણ પવને પ્રેરિયું રે, વહેતું પ્રવહણ થલ;
કુશલે કેતે વાસરે રે, આવ્યો બબ્બર કૂલ....ધ૦ ॥૭॥
બંધારા ઉતરાવીને રે, આપી નૃપને દાણ; વ્યવસાચી
વ્યવહારીઓ રે. વેચે વિવિધ ક્રિયાણ....ધ૦ ॥૮॥
રંગારા હીરા તણાં રે, નિર્દય કારુ લોક; તે કુલે
મલયા વેચીને રે, કીધા શેઠે દોકડ રોક....ધ૦ ॥૯॥
ત્યાં પણ બહુ કામી નરે રે, અદ્ભુત રૂપ નિહાલી;
કામ મહારસ પ્રહારથી રે, તે પણ ન શકયા ચાલી....
ધ૦ ॥૧૦॥ નિજ સ્વારથ અણપૂગતે રે. રુઠા દુઠ
જુવાણ; [1]નિમ્મહેરા છોલે નસારે, પ્રગટે રૂધિર ઉધાણ....
ધ૦ ॥૧૧॥ તાસ રૂધિર ભાંડે કરી રે, કૃમિજ ચઢાવે
રંગ; મૂર્ચ્છાગત બાલા હુવે રે, નસ નસ પીડ પ્રસંગ
....ધ૦ ॥૧૨॥ વિચ વિચ અંતર ગાલીને રે, પોષે
અશને અંગ; વલતી મહીરગ તારથી રે, માંડે રૂધિરે
રંગ....ધ૦ ॥૧૩॥ બાલા ચિંતે મેં કીધું રે, ગતભવ
પાપ અથાગ; તેહ થકી આવી પડયું રે, મોટું દુઃખ
દોભાગ....ધ૦ ॥૧૪॥ વિફલાશા ભૂભારણી રે, કાં
સરજી કિરતાર ?; દેતાં દુઃખ ન હુવે દયા રે, હે તુજ
સરજણ હાર....ધ૦ ॥૧૫॥ નજરે આવી કિહાં થકી
રે; એક જ હું જગમાંહિ ?; ઠામ ન હોતું દુઃખને રે,
તો આવ્યો [2]મો પાંહિ....ધ૦ ॥૧૬॥ જનમી કયાં
પરણી કિહાં રે, આવી વલી કિણ દેશ ?; ભાલે

૧ નિર્માયવ ૨ મારી પાસે

લખ્યું બની આવશે રે, સુપરે તેહ સહેસ....ધ૦ ॥૧૭॥ દુઃખ પૂરે અબલા ભરી રે, નાણે મનમાં રોષ; એકાંતે ચિંતે તિંહા રે, સ્વ ચરિત કર્મનાં દોષ.... ધ૦ ॥૧૮॥ પરહાંકે છાકે ચઢયો રે, તાકે અનુચિત દાવ, રસ પાકે થાકે વહી રે, અહો ભવ વિષમ બનાવ.... ધ૦ ॥૧૯॥ ઘરડી તન લોહી લીયું રે, મૂર્ચ્છાણી ભૂ પીઠ; ખરડી રૂધિરે એકદારે, પડી ભારંડ સુનિ દીઠ.... ધ૦ ॥૨૦॥ પંખી નભથી ઉતરી રે, આશંકી પલ-પિંડ, ચંચપુટે લે ઉડિયો રે, સહસા તે ભારંડ.... ધ૦ ॥૨૧॥ નભ માર્ગે જ્યાં સંચરે રે, જલનિધિ માંહિ વિહંગ; તેહવે બીજો સાંમુહો રે, આવ્યો ભારંડ તુંગ....ધ૦ ॥૨૨॥ આમિષ લોભે તેહશું રે, મંડે જૂઝ તિકોઇ; લડતાં ચંચ થકી પડે રે, છટકે બાલા સોઇ ....ધ૦ ॥૨૩॥ આસુરિકા કે ખેચરી રે, કે સુરકુમરી કાય, લખમી કે કોઇ ભોગિણી રે, જલમાં રમવાં જાય?....ધ૦ ॥૨૪॥ કે ધારા હરિવજની રે, કે દામિણી દે દોટ; ઇમ ક્ષણ સુરે દીઠી તિહાં રે, કરી કરી ઉંચી કોટ....ધ૦ ॥૨૫॥ બાલા ગુણમાલા મુખે રે, ગણતી શ્રી નવકાર; તરતા ગજ મત્સ્ય ઉપરે રે, પડી સુકૃત આધાર....ધ૦ ॥૨૬॥ ચોથે ખંડે એ થઇ રે, નિરૂપમ ત્રીજી ઢાલ; પુણ્ય થકી લહીયે સદા રે, કાંતિ સુજસ જયમાલ....ધ૦ ॥૨૭॥

॥ દુહા ॥

પંખી મુખથી હું પડી, જખ પૂઠે નિરનાથ;<br>
પણ જો એ જલ બૂડશે, તો ગ્રહેશે કુંચુ હાથ? ॥૧॥

મરણ સમય ઈમ ચિંતવી, કારણ અંત અનિષ્ટ;
આરાધન હેતુક ભણે, મહા પંચ પરમેષ્ટ ॥૨॥

નમસ્કાર પદ સાંભલે, જખ વંકો કરી ખંધ;
તસ મુખ નિરખી સૂચવે, પૂર્વાગત સંબંધ ॥૩॥

રહી ક્ષણિક થિર ચિત્ત તે, દિશા એક નિરધાર;
તુરત તરંતો ચાલીયો, ભુંજ લંબો વિસ્તાર ॥૪॥

અહો મહોદયની દિશા, હજી અછે કેતીક !;
હાલે નહી જલ ઉદરનું, ચાલે ઈમ મત્સ ઠીક ॥૫॥

જલ રમસે કમલા ચઢી, ગજ ખંધે દીસંત;
કે સુર પાદપ વેલડી, ચલગિરિ શિર વિલસંત ? ॥૬॥

સંશય એમ પમાડતી, ખગકુલને ગજગેલ;
ચાલે છાંટી જલકણે, જોતી જલનિધિ ખેલ. ॥૭॥

સુખેં સુખે પ્રવહણ પરે, વહતો પંથ સપિચ્છ;
ઉદધિ તિલક વેલાઉલે, કુશલેં પોહોતો મચ્છ ॥૮॥

## ॥ ઢાળ ચોથી ॥

ચંદ્રાવલીનાં દેશીમાં

ઉદધિ તિલક પૂરનો ધણી રે, કંદર્પ નામે ભૂપાલો; તેહ સમય ચયવાડીયેં રે, ચઢીઓ અરિનો સાલો; ચઢીયો નૃપકુલ શાલ નિઃશંકો, દિગિડિહુમામેં દેવાડી ડંકો, રંગે રમતો સાયર કંઠે, આવ્યો વીંટયો સુભટ ઉલંઠે જીરાજેંદ્ર જીરે, નિરખે જલલિધિ ખેલ, પનોતો રાજવીરે મૂકયાં જેણે દુર્દંત, સીમાડા ભાંજવીરે...એ આંકણી ॥૧॥ પુર સાહમો જખ આવતો રે, જલમાં ભૂપે દીઠો, નિરખ્યો જણ સરિખો વલી રે, બેઠો તેહની પીઠો; બેઠો તેહની કરી અસવારી, લોક

કહે એ નર કે નારી, કૌતુક વાધ્યું જોવા સારૂ, મલયા માણસ ખાંતે વારુ....જી૦ ॥૨॥ એક ભણે ગરુડે ચડયો રે, દીસે જિમ ગોવિંદો, એહ કવણ જલ મારગેં રે, આવે છે સ્વચ્છંદો; આવે છે નૃપ ભાંખે માઠો, કોલાહલથી જાશે પાછો, મૌન ધરી નિરખો રહી ઘાટેં, જોવે જણ છાના રહી થાઠેં....જી૦ ॥૩॥ જણથી કાંઈક વેગલોરે, આવે સાયર તીર, શુંઢા દંડે સુંદરી રે ઉતારે ગ્રહી ધીર; ઉતારી ગ્રહી બાહિર મોડે, સુંદર થલ ભૂમિ જઈ છોડે, પ્રણમી વલીયો પાછો છાનો, વલી વલી જોતો મુખ પ્રમદાનો...જી૦ ॥૪॥ થયો અદશ્ય મહાજલેંરે, રયણાયરમાં મીનો, ભૂપતિ ત્યાં મલયાં કન્હે રે, આવે વિસ્મય લીનો; આવે વિસ્મય દેખી બાલા, કરપદ આદે સકલ ચવાલા, લાવણ્ય-નિધિ એ કુણ કેમ મીને, મૂકી ઇમ કહ્યું રાય નગીને ?...જી૦ ॥૫॥ જોતો ફિરિ ફિરિ નેહથી રે, મચ્છ ગયો કુણ હેતો, એહજ મહિલા પૂછતાં રે, કહેશે સવિ સંકેતો; કહેશે સવિ નિજ વીતક વાતે, નક્ર ચક્રના ત્રણ જૂઓ ગાતેં, એ અહિનાણે સિંધુ વગાહી, ભમીય ઘણું દીસે જલમાંહી...જી૦ ॥૬॥ કોપવશે કી બયરીએ રે, નાખી સાયર પૂરેં, કે પ્રવહણ ભાંગે પડી રે, મચ્છવાસે કિહાં દૂરે; મચ્છવાસે બેઠી ઈહાં આવી, ઈમ કહેતો નૃપ પૂછે મનાવી, સાગર-તિલક પુરીનો નાયક, કંદર્પ નામે અછુ ખલ ઘાયક....જી૦ ॥૭॥ નિજ વીતક કહેતાં હવે રે સુંદરી કાંઇ મ બીહે, કુણ તું કિમ મીને ધરી રે, આફલતી દુઃખ દીહે; આફલતી આવી પુર એણે, હર્ષ લહી રમણી

નૃપ વયણે, ચિંતે મુજ સુત રહસ્યે છિપાવી રાખ્યો છે તે પુરી હું આવી...જી૦ ॥૮॥ સુકૃત મહાફલ પાકિયું રે, મુજ દીહા ધનધન્નો, પુણ્ય લતા જાગે હજી રે, જો લહું પુત્ર રતન્નો; જો લહું પુત્રતણી શુદ્ધિ ઈહાંથી, તો ચરિત્રાર્થ હોયે દુઃખમાંથી, પણ કહિયે કાંઈ એરી ગેરી, એ નૃપ મુજ બિહું પખનો વૈરી.... જી૦ ॥૯॥ એ નૃપને હું ઓલખું, રે તાત શ્વસુર કુલ-દ્વેષી, શીલ વિખંડી માહરૂં રે, લેશે સુત સંપેખી; લેશે ઈમ ચિંતી નિઃશ્વાસી, બોલી બાલા દુઃખ ચકાસી, મુજ ચિંતા તુમને છે કેહી, પુણ્ય વિના રજલું છું એહી...જી૦ ॥૧૦॥ સેવક પભણે ભૂપને રે, ભારી એ દુઃખ ભારે, ન શકે ઈષ્ટ વિયોગથી રે, કહેવું કાંઈ કરારે; કહેવું કાંઈ શકે મત પૂછો, દુઃખમાં વલી વલી લાગશે ઓછો, મીઠે વયણ હવે આસાસી, ઉપચરણા કીજે કાંઈ ખાસી....જી૦ ॥૧૧॥ વલી નૃપ પૂછે માનિની રે, તો પણ કહે તુજ નામ, મંદ સ્વરે કહે માહરૂં રે, મલયા નામ નિકામ; મલયા નામ નિકામ નઠારો, તેહ થકી ન લહ્યો દુઃખ આરો, સન્માની નૃપ મંદિર આણી, સુખ સાજે રાખી જિહાં રાણી....જી૦ ॥૧૨॥ ત્રણ સંરોહણ ઔષધિ રે, રૂઝવીયા ત્રણ તાસો, દાસી દાસ સમીપને રે, થાપી પૃથગ આવાસો; થાપી પૃથગ વસન શણગારે, સંતોષી ભૂપેં તેણીવારે, મુજને ઈમ ભૂપતિ સતકારે, વારુ નહી આગે ઈમ ધારે...જી૦ ॥૧૩॥ તે દિનથી તતપર હુઈ રે, કરવા ધર્મ વિશેષ, ધ્યાન ધરે અરિહંતનું રે, છાંડી ભ્રમ વિશ્લેષ; છાંડી ભ્રમ વિશ્લેષ વિવેકે, આરાધે જિનધર્મ સુટેકે, ચોગે ખંડે ચોથી ઢાલા. કાંતિ

કહે રહે સુખમાં બાલા....જી૦ ॥૧૪॥

॥ દુહા ॥

એક દિવસે ભૂપતિ ભણે, મલયાને ધરી રાગ;
ભદ્રે ! મુજને આદરી, કીજે સફલ સોહાગ. ॥ ૧ ॥
પટ્ટબંધ તુજને ઘટે, નહી અવર ત્રિય લાગ;
ઉચિત હેમ મય મુદ્રિકા, અહેવા મણિપર ભાગ. ॥ ૨ ॥
તુજ વચનામૃત ચંદ્રિકા, ચાહું જેમ ચકોર;
બીજી દયિતાં મોજડી, તું શિરશેખર ઠોર ॥ ૩ ॥
નેહ કરે રસ દે નહીં, કીધો એક પખેણ;
બે પખ નિવહે રસ હિયે, જિમ રથ ચક્ર યુગેણ ॥ ૪ ॥
મુજ મન લાગ્યું તુજજશું, વ્હાર્યું'હી ન રહંત;
કોડિ વિકલ્પ કદર્થના, લત્તા પાત સહંત ॥ ૫ ॥
જો મન જાણ્યે આદરે. તો રસ વધતો હોય;
નહી તો પણ છે મુજ વશે, હીયે વિચારી જોય ॥ ૬ ॥
જાઈશ કિંહા પાને પડી ?, નહીં ભૂલું હવે દાવ;
હસતાં રોતાં પ્રાહુણો, એહવો બન્યો બનાવ ॥ ૭ ॥
સા ચિંતે હુર જે ઠવી, છાની હિયે નિઘટ્ટ;
વચનગમે તે દુષ્ટતા, ભૂપે કરી પ્રગટ્ટ ॥ ૮ ॥
ધિગ મુજ યોવન રૂપને, લવણિમ પડો પાયાલ;
પગ પગ જાસ પસાયથી, લહું લાખ જંજાલ ॥ ૯ ॥
બૂડી કાં નહી જલધિમાં, રખે ઉતારી કાંઇ !;
નરકોપમ દુઃખમાં પડી, હે હે પાપ પસાઈ ॥ ૧૦ ॥
ચાહે શીલ વિખંડવા, કામંધલ નૃપ ધીઠ;
મરણ શરણ જીવિત થકી, અક્ષત વ્રતને ઈઠ ॥ ૧૧ ॥

કામ કુચેષ્ટિત મત્ત નૃપ, જોઈ નિરખી બાલ;
વાયશું તન મન સંવરી, બોલી ઈમ તતકાલ ॥ ૧૨ ॥

## ॥ ઢાળ પાંચમી ॥

છેડો નાંજી એ....દેશી.

છેડો નાંજી નાંજી નાંજી, છેડો નાંજી. નારી નરકની કૂંડી....છેડો૦ આપે દુર્ગતિ ઉંડી...છે૦ અનુચિત કરતાં મીઠડાં બોલા, લોક કહે હા હાજી; કેઈ વિરલા હિત મારગ દાખે, તેહિજ બાજી સાજી....છેડો૦ ॥૧॥ પરનારીથી સંપદ નિકસે, વિકસે અપયશ માલા; પુરૂષ પતંગા ઝંપણ હેતો, વિષમ અગનિની જાલા.... છેડો૦ ॥૨॥ જોતાં અનુપમ ચિત્ર વિણાસે, લાગો જિમ મથી બિંદુ; તિમ પરદારા સંગતિ રાહુ, મલિન કરે ગુણ ઈંદુ....છેડો૦ ॥૩॥ ધવલ મહાજસ પટ વિણસાડે, પરનારી રસ છાંટો; ઉત્તમ કુલ કીરતિ પગ વીંધે, વ્યસન મહાવિષ કાંટો....છેડો૦ ॥૪॥ ક્ષેપત કર વિષધરના મુખમાં, જિમ જીવિતનો સાંસો; તિમ સુખશીલ તણી શી આશા, સેવે પરત્રિય પાસો... છેડો૦ ॥૫॥ નિજ નારીથી ભુખ ન ભાંગી, શું વિલખે મુજ માટે ?; ભૂત ભાણે જે તૃપ્તિ નહી તો, શું એઠું કર ચાંટે....છેડો૦ ॥૬॥ [1]કાનનના તૃણ માંહે તુ સુતો, આગ ઓસીસે સળગે; શીખડલી સાચી હિત જાણી, રહે ને મુજથી અલગે....છેડો૦ ॥૭॥ હીયે વિચારી નીરખ રે ઘેલા !, મહિલામાં શું રાચે ?; દીસે ચટ્ટક કટ્ટક પરિણામે, ઈંદ્રાયણ ફલ સાચે....છેડો૦ ॥૮॥

---

૧. જંગલનાં.

અનૃત વચનગૃહ કંદ કલહનું, મોક્ષ પથિક પગ બેડી; અતિ આસંગે અબલા વિલગી, નાંખે કુગતિ ઉથેડી... છેડો૦ ॥૯॥ શઠ જનને પણ વલગી ખટકે, જિમ ખર પૂંઠે [1]ઢાંચી; પરદારા કારાગર સરખી, નિરખી રહો મત રાચી.... છેડો૦ ॥૧૦॥ કામદેવને આહૂતિ દેવા, નારી હુતાશન કુંડી; કામી ધન યૌવન ત્યાં હોમે, દેતા નિજતનુ પિંડી.... છેડો૦ ॥૧૧॥ ન્યાયી નૃપ જિમ જનક પ્રજાને, પાલે તિમ અતિ રાગે; તું નય છંડી [2]અનય મગ હીંડે, તો કહીયેં કો આગે?.... છેડો૦ ॥૧૨॥ ચૂકવતા દુષ્કર જગમાંહિં સાચો શીલ સતીનો; ગ્રહતાં હુયે દુલહો જીવંતે, [3]દૃગ વિષ નાગ નગીનો.... છેડો૦ ॥૧૩॥ સત્યવતી કોપે જો માથે, ભસ્મ કરે તસ દેહાં; તેહ ભણી અલગો રહે સમજી, નાખે કાં કુલ ખેહાં.... છેડો૦ ॥૧૪॥ વંશ વિશાલ વિમલ કુલ તાહરું, ભરિયો ગુણ સંદોહે; તો કાં કુમતિ પ્રસંગે ભોલાં, પરરમણીશું મોહે?... છેડો૦ ॥૧૫॥ સમજાવ્યો બહુ નય દેખાડી, રામાયે રસ ભરિયો; મહા કલુષ પરિણતિથી ધીઠો, તો પણ નવિ ઓસરિયો.... છેડો૦ ॥૧૬॥ એ નારીનું જોરેં પણ હું, મૂકીશ શીલ વિખંડો; સુખેં કરજો ભસ્મ વપુષ એ, ઈમ ચિંતિ થિતિ છંડી.... છેડો૦ ॥૧૭॥ વિલખ વદન કંદર્પ નરેસર, રાજ કાજમાં વલગ્યો; પ્રમદા મીલન મહોત્સવ વન્હિ, હૃદય સદનમાં સલગ્યો.... છેડો૦ ॥૧૮॥ નિર્જલ દેશ પડયો જિમ માછો, તિમ નૃપ વિરહી તલપે; દૃષ્ટિ પ્રસંગાદિક મન્મથની, દશે દિશા વશિ

---

૧ કાંટાનું જરડું, ૨ અન્યાયમાર્ગે, ૩ દૃષ્ટિવિષસર્પ.

વિલપે....છેડો૦ ॥૧૯॥ આવર્જન કરવા નૃપ તેહને, વસ્તુ નવલ તવ મૂકે; સતી શિરોમણી વસ્તુ વિશેષે, સુપનંતર નવિ ચૂકે....છેડો૦ ॥૨૦॥ વદન થયું ઝાંખું મન પસર્યાં, ચિંતા જલધિ તરંગા; મરણોન્મુખ મલયા થઈ બેઠી, રાખણ શીલ સુરંગા....છેડો૦ ॥૨૧॥ ધન્ય ધન્ય શીલ ધરે સંકટમાં, જે નિજ મન થિર રાખી; ઢાલ પાંચમી ચોથે ખંડે કાંતિવિજય બુધ ભાંખી....છેડો૦ ॥૨૨॥

॥ દુહા ॥

અન્ય દિવસ એક સૂડલો, તરુવર કોઇ તકાય;
મુખ ઠવિ ફુલ સહકારનું, ગયણું ઉડયો જાય. ॥૧॥
ચંચ થકી ભારેં ખિસ્યું, જિહાં અગાસે રાય;
નભથી નૃપનાં અંકમાં, તે ફુલ પડિયું આય. ॥૨॥
ચકિત ચિત્ત કરતલ ગ્રહી, ચિંતે એમ નરપાલ;
અવસર વિણ કિહાંથી પડયું, એ સહકાર અકાલ ॥૩॥
અછે એક પુરપરિસરે, છિન્નટંક ગિરિતુંગ;
તાસ વિષમ શિખરે સદા, વનના અંબ અભંગ ॥૪॥
આણ્યું તિહાંથી સુડલે, એ ફુલ મધુર મલૂક;
લચી પડયું તસ વદનથી, ભારેં એહ અચૂક ॥૫॥
આપું કો વલ્લભ પ્રત્યે, કે આરોગું આપ ?;
ક્ષણ એક એમ વિમાસતો, ભૂપતિ થાપે થાપ ॥૬॥
કહે સુભટને ફુલ ગ્રહી, પોહોંચો મલયા પાસ;
અંતે ઉરમાં આણજો, આપી અતિ વિશવાસ ॥૭॥
ભૂપતિ વચન તથા કરી, સુભટ વિરલ પ્રસિદ્ધ;
આદરશું તેણે જઈ, મલયાને ફુલ દીધ. ॥૮॥

વિણકાલેં કિમ સંભવે, એ ફલ અનુપમ આજ ?;
વિસ્મિત ઈમ નૃપ જણ થકી, લીયે અંબ તજી લાજ. ॥૯॥

સત્યાપી ફલ આપીને, થાપી ભૂપતિ ધામ;
ઉલ્લાપી કહે રાયને, પાપી નિજકૃત કામ ॥૧૦॥

મહા દુઃખે દિન નીગમે, તકન નૃપતિ નિશિ હાવ;
એહવે સમય વિપાકથી, અસ્ત હૂઓ દિન રાવ. ॥૧૧॥

## ॥ ઢાળ છઠ્ઠી ॥

મલયા એમ વિમાસે, એ તો ભૂંડો મુજ મન ભાસે હો....ભૂપતિ મતિ હીણો; આણી હું નિજ આવાસે, કાંઇ ન ચઢે મન વિશવાસે હો....ભૂપતિ૦ ॥૧॥ સુંદર શીલ વીગોશે, આડું ને અવલું ન જોશે હો....ભૂ૦; શાખ લાખીણી ખોશે, તો સૂલ કિશ્યો હવે હોશે હો....ભૂ૦ ॥૨॥ કામી હોયે નિર્લજ્જા, તસ શી ભગિનિ શી ભજ્જા, હો ?....ભૂ૦; બાંધે ચાવી ધજ્જા, નવિ જાણે ખજ્જ અખજ્જા હો....ભૂ૦ ॥૩॥ ઈમિ ધારી વેણી ઢંઢોલી, કાઢી કચમાંથી ગોલી હો....ભૂ૦; આંબારસમાં ચોલી, બીંદી કરી સુધી ઘોલી હો....ભૂ૦ ॥૪॥ નર હૂઓ ફીટી નારી, દિવ્યરૂપ કલા સંચારી હો....ભૂ૦; સુંદર યૌવન ધારી, જાણે મન્મથનો અવતારી હો....ભૂ૦ ॥૫॥ બેઠો મંદિર જાલે, અંતઉર ખ્યાલ નિહાલે હો....ભૂ૦; સૂડો જિમ રહ્યો આલેં, સુર તરુની ડાલ વિચાલે હો....ભૂ૦ ॥૬॥ અદ્‌ભુત રૂપ નિહાલી, થઈ રાણી સવિ ક્ષોભાલી હો....ભૂ૦; જાણે સંચે ઢાલી, ઇમ થંભી રહી વિરહાલી

હો....ભૂ૦ ॥૭॥ ચિંતે એ કુણ વારુ, સુંદર નર અતિ દીદારૂ હો....ભૂ૦; એ સુરપતિ અવતારુ, કહું અવર પુરૂષ તે કારુ હો....ભૂ૦ ॥૮॥ વસુધાથી નીસરીયો, કોઈ પ્રત્યક્ષ એ સુરવરિયો હો....ભૂ૦; વિદ્યાધર ગુણે ભરીયો, કે સિદ્ધ પુરૂષ અવતરીયો હો....ભૂ૦ ॥૯॥ પીડી કામ વિકારે, નિહણે ત્યાં નયણ પ્રહારે હો.... ભૂ૦; વેધી આરે પારે, તસ રૂપ મહારસ ધારે હો.... ભૂ૦ ॥૧૦॥ યામિક સંશય પેઠો, જોખે કુણ ગોખે એ બેઠો હો?....ભૂ૦; અંતેઉર વશિ એણે, કીધું સમજાવી તેણે હો....ભૂ૦ ॥૧૧॥ ભૂપતિને વિનવીયો, આવ્યો નૃપ ત્યાં ધસમસિયો હો....ભૂ૦; નિરૂપમ તરુણો દીઠો, અતિશાંત સુખાસન બેઠો હો....ભૂ૦ ॥૧૨॥ કુણ એ પેઠો સૌધે, ચીંતે નૃપ ચઢિઓ ક્રોધે હો....ભૂ૦; મલયા બદલે યોદ્ધે, કુણ મૂકયો મુજ અવરોધે હો....ભૂ૦ ॥૧૩॥ નૃપતે તેહ દબાવી, પૂછયાં ભડ ભૂકુટી ચઢાવી હો...ભૂ૦; તે કહે મલયા આણી, ન ગઈ કયાં બાહિર જાણી? હો...ભૂ૦ ॥૧૪॥ બેઠાં છો ઘરદ્વારે, રાજેસરજી નિરધારે હો...ભૂ૦; કહે ભૂપતિ ચિત્ત ધારી, નર એ થયો તેહિ જ નારી હો...ભૂ૦ ॥૧૫॥ નૃપ પૂછે જઈ પાસે, તુમ રુપ કિશ્યું એ ભાસે હો...ભૂ૦; તે કહે જેહવું દેખો, તેહવો છું ઈંહા શું લેખો હો...ભૂ૦ ॥૧૬॥ નહિ ખેચર અણુહારો, સિદ્ધ સાધકથી પણ ન્યારો હો...ભૂ૦; મલયાના ઇણે ઉમહી, પહેર્યાં છે પટ તે તિમહી હો...ભૂ૦ ॥૧૭॥ મેં રતિ રસ માગંતે, નરરૂપ ધર્યું કોઈ તંતે હો... ભૂ૦; જાણું મલયા એહી, બેઠી છલવાને સનેહી હો...

ભૂ૦ ॥૧૮॥ મહીપતિ કહે સેવકને, ઈમ અંતેપુરમાં ન બને હો...ભૂ૦; કરશે અનરથ ગાઢો, કર સાહી બાહિર કાઢો હો...ભૂ૦ ॥૧૯॥ મલયસુંદરી ઈતિ નામે, કાઢયો બાહિ ભુજ ગ્રહી તામે હો...ભૂ૦; બાહ્ય ગૃહે નૃપ રાખે, એક દિન વલી એહવું ભાખે હો... ભૂ૦ ॥૨૦॥ રુપ કર્યું શે યોગે, નરનું કુણ તંત્ર પ્રયોગે હો?...ભૂ૦; હતું સ્વાભાવિક જેહવું, થાશે કિમ કયારે તેહવું હો...ભૂ૦ ॥૨૧॥ તવ ચિંતે સા હિયડા મેં, વિલખો જૂઓ ભોગને કામેં હો....ભૂ૦; મૌન કર્યાની વેલા, રહેશે બકી એહની મેલા હો....ભૂ૦ ॥૨૨॥ મલયા બાજી જીતી, ભૂપતિની મતિ ગતિ વીતી હો....ભૂ૦; છઠ્ઠી ચોથે ખંડે, કાંતે કહી ઢાલ ઘમંડે હો....ભૂ૦ ॥૨૩॥

॥ દુહા ॥

કસી કસી નૃપ પૂછિયું, હસી ન મેલે મીટ;
તીખાં લાગા તે તદા, જિમ બાવલનો લીટ. ॥૧॥
મલયકુમરી ઉપર હુઓ, રોષારુણ ભૂપાલ;
મંડાવે તન તર્જના, દિન દિન બૂરે હવાલ ॥૨॥
તાડે તાતે તાજણે, મારે લાઠી લાત;
મુકકી વલી ચૂકી દીયે, પાડે નાડી ઘાત ॥૩॥
ઘરસે કર્કશ ભૂતલે, આકર્ષે પગ બંધ,
હર્ષે પર્ષદ નિરખતે, ઘર્ષે દે પગ ખંધ ॥૪॥
સિંચે નીચે કૂપમાં, નિહણે પૂઠિં નિબંધ;
મોટે મોટે ચોટીને, નરમ કરે તન સંધ ॥૫॥
નૃપસુત ઇમ તાડી જતો, ચિંતે હે કિરતાર!;
કહીયેં ઇહાંથી નીસરી, લહીશું દુઃખનો પાર? ॥૬॥

એક દિવસ નિદ્રાવશે, પડયો નિરખી પુહરાત;
રહસ્ય પણે પુર બાહિરેં, વહે કુમર મધરાત ॥૭॥
પથિશાલાયેં વીશમ્યો, ધરી મરણ મન આશ;
દીઠો ભમત ઇંહા તિંહા, અંધ કૂપ તસ પાસ ॥૮॥
તસ કંઠે ઉભો રહી, ચિત્ત ચિંતે દિલગીર;
પડશું જો કર ભૂપનેં, તો દહેશે બે પીર ॥૯॥
શરણ નહિ મહારે ઇંહા, મરણ વિના કોઈ ઓર;
ઇષ્ટ સંભારી આપણો, ઇમ બોલી તિણ ઠોર ॥૧૦॥

## ॥ ઢાળ સાતમી ॥

ઓધવજી કહેશો બહુ ન કાંહી........એ દેશી.

પ્રભુજી દુઃખણી કાંઇ હું સરજી? એ આંકણી. પીયું વિરહો તીખી કાતરણી કારી કરે હિય પુરજી; પ્રીતમ વિણ ન શકે કોઈ સાંધી, લાખ મલે જો દરજી ....પ્રભુ૦ ॥૧॥ વાહાલાનો મુજ દેઈ વીછોહો, દુઃખ સંકટમાં નાંખી; ભાગ્ય રહિત જયાં ત્યાં હું ભટકું, મધુ ભૂલિ જિમ માંખી....પ્રભુ૦ ॥૨॥ દૈવ અટારા! મહાબલ સાથે, એ ભવ દીધો વિયોગો; પરભવ કંત પણે મુજ તેહનો, મેલવજે સંજોગો....પ્રભુ૦ ॥૩॥ કૂઆ શિર ઉભી નરરુપેં, દેતી ઇમ ઓલંભા; સજ્જ હૂઈ કૂપે જંપાવા, પ્રેમ ભરી નિરદંભા....પ્ર૦ ॥૪॥ એહવે ત્યાં દયિતાને જોતો, મહાબલ તે દિન શેષે; પથિકશાલમાં રાતે સૂતો, નિંદ લહી નવિ લેશેં ....પ્રભુ૦ ॥૫॥ હવે જાવું જોવાં દિશિ કેહી, ઇમિ ચિંતવતો લાગે; મલયાએ જે દીઆ ઓલંભા, તે કાને જઇ વાગે....પ્રભુ૦ ॥૬॥ એહ અપુરવ વચન

પ્રિયાના, સરખાં સુણતાં લાગે; પ્રાણ ત્યાગનાં સૂચક પ્રાહે, પડછંદે નભ માગે...પ્ર૦ ॥૭॥ સંભ્રમથી ઉઠયો ત્યાં ભડક્ષી, કહેતો ઇમ મુખ વાણી; વિફલ મહા સાહસ રસ ખેલે, મરણ લીયે કાં તાણી? પ્ર૦ ॥૮॥ શરણ હજો મુજ મહાબલ પીયુનું, ઇમ કહી જંપા દીધી; કુમરે પણ તસ પૂંઠે તિમહિ જ, તે અનુચરણા કીધી...પ્ર૦ ॥૯॥ સ્ફૂટચેતન નર મૂર્છા ભાર્યો, લઘુ સાદે ઇમ ભાંખે; મુજ અબલાને એ દુઃખમાંથી, મહાબલ વિણ કુણ રાખે?...પ્ર૦ ॥૧૦॥ કુમર જોવે વિસ્મિત તે વચને, કર પદ તાસ ઉલ્લાસે; સજગ થયો નર મૂર્છા નાઠી, બેઠો ઉઠી પાસે...પ્ર૦ ॥૧૧॥ કુમર વિમાસે કિણે સંબંધે, ઇણે મુજ નામ સંભાર્યો; કે મુજ નામે કોઈ સનેહિ, દુઃખમાં, હિયડે ધાર્યો? ...પ્ર૦ ॥૧૨॥ પૂચ્છું કહે સાચું કુણ તું છે, કાં પડિયો ઇમ કૂપે; ઓલખીને સ્વરને અનુસારે, પુરૂષ કહે અતિ ચૂપે...પ્ર૦ ॥૧૩॥ કુંણ તું છે કિમ આયો કૂપે, પડિયો કાં મુજ કેડે; ઇત્યાદિક પૂછી સહુ પાછે, કામ કરો એક નેડે...પ્ર૦ ॥૧૪॥ નિજથુંકે માંજો મુજ બિંદી, ભાંખુ જિમ સ્વસરુપ; તિમ કીધું તેણે મલયાનું, પ્રગટ હૂઉં ધુર રૂપ...પ્ર૦ ॥૧૫॥ કૂપ ભીતિથી એહવે નાગે, બાહિર વદન વિકાસ્યું; અંધ-કૂપમાં તસ મણિ તેજે, દૂરે તિમિર વિણાસ્યું...પ્ર૦ ॥૧૬॥ દુર્લભ દયિતા દર્શન દેખી, ઉત્કંઠયો સરવાંગે; સહસા આગલ આવી કયાંથી, ચિંતે ઇમ ઉમંગે ...પ્ર૦ ॥૧૭॥ વિણ આભે વૂઠા ઘર મેહા, થાતાં

સંગમ નીકો; અણુ ચિંતિત સાજન મેલાથી, બીજો સુખ સવિ ફીકો....પ્ર૦ ॥૧૮॥ ઈમ કહીને નયણે જલ ભરતો, પૂછે તસ વિરતંત; સાપિ કહે હિયડે દુઃખ પૂરી, ધુરથી વ્યતિકર તંત....પ્ર૦ ॥૧૯॥ કહે પિઉ તેં સંકટ સાયરમાં, પેસી દુઃખ અનુખંગે; ભોગ યોગ્ય સુકુમાલ શરીરે, કષ્ટ સહ્યાં કિમ અંગે? ....પ્ર૦ ॥૨૦॥ તુજ પાસેથી જે બલસારે, ઝડપીને સુત લીધો; અછે કિહાં તે સા કહે શેઠે, મૂકયો ઈહાં ઘરે સીધો....પ્ર૦ ॥૨૧॥ લહેશ્યો કિમ નંદન શુદ્ધ સૂદ્ધિ, કુમર કહે થિર થાપી; થાશે સવિ હોશે જો ઈહાંથી, છૂટક બાર કદાપિ....પ્ર૦ ॥૨૨॥ મુજ વિરહે વાસર કિમ વિરમ્યાં, પૂછયું વલી દયિતાયે, આપ ચરિત્ર સઘલાં તે ભાંખે, કુમર યથા ઇચ્છાયે....પ્ર૦ ॥૨૩॥ સુખ સંભાષણ કરતાં બેહુ, રજની ત્યાં નિરવાહે; ઢાલ સાતમી ચોથે ખંડે, પભણી કાંતે ઉમાહે....પ્ર૦ ॥૨૪॥

॥ દુહા ॥

રયણી ગઈ પ્રગટો હૂઓ, ઉગ્યો રવિ અનુરુપ;
અનુપદ જોતો રાજિઓ, આવે જિહાં છે કૂપ ॥૧॥

નિરખી બે જણ કૂપમાં, બોલ્યો ધરણી નાથ;
જૂઓ સહજ રુપે ત્રિયાં, વિલસે છે કિણ સાથ. ॥૨॥

અહો રુપ રતિ સુભગતા, યૌવન ગુણ વિજ્ઞાન;
જુગતી જોડી જોડતાં, ભૂલ્યો નહિ ભગવાન ॥૩॥

ઈન્દ્રાણી સુરપતિ પરે, રતિ રતિપતિ ઉપમાન;
શોભે અનુપમ જોડલું, અનુગુણ રુપ સમાન ॥૪॥

અભય હજો તુમને બિન્હે, આવો કૂપક કંઠ;
દર્પાંધલ કંદર્પ નૃપ, કહે રાગ રસ બંઠ ॥૫॥

ભૂપે બિંહુને કાઢવા, કીધો માચી સાંચ;
તવ પીઢને ભૂપતિતણો, મલયા ભણે પ્રપંચ ॥૬॥

રસ રાચ્યો આવ્યો ઇહાં, મુજ પાછે કમજાત;
કીધી કોડિ કદર્થના, કામાંધે દિનરાત ॥૭॥

મુજ રુપે મોહ્યો નિલજજ, ન ગણે કુલની કાર;
આકર્ષી નિરખી નિખર, હણશે તુજ નિરધાર ॥૮॥

કુમર કહે જો કૂપથી, નીસરશું કુશલેણ;
શિરે સવાઇ વાલશું, યથા યોગ્ય કરણેણ ॥૯॥

## ॥ ઢાળ આઠમી ॥

થારે માથે પચરંગી પાગ, સોનારો છોગલો મારુજી એ....દેશી.

પ્રીતમ કહે હરખી-માંચી નિરખી-આવતી રુડીજી, શ્યામા ચઢિ બેસો-આણો અંદેસો શ્યાવતી રૂ૦; કુશલે ઉતરીયે વિપત્તિ ઉદ્ધરીયેં રંગમાં...રુ૦; બેઠો ઇમ કહેતો દોરી ગ્રહેતો મંચમાં....રુ૦ ॥૧॥ પ્રમદા સપતિ જી-બેઠી બીજી માંચીયે....રુ૦; ભૂપતિ કહે જણને પહેલી ધણને ખાંચીયે...રુ૦; કમ ઉંચે નીચે સેવક ખીંચે જોરશું...રુ૦; ગયણંગણ ગહેરો કીધો બહેરો સોરશું....રુ૦ ॥૨॥ આતમ ઉત્ખંડક જાણે કરડંક સાપના...રુ૦; નિરખંત ભરાણા-કલશ પૂરાણા-પાપના...રુ૦; અંધ કૂપક આરે આવે કરારે જ્યાં ત્રિયા રુ૦, ભૂપે લહિ તાધા-બે ઘર આધા તાકિયાં....રુ૦ ॥૩॥ સુખમાંહિ ઉતારી-બાહેર નારી રાજિયે...રુ૦,

બેઠી પિઉ વિહુણી ઉણી દુણી-મન કિયે...રુ૦; મહબલ તસ કેડે-આવ્યો નેડે-કાંઠડે રુ૦; કોપે કલુષપણો-નરનો રાણો-દીઠડે....રુ૦ ॥૪॥ ચિંતે એહ રુપે-અધિકો મોપે-ઓપીયો....રુ૦, લાવણ્ય પયોધિ-નારીયેં શોધિ-વર કીયો...રુ૦; મુજ મીટથી રમણી-ડાબી જમણી એ જુવે...રુ૦, મીઠો ગોલ પાસી-ખોલનો કામી કો હુવે....રુ૦ ॥૫॥ માદલિઓ માર્યો સપરિવાર્યો-ગોઠિનો...રુ૦, નાંખુ અંધ કોઠિમાં, જિમ પોઠિ પોટિનો....રુ૦, થાપી ઈમ ટુંકી-કાપી મૂકી-દોરડી ...રુ૦, બંધનથી છૂટી માંચી ત્રૂટી ઉથડી....રુ૦ ॥૬॥ પડિઓ તતખેવાં ખાતો ઠેબાં કોરનાં...રુ૦, નીચે ઢલ ભાઢાં લાગાં કાંઠાં-જોરના...રુ૦; નારી તસ પૂંઠે-પડવા ઉઠે-સાહસે....રુ૦; ભૂપે કર સાહી-રાખી વાહીને તિસે....રુ૦ ॥૭॥ આણી આવાસે-રાય પ્રકાસે-તેહને...રુ૦, કુણ એ રસ ભરિયો-તેં આદરિયો-જેહને...રુ૦; પૂછી નવિ બોલે-આંસૂ ઢોલે-દુઃખના...રુ૦, નિઃશ્વાસ વિછૂટે-આહાર ન બોટે ઇકમના ....રુ૦ ॥૮॥ મૂર્છા લહી જાગી કહેવા લાગી એહવો...રુ૦, ભોજન પિઉ પાખે-ન કરું લાખે-જેહવો...રુ૦; મૂકી એક મહેલે થાપ્યા ગહેલે-[1]પાહરું...રુ૦, બેઠો જઇ કાજે-રાજ સમાજે-પાધરૂં....રુ૦ ॥૯॥ થાશે કિમ કૂપે-નાખ્યો ભૂપે-નાહલો...રુ૦; નીસરશે કયાંથી-કિમ કરી ત્યાંથી વાહલો? રુ૦; ચિંતા ચિત્ત ધરતી-હઇડું ભરતી-સોગમેં....રુ૦, આસંગલ ગાઢો-કરતી દાહાઢો-નીગમે.... રુ૦ ॥૧૦॥ રતિ ત્યાં અણલહેતી-વિરહે દહતી-દેહડી... રુ૦; નિશિમાં એક માગે-ભૂતલ ભાંગે-તે પડી...રુ૦;

૧ રાખે ૨. ચોકીદાર

ડંશી વિષધરીએ-રોષે ભરિયે-કયાંહિથી...રુ૦ ॥૧૧॥ નોકાર સંભારે-જિન મન ધારે-થિર મને..રુ૦; પોહરાયત આયા-હણવા ધાયા-નાગને...રુ૦; જીવિતથી ટાલ્યો નાગ ઉછાલ્યો-વેગલો..રુ૦, વિરતંત સુણાયો-ભૂપતિ આયો-વ્યાકુલો...રૂ૦ ॥૧૨॥ ઉપચાર ઘણેરાં-કીધા ભલેરાં-જે ઘટયાં..રૂ૦, સાહમાં વિષ જોલાં-લહેર હિલોલા ઉમટયા....રૂ૦; ઇંદ્રી થયાં સુનાં-ચેતન ઉના-ધારણે... રૂ૦, એક સાસ ઉસાસો-મંદિત માસો-ક્ષણ ક્ષણે...રૂ૦ ॥૧૩॥ તે દુઃખ નિશિ ગ્રહેતી-ન લહે વહેતી વિશ્રમો.. રૂ૦, કરવા તન તાજી-પ્રગટયો ગાજી-પ્રહસમો..રૂ૦; થાકો ઉપચારે-ભૂપ તિવારે-અતિ દુઃખે...રૂ૦, પડહો વજડાવે-સાદ પડાવે-જન મુખે...રૂ૦ ॥૧૪॥ દેશ કન્યા બંધુર-રણરંગ સિંધુર-તેહને...રૂ૦, આપે નૃપ રાજી-જે કરે સાજી-એહને..રૂ૦; કરતાં પૂર ફેરી-શેરી શેરીયે-ફર્યા.. રૂ૦, ત્રિક ચાચર ચોકે-નૃપ પથ ધોકે-સંચર્યા....રૂ૦ ॥૧૫॥ થાનક સવિ ભટકી-પાછા છટકી ને વલ્યા..રૂ૦, નૃપ ભવનની વાટે-આવે ઉચ્ચાટે ખલભલ્યા...રૂ૦; ચોથે ખંડે ચાવી-ઢાલ સોહાવી-આઠમી..રૂ૦....કહે કાંતિ ઉમંગે-રસને રંગે એ ગમી....રૂડીજી૦ ॥૧૬॥

॥ દુહા ॥

એહવે નર એક અભિનવો, પડહ છબે ત્યાં આય;
નૃપ સુભટે ભૂપતિ કન્હે, આણ્યો તેહ બુલાય ॥૧॥
નિરખત મુખ નૃપ ઓલખે. અહો પુરુષને પ્રાંહિ;
કૂપ થકી કિમ નીસરી, આવ્યો દીસે આંહિ ॥૨॥
દૈવ હણ્યો મુજ વૈરીયે, કીધો કેણુ કુકજ્જ?,
મુજને અલગો જાણીને, કાઢયો એ નિર્લજ્જ ॥૩॥

ઈમ ચિંતિ અણુ ઓલખ્યૂ, થયો ગોપિતાકાર;
કરવા સ્વારથ સાધના, બોલ્યો વચન કેદાર ॥૫॥

## ॥ઢાલ નવમી॥

ગાઢા મારુજી, અમર પીવે ભાઠી ચગે, અમલી પીવે કલાલ રે
ગાઢા મારી અતિ ઉનમાદી, માહારો સાહેબો....એ દેશી.

મોરા નેહીજી, અમ વખતે આવ્યા ભલે ઉપકારક સત્યવંત હે, મોરા૦ કરૂણા તે કીધી સાહિબે, મોહનજી મતિ મંત રે....મો. ક.; મોરા. તુમ સરિખે આભૂષણે, પુહવી તલ શોભંત રે....મો. ક૦ ॥૧॥ મોરા. મલયા વિષવાલણતણું, કામ કરો લેઈ હાથ રે....મો. ક.; મોરા રણરંગ આપું હાથીયો, જનપદ તનુજા સાથ રે....મો૦ ક૦ ॥૨॥ મોરા૦ લાખિણું લોકાં વિચ્ચે, એ છે યશનું કામ રે....મો. ક.; મોરા૦ વલી હું મુખ બોલ્યાં થકી આપીશ અધિક ઇનામ રે....મો. ક. ॥૩॥ મોરા૦ મહાબલ કહે મુજને ઇહાં આપીશ મા તું કાંઇ રે....મો. ક.; મોરા૦ માંગુ એહિજ સુંદરી' જો પણ નિર્વિઘ્ન થાઇ' રે....મો. ક. ॥૪॥ મોરા૦ આવી દેશાંતર થકી, નહી કેહને સંબંધ રે....મો. ક.; મોરા૦ એહવી મુજને' આપતા, કરશે કુણ પ્રતિબંધ રે?....મો. ક. ॥૫॥ મોરા૦ સંકટ પડિયો મહીપતિ, કહે તુંજ દેઇ'શ તેહ રે....મો. ક.; મોરા૦ બીજા પણ મુજ કેટલાં, કામ કરીશ જો છેહ રે....મો. ક. ॥૬॥ મોરા૦ જે કહેજો નૃપ કામ તે, કરીને તુરત સર્વ રે....મો. ક.; મોરા૦ લે જઇ'શ નિજ ભારજા, ચિંતે એમ સગર્વ....મો. ક. ॥૭॥ મોરા૦ ભૂપ વચન

અંગી કરી, આવ્યો મલયા સમીપ રે....મો. ક.; મોરા૦ મૂર્છાગત દીઠી ત્રિયા, મૂકી ગરલ ઉદ્દીપ રે.... મો. ક. ॥૮॥ મોરા૦ વિષમ અવસ્થા નારીની, જોતાં જલભરેં નયણ રે....મો. ક.; મોરા૦ રોધે મન કાઠું કરી બોલે ઈમ વલી વયણ રે....મો. ક. ॥૯॥ મોરા૦ ગત ચેતન એ સર્વથા, ન લીયેં શ્વાસ લગાર રે.... મો. ક.; મોરા૦ તો પણ અંગે આગામી, કરશું હું પ્રતીકાર રે....મો. ક. ॥૧૦॥ મોરા૦ પ્રસર નિષેધી લોકનો, ધરણી કરો જલ સિત્તરે....મો. ક.; મોરા૦ તિમહિજ નૃપને સેવક, કીધી ધરા સુર્પાવત્ત રે....મો. ક. ॥૧૧॥ મોરા૦ ભૂપતિ આદેં જન સવે, બેઠા બાહિર આયરે....મો. ક.; મોરા૦ કુમરેં મંડલ માંડીયું, વિષ વાલકનો ઉપાય રે....મો. ક. ॥૧૨॥ મોરા૦ મંડલમાં પૂજી વિધેં, ધ્યાન ધરી મહા મંતરે....મો. ક.; મોરા૦ કટિપટમાંથી કાઢીઓ, વિષવાલક મણિતંત રે....મો. ક. ॥૧૩॥ મોરા૦ ક્ષાલી મણિ જલ સિંચીયું, વિકસ્યો લોયણ લેશ રે....મો. ક.; મોરા૦ ઢાંકયાં જ્યૌ રવિ તેજથી, કમલ હશે એક દેશ રે....મો. ક. ॥૧૪॥ મોરા૦ મુખમાં જલ સિંચ્યું તદા, વલિયા સાસ ઉસાસ રે....મો. ક.; મોરા૦ લોચન પૂરાં ઉઘડયાં કમલ જ્યું પૂર્ણ પ્રકાશ રે....મો. ક. ॥૧૫॥ મોરા૦ સર્વાંગે જલ સ્વિંચીયું, પાયું ઉદક અશેષ રે....મો. ક.; મોરા૦ ઉઠી આલસ મોડતી, કરતી હાવ વિશેષ રે....મો. ક. ॥૧૬॥ મોરા૦ પઉધાર્યા પ્રભુજી ઈહા, કૂપથકી કિણ રીત રે ?....મો. ક.; મોરા૦ સાજી મુજનેં કિમ કરી, પૂછે સા ધરી પ્રીતરે....મો. ક. ॥૧૭॥

મોરા૦ કુમર કહે માંચી થકી, પડીઓ હું જઈ હેઠ રે....મો. ક.; મોરા૦ ત્યાં મણિ તેજે એક શિલા, દીઠી મણિધર હેઠ રે....મો. ક. ॥૧૮॥ મોરા૦ છાને જઈ મૂઠી હણી, ઉઘડિયું તદા બાર રે....મો. ક.; મોરા૦ મણિધર સલકયો પર મુંહે, પેઠો હું તિણ ઠાર રે....મો. ક. ॥૧૯॥ મોરા૦ સાહસ ધરી હું ચાલીયો, વિવરેં ધરણી માંહિ રે....મો. ક.; મોરા૦ વિષધર દીવીધર થયો આવે પૂઠેં ઉચ્છાહિ રે....મો. ક. ॥૨૦॥ મોરા૦ એહ સુરંગા ચોરની, તિણ વલી બીજું બાર રે....મો. ક.; મોરા૦ હોશેં એહવું ચિંતવી, આઘો કીધો પ્રચાર રે....મો. ક. ॥૨૧॥ મોરા૦ તેહવેં મુખ આગેં થઈ, મણિધર નાઠો તેત રે....મો. ક.; મોરા૦ શ્યામ તિમિરકુલ ઉલ્લસ્યું, જિમ જડતાં જડ ચેતરે....મો. ક. ॥૨૨॥ મોરા૦ અનુસારે હું ચાલતો, આથડીયો જઈ દ્વાર રે....મો. ક.; મોરા૦ ચરણેં હણી બીજી શિલા, નાખી ઉલટી તિવાર રે ....મો. ક. ॥૨૩॥ મોરા૦ બાર વિવરનું ઉઘડયું, નીસરિયો બહિ આય રે....મો. ક.; મોરા૦ જન્મયો ગર્ભાવાસથી, ચિંત્યું ઈમ અકલાય રે....મો. ક. ॥૨૪॥ મોરા૦ આઘેરો ચાલ્યો વહી, જોતો અહિગતિ લીક રે....મો. ક.; મોરા૦ શિલાશિરેં દીઠો અહી, બેઠો જઈ નિભીંક રે....મો. ક. ॥૨૫॥ મોરા૦ મંત્ર ભણીને વશ કીયો, લીધો તસ મણિ નંગ રે....મો. ક.; મોરા૦ ગિરિ નદીએ સમશાનમાં, દીસે તેહ સુરંગ રે....મો. ક. ॥૨૬॥ મોરા૦ પશ્યતહર દીસે મૂઆ, ચિંતિ ઈમ શિલ તેય રે....મો. ક.; મોરા૦

ઢાંકી બાર સુરંગને, નીસરિયો ઉમહેય રે....મો. ક. ॥૨૭॥ મોરા૦ છાને પુરમાં પેસતાં, નિસુણ્યો પડહ નિનાદ રે....મો. ક. મોરા૦ પૂછ્યું જાણ્યું તાહરે, વ્યાપ્યો વિષ ઉન્માદ રે....મો. ક. ॥૨૮॥ મોરા૦ તુજ વિરહો અણુસારસહી, પડહ ઠવ્યો પણ બંધ રે....મો. ક. મોરા૦ મણિયોગે સાજી કરી, ગાલ્યો વિષનો ગંધ રે. મો. ક. ॥૨૯॥ મોરા૦ બાંધ્યો વચને સાંકડો, ધીઠો પણ નરનાહરે....મો. ક.; મોરા૦ દેશે તુજને મુજ ભણી, હવે ન કરે મન દાહરે....મો. ક. ॥૩૦॥ મોરા૦ પીયું વચને રંજી ત્રિયા, ચોથા ખંડ વિચાલરે....મો. ક.; મોરા૦ કાંતિવિજય ભાખી રસે, નિરૂપમ નવમી ઢાલ રે મો. ક. ॥૩૧॥

॥ દુહા ॥

કુમરે ભૂપતિ તેડીઓ, આવ્યો અધિક પ્રમોદ;
નિરખે બાલા હર્ષથી, કરતી વાત વિનોદ ॥૧॥
શિર ધુણી ભૂપતિ ભણે, અહો શક્તિનો ખેલ;
અમ દુઃખ સાથે જેણીયે, ફેંકયો ગરલ કુવેલ (પ્રવાહ) ॥૨॥
અતિ વસ્મિત વસુધાધવે, પૂછ્યું નામ નિવેશ;
સિદ્ધ પુરૂષ ઈતિ તેહની નિજ કહે નામ નિર્દેશ ॥૩॥
જિમી નહી ગત વાસરે, વિરહી બાલા એહ;
ઉચિત જમાડો તેહ ભણી, કહે ભૂપ સસનેહ ॥૪॥
પય પાકું સાકર રસે, પાવે કુમર સહાથ;
સ્વસ્થ હુઈ વાતો કરે, ને નૃપ સુતનો સાથ ॥૫॥

## ॥ ઢાળ દશમી ॥

પંથીડા રે સંદેશડો.... એ દેશી.

કુમર ભણે ભૂપતિ પ્રત્યે, કરો શીખ સુજાણ; ઘો મલયા મુજને હવે, પાલો વચન પ્રમાણ ॥૧॥ હું રે વિદેશી પંથિયો, ન સહુ ઢીલ લગાર; મુજ મન ઉઠયું ઇહા થકી, ચાલણુ નિરધાર....હું રે૦ ॥૨॥ કાંઇ વિચારો રાજીયા, કરો કોડિ વિષાદ; રુસવા થાશો લોકમાં, મૂકયાં મરયાદ....હું રે૦ ॥૩॥ રવિ જલધર જલનિધિ શશી, મૂકે નહિ સ્થિતિ આપ; તિમ નૃપ પણ નવિ ઉત્થપે, કુલવટ સ્થિતિ થાપ....હું રે૦ ॥૪॥ આપો મલયા એહને, થાઓ રાજિ પ્રસન્ન; દંપતી દુખિયા મેલવી, કરો સત્ય વચન્ન....હું રે૦ ॥૫॥ સમજાવે ઇમ ભૂપને, પુરનાં લોક સમસ્ત; આપુર્યો તે સાંભલી, કોપે મદમસ્ત....હું રે૦ ॥૬॥ ક્ષણ એક અણ બોલ્યો રહી, માંડે બીજી વાત; હે હે નિઠુર-પણાતણી, જૂઓ ભૂંડી ધાત....હું રે૦ ॥૭॥ પૂછે નરપતિ સિદ્ધને, લોયણ કલુષાય; કહેરે તાહરે એહ-શું રચો સગપણ થાય?....હં રે૦ ॥૮॥ સિદ્ધ કહે ધણુ માહરી, પામી મુજજ વિજોગ; દૈવ દયાથી માહરો, લહી આજ સંયોગ....હું રે૦ ॥૯॥ અવનીપતિ આખે વલી, કર એક મુજ કામ; ઢીલ નહીં દેતાં પછે, તુજને એહ વામ....હું રે૦ ॥૧૦॥ દુઃખે શિર નિત્ય માહરૂં, તેહન એહ ઉપાય; લક્ષણધર તુજ સારિખો, નર આવે ચલાય....હું રે૦ ॥૧૧॥ ચયમાં બાલી તેહનું, કીજે ભસ્મ શરીર; લેપે શિર પીડા હરે, તેહ

ભસ્મ સતીર....હું રે૦ ॥૧૨॥ ઔષધ એ તુજને ભલે, કરવું માહરે કાજ; સોપ્યું દુષ્કર કામ એ, મારણ નરરાજ....હું રે૦ ॥૧૩॥ લુબ્ધ્યો મલયા દેખીને, નિર્લજ એ નરરાજ; મુજને હણવા કારણે, સોંપે એહવું કાજ....હું રે૦ ॥૧૪॥ અધમે મુજને સૂચવ્યું, પહેલું પણ એહ; કરશું જો મૃત્યુ આગમી, તો પણ હશે છેહ....હું રે૦ ॥૧૫॥ મરણ વિના કુંણ કરી શકે, દુઃખ સંભવ કાજ; અંગીકર્યું મેં ધુરથકી, ન કર્યો રાજ લાજ....હું રે૦ ॥૧૬॥ એમ ધારી સાહસ ગ્રહી, બોલ્યો ત્યાં નરસિંહ; ચિંતા ન કરો રાજિયા, કારજ કે મેં લંક....હું રે૦ ॥૧૭॥ દુર્લભ ઔષધ સાહસ, કરવું મેં નિરધાર; તું પણ પ્રમદા આપતાં, મત કરજે વિચાર....હું રે૦ ॥૧૮॥ ફોગટ ગલ ફુલાવીને, કહે ભૂપ હસંત; ઉપકારકને આપતાં, કહો શું ખટકંત ...હું રે૦ ॥૧૯॥ કઠિન હૃદય નરરાજિયો, હરખ્યો મન પાપિષ્ટ; રાખે દંપતિ જૂજૂઆં, જાણ થાપી નિઃકૃષ્ટ....હું રે૦ ॥૨૦॥ મંદિર આવે મલપતો, કરતો રસ ચાલ; દશમી ચોથા ખંડની, કાંતે કહી ઢાલ.... હું રે૦ ॥૨૧॥

॥ દુહા ॥

કુમર હવે નૃપને કહે, કરવા ઉચિત વિધાન;
કાઠ શકટભરી જોતરી, મૂકે જ્યાં સમશાન ॥૧॥

નિરખી વિષમ કર્તવ્યતા, દુઃખીયાં પૂર્યા લોક;
હાં હા નરમણિ! વિણસશે, ઇમ કહે થોકે થોક ॥૨॥

છેહલાં આભૂષણ ધરી, વીંટ્યો રાજ સુભટ;
પશ્ચિમ પોહોરે પિતૃવને, પોહોંચે કુમર પ્રગટ ॥૩॥

વ્યતિકર લોક થકી લહે, મલયા પિયુનો આપ;
સંતાપી વિરહાનલે, વિધ વિધ કરે વિલાપ ॥૪॥

## ॥ ઢાળ અગીયારમી ॥

ઉઠ કલાલણી ભર ઘડો હે દારૂડાયો મૂલ સુણાય...એ દેશી.

ધિગ મુજ યૌવન રૂપને હે, ધિગ મુજ જનમ [1]અકાથ; આપદ પડિયો જેહથી હે, મોહે લોભાણો નાથ પ્રાણ પ્યારો બલવા હે કાંઇ જાય.... ॥૧॥ પહેલાં દુઃખ સાગરથકી હે, તરિયો તું સમરત્થ; એ વેલામાં સાહેબા હે, કુણ ગ્રહશે તુજ હત્થ?....પ્રાણ૦ ॥૨॥ કાઠ કુઠીમાં ભીડિયો હે, પંજરમાં જિમ કીર; નીસરશે કયાંથી તદા હે, મુજ નણદીરો વીર?....પ્રાણ૦ ॥૩॥ કર સાહી ભૂપતિ ભડે હે, ખેપ્યો તું ચયમાંહિ; સહેશે કિમ પીડા ઘણી હે, કીધી પાવક દાહિ?....પ્રાણ૦ ॥૪॥ કયાં આવ્યો ઇહાં મોહના હે, મલિયો કાં મુજ આય; કાંઇ જાયી પાપિણી હે, હું હુઈ જે દુઃખદાય?.... પ્રાણ૦ ॥૫॥ વિરહો તાહરો પ્રીતમા હે, હિયડે દે ઘસિ ઘાવ; નેહ નિઠુર નાહર થયો હે, ખેલે કઠીન કુદાવ.... પ્રાણ૦ ॥૬॥ આશાથી તેં ત્રોડીયા હે, એ વેલા જગદીસ; તરછોડી અધમારગેં હે, કાઢી પૂરી રીશ.... પ્રાણ૦ ॥૭॥ પ્રીતલડી હીયડે વસી હે, લાગે મીઠી ગાઢ; સાલે છૂટી અધરસેં હે, જિમ તીખી યમદાઢ.... પ્રાણ૦ ॥૮॥ પડજો શિલ શિર તેહને રે, પાડયો જેણે વિયોગ; પરિજન તેહના રખડજો હે, જિમ કાપ્યા [2]થલ ફોગ....પ્રાણ૦ ॥૯॥ વિલપત પ્રમદા ખીજતી હે, દુઃખપૂરી [3]મહેમૂર; પીયુને લોયણ આંસુયે હે, દે

---

૧ મકથ્મ=નિંદિત, ૨ અનાજનાં થડીયાં, ૩ અંદર કચવાયી.

જલ અંજલી પૂર....પ્રાણ૦ ॥૧૦॥ નિરખું નયણે નાહલો હે, તો મુજ ભોજન વાત; બેઠી એહવું આદરી રે, કરવા આતમઘાત....પ્રાણ૦ ॥૧૧॥ નૃપ નંદન સમશાનમાં હે, ઈહિા તિંહા નિરખી ઠોર; ખડકે ઇચ્છિત થાનકે હે, મોહોટી ચય એક કોર...પ્રાણ૦ ॥૧૨॥ સાહસ દેખી તેહવું હે, પુર જણ મલીયાં ધાય; દિલગિરી ધરતાં હિયે હે, ભૂપતિને કહે આય...પ્રાણ૦ ॥૧૩॥ દેવ વિચાર્યા વિણ ઈસ્યો હે, માંડયો કવણ અન્યાય; રાખમિશે પશુની પરે હે, હણીયેં નહી સિદ્ધરાય... પ્રાણ૦ ॥૧૪॥ મલયાં નાપો તો ભલે હે, પણ મારો કાં એહ?; અમ વચને મૂકો હવે રે, કરી કરુણા ગુણગેહ... પ્રાણ૦ ॥૧૫॥ ભૂપ ભણે એ ભામિની રે, મુજને નવિ નિરખંત; ઉપરાંઠી કાઠી હુવે હે, જો નર એ જીવંત... પ્રાણ૦ ॥૧૬॥ એ બાલા વિણ માહરે હે, ન પડે જક પલ માત; મત પડજો એ વાતમાં હે, સો વાતે એક વાત... પ્રાણ૦ ॥૧૭॥ નિર્દય તિહાં નવ બોલીયો હે, જીવો નામે પ્રધાન; શી એહની તુમને પડી હે, મેલો છો ઇહાં તાન... પ્રાણ૦ ॥૧૮॥ પોતાને પાપે પચી હે, મરશે જો દુઃખ આણિ; તો નગરીમાં કેહને હે, એ હોશે ઘર હાણી...પ્રાણ૦ ॥૧૯॥ રાજાને મંત્રી ઈહિા હે, મલીયા પાપી દોય; તો તેહવા નરરત્નનેં હે, કુશલ કિહાંથી હોય?... પ્રાણ૦ ॥૨૦॥ છારમિશે આરંભિયો હે, અનરથ વિશ્વાવીશ; સહિ દુર્મતિ એ બેહુંને હે, છારજ પડશે શીશ....પ્રાણ૦ ॥૨૧ ગલતાં માંખી જીવતી હે, કો કરે એહવું કામ; અન્યોન્ય કહેતાં જણ તિકે હે, પોહોતો નિજ નિજ

ઠામ...પ્રાણ૦ ॥૨૨॥ અકલ કલા કોઇ કેલવી હે, પિયુ લહેશે જયમાલ; ચોથે ખંડે અગ્યારમી હે, કાંતે પભણી ઢાલ....પ્રાણ૦ ॥૨૩॥

॥ દુહા ॥

ઈષ્ટ સંભારી આપણું, પરવરિયો ભાવૃંદ;
દક્ષિણ કરે પ્રદક્ષિણા, થથ પાખેલિ નૃપનંદ ॥૧॥
પુરજન મુખ હાહારવે, આપૂર્યો આકાશ;
લોક હૃદય દસણું કરે, શોક પરીક્ષા ભાસ ॥૨॥
સહુસા નૃપ સુત ઉતપતિ, પડે ચિતામાં જામ;
તતક્ષણ પુરજન નેત્રથી, પસર્યાં આંસૂ તામ ॥૩॥

## ॥ ઢાળ બારમી ॥

તડાકે તોડી છે કુંખમાલા....એ દેશી.

નિરખે સુભટ વિકટ ચયમાંહિ, પેઠા કુમર જિવારે; ચિહું દિશિ પ્રબલ અનલ સલગાડયો, પસરી જાલ તિવારે...॥૧॥ ઝબાકે જલથી છે દિગમાલા, તાપે કટકણ લાગા કાઠ; ચમાકે ચમકી છે સુરબાલા....એ આંકણી. ધોરણી ધૂમ તણી ત્યાં પ્રસરી, દિશિ દિશિ અંબરછાયો; શ્યામઘટા કરી પાવક રૂપે, જાણે પાવસ આયો...ઝ૦ ॥૨॥ વન્હિ પતંગ ઉડે તગ તગતા, ખજુઆ જિમ ચિહું ઓરે; જાલ વીજ જયું ચિલકણ લાગા, અનલ જલદને જોરે...ઝ૦ ॥૩॥ સાત જીભ શત જીભ થઈને નભતલ ચાટણ લાગો; તસ ઉદ્દીપક પવન સહાયી; વિશમી થઇ ત્યાં વાગો ઝ૦ ॥૪॥ ધીરપણું પુર લોક પ્રશંસે, તસ હા હારવ અણસુણતાં; જ્વલત રહ્યો વિશ્વાનર દેખી, સુભટ વદયા ગુણ

થુણતાં...ઝ૦ ॥૫॥ જેમ કીધું તેણે તેમ નૃપ આગે, ભાખ્યું સકલ બનાવી; ભૂપ પ્રધાન વિના પુરજનને, તે નિશિ નિંદ ન આવી....ઝ૦ ॥૬॥ હુઓ પ્રભાત વિભા તનુતારા, ઢાંકયા સૂર પ્રભાવે; તવ શિર રક્ષા પોટી ધરીને, આવે સિદ્ધ સ્વભાવે....ઝ૦ ॥૭॥ દેખી વિસ્મિત લોક ઉમંગે, પગ પગ એહવું પૂછે; અહો સુગુણ! તું આવ્યો કિહાંથી? શિશે એહ કિશ્યું છે?.... ઝ૦ ॥૮॥ તે ચયની રક્ષા લેઈ હું, આવ્યો છું નૃપ કાજે; ઇમ કહેતો પોહોતો નૃપ ભવને, સિદ્ધ પુરુષ શુભ સાજે.... ઝ૦ ॥૯॥ રાખ પોટલી આપે નૃપને, કહેતો એહવું રંગે; એ નાખો નિજ માથે એહથી, હોજો નિરૂજા અંગે.... ઝ૦ ॥૧૦॥ ભૂપ ભણે શું ન બળ્યાં ચયમાં?, આવ્યાં દીસો સાજા; અણ સંગી નહી જગમાં કેહને, ન ગણે સતિયાં આજા.... ઝ૦ ॥૧૧॥ કુમર વિમાસે કૂડા આગે, બનશે કૂડું બોલ્યું; કહે નૃપને હું દાધો ચયમાં, મન સાહસ નવિ ડોલ્યું.... ઝ૦ ॥૧૨॥ મુજ સાહસથી સુરગણ રીજ્યાં, અમૃત રસે ચય ઠારે; થયો સજ્જ ચિત્ત ફરી હું તેહથી, આવી રહ્યો ચય આરે....ઝ૦ ॥૧૩॥ છાર પોટલી તિહાંથી લેઈ, આવ્યો રાજ સમીપે; વાચ્યા તેહ પલે તો રૂડી, બોલી જેહ મહીપે....ઝ૦ ॥૧૪॥ ભૂપ વિચારે ધૂરત એણે, મીટ સકલની વંચી; ઇહાં રહ્યો ઠાલી ચય બાલી, સુભરે કરી દગ ઉંચી....ઝ૦ ॥૧૫॥ કાંત સમાગમ જાણી મલયા, મલવાંને ધસી આવી; આરક્ષક પરિવારે વીંટી, નિરખત હરખ ન માવી....ઝ૦ ॥૧૬॥ એકાંતે જઇ પૂછે પતિને, પાવક પેઠા સ્વામી; કુશલે

કેમ મહ્યાં તે ભાખો, પીયું કહે અવસર પામી.... ઝ૦ ॥૧૭॥ અંધ કૂપ ગત જેહ સુરંગા તે મુખ મેં ચય ખડકી; પૃથુલ ગર્ભ ઘરને આકારે, દ્વાર શિલાએં અડકી....ઝ૦ ॥૧૮॥ પેઠો વું ચયમાં થઈ છાને, દ્વાર સુરંગ ઉઘાડી; સબલ સુરંગ શિલા તસ દ્વારે, દીધી પાછી આડી....ઝ૦ ॥૧૯॥ સુભટે ચય સલગાડી મૂકી, બલી બલી થઈ ટાઢી; દ્વાર ઉઘાડી કુશલે આવ્યો, છાર નૃપતિ શિર ચાઢી....ઝ૦ ॥૨૦॥ સુંદરી ગુહય કથા એ માહરી, કોઇ આગે મત ભાખે; દુષ્ટ નૃપતિ મુજ છિદ્ર વિલોકે, તુજ લેવા અભિલાખે....ઝ૦ ॥૨૧॥ ચોથે ખંડે થઈ દ્વાદશમી, ઢાલ સુધારસ મીઠી; કાંતિ કહે ધણુની પિઉ સંગે, વિહર વ્યથા સવિ નાઠી ....ઝ૦ ॥૨૨॥

॥ દુહા ॥

આવ્યો નરપતિ તેહવે, કહે સિદ્ધને જંત;
ભોજન દો મહુયા ભણી, અમ હાથે ન કરંત ॥૧॥

તરૂણી તુરત જમાડીને, કહે સિદ્ધ સુણુ રાય;
કીધું કારજ તાહરૂં, હવે અમ દીયો વિદાય ॥૨॥

આપો મુજ ધણુ આદરે, થાપો બોલ પ્રમાણુ;
નીરખે છીચા સાંમુહો, વચન સુણી [1]મહેરાણુ ॥૩॥

સંકલ્પી જગવ્યો વલી, મંત્રી છલનું ધામ;
અહો સિદ્ધ સાધ્યું સબલ, ભૂપતિનું એ કામ ॥૪॥

ઉપકારી શિર સેહરો, મહા સત્વ વર સિંધુ;
બીજું પણ મહીપતિ તણું, કર એક કારજ બંધુ ॥૫॥

## ॥ ઢાળ તેરમી ॥

વિંઝણી હો રતન કુઓ, મુખ સાંકડો રે વિંઝ, કિમ કરી કરૂં રે ઝકોલ રાયવિંઝ, સયણ મારૂ....એ દેશી.

સાધકજી હો એહ પુરને અતિ ઢુંકડો રે મિત્તા, નામે ગિર છિન્ન ટંક....સિદ્ધ રૂડા, સયણ મહારા સા૦ વિષમ ઉરધ શિખરે તિહાં રે મિત્તા, અંબ અછે નિરડંક....સિદ્ધ સા૦ ॥૧॥ ફલ તેહનાં અતિ સીયલારે મિત્તા, લહીયે બારહી માસ....સિ૦ સા૦; તે શિખરે ઉંચા ચઢી રે મિત્તા, તલપી હવે આકાશ....સિ૦ સા૦ ॥૨॥ વિષમ થલે આંબાશિરે રે મિત્તા, પોહોંચીને ફલ લેય ....સિ૦ સા૦; ઝંપાવો વલી અબિથી રે મિત્તા, ભૂતલ ભાગ તકેય....સિ૦ સા૦ ॥૩॥ આવો ઈહાં કુશલે વહીરે મિત્તા, મૂકો ફલ નૃપ ભેટ....સિ૦ સા૦; પિત્ત વિકાર નરિંદ નો રે મિત્તા, ટલશે તેહથી નેટ....સિ૦ સા૦ ॥૪॥ કુમર વિમાસે દોહિલે રે મિત્તા, એ પણ નૃપ આદેશ....સિ. સા.; થાનક મરણ તણું સહીરે મિત્તા, ન પુરે જિહાં મતિ લેશ....સિ. સા૦ ॥૫॥ જો ન કરું તો કામિની રે મિત્તા, નાપે એ નરનાથ....સિ. સા.; બિહું વાતેં મૃત્યુ માહરૂં રે મિત્તા, પડીયાં ભૂમિ બે, હાથ....સિ. સા૦ ॥૬॥ જો પણ દેવ પ્રભાવથી રે મિત્તા કરશું દુષ્કર કાજ....સિ. સા.; જીવિત ને મુજ સુંદરી રે મિત્તા, છે દોય વાત સુસાજ....સિ.સા૦ ॥૭॥ ધારી એહવું આદરે રે મિત્તા, મંત્રી વચન તિમ તેહ....સિ. સા.; આસનથી ઉઠયો ધસીરે મિત્તા, સાહસનું કુલગેહ ....સિ.સા૦ ॥૮॥ મલયા જલ નયણે ભરે રે મિત્તા,

દુઃખપૂરેં દિલગિર....સિ. સા.; મહાબલ જણ વીંટ્યો ઘણે રે મિત્તા, આવે ગિરિવર તીર....સિ.સા૦ ॥૯॥ જિમ જિમ ગિરિ ઉંચો ચઢે રે મિત્તા, તિમ તિમ જણને શોક....સિ. સા.; ભૂપતિને મંત્રી હઇયે રે મિત્તા, વાધે હર્ષના [1]થોક....સિ. સા૦ ॥૧૦॥ શોભે ગિરિ ટૂંકે ચઢયો રે મિત્તા, ઉદય ગિરિ જિમ સૂર.... સિ. સા.; નૃપ સુભટેં નીચો રહ્યો રે મિત્તા, અંબ દેખાડયો દૂર....સિ.સા૦ ॥૧૧॥ રૂડું જે મેં ઉપાર્જ્યું રે મિત્તા, ન્યાય ધર્મને મેલ....સિ. સા.; સફલ હજો માહરૂં ઈહાં રે મિત્તા, તેહથી સાહસ ખેલ....સિ.સા૦ ॥૧૨॥ ઇમ કહેતો અંબા થકીરે મિત્તા, આપે ઝંપાપાત....સિ. સા.; હાહારવ લોકાં તણો રે મિત્તા, ગિરિ કૂહેં નવિ માત....સિ.સા૦ ॥૧૩॥ પડછંદો ગિરિ કંદરે રે મિત્તા, હાહારવ તતખેવ....સિ. સા.; જાણું સાહસ દેખીનેં રે મિત્તા, બોલ્યો તિમ ગિરિદેવ....સિ. સા૦ ॥૧૪॥ પડતો વેગેં શૃંગથી રે મિત્તા, દ્યે ખેચરની ભ્રાંતિ....સિ. સા.; અદૃશ્ય હૂઓ જન દેખતારે મિત્તા, જિમ થાશે નૃપ ખાંતિ....સિ.સા૦ ॥૧૫॥ અહહ અન્યાય એ આકરો રે મિત્તા, હાહા પાપ પ્રચંડ....સિ. સા.; પડતાં એહનાં હાડનો રે મિત્તા, જડશેં કહો કિહાં ખંડ? ....સિ.સા૦ ॥૧૬॥ પૂરજન એહવું ભાંખતારે મિત્તા, નૃપપુર અશિવ કહંત....સિ. સા.; નિજ નિજ ઘર આવ્યા વહી રે મિત્તા, તસ સાહસ[2] સલહંત....સિ.સા૦ ॥૧૭॥ સુહડે સકલ સુણાવીયું રે મિત્તા, નૃપ મંત્રી વિરતંત....સિ. સા.; આપ કૃતારથ માનતા રે મિત્તા,

૧ મોજું, ૨ વખાણતા,

નિવહે રાત નિરત....સિ.સા૦ ॥૧૮॥ સિદ્ધ પ્રભાતે આવીયો રે મિત્તા, લઈ સહકાર કરંડ....સિ.સા.; પગ પગ જન દેખી કરે રે મિત્તા, આવ્યા કેમ અખંડ? ....સિ.સા૦ ॥૧૯॥ સિદ્ધ કહે કહેશું પછે રે મિત્તા, હવણાં મ પૂછશો કાંઈ....સિ. સા.; કહેતો ઈમ જન વીંટીયો રે મિત્તા, નૃપ ભવને ગયો ધાઈ....સિ. સા૦ ॥૨૦॥ શ્યામવદન રાજા હૂઓ રે મિત્તા, બીહીનો નિરખી ચિત્ત....સિ. સા.; બોલ્યો તેહવે મંત્રવી રે મિત્તા, કુશલ્યો કિમ તુ મિત્રા?....સિ. સા૦ ॥૨૧॥ ઈંમહીજ ઇતિ મુખ બોલતો રે મિત્તા, મૂકે અંબ કરંડ....સિ. સા.; કહે એ લ્યો ખાઓ સહુ રે મિત્તા, ચિત્ત સમાવો ઉદ્દંડ....સિ.સા૦ ॥૨૨॥ બીહીના હાકે બાપડાં રે મિત્તા, ભૂપ પ્રમુખ કરે [1]મૂન....સિ. સા.; બે ત્રણ તેહ કરંડથી રે મિત્તા, સિદ્ધ ગ્રહે ફલ ધૂન.... સિ.સા૦ ॥૨૩॥ નૃપને પૂછી સંચરે રે મિત્તા, મલયા પાસ હસંત....સિ. સા.; સા [2]ઘનથી જિમ મોરડી રે મિત્તા, પીઉ દીઠે વિકસંત....સિ.સા૦ ॥૨૪॥ સકલ ઉચિત વિધિ સાચવી રે મિત્તા, બેઠી પીયુ સંગ બાલ.... સિ. સા.; પંડિતજીરે ચોથે ખંડે તે રચી રે મિત્તા, કાંતે કહી એ ઢાલ....સિ.સા૦ ॥૨૫॥

॥ દુહા ॥

કર જોડી કામિની કહે, ભાંખો કંત ઉદંત;
ગતદિન ગત આગમ કથા, તવ મહબલ પભણંત ॥૧॥
સુંદરી પહેલો મુજ મલ્યો, યોગી વનમાં જેહ;
પ્રજલ્યો પાવક કુંડમાં, થયો વ્યંતરો તેહ ॥૨॥

૧ મૌન. ૨ મેઘ,

તે વ્યંતર ઈહા અંબમાં, વસિઓ મુજ ભાગ્યેણ;
ગિરિથી પડિયો વચન વદે, ઓલખિયો હું તેણ ॥૩॥
આપ કરે મુજને ગ્રહી, બોલ્યો તે ગુણલીહ;
રે ઉપગારી! મિત્ર તું, મનમાં કાંઈ મ બીહ ॥૪॥
આપ સ્વરૂપ કહ્યું તિણે, મેં પણ મુજ વિરતંત;
કરતાં મૈત્રી સંકથા, વીતી રાતિ તદંત ॥૫॥

## ॥ ઢાળ ચૌદમી ॥

મન મધુકર મોહી રહ્યો... એ દેશી.

મુજ મનડું તુમથી હલ્યું, રહો રહો મિત્ર! સુજાણ રે; થાવો અમ ઘર પ્રાહુણાં, પાલો પ્રેમ પુરાણ રે....મુજ૦ ॥૧॥ પૂરવલા સંબંધથી, મલીયો જો મુજ આઈ રે; તો તું એમ ઉતાવલો, ઉઠીને કાંઈ જાઈ રે....મુજ૦ ॥૨॥ પ્રાહુણ ગતિ શી સાચવું?, કહે તું મુખથી આપરે; તુમ આણા માથે ધરું, જિમ જગ નૃપની છાંયરે....મુજ૦ ॥૩॥ તવ હું બોલ્યો તે પ્રતે, સુણ બાંધવ ગુણવંત રે; નૃપ કામે હું આવીયો, ઢીલ ઈહાં ન ખમંતરે....મુ૦ ॥૪॥ પણ બાંધ્યો મેં જેહવો, તેહવો હૂયે સુકયત્થ રે; તો જાણું મૈત્રી તણું સહી, સફલ પરમત્થરે....મુ૦ ॥૫॥ બોલ્યો સુર સુણ મિત્રજી!; એ નૃપ શત્રુ સરીખ રે; હણવા ચાહે તુજને, કહે તો દ્યું હવે શીખરે....મુ૦ ॥૬॥ મેં ભાખ્યું એહ એટલે, નહિ વિરમે જઈ આપરે; તો એહને સમજાવશું, કરી કૂડો ઉપજાપરે....મુ૦ ॥૭॥ વિષમ પ્રયોજન તાહરે, આવી પડે કોઈ જેથરે; સંભાર્યો હું તતક્ષણે, કરશું સાનિધ્ય તેથરે....મુ૦ ॥૮॥ ઈમ કહેતો સુર

કિહાંથકી, લાવ્યો એક કરડરે; સરસ રસાલ તણે ફલે, ભરીયો તેહ અખડરે....મુ૦ ॥૯॥ મુજને તેહ કરંડ-શું, સુરવર આપ ઉપાડી રે; મૂકયો પૂરને ઉપવને, જિહાં જિન મંદિર આડીરે....મુ૦ ॥૧૦॥ સુર બોલ્યો એ ફલ જઈ, દેજે તું નૃપ હાથ રે; અદ્રશ્ય ગતિક રૂપે તિહાં, આવીશ હું તુજ સાથે રે....મુ૦ ॥૧૧॥ જે જે ઘટશે કામ ત્યાં, કરશું છાને હું તેહ રે; શીખવિયો ઇમ મુજજને, દેવે આણી સનેહ રે....મુ૦ ॥૧૨॥ થાપ્યો તેહ કરંડીઓ ભૂપતિ આગલે જાઈરે; લેઈ અનુજ્ઞા તેહની, બેઠો હું ઇહાં આઇ રે....મુ૦ ॥૧૩॥ એહવે તેહ કરંડથી, કડકડતો સ્વર ક્રૂર રે; ઉછલિયો બલિયો મહા, પડછંદે ભરપૂર રે....મુ૦ ॥૧૪॥ ખાઉં પહેલો હું ભૂપને, કે ધુર ખાઉં પ્રધાન રે; એક જણને બિહું માંહથી, નહિ મૂકું હું નિદાન રે....મુ૦ ॥૧૫॥ શબ્દ સુણીને નરપતિ, પડિયો ચિંતાની જાલ રે; થરથરતો કહે સચિવને, કર માહારી સંભાલ રે.... મુ૦ ॥૧૬॥ સિદ્ધ પુરૂષ કોઈ સિદ્ધ એ, ગૂઢાતમ વિપરીત રે; દુષ્કર કામ કરે હસી, અણચિંત્યું કેણી રીતરે....મુ૦ ॥૧૭॥ ફલ મિશે એહ કરંડમાં, આણી કાંઇ બલાયરે; આપણને ક્ષયકારિણી, વલગાડી કૂપલાય રે....મુ૦ ॥૧૮॥ સચિવ કહે નૃપને પ્રભુ, એહને મુખ દિયો ધૂલ રે, ઇમ કહીને વારી જતો, આવે કરંડને મૂલ રે....મુ૦ ॥૧૯॥ ક્રૂર સુણે રવ તેહનો, જિમ યમ દુંદુભિનાદરે; કર્ણ વિવર વિષ સારિખો, કરત અશનિ ધુનિ વાદ રે....મુ૦ ॥૨૦॥ ફલ ગ્રહેવાં તસ ઢાંકણું, ઉઘાડે તતકાલ રે; વજ્રનલ સરખી તદા, પ્રગટ હુઈ

મહાજાલ રે....મુ૦ ॥૨૧॥ ભડ ભડ શબ્દે ગાજતી, પ્રત્યક્ષ જેમ ભડ ધાડિરે; તેહ કરંડથી નીસરી, ઉરધ્ધ ભાગ ધૂમાડિ રે....મુ૦ ॥૨૨॥ દુષ્ટ પ્રધાનને તેણીયે, જાલ્યો જેમ પતંગ રે; ક્ષણુમાં જીવો ત્યાં હુઓ, નિર્જીવિત દહિ અંગ રે....મુ૦ ॥૨૩॥ મંદિર કાઠે સલગિઓ અગનિ મહા દુરવાર રે; બીહિતો નૃપ તવ સિદ્ધને, તેડાવે તિણિવારરે....મુ૦ ॥૨૪॥ મુજ આધીન સુરેં તિહાં, દીસે છે કાંઇ ક્રીધ રે; ઇમ ધારી ભૂપતિ કને આવે સિદ્ધ પ્રસિદ્ધ રે....મુ૦ ॥૨૫॥ કહે સકલ પરેં રાજિયો, બોલ્યો એમ ડરંત રે; સિદ્ધ કૃપા કરી ટાલીએ, વિજવર એહ દુરંતરે....મુ૦ ॥૨૬॥ સિદ્ધેંતવ જલ છાટીંયું, અનલ હુઉં ઉપશાંત રે; ઢાંકયો અંબ કરંડીયો, તવ રહિયો વિશ્રાંત રે....મુ૦ ॥૨૭॥ કાને તેહ કરંડને, બેસે નહી કોઈ આય રે; સાપેં ખાધો શિંદરી, દેખી કુણ ન ડરાય રે?....મુ૦ ॥૨૮॥ કુશલે સિદ્ધ કરંડીયો, ઉઘાડી ફલ લેય રે; વિસ્મિત ભૂપાદિક ભણી, આપહથું જવ દેય રે....મુ૦ ॥૨૯॥ તવ મહીપતિ ડરતો હીયે, ખંચે કરે મુખ ફેરી રે; થાપી બીજાને કરે, લેવરાવે સિદ્ધ પ્રેરી રે....મુ૦ ॥૩૦॥ જીવાનો નંદન વડો, સચિવ કર્યો ગુણખાણી રે; ચોથા ખંડની ચૌદમી, કાંતે ઢાલ વખાણી રે....મુ૦ ॥૩૧॥

॥ દુહા ॥

નૃપ પૂછે કિમ ઉછલ્યો, એમ મહાભય સિદ્ધ;<br>
મંત્રીને જેણે ઈહાં, મરણ અવસ્થા દીધ ॥૧॥

કહે સિધ્ધ એ પલ્લવ્યો, તુજ અન્યાય કુવૃક્ષ;<br>
હવે ફુલ ફલ એહનાં, લહેશે તું પ્રત્યક્ષ ॥૨॥

મહીયલ માંહિ મહીપતિ, જેહ કરે નય પોષ,
નાસે આપદ તેહથી, વાધે સંપદ કોષ ॥૩॥
નીતિ માંહે આપદતણો, આસ્પદ છે અવિવેક;
સંપદ હોય સયંવશા નિરખી નૃપ નય છેક ॥૪॥
તેહ ભણી નય ગોચરે, નિગમ વિચારી ગુજ્જ;
આતમ વચન પ્રમાણવા, આપો મહિલા મુજ્જ ॥૫॥
સામંતાદિક બોલીયાં, કરો દેવ એ વયણ;
અનય રસે કોપાવવો, ન ઘટે એ નર રયણ ॥૬॥

## ॥ ઢાલ પંદરમી ॥

યોગીસર ચેલા...એ દેશી.

વચન સુણી નરરાજિયો રે, પડીયો વિમાસણ માંહિ રે; નારી રસ રાતો પેઠો, ઉપાંપલ ગોચરે હો લાલ; હિયડે ચઢી મુજ નાયિકા રે પ્યારી જીવન પ્રાંહિ રે, કરશું વિધિ કેહી, મુજ મનથી નવી ઉતરે હો લાલ. ॥૧॥ મંત્રતંત્રાદિક યોગના રે, લહેતો વિવિધ પ્રકાર રે, સાધે બાહિરનાં કારજ એ, સહેજે ઈહાં હો લાલ; તેહ ભણી નિજ દેહનો રે, સોંપું કામ સફાર રે, અભ્યંતર કોઈ દુષ્કર, તે કરશે કિંહા હો લાલ। ॥૨॥ કારજ વિણ કીધે સહી રે, જોતાં પુરનાં લોક રે, હોશે ઓશીયાલાં, ભોઠો પડશે બાપડો હો લાલ; ફરી નહી માગે સુંદરી રે, થાશે મસાગતિ ફોક રે, પહેલી જે કીધી, મલશે નહિ વલી તાકડો હો લાલ ॥૩॥ ઇમ કરે ફાવશે પ્રિયા રે, અપયશ લોક વિચાલ રે, નહી હોશે મહારે, એહવું વિચારી બોલિયો હો લાલ; ત્રીજું કામ કરે હવે રે, તો દઉં મહિલાં સંભાલ

રે, આછીએ તુજને, વચન થકી હું ન ડોલીયો હો લાલ. ॥૪॥ નિજનયણે નિરખું સદા રે, પુંઠિ વિના મુંજ અંગ રે, તે માટે વાંસો, દેખું હું તેહવો કરો હો લાલ; મુજ ઉપર કરૂણા કરી રે, પૂરો એહ ઉમંગ સુગુણા સોભાગી, માનીશ પાડ ઈહાં ખરો હો લાલ ॥૫॥ નૃપનંદન ચીંતે ઈર્સ્યો રે એહ રચ્યો સોંપે કામરે, નૃપ હસવા સરિખો, કુમતિ કદાગ્રહ કેલવી હો લાલ; રીશાણો કહે રાયનેરે, એ રચ્યો માંડયો ઉધામ રે;? એહથી કહી આગે, સિદ્ધ કિશી તાહરે નવી હો લાલ ॥૬॥ પૂઠ જોવે કોણ આપણી રે, જો પણ હોય લખહામ રે, ઈમ કહીને ખાંચે, નાડી નૃપ ગ્રીવા તણી હો લાલ; ઉલટી મુખ વાંકૂં વલ્યું રે, આવ્યું ગ્રીવાને ઠામ રે, ગ્રીવા મુખ ઠામેં, આવી રહી તત્ર આફણી હો લાલ ॥૭॥ પૂંઠ નિહાલો ખંત રેશું, કામ થયું તુંજ ઠીક રે, ભૂપતિ ગુણ માનો, વચન સુણી ઈમ તેહ હો લાલ; સચિવ નવો રોષે ભર્યો રે, બોલ્યો થઈ સાહસિક રે, સુણ ધૂરત ધીઠા, લાજ નહી તુજને હવે હો લાલ ॥૮॥ જનક હણ્યો તેં માહરો રે, જીવો નામે વજીર રે, ખુની અન્યાયી, બીહિતો નહી અસમંજસે હો લાલ અમ જોતા વલી ભૂપને રે, કાં દુઃખ દ્યે બે પીર રે, મરડી ગલ નાડી કાંઈ મરે વાહ્યો રસેં હો લાલ ॥૯॥ રાજ સભામાં બાંધીયો રે, સબલો હાલ કલ્લોલ રે, દેખી નૃપ વિરુઉ લોક મલ્યાં લખ ધાઈને હો લાલ; જન મુખથી લહી વાતડી રે, પડિયો મહાદુઃખ જોલરે, રાજાની રાણી બીહતી આવી ઉજાઈને

હો લાલ ॥૧૦॥ દુઃખીયો દીન દયામણો રે, રુપે અપૂર્વાકાર રે, ભૂપતિને દેખી, દશ આંગુલી વદને ઠવે હો લાલ; રડતી રડતી સિદ્ધનારે પ્રણમી ચરણ ઉદાર રે, અબલા સુકુલીણી, દીન સ્વરે તિહા વીનવે હો લાલ ॥૧૧॥ મૂકો કોપ કૃપા કરી રે, થાઓ સુપ્રસન્ન ચિત્ત રે, સાહેબ ગુણવંતા! અમ અબલા સાહામું જુઓ હો લાલ; પતિ ભિક્ષા અમને દીઉ રે, દાતારાં શિર છત્ર રે, સાધક કરુણાલાં!, તાણ્યો ન ખમે તાંતુઓ હો લાલ ॥૧૨॥ જેહવો હતો તેહવો કરો રે, ધુરનું રુપ બનાય રે, સાચાં ઉપકારી જશ લેતાં ન કરો ગઈ હો લાલ; થાશે કારજ એટલું રે, તો અમે લાખ પસાય રે, મોહને રંગીલા નહી હોય તો ગણજો મૂઈ હો લાલ ॥૧૩॥ શીક્ષા દીધી આકરી રે, રાખી નહી કાંઈ ખોટ રે, માણુસ જો હોશે, તો થઈ છે એટલે ઘણી હો લાલ; સિદ્ધ વિમાસી એહવું રે, બોલ્યો એહ જો દોટ રે, પાચે અણુવાણે, વનમાં જિન પ્રણમે થુણી હો લાલ ॥૧૪॥ શ્રી જિન અજિત જુહારીને, પાચે આવે આંહિ રે, તો થાશે સાજો બીજો ઉપાય નહી તિશ્યો હો લાલ; અસમરથુ પણ રાજિયો રે, કહે હવે ચાલો ત્યાંહિ રે, સાજો થાઉં, તો મુજ અજર અછે કિશ્યો હો લાલ ॥૧૫॥ લોક કહે નિજ પાપથી રે, વલગો આવી વીંગ રે, ભૂપતિને પૂઠે, કરશે નહિ હવે ખોજણી હો લાલ; રુપ બન્યું જોવાં જિશ્યું રે, પ્રત્યક્ષ જિમ જોટીંગ રે, દીસે છે કોઈ, ખેધે લત પામ્યો ઘણી હો લાલ ॥૧૬॥ પુરજન જોવા પેખણું રે, ચઢિયાં

ગોખેં ધાય રે, તિહાં હોડાં હોડે, ઠામેં ઠામેં ટોલ્યે મલ્યાં હો લાલ; ચાલણુ માંડે ભૂપતિરે, પણ ન પડે વગ કાંઈ રે, જોતાં દુઃખદાયી, કારણ બે વાંકા મલ્યાં હો લાલ ॥૧૭॥ જો માંડે પગ પાધરો રે, તો દીસેં નહી માગ રે, લોચન ઉપરાંઠે, લડ થડતો પગેં આથડે હો લાલ, અવલે પગ જ્યાં સંચરે રે, લેતો મારગ ભાગ રે, ઘેરણિ ત્યાં વાધે, પ્રેરણ શક્તિ વિના પડે હો લાલ ॥૧૮॥ બિહું વાતે પુર લોકનેં રે, કરતો કૌતુક દુઃખ રે, જઈ આવ્યો પાછો સાલે માર કુચોટની હો લાલ; લોક સમક્ષ સમજાવિઓ રે, થાશે હવે અભિમુખ રે, ચિંતે ઈમ બીજી, ખાંચે નશા સિદ્ધ કોટની હો લાલ ॥૧૯॥ વદન વલીનેં પાધરું રે, બેઠું પાછું ઠામ રે, લાગી નહિં વેલા, હુંઉ અંતેઉર ત્યાં ખુશી હો લાલ; કર જોડી કહે સિદ્ધને રે, વેચાણા તુમ નામ રે, સુગુણા સસનેહી, જોઈયે તે માગો હસી હો લાલ ॥૨૦॥ સિદ્ધ હવે માગશેં ઈહા રે ચોંપે મલયા બાલરે, ભૂપતિ પાસેથી, અરજ કરાવી તેહશું હો લાલ; ચોખી ચોથા ખંડની રે, એહ પન્નરમી ઢાલરે, ભાંખી રસ ભેલી, કાંતિવિજય બુધ નેહશું હો લાલ ॥૨૧॥

॥ દુહા ॥

કુમર કહે રાણી પ્રત્યે, વંછિત આપ વિચાર;
જો હોય પ્યારો તુમતણો, તો દેવરાવો નાર. ॥૧॥
ગોરડીયાં ગુણવંતિયા, જો દેવરાવો વામ;
તો પાડામાં પ્રીછજો, સરિયાં મુજ લખ કામ, ॥૨॥
વચન સુણી રાણી સવે, આવી નૃપની પાસ;
મલયા મૂકાવણ ભણી, કરે કોડિ અરદાસ ॥૩॥

ઉત્તર ન દીયે મહીપતિ, પાછો કાંઈ પ્રગટ;
આને કાંને કાઢતો, ચિંતે એમ નિપટ ॥૪॥
જાતી મલયા સુંદરી, રાખું કિમ જગદીશ;
બુદ્ધિ ન કો મુજ ઉપજે, જેહથી કુવે સદીશ ॥૫॥

## ॥ ઢાળ સોળમી ॥

પ્રણમી સદ્‌ગુરૂ પાય, ગાયશું રાજીમતી સતીજી એ દેશી.

એહવે અનલ ઉદ્દંડ, વાજી શાલામાંહિ જાગીઓજી; ઉંચો જાલ અખંડ, દારુણ ગયણે લાગીઓજી ॥૧॥ નિરખીને નરરાજ, સિદ્ધપ્રત્યે પભણે ઈસ્યુંજી; ચોથું વલી મુજ કાજ. એક અછે કરવા જિસ્યુંજી ॥૨॥ વારૂ પાટ કેકાણ, એહ બલે હયશાલમાંજી; કાઢો ખેંચી સુજાણ, કામ કરો એક નાલમાંજી ॥૩॥ રીજયો હું તુજ નારી, આજ જ સોપું એ ઘડીજી; જોતાં જણ દરબાર, વલિયો મણિમય પાઘડીજી ॥૪॥ નિસુણી પુરજન લોક, ભાંખે એ નૃપ ચાતર્યેજી; પામ્યો શીક્ષા રોક, તો વલી ઈમ કાં પાતર્યેજી ॥૫॥ અતિ દુષ્ટાધ્યવસાય, છોડે નહી એ દુર્મતિજી; કરી કોઈ વ્યવસાય, યોગ્ય દીયું શિક્ષા રતિજી ॥૬॥ ધ્યાતો એહવું ત્યાંહિ, ઉચ્છાહે બમણો થઈજી; પેસણ હુતભુજમાંહિ, વાજી શાલે ઉભો જઈજી ॥૭॥ મનમાં નૃપને આપ, નિંદે આક્રોશે ઘણોજી; બાંધ્યો કોપને વ્યાપ, ઈષ્ટ સંભારે આપણોજી ॥૮॥ સંભારે તેહ દેવ, કરવા સફલ મનોરથાજી; જંપાવે તતખેવ, દીયેં પતંગ પડે યથાજી ॥૯॥ હા હા કાર કરંત, શોક ભર્યાં પુરજન તદાજી; આંસૂડે વરસંત, લોચન જિમ જલ વારિદાજી ॥૧૦॥

પ્રણમ્યો ભૂપ પ્રમોદ, કુમર ઝંપાણો દેખીનેજી; માણે હાસ્ય વિનોદ, સચિવને સાથ વિશેષિનેજી ॥૧૧॥ ચઢિયો હય સિદ્ધરાજ, અગનિથી નીસરિઓ તવેજી; દીસે જિમ સુરરાજ, આરોહ્યો ઉચ્ચૈઃશ્રવેજી ॥૧૨॥ દીપે તેજ અપાર, દિવ્ય વ્યસન ભૂષણ ધર્યાંજી; જલહલ જ્યોતિ તુખાર, અંગે સાજ ભલા ભર્યાંજી ॥૧૩॥ ધોરાદિક ગતિ પંચ, ૧ ધોરિતં ૨ વલિતં ૩ પ્લુતકં ૪ ઉત્તરકંપ ૫ ઉત્તેજિતં; ભેદે તુરંગ રમાડતોજી, તન વિલસિત રોમાંચ જનને ચિત્ર પમાડતોજી ॥૧૪॥ દેતો હર્ષ વિષાદ, લોક ભૂપતિને પાલટીજી; મનમાં અતિ આહ્લાદ, ધરતો ઇમ કહે ઉલ્લટીજી ॥૧૫॥ અહોઅહો તીર્થની ભૂમિ, એહ છે વંછિત દાયિનીજી; જ્વલિત હુતાશન ધૂમ, ફરસે જે અઘ ધાયિનીજી ॥૧૬॥ પડિયો હું ઇહાં આજ, બીજો તુરંગમ એ વલીજી; બલતાં સિદ્ધતાં કાજ, એહવા થયા માડા ટલીજી ॥૧૭॥ આજ થકી અમ અમ અંગ, રોગ જરા નહી સંક્રમેજી; નહી હવે મરણ પ્રસંગ, અમર હુઆ બિહુ રંગમેંજી ॥૧૮॥ સાંભલી વાચક એહ, રાજાદિક સવિ જૂજૂઆંજી; બલવા અગનિમાં તેહ, પડવાને તતપર હુઆજી ॥૧૯॥ જો જો પ્રત્યક્ષ ખ્યાલ, તીરથ મહિમાનો શિરેજી; હુઆ બેહુ નિહાલ, તીર્થ પ્રભાવે ઇણી પરેજી ॥૨૦॥ આપણને ઇણ ઠામ, તન હોમ્યાં ફલ છે બહુજી; ધરતાં મોટી હો હામ, આવ્યાં નર પડવા સહુ જી ॥૨૧॥ બોલ્યો સિદ્ધ વિચાર, રે રે ક્ષણ એક પડખીયેજી; આણો ઘૃત નિરધાર, અગનિ જુગતિશું પુંજીએજી ॥૨૨॥ આણ્યાં

ઘૃતનાં કુંભ, એઁ દહ દહ પચ પચ્ય ઇસ્યોજી; ભણતો મંત્ર સદંભિ, આહુતિ દે મન ઉલ્લસ્યોજી ॥૨૩॥ પેહેલો પેશીસ આંહિ, હું ઈમ કહી નૃપ પેશીએજી; પુછે સચિવ સંબાહ, જઇ નૃપ પાસે બેસીએજી ॥૨૪॥ કુમરે વાર્યા લોક, પડતાં અવર હુતાશનેજી; પડખો પડખો સ્તોક, આવવા દ્યો નૃપ સચિવનેજી ॥૨૫॥ લાગી વાર વિશેષ, રાય સચિવ કિમ નાવિયાજી વેલા તુમને હો રેખ, લાગી નહિ જવ આવિયાજી ॥૨૬॥ ઇમ પુરલોકનાં બોલ, સાંભલીને સિદ્ધ બોલીએજી; કાં રે ભૂલ્યા અટોલ્ર, અગનિ પડયો કોણ જીવીઓ જી? ॥૨૭॥ અગનિ પડિઉ હું આજ, સુર સાનિધ્યથી નીસર્યોજી; બોલી સકલ સમાજ, વૈર વાલણ રૂડા કર્યોજી ॥૨૮॥ ફલીયો અનય કુવૃક્ષ, નૃપ મંત્રિ સુત મંત્રિનેજી; સામંતાદિક દક્ષ, બોલ્યાં વલી આમંત્રિનેજી ॥૨૯॥ રાજ્ય નિર્વાહક સિદ્ધ, હોજો રાજા આપણેજી; ઈમ કહી રાજા કીધ, મહોત્સવ આડંબર ઘણેજી ॥૩૦॥ માન્યો જન સિદ્ધરાજ, પાલે રાજ્ય સુનીતિથીજી; મહિપતિયાં શિરતાજ, રાખે જનપદ ઇતિથીજી ॥૩૧॥ અડકે વિષમે કામ, લેજો શુદ્ધ સંભારિઓજી; આભાખી સુર આમ, સિદ્ધે તેહ વિસર્જિએજી ॥૩૨॥ ચોથા ખંડે નીષંગ, મલય-ચરિત્રથી સંગ્રહીજી, કાંતિવિજય મનરંગ, ઢાલ સોલમી એ કહીજી ॥૩૩॥

॥ દુહા ॥

આવ્યો દેશાંતર થકી, તેહવે તિંહા બલસાર;
લેઇ નિરૂપમ ભેટણું, ચલિ આવે દરબાર ॥૧॥

નૃપ બેઠી બેઠે તિંહા, દીઠી મલયા બાલ;
મલયાએ પણ પેખીઓ, સારથપતિ તતકાલ ।।૨।।

એક એકને ઓલખ્યાં, થાતાં નયણાં ભેટ;
મલિયા શત વર્ષાંતરે, ચતુર ન ભૂલે નેહ ।।૩।।

ડરતો તુરત જ ઉઠીઓ, આવ્યો મંદિર આપ;
ચિંતે હે હે આવીયા, ઉદય મહા મુજ પાપ ।।૪।।

અહો મહોદધિ પરતડે, આવ્યો એહને છાંડિ;
હવે કિમ એ ભૂપશું, મેલી સાંધા જોડી? ।।પ।।

જે કીધું મેં એહને, અનુચિત કરણ અન્યાય;
કહેશે તે જો ભૂપને, તો મુજ મરણ સહાય ।।૬।।

## ।। ઢાળ સતરમી ।।

સીતા હો પ્રિયા સીતારા પ્રભાત. પ્રણમુ હો પિયા પ્રણમું પગ નાથે કરીજી...એ દેશી.

મલયા હો પ્રિય મલયા કહે સુવિચાર, નિસુણો હો પ્રિય નિસુણો જે આવ્યો વાણીયોજી; નામેં હો પ્રિય નામે એ બલસાર, તેહ જ હો પ્રિય તેહજ પાપનો પ્રાણીયોજી ।।૧।। મુજને હો પ્રિય મુજને દીધી જેણ, વિધ વિધ હો પ્રિય વિધ વિધ દુષ્ટ કદર્થનાજી; રાખ્યો હો પ્રિય રાખ્યો છાનો એણ, મુજ સુત હો પ્રિય મુજ સુત કરતાં અભ્યર્થનાજી ।।૨।। ઇણી પરે હો પ્રિય ઇણી પરે પ્રમદા બોલ, નિસુણી હો નૃપ નિસુણી તતક્ષણ કોપીયોજી; સાહ્યો હો નૃપ સાહ્યો શેઠ નિટોલ, પરિકર હો નિજ પરિકરશું કાંઠે દીયોજી ।।૩।। કીધી હો નૃપ કીધી ક્રિયાણે છાપ, વાંક જ હો વડ વાંક જ તાસ જણાવીયોજી; ચિત્તમાં હો તે ચિત્તમાં

વિમાસે આપ, સાથૅપ હે। ઇમ સાથૅપ ચિંતા ભાવી-યોજી ॥૪॥ છૂટણુ હો મુજ છુટણુ કોઇ ઉપાય, દીસે હો નહિ દીસે નહિ કોઇ આશરીજી; આવે હો વલી આવે છે એક દાય, વખતે હો યદિ વખતે થઇ આવે તરીજી ॥૫॥ એહનાં હો નૃપ એહના વૈરી હોય, પરિચિત હે। મુજ પરિચિત શૂર નૃપતિ ધુરેજી; બીજો હે। વલી બીજો શૂર સમોય, ધીંગડ હે। બલ ધીંગડ વીર ધવલ સીરેં જી ॥૬॥ જીતી હે। તેહ જીતી એહને તામ. છોડણુ હે। મુજ છોડણુ વિધિ કરશે બહીજી; અડલખ હે। હવે અડલખ હે। સોવન દ્રામ. પરઠી હે। તસ પરઠી જન મૂકું સાહીજી ॥૭॥ લક્ષણુ હે। ધર લક્ષણુધર ગજ આઠ, આણ્યા હે। ઘર આણ્યાં પરદેશી થકીજી; તેહનો હે। વલી તેહનો જણાવી ઠાઠ, છૂટીશ હે। હું છૂટીશ એહ ભેદેં થકીજી ॥૮॥ સમજૂ હે। એક સમજૂ સોમો નામ, માણુસ હે। નિજ માણુસ સવિ સમજાવીનેજી; મૂકયો હે। તિહાં મૂકયો છાનો તામ, વણિકે હે। તિમ વણિકે વીરધવલ કનેજી. ॥૯॥ જાતાં હે। મગ જાતાં અધમગમાંહિ, મલિયાં હે। બિહુ મલિયાં બિહું તે રાજવીજી; દુર્ગમ હે। અતિ દુર્ગમ તિલક ગિરિ ત્યાંહિ, ભીષણુ હે। જિહાં ભીષણુ જિહાં રુદ્રાટ-વીજી ॥૧૦॥ નિસુણી હે। નૃપ નિસુણી જૂઠી વાત, એહવી હે। ધુર એહવી જનમુખથી કહીજી; પલ્લી હે। તિણુ પલ્લીપતિ કિમ જાતિ, ભીમેં હે। વન ભીમેં મલયાનેં ગ્રહીજી ॥૧૧॥ આવ્યા હે। તિહાં આવ્યા બેહું નરિંદ, નિજ નિજ હે। જન નિજ નિજ જન-પદથી વહીજી; દુર્જય ભીમ પુલિંદ, રમતો હે। રણુ

રમતો રણ બાંધ્યો ગ્રહીજી ॥૧૨॥ જોતાં હો તિહાં જોતાં મલયાં બાલ, દીઠી હો નહી દીઠી નહિ કિણ થાનકેજી; વલીયાં હો નૃપ વલીયા નૃપ તિણ કાલ મલિયો હો જઈ મલિયો સોમ અચાનકે જી. ॥૧૩॥ વીરપ હો નૃપ વીરપનો આદેશ, પામી હો વર પામી વર તિમ વીનવે જી; સાર્થપ હો તેહ સાર્થપનો આદેશ, સુણતાં હો નૃપ સુણતાં અંગીકરે સવેજી ॥૧૪॥ આધું હો ધન આધું દેતો વીર, આખે હો વિધિ આખે શૂર પ્રત્યે સહીજી; શૂરો હો નૃપ શૂરો નૃપ શૌંડીર, લોભે હો બહુ લોભે વાત ગ્રહે ધસીજી ॥૧૫॥ નૃપકુલ હો એહ નૃપ-સાથે દ્વેષ, ચાલ્યું હો નિજ ચાલ્યું આવે આપણેજી; બેઠો હો કોઈ બેઠો નૂતન એષ, તેહને હો હવે તેહને હવે હણશું રણેજી ॥૧૬॥ સર્વસ્વ તસ સર્વસ્વ લેશું લૂંટી સાર્થપ હો વલી સાર્થપને મૂકાવશુંજી; થાશે હો અમ થાશે યશની છુટી, અરિનો હો વલી અરિનો ઠામ ચૂકાવશુંજી; ॥૧૭॥ મંત્રી હો ઈમ મંત્રી દીયે નરેશ, કરવા હો રણ કરવા સિદ્ધ નરિંદ-શુંજી; ચાલ્યાં હો ધકિ ચાલ્યાં કટક નિવેશ, કરતાં પથ સ્વચ્છંદશુંજી ॥૧૮॥ ઉદધિ હો જિમ ઉદધિ તિલક પુર પાસ, આવ્યા હો ઘર આવ્યા ઘર કંપાવતાજી; વાદલ હો દલ વાદલ ઉંચ આકાશ, દીધા હો તિહાં દીધા ડેરાં ફાવતાજી ॥૧૯॥ બે નૃપ મૂકી દૂત, આગમ હો નિજ આગમ હેતું જણાવશેજી; સાહમો હો નૃપ સાહમો સેન સંજુત્ત, કરવા હો રણકરવા રસમાં આવશેજી ॥૨૦॥ ચોથે હો એહ ચોથે ખંડે ઢાલ, ભાંખી હો ઈમ સત્તરમી ભાવથીજી. સુણતાં હો ઘર

સુણતાં મંગલમાલ, આવે હો નિત્ય આવે કાંતે સુહાવતીજી ॥૨૨॥

॥ દુહા ॥

વીરપ શૂર બન્ને મલી, શીખાવી અદ્‌ભૂત;
સિદ્ધ નરેસર ઉપરે, મૂકે દુર્દમ દૂત ॥૧॥
અવસરવિદ વાચાલ મુખ, સાહસિક નિર્લોભ;
સ્વામિ ભક્ત હિતમગ કથક, પરખ માંહે અક્ષોભ ॥૨॥
દીર્ઘદર્શી દીરઘગતિ, સર્વસહ મતિવંત;
નીતિ નિપુણ [1]દાહક પિશુન એ ગુણ દૂત વદંત ॥૩॥
અસવાર્યો કેકાણ રથ, પહેર્યો જાબ ઝુલિમ્મ;
સિદ્ધરાય ભવનાંગણે, જઈ પોહોતો જાલિમ્મ ॥૪॥
દ્વારપાલ નૃપ વિનવી, દીધો ભવન પ્રવેશ;
કરી સલામ સિદ્ધરાયને, ભાંખે ઈમ સંદેશ ॥૫॥

## ॥ ઢાલ અઢારમી ॥

ઉદયા તે પુરરો માંડવો રે, ગઢ અર બુંદરી જાન મહારાજ એ દેશી

પુહવીઠાણનો રાજીઓ રે, શૂરપાલણ શૂરપાલ.... મહારાજ; દમ દાંતો ને ફોજ લેઇને રુડેજી આવે, ચંદ્રાવતી નગરી ધણીરે, વીરધવલ છોગાલ....મહારાજા દમ૦ ॥૧॥ એ બેહુ એકમતું થયારે; રુઠાં તો પર આજ દમ૦; ખેલિ રણરસ ખાંતશું રે, લેશે તાહારૂં રાજ... મ૦ દમ૦ ॥૨॥ સારથપતિને રોકિયો રે, નામેં જે બલસાર....મ. દ; તે સાથે બે ભૂપતિ રે, રાખે સ્નેહ અપાર....મ૦ દમ૦ ॥૩॥ દાતા જગ વ્યવહારીયો રે, સહુને બાંધવ તુલ્ય...મ. દ; પેશકસી કરતાં ભલી રે,

1 બાળનાર,

માંગે નહી કાંઇ મૂલ્ય....મ૦ દ૦ ॥૪॥ પુત્રપણે બાંધવ પરે રે, જાણે એહને ભૂપ...મ. દ૦; તો તે કિમ સહેશે પડયો રે, દેખી દુઃખને કૂપ....મ૦ દ૦ ॥૫॥ એણે જાતે આવતે રે, કીધો અમશું નેહ...મ. દ૦; તુમ નગરે વાસો વસે રે, તે ભણી મૂકો એહ....મ૦ દ૦ ॥૬॥ કહેવડાવ્યું માહરે મુખે રે, અમ ભૂપે ઇમ તુજ્જ... મ. દ૦; સત્કારી મૂકો પરો રે, પાલો રાજ્ય સલુજ્જ... મ૦ દ૦ ॥૭॥ ખમીયેં પણ એકવારનો રે, કીધો વરાસે વંક...મ. દ૦; પડિયા પણ મુખડે ગ્રહયાં રે, દંત ફિરિ નિજ અંક....મ૦ દ૦ ॥૮॥ વાહાલી પાટુ ગાયની રે, જો આપે પયપૂર...મ. દ૦; મીઠા માટે ખાઇયે રે, એઠું પણ મામુર....મ૦ દ૦ ॥૯॥ ધનપતિ કદિ ક પાંતરે રે, તો તે કિમ ન ખમાય...મ. દ૦; ખિરતો પણ દલ અંગણે રે, ફલિયો તરુ ન કપાય....મ૦ દ૦ ॥૧૦॥ અમ ભૂપે બાંહ્ય ગ્રહયો રે, તે દુઃખીયો કિમ થાય.... મ. દ૦; ગૂંજે જે વન કેસરી રે, ત્યાં કુંજર ન વસાય.... મ૦ દ૦ ॥૧૧॥ શૂર અછે તું સાહેબા રે, પણ તુંજ કટક અલપ્પ....મ. દ૦; સાયરમાં જિમ સાથુઓ રે, થાઈશ ત્યાં તું ગડપ્પ....મ. દ૦ ॥૧૨॥ તે એહને મૂકાવશે રે, તુજને શિક્ષા દેઇ...મ. દ૦; એહ વાતે મત આણજે રે, શંકા બલ ઉમહેઇ....મ. દ૦ ॥૧૩॥ થાઈશ માં તું આકલો રે, ભુજબલને વિશવાસ...મ. દ૦; બે જણ ઓષધ એકનું રે, એહવો જગત પ્રકાશ....મ૦ દ૦ ॥૧૪॥ મ પડીશ માતા મોહમાં રે, લંકેશ્વર જિમ મૂંજ...મ. દ૦; ઉચિત હિતારથ ધારીયે રે, આણી મનની સૂજ....મ. દ૦ ॥૧૫॥ દૂત વચન સુણી લહેરે

આવ્યા સુસરો તાત...મ. ૬૦; મનમાંહે હરખ્યો ઘણું રે, બોલ્યો ફેરવી ધાત....મ. ૬૦ ॥૧૬ સૈન્ય ઘણું જો ભૂપનેં રે, તો શું નહી ભૂજ હોય...મ. ૬૦; એક એક દેહ નહી કિશ્યું રે, કેવલ નર નહી હોય....મ. ૬૦ ॥૧૭॥ એકલડો પણ દિણયરુ રે, તેજ તણો અંબાર... મ. ૬૦; કોડિ ગમેં તારાતણું રે, હરે મહાતમ સાર... મ. ૬૦ ॥૧૮॥ આફલતો આભા લગે રે, માનીમાં શિરદાર...મ. ૬૦; એકાકી પણ કેશરી રે, ગાલે ગજમદ ભાર....મ. ૬૦ ॥૧૯॥ તિમ હું જો પણ એકલો રે, તે નૃપ તે બલ સાજ...મ. ૬૦; બાણે રણમાં તેહોની રે, ફેડીશ ભુજની ખાજ....મ. ૬૦ ॥૨૦॥ વાહલો પણ અન્યાઈયો રે, શીખવીયેં સુત આપ...મ. ૬૦; અન્યાયે થાતા પખું રે, લાજ્યો નહી અધાપ....મ. ૬૦ ॥૨૧॥ જો નેહી છે ભૂપનો રે, તો અમકેહો લાભ...મ. ૬૦; અમ સાથેં તો છેડતાં રે, તરશે બાંથાં આભ....મ. ૬૦ ॥૨૨॥ ન દીયે શિક્ષા દુષ્ટને રે, ન ગણે સાજન શર્મ્મ.... મ. ૬૦; તો અમ સરિખાને રહે રે, કેહો નૃપનો ધર્મ ....મ. ૬૦ ॥૨૩॥ અન્યાયી તુજ રાજિયો રે, આવ્યા જેહ ઉમંગ....મ. ૬૦; તેહને પણ સમજાવશું રે, ખડગ સાખેં રણ જંગ....મ. ૬૦ ॥૨૪॥ સર્વ મનોરથ એહનાં રે, પૂરીશ હું ઇણવાર....મ. ૬૦; જા કહેજે તુજ પૂઠલેં રે, આવ્યો હું નિરધાર....મ૦ ૬૦ ॥૨૫॥ દૂત ગયો પાછો વહી રે, ચોથે ખંડે અનૂપ....મ. ૬૦; ઢાલ કહી એ અઢારમી રે, કાંતિ વિજયકરી ચૂંપ....મ. ૬૦ ॥૨૬॥

॥ દુહા ॥

સિંહાસનથી ઉઠીયો, અહિ મંડપમાં આય;
ડંકા તિહાં સંગ્રામની, વજડાવે સિદ્ધરાય ॥૧॥
રણુરાતો માતો મદે, તાતો ક્ષત્રીય તેજ;
આવ્યો નૃપ મલયા કન્હે, કહેવા રહસ્ય સહેજ ॥૨॥
મહુલામાં મલયાં ભણી, દે રહેવા નિર્દેશ;
ચતુરંગી સેના સજી, ધરે આપ રણુવેશ ॥૩॥
અસવારી કીધી ગજે, રણુ રંગે શણુગાર;
નીસરિયો પુરથી મહા, દિંગ કટક વિસ્તાર ॥૪॥
નવલ દમામાં ગડગડયાં, વાગ્યાં વડ રણુતૂર;
રસિયાં નાદ ભંભેરિયાં, અડિગ ઉલટ્યો શૂર ॥૫॥
ઓપા દે કરવાલને, રોપાં કે પહેરંત;
તોપાં કેતા સજ્જ કરે, ધોપાં કેઈ ધરંત ॥૬॥
ગજ ગાજે હય હેષણું, રથ ચિતકાર અખંડ;
સિંહનાદ શુરા તણે, બધિર હુઓ બ્રહ્માંડ ॥૭॥
કવચ ધરા આયુધ ધરા, પૂરા રણુ ખેલાડ;
રણુથંભે જઈ વાગીયાં, ફોજા તણાં કમાડ ॥૮॥
બે દલ આમા સામ્હમાં, અડિયા આઈ સબાહિં;
તામલિ અણુપેઠા વહિ, તારુ ભડ રણુ માંહિ ॥૯॥

## ॥ ઢાળ ઓગણીશમી ॥

કડખાની દેશી

સજે ફોજ અતિ ચોજ નૃપ બે ભડે સિદ્ધશું, રણુ તણા દાવ રમતાં ન ચૂકે; ઉનડ વનના મહા મદછકયાં હાથિયા, જેમ ગિરિવર તડે આઈ ઢુંકે....સજે૦ ॥૧॥

ગજ ચઢયો જેહ તે ગજ ચઢયાંથી અડે, રથ ચઢયો રથ ચઢયાંથી ન મૂંજે; તુરંગધર તુરંગધર સાથ ઝપટાંલીયે, પાયચર પાયગાં સંગ ઝુજે....સજે૦ ॥૨॥ વજત શરણાઈયાં રાગ સિંધુ શિરે, ગુહિર નિશાણુ ચોસાલ ગુંજે; પુર રણતૂર રવવીર ભૈરવ ભણી, યુદ્ધ-રસ નિરખવા જઈ પ્રયુંજે....સ૦ ॥૩॥ સુણત રણનાદ ઉનમાદ રસ પૂરિયાં, દેહ સસનેહ જ્યોં દ્વિગુણ ફૂલે; ત્રટક ત્રટકી પડે કવચ ભીંચાં તણા, ભેદીયાં તિખણ રોમાંચ શૂલે....સ૦ ॥૪॥ શસ્ત્ર ચિલકાર જબકાર જલનો જિસ્યો, ગાહીયો ગયણવર પુંડરીકે; ખણ કલ્લોલ નૃપહંસ ખેલ તિહાં, ફેર નહીં જલધિ રણમાં રતીકે....સ૦ ॥૫॥ સુહડ વચનોપરિ વચન પ્રતિહત કરે, સિંહનાદે મહા સિંહનાદ; ભુજયુગા ફાલણે ભુજ યુગા ફાલતા, કરત રણ નયે લીલા વિવાદ....સ૦ ॥૬॥ વીર શિરવાલ રણ ચાલમાં ઉત્સુકયા, ઉર્ધ્વમુખ તાસ રુચિ તેમ શોભી; જ્વલિત મન રોપ પાવક થકી નીસરે, ધૂમ ધોરણી જિસી ગગન થોભી....સ૦ ॥૭॥ કરત લલકાર હલકાર ભડ કોપિયા, ચલત ધમકારશું શેષ ડોલે; કર ગ્રહી ઢાલ ધુંતાલ ધુંકલ રસે, છયલ છંછાલ કરવાલ તોલે....સ૦ ॥૮॥ જાતિ ભુજ વીર્ય ગુણ વંશ ઉદ્‌ભાવતા, બંદિજન પ્રબલ શૂરાં જગાડે; ઉમગિયા યોધ બલ બોધ કરિ આપણા, રણ તણી સબલ બાજી ફબાડે....સ૦ ॥૯॥ અશ્વ ખુરતાલ પડ-તાલથી ઉપડી, ખેહ અંબર ચઢી સુર છાયો; દિશિ હુઈ ધૂંધલી અરુણ રંગે ધરા, જાણે વિણ કાલ વરસાલ આયો....સ૦ ॥૧૦॥ સગગ શર ધાર વરષણ

ચિહુ' દિશે, બગગ બરછી ચલે અગગ ગેડી; રણુણ રણુકાર ભલ્લી (ફરસી) તણા વાગિયાં, સિલ્લ સુહડાણ નાખે ઉથેડી....સ૦ ॥૧૧॥ ખડગ ખટકાર ગજદંત ઉપર પડે, જરર જરહર ઝરે અગનિ બુંદા; તપ તપ્યાં શુંઢ સિત્કાર જલ વર્ષણે, તુરત શીતલ કરે તે ગયંદા.... સ૦ ॥૧૨॥ સબલ હાથાલ જુજ્જલ મોગર ગ્રહી, જોરશું વૈરી સનમુખ ઉછાલેં; વહત નભ શસ્ત્ર દેખી સુર ખેચરા, વજ્ર શંકાયેં નાસે વિચાલે....સ૦ ॥૧૩॥ પ્રોઈયા સૂભટ કેઈ ગાંજડે ગગનમાં, ઉરધ કીધા જિસ્યાં નટ્ટ વંશે; ઉડત આકાશ આયાસ વિણ ગૃધ્રને, બલિ મહોત્સવ હુઓ તાસ મંસે....સ૦ ॥૧૪॥ અડડ અડડાટ કરી છુટીયાં શતઘ્નની, ધુરલ ધૂઆં ધુંખે ધુમ્મરોલા; અગનિ કણ ખિરત તગ તગત તાતા ઘણા, દશ દિશે ચાલીયા લોહ ગોલાં....સ૦ ॥૧૫॥ દડડ પરનાલ જ્યોં ખ્યાલ રુહિરા વહે, કડડ નર ખોપરી ખંડ ફૂટે'; ગડડ ગેવરિ ગડે' નાલિ મુખ આહણ્યાં, ખડડ ખગ ખાટકે ફલક ત્રુંટે....સ૦ ॥૧૬॥ કલહ ખચ કાલ સરિખો હૂઓ આકરો, સિદ્ધ નૃપ સૈન્ય ભાગું દિગંતે; થિર કરી બલ હવે આપ સમરંગણે', આવીયો રાય રોષાલ ખંતે ....સ૦ ॥૧૭॥ હાકતો સુભટને' યુદ્ધ મંડે તિહાં, સિદ્ધ રણરંગ ગજ બેસી તાજે; વિશ્વ ભૂષણ ગજે શૂર ચઢિ ધાઈર્યો, વીર સંગ્રામ તિલકે' વિરાજે....સ૦ ॥૧૮॥ દેખી પરદલ મહાપૂર્વ પરિચિત તિંહા, અમર સંભારિયો સિદ્ધરાયે; આવિયો કરણ સાહાય્ય વેંગે વહી, ભૂપ હિત હેત લાગો ઉપાયે'....સ૦ ॥૧૯॥ આવતા વૈરી હથિયાર અધ મારગે', લેય સિદ્ધરાયને દેવ આપે; સિદ્ધ શર ધાર

વરસી ઘણાં ભૂપને, મોરચાથી પરા દૂર થાપે....સ૦ ॥૨૦॥ કૌતુકી અદ્રશ્ય ચંદ્રાભ બાણે કરી, શૂરનાં વીરનાં છત્ર છેદે; યમ યમ નેજા ધજામાંહિ મૂરત વડા, તોડિયાં ચિન્હ નૃપનાં ઉમેદે....સ૦ ॥૨૧॥ કર ગ્રહે ભૂપ જિહું શસ્ત્ર જે નાખવા, તેહ પણ સિદ્ધ શસ્ત્રે વિખંડે; કરત યતના ઘણી બેહુનાં દેહની, સમરનો ખેલ ઈમ વારૂ મંડે....સ૦ ॥૨૨॥ ભૂપ જાંખા પડયાં ચિત્ર સંકલ્પતા, સમર ઉભા રહ્યાં શસ્ત્ર નાંખી, ખંડ ચોથે ભલી ઢાલ ઓગણીશમી, જાતિ કડખાતણી કાંતે ભાખી....સ૦ ॥૨૩॥

॥ દુહા ॥

દીન વચન શોકાતુરા, જોતા નીચી દિઠું;
નિરખ્યા સિદ્ધે મહીપતિ, નાખ્યા જાણે વેઠ ॥૧॥

ઈમ ઈમ કારજ સાધના, કરવી તે સુરરાય;
ઈમ સમજાવીને લિખે, લેખ એક તિણઠાય ॥૨॥

બાણ મુખે ઠવી લેખ તે, મૂકયો ગુણ સંધેવ;
નરપતિ કુલ ખોભાવતો, ચલ્યો ગગન તતખેવ ॥૩॥

પાછવી હેઠો ઉતરી, કરે પ્રદક્ષિણા તીન;
શૂર નૃપતિને પાખતી, તે શર થઈ આધીન ॥૪॥

પય પ્રણમી લોટંગણે, મૂકે લેખ તુરંત;
સિધ્ધ નરીંદ કન્હે વહી, ફરી આવ્યો ઉમગંત ॥૫॥

ચરીત્ર નિહાલી બાણના, વિસ્મિત હુઆ નરિંદ;
દેવ સગતિ વિણ કિમ હુવે, અચરીજ એહ અમંદ? ॥૬॥

નિશ્ચેતન ચેતન તણા, ખેલે ખેલ કદાપિ;
પરમારથ એહનો ઇંહા, કિમ જાણીશું આપ? ॥૭॥

એમ કહી નિજ કર ગ્રહી, તુરત ઉખેડે લેખ;
જોતો અક્ષર માલિકા, લહે પરમ ઉલ્લેખ ॥૮॥
લોક સકલ મલિયાં તિહાં, સુણવા પત્ર ઉદંત;
હરખ વશંવદ પત્ર ત્યાં, વાંચે વસુધા કંત ॥૯॥

## ॥ ઢાળ વીશમી ॥

થારાને માહરાં કરહલાં, વરતા નદીને તીર હમારા...એ દેશી.

સ્વસ્તિશ્રી જિનપદ નમી, ભકત્યા શ્રીમતી તંત્ર...સનેહી; શૂરપ નૃપ ચરણાંબુજે, સુત મહબલ લિખિ પત્ર....સનેહી૦ ॥૧॥ કુશલ સંદેશો પાઠવે, છે અમને સુખશાત...સ૦; તાત શરીર નીરોગતાં, ચાહું હું દિનરાત...સ૦....કુ૦ ॥૨॥ વીરધવલ સુસરા ભણી, પ્રણતિ કરું કરજોડિ...સ.; તાત શ્વસુર સુપસાયથી, પામ્યો યશની કોડિ...સ૦....ક૦ ॥૩॥ નિજ દયિતા પામી તિંહા, લાધું વલી નૃપ રાજ્ય...સ.; પૂજ્ય ચરણ શુભ ચિંતને, કીધું સબલ સાહાજ્ય...સ૦....ક૦ ॥૪॥ મેં ભુજ વીરજ દાખીઓ, કરવા બાલ વિલાસ ....સ.; ખમજો અવિનય માહરો, કરજો કોપ વિનાશ ....સ૦...કુ૦ ॥૫॥ તાત ચરણ ભેટયાં તણી, ચાહ હતી નિજ...નિત્ય....સ.; તે શુભદૈવે માહરી, પૂરી આજ અચિંત્ય સ૦....કુ૦ ॥૬॥ કાંઈ વિષાદ કરો હવે, પઉધારો પુરમાંહિ; વાંચત લેખ ઈસ્યો સુણી, પૂર્યા હર્ષ ઉચ્છાહિ...સ૦....ક૦ ॥૭॥ પરમાનંદ મહારસે, સિંચ્યાં નૃપ સરવંગ....સ.; સૈનિક સમક્ષ કહે અહો, અહો અહો એ દિન ચંગ...સ૦....કુ૦ ॥૮॥ કુમરીશું સુત રત્નજી, મલિયો મહબલ આઈ....

સાહ; જીવિત સફલ થયું હવે, જીવાડયાં મહારાઈ...સ૦; કુ૦ ॥૯॥ ઉદ્ધરિયાં દુઃખ ખાણથી, દુઃખિલમમાં લહિ આથ...સ૦; કાઢ્યાં નરક નિવાસથી, પડતાં સાહ્યાં હાથ...સ૦...કુ૦ ॥૧૦॥ શૂરપાલ નૃપ ઇમ કહી, વીરધવલ લેઈ સંગ...સ૦; મહબલ સાહમો ચાલિયો, ધરતો બહુલ ઉમંગ...સ૦...કુ૦ ॥૧૧॥ પુત્ર બિહુને સાહમાં પગે, દીઠા આવત તેણ...સ૦; સહસા હરષે સામો હો, આવે આપ રયેણ...સ૦...કુ૦ ॥૧૨॥ મલિયાં હેજો હરખતા, ટાલી વૈર વિરોધ...સ૦; માંહો માંહે પ્રકાશીઉં, પૂરણ પ્રેમ નિબોધ...સ૦...કુ૦ ॥૧૩॥ હર્ષતણે આંસૂ જલે, ઠાર્યો વિરહ હુતાશ...સ૦; નેહ નવાંકુર પલ્લવા, વાધ્યા રંગ વિલાસ...સ૦...કુ૦ ॥૧૪॥ જગમાં ચંદન સીયલું, તેથી શશિકર યોગ...સ૦; શશિકરથી પણ શીયલો, વાહાલાનો સંયોગ...સ૦...કુ૦ ॥૧૫॥ ક્ષણ એક ઇષ્ટ કથારસે, નિરવાહે સુખ શીલ...સ૦; વૈતાલિક (ભાટ ચારણાદિક) બોલ્યાં તિસે, ન સહે વાસર ઢીલ...સ૦...કુ૦ ॥૧૬॥ સિદ્ધનૃપે નિજપુર પ્રત્યે પધરાવ્યા, નૃપ દોય...સ૦; વિંટયાં નિજ નિજ પરિકરે, આવ્યાં ભવને સોય...સ૦...કુ૦ ॥૧૭॥ રોતી દુઃખ સંભારીને, રાણી મલયાં તામ...સ૦; બોલાવી સુસરાદિકે, આદર દેય પ્રકામ...સ૦...કુ૦ ॥૧૮॥ તુરત કરાવી મહાબલે, અશનાદિકની ભકિત...સ૦; સૈનિક સર્વ સંતોષિયાં, ભૂપાલે ભલી યુક્તિ...સ૦...કુ૦ ॥૧૯॥ તાત, શ્વસુર, આદિ સહુ બેઠાં સુખમાં ત્યાંહિ...સ૦; રૂદ્ધિ નિહાલી કુમરની,

ચિત્ર લહે ચિત્તમાંહિ...સ૦....કુ૦ ॥૨૦॥ સુત આગે જનકાદિકે, ભાંખી નિજ નિજ વાત...સ.; મલયાએ કુમરે વલી, ભાખ્યાં તિમ અવદાત...સ૦....કુ૦ ॥૨૧॥ ચોથે ખંડે વીશમી, ભાખી અનુપમ ઢાલ...સ.; કાંતિવિજય કહે સાંભલો આગલ વાત રસાલ સ૦.... કુ૦ ॥૨૨॥

॥ દુહા ॥

વીરધવલ પુત્રી તણાં, નિસુણી દુઃખ વિરતાંત;
વિષમ કર્મગતિ ભાવતો, તનુજાને પભણુંત ॥ ૧ ॥
હે! હે! નૃપકુલ કંપની, પાપી લાક વિલાસ;
રખડી દિશિ દિશિ રંક જયું, પડી કર્મને પાસ. ॥ ૨ ॥
સહ્યાં વિવિધ દુઃખ આકરાં, કોમલ અંગે એમ;
વ્યસન મહોદધિ દુસ્તરે, તરી 'તરી પરે કેમ? ॥ ૩ ॥

## ॥ ઢાળ એકવીશમી ॥

નગર રતનપુર જાણીએ...એ દેશી. અથવા છઠ્ઠી ભાવના મન ધરો...એ દેશી.

શૂરપતિ મહીપતિ બોલે એ, પડિયાં ડામા ડોલે એ ખોલે એ નિજ મન દુઃખની ગાંઠડીએ ॥૧॥ હા પુત્રી! હા પાપીયો!, કુમતિ દશાથે વ્યાપીયો, થાપીયો, કૂડો કલંક તાહરે શિરે એ ॥૨॥ કાજ કહ્યું મે અણ-જાણ્યું, જલ પીધું તે વિણ છાણ્યું, અતિ તાણ્યું, તુજ સાથે મેં દુર્મતિએ ॥૩॥ ગુનહો તે સવિ માહરો, ખમજો ગુણવંતી ખરો, આફરો, મનનો હવે દૂરે કરો એ ॥૪॥ જિત કોપા! તું સુંદરી, થા રલિયા-

૧ નાવડી

ચત ગુણભરી, દિલવરી, કરીયેં તે હિયડે ધરો એ ॥૫॥ પરમારથની જ્ઞાપિકા, નિર્મલકુલની દીપિકા, વાપિકા, તું સત્યશીલ કમલ તણીએ ॥૬॥ વચન સુણી સુસરાતણા, મલયા તે ધરી ધારણા, કારણા, દુઃખનાં તુરત વિસારીયાં એ ॥૭॥ ધન્ય ધરામાં તુજ મતી, સાહસ કરુણા રતિ છતી, ધૃતિ ગતિ, સૂરિય શુભકૃત તુજ ભલાંએ ॥૮॥ ઇમ મહાબલ ગુણ ભાંખતા, ભૂપાદિક યશ દાખતા, જણ કિતા, સલહે મહબલને તિંહા એ ॥૯॥ જનકાદિક પૂછે તિંહા, વત્સ! કહો સુત છે કિહાં, લીધો ઇહાં, પાપીડે જે વાણીયેં એ ॥૧૦॥ પુત્ર કહે વાણિજ ઘરે, છાનો કિહાં કિણ ઉચ્છરે, પણ ખરે, ખબર નહી છે તે તણી એ ॥૧૧॥ તેડીને પૂછાં ખરો, ઉતરશે નહી પાધરો, આકરો, કરતાં તે દેખાડશે એ ॥૧૨॥ તતક્ષણ સુભટે આણિયો, પગ બાંધીને તાણીયો, વાણીયો, દુઃખ પીડયો રોવે ઘણું એ ॥૧૩॥ કહે રે દૂર્મતિ! શું કર્યો, પુત્ર લેઇને કિહાં ગયો, જાશે ઝર્યો કિમ તુજથી અમ નંદનો એ? ॥૧૪॥ કરવું ઘટશે તુજ શિરે, તે તો કરશું હિજ ખરે, પણ અવસરે, સુત જાવા દેશું નહી એ ॥૧૫॥ બીહીનો તે કહે તો આપું, પુત્ર તુમારો કરી થાપું, દુઃખ ટાપુ, માહરો જો દૂરે કરો એ ॥૧૬॥ છોડો મુજ સકુટુંબને, જો નવિ પાડો વિડંબને, તો મુને, દેતાં વેલા છે નહીં એ ॥૧૭॥ હરખ્યાં તસ વચને સવે, માન્યું વચન તથા તવે, તિણ લવે, પુત્ર આણીને સોંપીયો એ ॥૧૮॥ નિરખ્યો બાલક સુંદરૂં, રૂપે

જાણે પુરંદરું, મંદિરું, સૌમ્યકલોનો ઝલકતોએ ॥૧૯॥ ભૂપાદિક સવિ હરખીયા, પુત્ર રતન ગુણ પરખીયા, નિરખીયા, અંગ સકલ લક્ષણ ભર્યા એ ॥૨૦॥ રાય કહે બલસારને, કહે રૈસી નિરધારીને, કુમારને, કીધી નામની થાપના એ ॥૨૧॥ તે કહે બલ ઈતિ થાપના, કીધી છે કરી કલ્પના, ઉલ્લાપના, ચિત્ત માને તે કીજીએ એ ॥૨૨॥ એહવે નંદન રસ ગ્રહ્યો, તાત-તણે ખોલે રહ્યો, ગહગહ્યો, લેવા ધનની ગાંઠડીએ. ॥૨૩॥ દાદાને કર ગાંઠડી, સો દીનારની કોઠડી, ઉથડી, બાલક તે ખાંચી લીયે એ ॥૨૪॥ જોરાથી ગાઢી ગ્રહી, મૂકાવ્યો મૂકે નહી, દાદે વહી, શતબલ નામ ત્યાં થાપીયું એ ॥૨૫॥ સારથપતિને છોડીયો, ઘર વાખર લૂંટી લીયો, જીવિત દીયો, નિજ ભાષિત પરિપાલવા એ ॥૨૬॥ શૂર કહે વરષાંતરે, મલયાં પ્રીતમ શું ખરે, ઈણિ પુરે, નિશ્ચયશું દીસે મલીએ ॥૨૭॥ જ્ઞાનીવચન સાચું મલ્યું, વરષાંતે દુઃખ નિર્દલ્યું, દૂરે ટલ્યું, સંકટ સઘલું આજથી એ ॥૨૮॥ રાજ્ય ગ્રહ્યું કૌતૂહલે, સિદ્ધ નૃપે ભુજને બલે, તે તિણ વેલે, તાત ભણી આપ્યું વહીએ ॥૨૯॥ સકુટુંબા બે મહી-પતિ, વહેતાં સ્નેહ રસોન્નતિ, શુભમતિ, રાજ કાજ કરતાં વહે એ ॥૩૦॥ ચોથે ખંડે મીઠડી, એકવીશમી પરૂઠડી, ઇઠડી, ઢાલ કહી કાંતે ભલીએ ॥૩૧॥

॥ દુહા ॥

તે કાલે તેણે સમે, કરતાં ઉગ્ર વિહાર;
પારસ જિનના શિષ્ય મુનિ, ચંદયશા અણગાર ॥૧॥

તે પુરવરને ઉપવને, સમવસર્યા ગુરૂરાજ;
કેવલ ધર સુર નર નમ્યાં, વીંટ્યાં સાધુ સમાજ ॥૨॥

ઉપગારી ત્રિહું લોકને, પૂજ્ય કૃપારસ સિંધુ;
ભવ અનંત ભાંખિ યથા, રૂપે શ્રી જગબંધુ ॥૩॥

વનપાલક જઇ વીનવ્યો, બિહું ભૂપતિને વેગ;
પૂરજન વૃન્દે પરિવર્યા, આવે ભૂપ સતેગ ॥૪॥

પંચાભિગમન સાચવી, પ્રણમી જિનને જેમ;
ધર્મકથા સુણવા ભણી, બેઠા વિનયી તેમ ॥૫॥

## ॥ ઢાળ બાવીશમી ॥

વણઝારાની દેશી.

ચિત્ત બૂજો રે, કાંઇ છોડો મોહની નિંદ, જાગો વિષય ધારિણી થકી ભવિ બૂજો રે; ચિત્ત૦....એતો વિષમો કાલ પુલિંદ, છલ જોવે છાનો તકી....ભવિ૦ ॥૧॥ ચિ૦....થેતો સાંકડે ઓરામાંહી, સૂતા કાલ અનાદિના....ભ૦; ચિ૦ બોધ ન પામ્યો ત્યાંહિં, ખોયા ફોગટ કેઈ દિના....ભ૦ ॥૨॥ ચિ. વરજો વિષય કષાય એહમાં, સ્વાદ ન કો અછે ભ૦; ચિ. રહેશો જો લપટાય, પછતાવો હોશે પછે....ભ૦ ॥૩॥ ચિ. વર્જો હિંસા દૂર, સત્ય વદો પરધન તજો....ભ૦; ચિ. છાંડો મૈથુન ભૂર, પરિગ્રહ મૂચ્છાં મતિ ભજો....ભ૦ ॥૪॥ ચિ૦ ક્રોધાદિક રિપુ ચાર, સંગતિ એહની છાંડજો....ભ; ચિ. પ્રેમ ભાવ સંચાર. તજજો દ્વેષ નમાડજો....ભ૦ ॥૫॥ ચિ. કલહ ને અભ્યાખ્યાન, ચાડી રતિ અરતિ તજો....ભ૦; ચિ. પર રિવાદાદાન, ન કરો માયા મૃષા રજો....ભ૦ ॥૬॥ ચિ. મિથ્યા મતિ મય સાલ, કાઢી નાખો

ચિત્તથી...ભ૦; ચિ. કુગતિ તણા એ જાલ, ઠાણ અઢારહ નિત્યથી...ભ૦ ॥૭॥ ચિ. જીતો ઇન્દ્રિય ગ્રામ, મન માંકડલું વશ કરો...ભ૦; ચિ. વાવો વિત્ત સુઠામ, શીલ સુરંગો આદરો...ભ૦ ॥૮॥ ચિ. પરચો યોગાભ્યાસ, અહનિશ ભાવો ભાવના...ભ૦; ચિ. મુગતિ દીયે વિલાસ, કારણ એતાં પાવના...ભ૦ ॥૯॥ ચિ. કૃત્રિમ એ સંસાર, તન ધન યૌવન કારિમા...ભ૦; ચિ. જાત ન લાગે વાર, જિમ કાયરનો શૂરમાં...ભ૦ ॥૧૦॥ ચિ. કુણ કેહનો જગમાંહિ, સ્વારથના સહુકો સગાં...ભ૦; ચિ. સ્વારથ વિણુ નર પ્રાંહિ વાલાને આપે દગાં...ભ૦ ॥૧૧॥ ચિ. પુણ્ય અને વલી પાપ, એહિજ સાથે આવશે ...ભ૦; ચિ. ભોગવશે દુઃખ આપ, તિહાં નહિ કો વેહેંચાવશે...ભ૦ ॥૧૨॥ ચિ. ભુંડતણું જિમ છાણુ, નરભવ ધર્મ વિના તિસ્યો...ભ૦; ચિ. સુલહાં ભવ ભવ પ્રાણ, ધર્મ નહી મલશે ઇસ્યો...ભ૦ ॥૧૩॥ ચિ. દશ દૃષ્ટાંતે દુર્લભ, માનવભવ પુણ્યે લહી...ભ૦; ચિ. પામ્યા યોગ સુલંભ, સફલ કરો હવે તે વહી...ભ૦ ॥૧૪॥ ચિ. થાવો અતિ ઉજમાલ, અવસરે ફિરિ નહીં આવશે ...ભ; ચિ. લાખ ગમે જંજાલ, ધર્મ મારગ વિચ થાવશે ...ભ૦ ॥૧૫॥ ચિ. ચેતો ચિત્તમાં આપ, કહેશો પછી જાણ્યું નહિ...ભ૦; ચિ. ટાલો ભવ સંતાપ, શિવ કારણ સંયમ ગ્રહી...ભ૦ ॥૧૬॥ ચિ. ધર્મતણો ઉપદેશ, ચંદ્રયશાએ ઇમ દીયો...ભ૦; ચિ. રીજ્યા દોય નરેશ, પુરજન સઘલો હરસિયો...ભ૦ ॥૧૭॥ ચિ. ચોથા ખંડની ઢાળ, એહ કહી બાવીશમી ભ૦; ચિ. કાંતિવિજય જયમાલ, વરીયે સુણતાં મનગમી ભ૦ ॥૧૮॥

॥ દુહા ॥

શૂર નરેસર અવસરે, પૂછે ગુરૂને એમ;
ભગવન મલયા જલથકી, અએ ઉતારી કેમ? ॥૧॥
સુખ શાતાયે જલધિથી, આણી ઉતારી કંઠ;
કારણ તે સુણજો તણો, છે અમને ઉતકંઠ ॥૨॥
કેવલનાણ દિવાયરૂ, મહિમાવંત મહંત;
ચંદ્રયશા સૂરીશ્વરૂ, ઇમ કારણ પભણંત ॥૩॥

## ॥ ઢાળ ત્રેવીશમી ॥

તીરથ તે નમું રે...એ દેશી.

સુણ રાજેસર ચિત્ત ધરી, જલનિધિ તરી રે, મલયા મીન સહાય, કારણ તે કહું રે; વેગવતી નામે હતી, જેહ પાલતી રે, બાલાને ધાય માય....કા૦ ॥૧॥ દુર્ધ્યાને કાલે મરી, તે અવતરી રે, જલનિધિમાં ગજમીન. કા૦; પડતાં ભારંડ મુખથકી...અતિ દુઃખથકી રે, શ્રી નવકારમાં લીન....કા૦ ॥૨॥ ગજ મત્સને વાસે પડી....જાણે ચઢી રે, કમલા ગજને પૂઠ. કા; ગાઢે નવપદ ત્યાં ભણ્યાં. શ્રવણે સુણ્યાં રે, મીને મન માંહે તૂઠ....કા૦ ॥૩॥ ઈહાપોહ કર્યા થકી. મીને ચકી રે, દીઠો ગત ભવ આપ. કા; ગ્રીવ વાલી નિરખતાં. મન હરખતાં રે, વાધ્યો પ્રેમનો વ્યાપ....કા૦ ॥૪॥ જોતાં મલયા ઓલખી. પુત્રી દુઃખી રે, લાગો વિચારણ મીન. કા; હે! હે! દુઃખે અવધડી. એહમાં પડી રે, દુર્વિધિને આધીન....કા૦ ॥૫॥ મુજથી કાંઈ ન નીપજે. નવિ સંપજે રે, ઉપકારકનાં કામ....કા; તો પણ મૂકું ઇહાં થકી. રૂડું તકી રે, જિહાં હોવે વસતી

નું ઠામ....કા૦ ॥૬॥ યદ્યપિ કદાચિત એ વલી. દુઃખથી ટલી રે, પામે વલ્લભયોગ....કા૦; ઈમ ચિંતિ તેણે માછલે. ધરી પાછલે રે, મૂકી થેલ સંયોગ....કા૦ ॥૭॥ કુંઅર, વાલી નિરખંતો. એહને ડિતા રે, દુઃખ ધરતો ઝખરાય....કા૦; નેહે હિયડે ઝુરતો. જલ પૂરતો રે, પાછો જલમાં જોય....કા૦ ॥૮॥ ગતભવ દેખી જાગીયો, સોભાગીયો રે, માચ્છો પામી વિવેક....કા૦; ફાસુ આહાર આહારતો, ભવ ધારતો રે, શ્રી નવપદ ની ટેક....કા૦ ॥૯॥ પૂરી ઝખ આયુષ તિહાં. સુગતિ ઇહાં રે, ઉપજશે લઘુ કર્મ....કા૦; કાલે પરિણતિ પાકશે. ભવ થાકશે રે, આરાધી જિનધર્મ....કા૦ ॥૧૦॥ સદ્‌ગુરુ વચને સદ્દહે. સાચું કહે રે, ભૂપાદિક સવિ લોગ.... કા૦; વેગવતી ભવ સાંભલી. કહે એમ વલી રે, અહો અહો ભાવી જોગ....કા૦ ॥૧૧॥ લોક કહે એક એક પ્રત્યે, જૂઓ મચ્છ છતે રે, પાલ્યો જનની પ્રેમ....કા૦; દાખ્યો પણ લોહારિકે. અધિકાધિકે રે, વાની ઓપે હેમ....કા૦ ॥૧૨॥ મલયા ચરિત્ત સુહામણું રે, રલિયામણું રે, કહેતાં વાધે પ્રીતિ....કા૦; ઢાલ ત્રેવીશમી એ સહી, મન ગહગહી રે, કાંતિવિજય શુભ રીતિ....કા૦ ॥૧૩॥

॥ દોહા ॥

પૂછે વલી નર રાજિઓ, ભગવન! કરૂણાવંત!;
મલયા મહબલ પૂર્વભવ, ભાખો સ્વામી સુતંત ॥૧॥
બાલાએ વલી મહબલે, શ્યાં શ્યાં કીધા કર્મ?;
જેહથકી યૌવન સમે, લાધા દુઃખ વિણ મર્મ ॥૨॥
સૂરિ ભણે મહીપતિ સુણો, થિરકરી ચિત્ત બનાવ;
મલયા ને મહાબલ તણાં, ભાખું ગત ભવભાવ ॥૩॥

# ॥ ઢાળ ચોવીશમી ॥

હસ્તિનાગપુર વર ભલું, જિહાં પાંડુ રાજા સાર રે...એ દેશી.

પુહવી ઠાણ તુજ પુરવરેં, એક ગૃહપતિ હુંતો સમૃદ્ધ રે; પ્રિયમિત્ર નામે અપૂત્રિઓ, ધનવંતો પૂર્વે પ્રસિદ્ધ રે; ધનવંતો પૂર્વે પ્રસિદ્ધ, પૂરવભવ કેવલી, ઈમ ભાખેં રે એ આંકણી ॥૧॥ ત્રણ દયિતા તેહને હુંતી, રુદ્રા વલી ભદ્રા નામ રે; ત્રીજી તિમ પ્રિયસુંદરી, નામે તસ પ્રીતિનું ઠામ રે....ના૦ ॥૨॥ બહેન સગી ધુરની બિન્હેં, માંહો માંહે ધારે નેહ રે; બેહું ઉપર પ્રિયમિત્રને, નવિ બેઠો પ્રેમનો નેહ રે....નવિ૦ ॥૩॥ પ્રિયસુંદરી સાથે પિઉ, અનુકુલ રહે નિશ દીશ રે; નિરખી તે બેહું અંગના, પોષે મનમાં અતિ દોષ રે....પોષે૦ ॥૩॥ પ્રિયસુંદરી પ્રિયમિત્રથી, બિહું કલહ કરે નિત્યમેવ રે; પ્રાહિ સોકલડી તણી, દીસે જગ એહવી ટેવ રે....દીસે૦ ॥૫॥ મદનપ્રિય નામે તિહાં, પ્રિયમિત્રને હુંતો મિત્ર રે; પ્રિયસુંદરી સાથે તેણેં, માંડી રતિ પ્રીતિ વિચિત્ર રે....માંડી૦ ॥૬॥ કામ મહારસ યાચના, અબલાને કરતો તેહ રે; પ્રિયમિત્રે દીઠો તિંહા, તવ જાગ્યો કોપ અછેહ રે....તવ૦ ॥૭॥ નિજ બાંધવ આગેં કહી, તસ ચરિત્ર રહસ્યનું તેણ રે; પુર બાહિર કાઢ્યો પરો, નિર્ભ્રંછી કોપ વશેણ રે....નિ૦ ॥૮॥ બોલ્યાં તિહા કેઈ વાણિયા, જાણે તેહ ગુહ્યની વાત રે; નહી એ અજાણી અમથકી, પણ ન કરું કોઇ પરતાંત રે....પણ૦ ॥૯॥ નિજ મોટા ગુણ લઘુ

કરે, પરગુણ અણુ મેરુ કરંત રે; ધન્ય ધરામાં તે નરા, વિરલા કોઈ જનની જણંત રે....વિ૦ ॥૧૦॥ મદન વદન જાંખું કરી, નાઠો દિશિ ધારી એક રે; દુર્વહ અટવીમાં પડયો, ભૂખ્યો વલી તરસ્યો છેક રે....ભૂ૦ ॥૧૧॥ પાર લહ્યો અટવી તણો, ત્રીજે દિન તેણે નેઠ રે; આવ્યો વહી એક ગોકુલે, દીઠાં પશુપાલક દેઠ રે....દી૦ ॥૧૨॥ મહિષી કુલ વન ચારતાં, બેઠા તરુ છાયા ઠામ રે; ભોજનનો અરથી ધસી, આવ્યો તેહ પાસેં નામ રે....આ૦ ॥૧૩॥ પય યાચ્યાં ગોવાલીયા, આપે પય મહિષી દોહિ રે; પામર જન પણ આચરે, કરૂણારસ અવસર મોહિરે....ક૦ ॥૧૪॥ ખીરતણું ભાજન ગ્રહી, પશુપાલક અનુમતિ લેય રે; આવે સમીપ સરોવરેં, શીતલ જલ થાનક કેય રે.... શી૦ ॥૧૫॥ પંથે વહેતો અનુક્રમેં, ચિંતે ચિત્ત એમ સુહત્થ રે; કોઈકનેં આપી જમું, હોય તો મુજ જનમ કયત્થ રે....હો૦ ॥૧૬॥ ચિંતાવતા ઈંમ સામુહો મલીયો મુનિ પુણ્યપસાય રે; માસતણો ઉપવાસિયો, પારણ દિન ટાણે આય રે....પા૦ ॥૧૭॥ મુનિ નિરખી મન હરખિયો, અહો સફલ દિવસ મુજ આજ રે; પ્રતિલાભી એહ સાધુનેં, સારું મુજ વંછિત કાજરે ....સા૦ ॥૧૮॥ ધારી મનશું એહવું, કર જોડી આગલ આય રે; પભણેં સાધુ પ્રત્યે ઈસ્યો, પય શુદ્ધ અછે મુનિરાય રે....પ૦ ॥૧૯॥ મુજ ઉપર કરુણા કરી, વોહોરો ફાસુ પય એહ રે; દ્રવ્યાદિકની શુદ્ધતા, નિરખે મુનિ વોહોરે તેહ રે....નિ૦ ॥૨૦॥ બાંધ્યું અનર્ગલ ભાવથી, મદને શુભકર્મ વિશેષ રે; મુનિને પ્રણમી

આવીયો, સરપાલેં લઈ પય શેષ રે....સ૦ ॥૨૧॥ આપ કૃતારથ માનતો, પીવે પય શેષ તિકોય રે; વિષમ તટેં સરોવર તણે, જલ પીવા બેઠો સોય રે.... જલ૦ ॥૨૨॥ પગ લપટયો તિહાંથી ખશી, પડિયો જલ ઉંડે જાય રે; મરણ લહી એ પુરવરેં, મદનપ્રિય દાન પસાય રે....મ૦ ॥૨૩॥ વિજય નરેશરને ઘરે, સુતરત્નપણે ઉત્પન્ન રે; કંદર્પ નામે થાપીયો, તસ તાત મરણસંપન્ન રે....ત૦ ॥૨૪॥ પાટ પિતાનો આક્રમી, થઈ બેઠો પૃથિવીપાલ રે; ચોથે ખંડે એ કહી, કાંતે ચોવીશમી ઢાલ રે....કાંતે૦ ॥૨૫॥

॥ દુહા ॥

સુંદરીશું પ્રિયમિત્ર ત્યાં, વિલસતાં એકતાન;
રૂડા ભંડા નારીશું, બાંધે વૈર નિદાન ॥૧॥
અન્ય દિને પ્રિયમિત્રને, નિજ લલના લેઈ લાર;
યક્ષ ધનંજય ભેટવાં, ચાલ્યો સપરિવાર ॥૨॥
પંથે વહેતો અધમગે, આવ્યો જ્યાં વડહેઠ;
ઇક મુનિ સાહમો આવતો, દેખે ત્યાં નિજ દેઠ ॥૩॥
આપણને સાહમો મલ્યો, અશુભ સુકૃત એ મુંડ;
યાત્રા થાશે નિઃફલા, એહથી અશુભ અખંડ ॥૪॥
ઈમ કહેતી પ્રિયસુંદરી, જન વાહન થોભાડ;
કરે પરિસહ સાધુને, પાપિણી રાંડ કુહાડ ॥૫॥

## ॥ ઢાળ પચ્ચીશમી ॥

ભેસોદાનેં ગોરીમેં ઢોલા, પડી રે નગારી ઠોર ઢોલા...એ દેશી.

ઉદય આવ્યો મુજને ઇહાં હાંજી, પરિસહ મોટો એહ હાંજી, ચિંતિ એહવું રે, મુનિ કાઉસગ્ગ સાધે;

ત્રિવિધે ધારી રે, આતમ વોસિરાવે....આ૦, અનથ્થ ઉસસિઆદિકે, હાંજી આગારેં નિરવેહ....ચિં૦ ॥૧॥ પદ અંગુષ્ટ નખે છબી હાંજી, લોચન તારા ધાર હાંજી; ધ્યાન મહોદધિ લહેરમાં હાંજી, ઝીલે મુનિ અવિકાર હાંજી....ચિં૦ ॥૨॥ બાંધી અમશું બાકરી હાંજી, ઉભો છે હઠ માંડિ હાંજી; કહેતી એહવું રે કોપી મછરાલી, કુમતેં વ્યાપી રે આચરણેં કાલી....આ૦, કહે સુંદરી સેવક પ્રત્યે હાંજી, મર્યાદા વટ છાંડી હાંજી....કહે૦ ॥૩॥ સાહમાં એ ઇંટવાહથી હાંજી, જારે લાવ હુતાશ હાંજી; એ પાપીને ડાંભીયે હાંજી, જિમ હોયે અશુભ વિનાશ હાંજી....ક૦ ॥૪॥ અશુકન ફલ એહને હુવે હાંજી; ફીટે વલી અહંકાર હાંજી; સુંદરી સેવક એહવાં હાંજી, નિસુણી વચન વિચાર હાંજી....ક૦ ॥૫॥ કહે મેં ચરણે પાદુકા હાંજી, પહેરી છે નહી આજ હાંજી; ઇટામાં કુણ જાયશે હાંજી, વિષમ થલેં વિણ કાજ હાંજી....ક૦ ॥૬॥ મૂકી કદાગ્રહ એહવો હાંજી, ચાલો આંગે સદીસ હાંજી; વચન સુણી પીઉદાસનાં હાંજી, બોલ્યો ચઢાવી રીશ હાંજી....ક૦ ॥૭॥ કહેતાં એહવું રે કોપ્યો મછરાલો, કુમતે વ્યાપ્યો રે આચરણે કાલો; અહો સેવક સુંદરી તણાં હાજી, બાંધ્યો વડશું પાવ હાંજી ભૂમી જિહાં લાગે નહીં હાંજી, વલી કંટક નભ જાય હાંજી....ક૦ ॥૮॥ વાહનથી પ્રિયસુંદરી હાંજી, ઉતરે હેઠી તુરંત હાંજી, મુનિવર પાસે આઇને હાંજી, નિઠુર ઇંમ પભણંત હાંજી....ક૦ ॥૯॥ ઇણ અપશુકને અમતણો હાંજી, કદિ મત હોજો વિયોગ હાંજી, વિરહ હજો તાહરે સદા હાંજી, વાહાલાનો વલી

સોગ હાંજી....ક૦ ॥૧૦॥ પાખંડી તું પાપીઓ હાંજી, રાક્ષસનો અવતાર હાંજી; સબ ભયંકર સત્વને હાંજી, દુર્ભગ તુજ આકાર હાંજી....ક૦ ॥૧૧॥ નિઠુર ઇમ આક્રોશથી હાંજી, તપસીને ત્રણવાર હાંજી, પાષાણે આહણે હાંજી, કરતી કોપ અપાર હાંજી....ક૦ ॥૧૨॥ ઓઘો મુનિનાં હાથથી હાંજી, ઝડપી લીયે નિર્લજ્જ હાંજી; નિજ વાહનમાં થાપીને હાજી, ટાલે કુશુકન કજ્જ હાંજી....ક૦ ॥૧૩॥ કુશુકન ફલે એહને હુંઓ હાંજી, ચાલો હવે નિહચિંત હાંજી; ઇમ કહેતાં પરિવાર-ને હાંજી, સુખે દંપતી પંથે વહંત હાંજી....ક૦ ॥૧૪॥ યક્ષભવન પોહોતાં વહી હાંજી, પૂજ્યો ધનંજય દેવ હાંજી; બેઠા કરજોડી બિન્હે હાંજી, સારે વિધિશું સેવ હાંજી....ક૦ ॥૧૫॥ રાગિણી શ્રી જિનધર્મની હાંજી, તસ ઘર દાસી એક હાંજી; એહવું બોલીરે સુંદરી સુગુણાલી, સુમતે વ્યાપીરે આચરણા વાલી, કરજોડી દંપતી પ્રતે હાંજી સમજાવે ઈમ છેક હાંજી....એ૦ ॥૧૬॥ પાપકરમ બાંધ્યું મહા હાંજી, આજ તુમે વિણ કાજ હાંજી; ઉપશા-મધર તેહવો ઘણું હાંજી, સંતાપ્યો રુષિરાજ હાંજી.... એ૦ ॥૧૭॥ હાસે પણ જો કો કરે હાંજી, એહવા રુષિની જેહ હાંજી; ઇહભવ પરભવમાં લહે હાંજી, દારિદ્ર દુઃખ અછેહ હાંજી....એ૦ ॥૧૮॥ શ્રી અરિહંતે સૂત્રમાં હાંજી, વેષ કહ્યો વંદનીક હાંજી; આદર કરતો વેષને હાંજી, આણે મુગતિ નજીક હાંજી....એ૦ ॥૧૯॥ દાસી વચને તેહવાં હાંજી, પામ્યાં તે પ્રતિબોધ હાંજી; દુર્ગતિ દુઃખથી બીહનાં હાંજી, થરકયાં થઈ ગત-ક્રોધ હાંજી....એ૦ ॥૨૦॥ પસ્તાવો કરતાં હીયે હાંજી,

ઝરતાં લોચન નીર હાંજી; દીન મના થઈ આપને હાંજી, નીંદે વલી વલી ધીર હાંજી....એ૦ ॥૨૧॥ નિજ દાસીને પ્રશંસતા હાંજી, પાછા આવે ધામ હાંજી; તેહિજ મુનિપાસે જઇ હાંજી, વંદે પગ શિર નામ હાંજી....એ૦ ॥૨૨॥ ચોથા ખંડ તણી હુઈ હાંજી, એ પણવીશમી ઢાલ હાંજી; કાંતિ કહે ધન્ય તે નરા હાંજી, મનવાલે તતકાલ હાંજી....એ૦ ॥૨૩॥

॥ દુહા ॥

જો ધર્મધ્વજ આજ હું, પાછો ફરી પામેશ;
તોહિજ એ થાંનક થકી, કાઉસગ્ગ પારેસ ॥૧॥
કરી પ્રતિજ્ઞા એહવી, તિમહીજ ઉભો તેહ;
રાગ દ્વેષ પરિણતી તજી, પેઠો ઉપશમ ગેહ ॥૨॥
ગુણ નિરખી સંયમી તણાં, સ લહે દંપતી તાસ;
ધર્મધ્વજ પાછો દીયે, કરતા સ્તુતિ અભ્યાસ ॥૩॥
નિજકૃત કુચેષ્ટના, સંભારી સવિ રાગ;
ગદગદ કંઠે વિનવે, ધરતાં દુઃખ અથાગ ॥૪॥

## ॥ ઢાળ છવીશમી ॥

મારૂજી કેણે થાંને ચાલ્યોજી ચાલયો, કિણે થાને દીધી શીખ મારા લોભી; વારી હો દક્ષિણુરી હો રાજન ચાકરી... એ દેશી.

સાધુજી મેં તો થાંને ચાલોજી ચાલવ્યો, મ્હેં તો થાંશું કીધી જોડ, માહરા સાધુ; વારી હો સુગુણ રે હો જાઉ ભામણે સાધુજી, રાજ રૂડી ભ્રાંતિ હો આદરી કોપ નાખ્યો દૂરેં ફેડી....મા૦ ॥૧॥ મેં તો થારી કીધ હો અવગના, પડીયાં મોહેં બેહુ આપ....મા૦; ભવ ઉપગ્રાહી ઇહાં આકરૂં, અલવે બાંધ્યું ભુંડું પાપ....મા૦

॥૨॥ ખમજો મહોટી એહ વિરાધના, કરૂણામેં રૂડે મનવાલિ....મા૦; તાતા કૂતા પૂંઠે હો જો ભસે, પણ ગજ ન પડે તેહને ખ્યાલ....મા૦ ॥૩॥ જંબુક ઉભો કૂકે હો રોશમાં, જોરે સોરે મુખડાને પાસ....મા૦; તોહી જોહી માતો હો કેસરી, માંડે નહી હણવાનો ક્યાસ....મા૦ ॥૪॥ દોષે પોષ્યો ભારી હો આતમા, થાશે કેહા અમચા હવાલ....મા૦; જો કોઈ હેતુ હો દાખીયે, છુટાં જેથી પાતક જાલ....મા૦ ॥૫॥ પારી કાઉસગ્ગ ત્યાંહો ઇમ કહે, કોપાં જો મે અક્રંડ ભોલાં પ્રાણી; વારી હો સંયમનાં હો, લીજે ભામણાં પ્રાણીજી; જીવે કોઈ નાહી હો લોકમાં, થાશે સાધુ ધરમ શતખંડ....ભો૦ ॥૬॥ થેં તો ખેલો શુદ્ધ વિવેક-શું, પાલો રૂડો જિનનો ધર્મ....ભો૦; છાંડો દૂરે ગાઢી એ મૂઢતા, છેદો ભવનાં પોષક કર્મ....ભો૦ ॥૭॥ પામી સૂધી શિક્ષા હો સાધુથી, શ્રદ્ધા આણી સાચે ચિત્ત....ભો૦; બાર વ્રત ભાવે હો ઉચ્ચર્યા સમકિત શુદ્ધ જાચાચિ ચિત્ત....ભોલા૦ ॥૮॥ ભકતે પાને મુનિને આમંત્રિને, આવ્યા ગેહે દંપતિ હર્ષે....ભો૦; લીના ભીના સાર સંવેગમાં, નાખી મનથી કુમતિ નિકર્ષે ....ભો૦ ॥૯॥ આવે પુરમાં સાધુ તે ગોચરી, ભમતો ભમતો ઘર ઘર બાર....ભોલા૦; તેહને ગેહે આવ્યા પુણ્યથી, દેહાધારી ઉપશમ સાર....ભો૦ ॥૧૦॥ નિરખી બેહુ સાધુને હરખિયાં, માને આતમને સુકયત્થ....ભો; ફાસું આપે હો અસના ભાવશું, દંપતિ મનમાં રીજી તત્થ....ભો૦ ॥૧૧॥ પાલે બારે વ્રત ત્યાંહો નિરમલાં, મિથ્યામત અલગો તે છોડ....ભો૦; ચોથે ખંડે ચાવી છત્રીશમી કાંતે ભાખી ઢાલ મન કોડ....ભો૦ ॥૧૨॥

॥ દુહા ॥

રુદ્રા ભદ્રા નારીને, શોકય અને પિઉ સાથ;
મહા કલહ એક દિન હુંઓ, તેણે નિભ્રંછી નાથ ॥૧॥
શોકય ધરમ જગમાં નિપખ, સાલે સાલ સમાન;
સહે મરણ પણ નવિ સહે, શોકયોમાં અપમાન ॥૨॥
ધિગ ધિગ જીવિત આપણું, જનમ નિરર્થક કીધ;
કલહ ટલે નહી કો દિને, દુહગ પણે પિઉ દીધ ॥૩॥
યથાશકિત દાનાદિકે, કીધાં પરભવ કજ્જ;
મરણ શરણ હવે આદરી, નાંખ્યા દુઃખશિર રજ્જ ॥૪॥
એકમની બે બહેનડી, મંત્રી એમ એકાંત;
છાને જઈ કૂવે પડી, કરવા દુઃખ વિશ્રાંત ॥૫॥

## ॥ ઢાલ સત્યાવીશમી ॥

નાયતાની દેશી.

રૂદ્રા મરણ તિહાં લહી, જયપુર નૃપ શ્રી ચંદ્રપાલ રે લાલ; તેહને ઘર પુત્રીપણે, થઈ કનકવતી ઇતિ બાલ રે લાલ, ॥૧॥ ભાંખે ગત ભવ કેવલી, નિસુણે પર્ષદ ધરી કાન રે લાલ; વૈર ન કરશો કેહથી, જો હોય હિયડે કાંઇ શાન રે લાલ....ભા૦ ॥૨॥ વીરધવલ ઇણે રાજિયે, પરણી તે પ્રેમ રસેણ રે લાલ; ભદ્રા મરી થઇ વ્યંતરી, બીજી પરિણામ વશેણ રે લાલ....ભા૦ ॥૩॥ ભમતી તે વન વ્યંતરી, એકદિન પુર પૃથીવિઠાણ રે લાલ; આવી દેખે વિલસતાં, પ્રિયસુંદરી પ્રિયને ટાણ રે લાલ....ભા૦ ॥૪॥ દેખી વૈર સંભારિયું, કોપે કલકલતી ચિત્ત રે લાલ; સૂતાં બિહું ઉપર જઇ, નાખે નિશિમાં ઘરભિંતિ રે લાલ....ભા૦

॥૫॥ શુભ પરિણામે દંપતી તિહાં, પામે મરણ અકાલ રે લાલ; પ્રિયમિત્ર જીવ એ તાહરો, થયો પુત્ર મહાબલ બાલ રે લાલ....ભા૦ ॥૬॥ પ્રિયસુંદરીનો જીવ તે, હુઈ મલયસુંદરી એ બાલ રે લાલ; વીરધવલની નંદની, તુજ સુત દયિતા સુકુમાલ રે લાલ....ભા૦ ॥૭॥ મલયાએ તુજ નંદને, પરભવે જે બાંધ્યું વૈર રે લાલ; રૂદ્રા ભદ્રા નારીશું તસ ફલ ઈહા લાધા ઘેર રે લાલ....ભા૦ ॥૮॥ પૂરવ વૈર સંભારતી, તેહ અસુરી અવધે જાણ રે લાલ; મહાબલને હણવા વલી, રસ માંડે ઉદ્યમ આણ રે લાલ....ભા૦ ॥૯॥ પુણ્ય પ્રભાવે એહને, ન સકી કોઈ કરણ અનિષ્ટ રે લાલ; સૂતો નિશિ દેખી ગૃહે, કરતી ઉપસર્ગહ દુષ્ટ રે લાલ.... ભા૦ ॥૧૦॥ વસ્ત્ર વિભૂષણ કુમરના, હરિયાં ઇણે ક્રોધે વ્યાપ રે લાલ; વટ કોટરમાં મૂકીયા, લાધા તે કુમરને આપ રે લાલ....ભા૦ ॥૧૧॥ પ્રથમ મિલનમેં આપિઉ, કન્યાએ કુમરને હાર રે લાલ; લખમીપુંજ મનોહરૂં, સુર વનમાલા અનુકાર રે લાલ....ભા૦ ॥૧૨॥ સૂતો નિરખી કુમરને, તેહ પણ હરિયો નિશિ માંહિ રે લાલ; વ્યંતરીયે મંદિરથકી, સંભારી વૈર અથાહ રે લાલ... ભા૦ ॥૧૩॥ ગતભવ બહિનની પ્રીતથી, થાપ્યો જઈ કનકા કંઠ રે લાલ; કોડીભવે પણ રસ હીયે, હે વિષમ પ્રેમની ગંઠ રે લાલ...ભા૦ ॥૧૪॥ ચોથે ખંડે સુંદરૂ, થઈ સત્યાવીશમી ઢાલ રે લાલ; કાંતિ કહે હવે પૂછશે, ઇહાં વીરધવલ ભૂપાલ રે લાલ...ભા૦ ॥૧૫॥

॥ દોહા ॥

ઈણ અવસર વિસ્મિત હીયે, વીરધવલ ભૂપાલ;
પૂછે ઈમ કેવલી પ્રત્યે, થાપી કરતલ ભાલ ॥૧॥
સ્વયંવર મંડપ વિના, મહાબલ પ્રથમ કહાય;
મલ્યો નહી મલયા પ્રત્યે, તો હાર દિયો કિમ રાય? ॥૨॥
હસે કુમર કુમરી મને, નિજ ચરિત્રગત જાણિ;
જ્ઞાત ચરિત્ર વિચિત્ર તે, ભાખે ગુરૂ તેણે ઠામ ॥૩॥
કુમર મલી પહેલો જઈ, આવ્યો પામી હાર,
કનકાયે ભા વૈરથી, વિરચ્યો કૂડ પ્રકાર ॥૪॥
મલયા પુત્રી ઉપરે, કોપાવ્યો નૃપ વ્યર્થ;
ઈત્યાદિક હુરની કથા, આખે સુગુરુ સદર્થ ॥૫॥

## ॥ ઢાળ અઠીયાવીશમી ॥

જીરે જીરે સ્વામી સમોસર્યા...એ દેશી

વચન સુણી કેવલીતણાં, બોલ્યાં પર્ષદ લોક રે; કંદલ કંદ વધારવા, વિષ જલધર જોકો રે ॥૧॥ ધિગ ધિગ ચિત્ત નારી તણું, અનરથ ફલ આપે રે; કુમતિ કદાગ્રહ પોષીને, રસ રીતે ઉત્થાપે રે....ધિગ૦ ॥૨॥ કહે વલી આગે કેવલી, મહબલ નિશિ માંહો રે; વ્યંતરીયે હણવા ભણી, અપહરિયો ઉચ્છાહી રે.... ધિ૦ ॥૩॥ મહબલ મૂઠી આહણી, નાઠી તે વિકરાલી રે; વિષમ ચરિત્તા વ્યંતરી, ન કરે વલી આલી રે.... ધિ૦ ॥૪॥ સેવક સુંદર તે મરી, થયો ભૂત ઉદંડો રે; બાહિર પુહવી ઠાણને, તે વડમાં પ્રચંડો રે....ધિ૦ ॥૫॥ ભમતો મહબલ વિધિવશે, આવ્યો વડતરૂ હેઠ રે; તે ભૂતે તિહાં ઓલખ્યો, નિરખી ગતભવ દેઠ રે

....ધિ૦ ॥૬॥ વડ ડાલે પગ એહનાં, બાંધ્યો માથે નીચે રે; જિમ ધરણી અડકે નહી, કંટક નવિ ખુંચે રે....ધિગ૦ ॥૭॥ વચન સંભારી એહવું, પ્રિયમિત્રનું તેણે રે; કરવા પીડા કુમરને, સંચ માંડયો એણે રે.... ધિ૦ ॥૮॥ શબના મુખમાં અવતરી, ઈમ બોલ્યો હસંતો રે; મૂઢ હસે કાંઇ મુજજને, દેખી બાંધ્યો એકંતો રે....ધિગ૦ ॥૯॥ તું પણ એહીજ વડતલે, આગામિણી રાતે રે; બંધાશે ઉંચે પગે, નીચે શિર થાતેં રે....ધિગ૦ ॥૧૦॥ સહેશે બહુ દુઃખ પાપથી, ટાંગ્યો જિમ ચોર રે; તે પણ તેહીજ મહાબલ, સહ્યાં દુઃખ કઠોર રે....ધિગ૦ ॥૧૧॥ રુદ્રાએ એકણ દિને, લોભેં લહી લાગો રે; ચોરી પિયુની મુદ્રિકા, ગત-ભવમાં આગો રે....ધિગ૦ ॥૧૨॥ મુદ્રા સુંદર સેવકે, દીઠી લેતાં છાને રે; જોતો પિયુ મુદ્રા પ્રત્યે, સમજાવ્યો સાનેં રે....ધિ૦ ॥૧૩॥ રુદ્રા પાસે મુદ્રિકા, દીઠી મેં છે જાઓ રે; માગી લીયો ઈમ હલફલ્યાં, આકુલ કાંઈ થાઓ રે....ધિ૦ ॥૧૪॥ વચન સુણી સુંદર તણાં, રૂદ્રા મન રૂઠી રે; સુંદર સાથે ચોરટી, લડવાનેં ઉઠી રે.... ધિગ૦ ॥૧૫॥ કોપાકુલ બોલી ઇસ્યું, જૂઠ ઇમ કઈ ભાખે રે; દુર્મતિ કાપ્યા નાકનાં, કાંઈ શરમ ન રાખે રે....ધિગ૦ ॥૧૬॥ મુદ્રા મેં લીધી કિહાં, આલ એમ ચઢાવે રે; મુજ સરખી ભુંડી નથી, જાણે છે તું ચાવે રે....ધિ૦ ॥૧૭॥ મૌન કરી સુંદર રહ્યો, બીહીતો મન-માંહિ રે; પ્રિયમિત્રે કરી તાડના, લાધી મુદ્રા ત્યાંહિ રે....ધિ૦ ॥૧૮॥ લઘુતા કીધી શોકયમાં, રૂદ્રા અપ-માની રે; દીન વદન ઝાંખી થઇ, રહી બાપડી છાની

રે....ધિ૦ ॥૧૯॥ દુર્વચને બાંધ્યા જિકે, રૂદ્રા ભવે પાપો રે; ભોગવિયાં ફલ તેહનાં, કનકા થઈ આપો રે....ધિ૦ ॥૨૦॥ સૂરીપણે એ સુંદરી, ભવ વૈરિણી જાણી રે; કનકવતીની નાસિકા, લીધી મુખે તાણી રે....ધિ૦ ॥૨૧॥ હસતાં બાંધે જે જીવડો, તેહ રોતાં ન છૂટે રે; અનરસ ભાવે પરિણમી, ચિરકાલે તે ખૂટે રે....ધિ૦ ॥૨૨॥ ઢાલ કહી અઠાવીશમી, ચોથે ખંડે એ ચાવી રે; કાંતિ કહે મન ઉલ્લસી, સુણો શ્રોતા ભાવી રે....ધિ૦ ॥૨૩॥

॥ દુહા ॥

કહે સુગુરુ ભૂપતિ ભણી, શેષ કથા વિરતંત;
સાવધાનતા આદરી, પર્ષદ સકલ સુણંત ॥૧॥
મદન ધરંતો ગતભવે, પ્રિયસુંદરીશું રાગ;
કંદર્પ ભવ તેહથી હુઓ, મલયાશું રસ લાગ ॥૨॥
પૂર્વે મલયા મહબલે, લહી સંકલપે મર્મ;
દીધું દાન સુસાધુને, પાલ્યો શ્રી જિનધર્મ ॥૩॥
તેહથી સુકુલાદિક તણી, સામગ્રી લહી આંહિ;
આરાધી વિહડે નહી, સુકૃત કમાઈ ક્યાંહિ ॥૪॥
ભવ તારક જિનધર્મને, રીજિ ભજો અહખીજ;
ઉલટો પણ સવલો ફલે, ભૂમિ પડ્યાં જો બીજ ॥૫॥

## ॥ ઢાળ ઓગણત્રીશમી ॥

આસણરા યોગી...એ દેશી.

પ્રિયસુંદરી મુનિવરને દેખી, આપ કુલવટ કાંણિ ઉવેખી રે....હુંઇ સાધુની દ્વેષી, બંધુ વિયોગ હજો નિત્ય તાહરે, તું તો દીસે રાક્ષસ જાહ રે....હુંઇ૦ ॥૧॥

રૂપે તું દીસે ભયકારી, પ્રગ્‌ભ ભૂતને દે દુઃખ ભારી રે....હું૦; તુજ મુખ જોતાં પુણ્ય પણાસે, મલ મલીન વપુષ તુજ વાસે રે....હું૦ ।।૨।। ઇમ કહીને પાષાણ પ્રહારે, હણ્યો મુનિવરને ત્રણ વારે રે....હું૦; મહબલ પણ તિહાં મૌન કરીને, અનુમોદે દ્રષ્ટિ ધરીને રે....હું૦ ।।૩।। બેહું જણે મહાપાતક બાંધ્યું, ભીષણ ભવ બંધન સાંધ્યું રે....હું૦; પસ્તાવો કરતાં વલી પાછે, બહું ઓપવ્યું સમજી આછે રે....હું૦ ।।૪।। ઓપવતાં દલ ઉગર્યાં જેહશું, ઇહાં ફલ લહ્યું તેહથી જેહવું રે....હું૦; ત્રિહુંવારે લહ્યો બન્ધુ વિયોગો, ન મટે પૂરવકૃત ભોગો રે....હું૦ ।।૫।। કનકાથી લાધો અતિવંકો, એણી રાત્રિચરનો કલંકો રે....હું૦; વંક વિના મૂકી વન સીમે, રખડી ગિરિ ગહન તટીમેં રે ....હું૦ ।।૬।। દેશ વિદેશ લહ્યાં દુઃખ કેતાં, પાર ન આવે કહે તેતાં રે....હું૦; બિહું જણ કર્મ તણે અનુસારે, સહ્યા સંકટ વિવિધ પ્રકારે રે....હું૦ ।।૭।। ઝડપી મુનિ રયહરણું લીધું, મલયાયે તિમ વલી દીધું રે....હું૦; તેહથી પુત્ર વિયોગ લહીને, ફરી પામી સંયોગ વહીને રે....હું૦ ।।૮।। કરી ઉપસર્ગ સુસાધુ વિરાધ્યો, અંતે તિમ જે આરાધ્યો રે....હું૦; તેહીજ હું છદ્મસ્થ ટલીને, હુઓ કેવલી તપસી ને રે....હું૦ ।।૯।। બિહું જણનો બીજો ભવ એહી, મહારે ભવ એકજ તેહી રે....હું૦; વચન સુણી મનમાં કમખાણો, વલી બોલ્યો ઇમ મહીરાણો રે....હું૦ ।।૧૦।। ભગવન્! કનકવતી તેમ અસુરી, તવ વૈર વિરોધે પ્રસરી રે.... હું૦; કરશે એહુને વલી કાંઇ માંઠુ, કિવા વૈર પુરાતન

ધારું રે?....હું૦ ॥૧૧॥ સૂરિ ભણે અસુરી કર તાડી, ગઇ વૈર વિરોધ વિછાંડી રે....હું૦; કનકવતી ભમતી ઇહાં આવી વિષમો એક દાવ ઉપાવી રે....હું૦ ॥૧૨॥ એક ઉપદ્રવ કરશે કોપે, તુજ સુતને વૈરાટોપે રે....હું૦; કનકા અસુરી દુરિત દુરંતા, ભમશે ભવકાલ અનંતા રે....હું૦; ॥૧૩॥ મલયા મહબલનો ભવ ભાંખ્યો, એહમાં અવશેષ ન રાખ્યો રે...હું૦; ઓગણત્રીશમી ચોથે ખંડે, કાંતે કહી ઢાલ ઉમંગે રે...હું૦ ॥૧૪॥

॥ દુહા ॥

મલયા મહબલનું તિહાં, નિસુણી ચરિત્ત વિશાલ;
ભવ નિઃસ્પૃહ પરષદ હુઈ, ધરી વૈરાગ્ય રસાલ ॥૧॥

દંપતિ સદ્ગુરૂ મુખથકી, નિસુણી આપ ચરિત્ત;
અતિ વૈરાગે આદરે, બારે વ્રત સુપવિત્ત ॥૨॥

મુનિ સેવા કરશું સદા, આણી ભક્તિ વિશેષ;
ગ્રહે અભિગ્રહ એહવો, સુગુરૂ મુખે નિ[illegible]ષ ॥૩॥

કંતા સંયમ આદરે, શ્રાવકનાં વ્રત કેય;
ભદ્રક ભાવી કેઈ હુઆ, રાગાદિક નાખેય ॥૪॥

ચરિત્ત આપ સંતાનના, સાંભલીને બિહું ભૂપ;
ભવભીરુક થઈ ઉમહ્યાં, સંયમ ગ્રહણ અનૂપ ॥૫॥

## ॥ ઢાળ ત્રીશમી ॥

જિનવચને વૈરાગીયો હો ધન્ના...એ દેશી.

જિનવચને વૈરાગીઓ હો રાયા, ઇમ કહે બે કરજોડ; રાજ્ય ચિંતા કરી આપણી હો સામી, તુમ પાસેં મન કોડા રે....હો મોરાં સામી! સંયમ લેશું બે ॥૧॥ સંયમરસ પીયૂષમાં હો સામી, કેલિ કરણ મન

હુંસ; વિષયાદિક લાગે તિસા હો સામી, જેહવાં કંઠ
થલ તૂસ રે....હો૦ ॥૨॥ અવસરવિદ નાણી કહે હો
રાય; મા પ્રતિબંધ કરેહ; તહત્તિ કરી ઉઠયાં બિન્હે
હો રાયા, આવ્યા નિજ નિજ ગેહ રે....હો૦ ॥૩॥
પુહવીઠાણ તણો કીધો હો રાયા, સૂરે મહાબલ રાય;
સાગરતિલકે થાપિયો હો રાયા, શતબલ અભિષેકાય
રે....હો૦ ॥૪॥ વીરધવલ વસુધાધવે હો રાયા, મલ-
યકેતુ અભિધાન; આપતણે પાટે ઠવ્યો હો રાયા,
તિહાંહિજ દેઈ સનમાન રે....હો૦ ॥૫॥ પદ ચિંતા
આપ આપણી હો રાયા, કીધી જનપદ હેત; સંયમ
લેવા સંચરે હો રાયા, નિજ નિજ નારી સમેત રે...
હો૦ ॥૬॥ તે કેવલી પાસે જઈ હો રાયા, સંયમ
લ્યે શ્રીકાર; રૂડે હિતશિક્ષા ગ્રહે હો, સાધુ, ચરણ કરણ
ગુણ ધાર હો મોરા સાધુ, સંયમ પાલે બે ॥૭॥ સંયમ
દુષણ ટાલવા હો સાધુ, શમ દમ શોચ પવિત્ર; તૃણ
મણિને સરિખા ગણે હો સાધુ, ગણે સમ રિપુ મિત્ર
રે...હો ॥૮॥ ગુરુ પાસે હુઆ અભ્યસી હો સાધુ,
દ્વાદશ અંગી જાણ; છઠ્ઠ અઠ્ઠમ આદે ઘણાં હો સાધુ,
કરતા તપ શુભ જાણ રે...હો૦ ॥૯॥ મહાસતી પાસે
ઠવી હો સાધુ, નૃપરાણી દેઇ દીખ, સામાયિક આદે
ગ્રહે હો સાધુ, શિવપદ સાધન શીખ રે...હો૦ ॥૧૦॥
દિન કેતાઈ તિહા રહી હો સાધુ, ઉપગારી ગુરૂ રાય;
વિહાર કરે વસુધાતલે હો સાધુ, બિહું મુનિ સેવે
પાય રે...હો૦ ॥૧૧॥ શોષી તન તપ આકરે હો સાધુ,
સઘલાં તે વ્રત પાલ, સુરલોકે થયો દેવતા હો સાધુ,
સંલેષણ સંભાલ રે...હો૦ ॥૧૨ મહાવિદેહે સિઝશે

હો સાધુ, કર્મતણો કરી નાશ; અક્ષય અવ્યાબાધનું હો સાધુ, લહેશે પદ સુવિલાસ રે...હો૦ ॥૧૩॥ ચોથે ખંડે ત્રીશમી હો સાધુ, ઢાલ કહી અભિરામ, કાંતિ-વિજય કહે માહરા હો સાધુ, તે મુનિને હોજો પ્રણામ રે...હો૦ ॥૧૪॥

॥ દુહા ॥

ભગીનિપતિ ભગિની પ્રત્યે, આપૂછી અતિ પ્રીતિ;
આવે આપ પૂરે વહી, મલયકેતુ વડ રીતિ ॥૧॥
સાગર તિલક પૂરે ઠવી, સેનાની નિર્ભંગ;
મહબલ આવે નિજપુરે, શતબલ સુત લેઈ સંગ ॥૨॥
પાલે રાજ્ય મહાબલી, ગાલે અરિયણ માન;
સેવે શ્રી જિનધર્મને, સકુટંબો મહિરાણ ॥૩॥

## ॥ ઢાળ એકત્રીશમી ॥

મયણરેહા સતી...એ દેશી.

તે વ્યંતર સહાયથી રે હાં, મહાબલ દેશ અનેક... સાધે મહાબલી, શ્રી જિનવચનાં ધર્મની રે હાં, કરે મહોન્નતિ એક...સાધે૦ ॥૧॥ પુર પાટણ સંબાહણે રે હાં થાપી જિન પ્રાસાદ...સા૦; કરે ભક્તિ મુનિવર તણી રે હાં, છાંડી પંચ પ્રમાદ...સા૦ ॥૨॥ બીજો સુત મહાબલ તણો રે હાં, હૂંઉ સહસબલ નામ...સા૦; વર લક્ષણ ગુણ સાયરુ રે હાં, વંશ વધારણ માન... સા૦ ॥૩॥ એક દિને રયણી સમે રે હાં, મહાબલ મલયા-નારી...સા૦; શ્લોક પુરાતન ચિત્ત ધરે રે હાં અન્વય અર્થ વિચાર...સા૦ ॥૪॥ વિધિપદની વક્તવ્યતા રે હાં,

ભાખી અદ્રષ્ટ સરુપ....સા૦; ધર્માધર્મ પદાર્થનો રેહાં, કથક અદ્રષ્ટ અનુપ....સા૦ ॥૫॥ સ્વર્ગ મુક્તિ ગતિ સાધના રે હાં, પ્રથમ પદ વાચ્ય....સા૦; નરકાદિક ગતિ કર્ષણેં રે હાં, બીજો હેતુ અવાચ્ય....સા૦ ॥૬॥ કારણ જુગપદનો કહ્યો રે હાં, એકજ પદ પર્યાય....સા૦; ભાવિ પ્રમુખ અનેક છે રે હાં, તેહનાં વાચક પ્રાય....સા૦ ॥૭॥ પરિપાકો રસ તે દીયે રે હાં, ચિંતિત હોયે ય અકયત્થ....સા૦; શુભ અશુભદિક ભાવથી રે હાં, દે પરિણુત ફલ સત્ય....સા૦ ॥૮॥ અવશ્ય પણાથી તેહની રે હાં, શક્તિ કહી બલવંત....સા૦; પૂરવપક્ષ વિચારતો રે હાં, હુઇ નિજ વશ તેહ તંત....સા૦ ॥૯॥ વિષય કષાય વશેં પડયાં રે હાં, તે ન લહે તસ વ્યક્તિ ....સા૦; ન્યાયે અશુભ વિભાવની રે હાં, ચાખે રસ પરિપકિત....સા૦ ॥૧૦॥ જાણો ઉવેખે આપથી રે હાં, સહજ પ્રત્યે પરતીર....સા૦; અહો અહો જનની મૂઢતા રે હાં, પીવે વિષ તજી ખીર....સા૦ ॥૧૧॥ આજ લગેં નવિ ઓલખ્યો રે હાં, નિર્મલ સહજ સ્વભાવ.... સા૦; ભૂલી ભમી ભવમાં ઘણું રે હાં, જિમ જલ-નિધિમાં નાવ....સા૦ ॥૧૨॥ દાવ નહિ ચૂકું હવે રે હાં, કરવા નિજ ઉચિતાર્થ....સા૦; ભીની પરમ સંવેગમાં રે હાં, ધારી ઇમ શ્લોકાર્થ....સા૦ ॥૧૩॥ મહબલ પણ તવ ઉભગ્યો રે હાં, ભવથી વિષય વિમુખ....સા૦ પરિણુતી સંયમ સારની રે હાં, હુંઇ બિહુંને અભિમુખ ....સા૦ ॥૧૪॥ વિદ્યા શીખે શૈશવે રે હાં, યૌવન સાધે ભોગ....સા૦; વૃદ્ધાપણે વ્રત આદરે રે હાં, અંતે અણુ-

સણ યોગ...સા૦ ॥૧૫॥ નીતિ પુરાણે એહવું રે હાં, ભાખ્યું નૃપ કર્તવ્ય....સા૦; મહબલ મન ધારી ઇશ્યું રે હાં, સજગ હુઓ મન ભવ્ય....સા૦ ॥૧૬॥ પુત્ર સહસબલને ઠવે રે હાં, નિજપાટે ધરી પ્રેમ...સા૦; સાગરતિલકે થાપીઓ રે હાં, પહેલો શતબલ જેમ.... સા૦ ॥૧૭॥ મલયા સાથે ઉચ્છવે રે હાં, આવે સુગુરુ સમીપ...સા૦; પંચ મહાવ્રત ઉચ્ચર્યા રે હાં, વિધિપૂર્વક અવનીપ....સા૦ ॥૧૮॥ ઢાલ હુઇ એકત્રીશમી રે હાં, ચોથે ખંડે અદોષ....સા૦; કાંતિ કહે સુણતાં હુવે રે હાં, અધ્યાતમ રસ પોષ...સા૦ ॥૧૯॥

॥ દુહા ॥

દુવિહા શિક્ષા પાલતાં, બિહુ જણ તપ જપલીન;
કરે વિહાર મહીતલે, થયા સુગુરૂ આધીન ॥૧॥
ગુરુ આદેશે બિહુ જણા, જઈ નંદનને પાસ;
વારે વ્યસનથકી સદા, શ્રી જિનધર્મ પ્રકાશ ॥૨॥
આપ કૃતારથ માનતા, બે બાંધવ નૃપ પૂત;
માહોમાંહે સુશીખથી, થયા નેહ સંજુત્ત ॥૩॥
બિહુંની શ્રી જિનધર્મથી, ભેદી સાતે ધાત;
બીજાને પણ શીખવે, મારગ તે અવદાત ॥૪॥
રાજઋષિ મહબલ હવે, વહેતો વ્રત અસિધાર;
આગમ વિદ ગીતાર્થમાં, હુઓ શિરોમણી સાર ॥૫॥
એકાકી વિચરણ ભણી, માગી ગુરૂ આદેશ;
ફરશી સંબલ મહા મુનિ, વિચરે દેશ વિદેશ ॥૬॥

## ॥ ઢાળ બત્રીશમી ॥

રમતાં ફાંટયો ઘાઘરો રે...એ દેશી.

ઉપશમધર મુનિ સેહરો રે, સુરગિરિ થિર પરે ચિત્તરે રાજે; સૌમ્યે રે જેહ આગે પુરણ ચંદ્રમા રે લાજે ॥૧॥ સર્વ સહે વસુધા સમો રે, અપ્રતિહત વાયુને રે તોલે; ઝુંજેરે પરિસહથી જેહવો કેસરી અડોલે ॥૨॥ આલંબન ઈંહે નહી રે, ગગનપરે નિરપેક્ષરે આપે; દીપે રે રવિ ઝીંપે તાજા તેજને પ્રતાપે ॥૩॥ વ્રતનો ભાર ઉપાડવા રે, સમરથ શકતે જેહવો રે ધોરી; ભાંજે રે રાગાદિકના ગઢ સિંધુરા બલ ફોરી ॥૪॥ પંકજ પત્ર તણી પરે રે, રહે નિર્લેપ સદેવ રે રૂડો; દરિયો રે ગાંભીર્યે જેહને આગલે ન ઉંડો ॥૫॥ અંજન લેશ ધરે નહિં રે, નિર્મલ જેહવો શંખરે છાજે; આવે રે ઉપસર્ગે સુરિમ આદરી રે ગાજે ॥૬॥ વિહરંતો મુનિ એકલો રે, સાંજ સમય એક દિવસને રે ટાંણે; આવ્યો રે પુર સાગર તિલક ઉદ્યાણે ॥૭॥ શતબલ સુત રૂષિ રાયેનો રે, રાજ કરે તિહાં રાજવીરે શૂરો; વારે ખડ્ગ ધારે અરિને ન્યાયમાં રે પુરો ॥૮॥ તે રૂષિ નિરખી ઓલખી રે, હર્ષ ભર્યો વનપાલ રે દોડી; આવ્યો રે ભૂપતિને પણમી વીનવે કર જોડી ॥૯॥ દેવ મહાબલ સાધુજીરે, આજ જનક તુમ પુણ્યથીરે આવ્યા; વનમાં રે એકાકી સંયમ યોગમાં રે ભાવ્યા ॥૧૦॥ શતબલ નૃપતિ સુણી ઈશ્યું રે, હરષવશે રોમાંચશું રે વ્યાપે; વનપાલકને મણિ-ભૂષણાં ત્યાં આપે ॥૧૧॥ અવનિપતિ ચિત્તે ઈશ્યું

રે, આજ હુઓ છે અસૂર રે માટે; કાલે રે વાંદીશું યુકતે રૂક્મિને રે થાટે ॥૧૨॥ ધન્ય ધરા હુઈ માહરે રે, પાવન એ પુર લોક રે વારુ; દીઠો રે જે પુણ્યે જનકે આઈને દીદારુ ॥૧૩॥ એમ કહી પદ પાદુકા રે, મૂકીને નરનાથ રે વંદે; ત્યાંહિ રે અતિ ભકતે રાતો પાપને નિકંદે ॥૧૪॥ તાત ચરણ યુગ ભેટિનો રે, લોભી તે નિશિ દુઃખથી રે કાઢે; પ્રગડો રે હવે પ્રગટયો દિણયર દીપિયો પ્રગાઢે ॥૧૫॥ ઢાલ હુંઈ બત્રીશમી રે, ચોથે ખંડે એહરે ચોખી; કાંતે રે શુભ શાંને ભાંખી રંગમાં રસ પોખી ॥૧૬॥

॥ દુહા ॥

કનકવતી હવે તે સમે, જનપદ પુર ભટકંત;
દૈવયોગથી દુઃખણી, તિણ પુર આવી રહંત ॥૧॥
તેહિજ દિન સંધ્યાસમે, કાનનમાં ગઈ કામ;
દ્રષ્ટિ પડયો મહબલ મુનિ, રહ્યો કાઉસગ્ગ તામ ॥૨॥
નિરખી રુડં ઓલખી, હુઈ મહાભય ભીતિ;
તેહિંજ એ સુત શુરનો, મહબલ મુનિ અવનીત ॥૩॥
મૂલથકી એ માહરાં, જાણે સકલ ચરિત્ત;
કરશે પ્રગટ ઇહાં કદે, તો માહારે કુણ મિત્ત? ॥૪॥
તેહ ભણી વિરચું ઇહાં, તેહવો કોઇ ઉપાય;
જેહથી કો જાણે નહિં, મુજ કુચરિત્ત પલાય ॥૫॥
કરું ઉપેક્ષા કિમ હવે, અનરથ ચાંપું પાય;
નહિ મુજ જીવિત અન્યથા, વલી ઇણ પુર ન વસાય ॥૬॥
દુષ્ટ ચરિત્રા એહવું, ધારી મનમાં પાપ;
કારજ અવસર પડખતી, જઇ બેઠી ઘર આપ ॥૭॥

## ।। ઢાળ તેત્રીશમી ।।

વીરે વખાણી રાણી ચેલ્લણા...એ દેશી

સાંજ વિહાણી પડી રાતડીજી, વ્યાપિઓ ઘોર અંધાર; તગ તગ્યા ગગનમાં તારકાજી, લાગ્યા ફિરણુ નિશિચાર....સાંજ૦ ।।૧।। એક રુપે થયા વિશ્વનાજી, જુજૂઆ વસ્તુ સમુદાય; આક્રમ્યા શ્યામ અલિકુલસમેજી, તમગુણે આપ છલપાય....સાંજ૦ ।।૨।। ખેલતા સુર રમણી રસેંજી, જેહ મધુ પાન રસલીન; વ્યસનથી તેહ અલિ બાંધિયાજી, કમલ કારાઘરે દીન....સાંજ૦ ।।૩।। લોક નિજ નિજ ઘર વિશ્રમેજી. વલી મટ્યાં માર્ગ સંચાર; તેહ સમે નિસરી ગેહથી જી, રહસ્યપણે તેહ જિમ જાર....સાંજ૦ ।।૪।। અગની ધુખતી ગ્રહી હાંથમાંજી, આવી જિહાં મુનિવર તેહ; મૂર્તિધર ધર્મ જયોં થિર રહ્યોજી, કાઉસગ્ગે ઝલકંતે દેહ.... સાંજ૦ ।।૫।। પોલિયે દ્વાર પુરનાં જડયાંજી, સંત વ્યવહાર વિધિમાણ; જાણે નિજ નેત્ર મલ્યાં પુરે જી, ભાવિ મુનિ કષ્ટ મન જાણ....સાંજ૦ ।।૬।। લોક સંસાર નહીં બાહિરેંજી, નિરખાયો શૂન્ય વન ભાગ; દુષ્ટ કનકા લહી આપણોજી, સાધવો કાર્યનો લાગ ....સાંજ૦ ।।૭।। કાષ્ટ અંગારને કારણેજી, કિણહીકે થાપિયાં આણ; ગતદિને સીમમાં સહજથીજી, સામટા તે મલ્યાં ટાંણ....સાંજ૦ ।।૮।। તેહ કાઠેં કરી પાપિણીજી, આવરેં સાધુને તેમ; ચિહું દિસે નિરખતાં સાધુનુંજી, અંગ દીસે નહી જેમ....સાંજ૦ ।।૯।। વિંટતાં સાધુને કાઠશુંજી, આણી હત્યા મહા વ્યાપ; ચઉગઇ

દુઃખ સંસારનેંજી, વિટીયોં તેણીયેં આપ....સાંજ૦ ॥૧૦॥ પૂર્વ ભવ વૈરથી તેણીયેંજી, નિર્દયાયે મહાઘોર; અગનિ સલગાડીયો ચિહુ દિસેંજી, પવનથી જાગીયો જોર.... સાંજ૦ ॥૧૧॥ મુનિવરેં કાઉસગ્ગ ધ્યાનમાંજી, દેખી ઉપસર્ગ મરણાંત; કીધી આરાધના ચિત્તથીજી, તેમ રહ્યો યોગ રસ શાંત....સાંજ૦ ॥૧૨॥ ખંડે ચોથે ખરી ખાંતશુંજી, એહ તેત્રીશમી ઢાલ; કાંતિવિજય કહે હવે ઈહાંજી, સાધશેં સાધુ જયમાલ....સાંજ૦ ॥૧૩॥

॥ દુહા ॥

ઉદ્દીપ્યો વનદવ સમો, જ્વાલ જિહ્વા ચઉ ફેર;
મુનિવરને તન પાખતેં, ખાતો ધૂમણિ ઘેર ॥૧॥
કોમલ તનુ ઋષિ રાયનું, બાલે વન્હિ તપંત;
મૂલથકી કનકા તણાં, જાણે સુકૃત દહંત ॥૨॥
વિકટોપદ્રવ પીડતા, સહેતો શ્રી ઋષિ યોધ;
લાગો નિજ આતમ પ્રત્યે, દેવા ઈમ પ્રતિ બોધ ॥૩॥

## ॥ ઢાલ ચોત્રીશમી ॥

રાગ—બંગાલ: રાજા નહીં નમેં...એ દેશી

રે જીઉ! ક્રોધકું દૂરે ડારિ, શાંતિ દસા સૌ આપ કૌ તાર....જ્ઞાની આતમા; હાંરે તેરે ઘરકા રૂપ સંભાર ....મેરે આતમા, હારે રાગાદિકકી સંગ નિવાર....તેરે નાતમાં ॥ એ આંકણી ॥ આય મિલ્યાં હે તરન ઉંપાવ, મત ભૂલે તું અબકો દાવ....જ્ઞાની૦ ॥૧॥ કાલ અનાદિકાં ભટકયાં અનંત, અજુઅ ન પાયા ભવજલ અંત....જ્ઞા૦; ચૂકેગા જો આજકા ખેલ, તો ફિરિ ન મિલે એૈસા મેલ....જ્ઞાની૦ ॥૨॥ ચઢિકે આછે

ભાવ જિહાંજ, તર લે ભવસાગર બિનું પાજ....જ્ઞા૦; ભાવ મહા પ્રવહનકૌં ફેર, ધ્યાન પવનસૌં તૈસેં પ્રેર ....જ્ઞાની૦ ।।૩।। કુશલ સ્વભાવે કરિકેં કરાર, જૈસેં પાવૈં ભવતટ પાર....જ્ઞા૦; દુઃખ પાય તેં નરક નિગોદ, કરત બસેરા કર્મથી ગોદ....જ્ઞા૦ ।।૪।। તા દુઃખ આગેં યા દુઃખ કૌન?, ઘટમે બિચારિકેં દેખત કૌન? ....જ્ઞા૦; યા મહિલાકો કછુઅ ન દોષ, મત કર ઈન ઉપર તું રોષ....જ્ઞાની૦ ।।૫।। કર્મ મહાવન કાટન આયુ, આઈ ભાઈ હે સાચી સહાયુ....જ્ઞા૦; બાહિર તનકું જારેંગી આગી, અભ્યંતર તન નહી ઈન લાગિ ....જ્ઞા૦ ।।૬।। કહા દહેગી અગનિ સછોલ, અખય ખજાના તેરા અડોલ....જ્ઞા૦; મૈત્રી મેરે સબસૌં હોય, જીવ સકલસૌ વૈર ન કોય....જ્ઞા૦ ।।૭।। આપ ખમાઉ દોષ રતીઉ, મો સૌં ખમહો સિગરે જીઉ....જ્ઞા૦; ઐસે ધરે મુનિ નિર્મલ ધ્યાન, ક્ષપકાવલીકે ચઢી સોપાન ....જ્ઞા૦ ।।૮।। ઘાતી કરમકો પ્રજરે નિદાન, ઉપજ્યો તબહી કેવલજ્ઞાન....જ્ઞા૦; શુક્લ ધ્યાનાનલકો પ્રયોગ, અંતર બાહિર અગનિ સંયોગ....જ્ઞાની૦ ।।૯।। તિનસૌં ભવ ઉપગ્રાહી કર્મ્મ, ભસ્મ કરૈં છિનુ તજી ભર્મ્મ ....જ્ઞા૦; અંતગડ કેવલી વ્હૈ કે સાધ, પાયો મુગતિ-પદ ભયો હે અબાધ....જ્ઞા૦ ।।૧૦।। જનમ જરા મૃતકે દુઃખ ટાર, ભવકૌં જલાંજલિ દૈ નિરધાર....જ્ઞા૦; ચોથે ખંડે રાગ બંગાલ, ચોત્તીસમી પૂરી ભઈ ઢાલ જ્ઞા૦; કાંતિવિજય કહે દેખ હું ખેલ, સમતાસૌં ભયો કર્મ ઉખેલ....જ્ઞા૦ ।।૧૧।।

॥ દુહા ॥

જ્વલિત પ્રાય હુતાશને, હુંઓ જિહવારે તેથ;
નાઠી કનકા પાપિણી, બીહિતી કેથ અનેથ ॥૧॥
અહો દુષ્ટતા નારીની, વિધિ વિરચી વિષ સીંચી;
મારે અલવે અપરને, તસ રસ સરસવ ખીંચિ ॥૨॥
મતિ જેહની પગ હેઠલે, દાબી રહે સદાય;
અનરથ કરતાં તેહને, વાસે કુણ સમજાય? ॥૩॥
એક સાધુ હણતાં હુવે, જીવ અનંત વિનાશ;
ભાખ્યો આગમમાં ઈસ્યો, તિત્થંકરે પ્રકાશ ॥૪॥
ભ્રષ્ટ હુંઈ શુભ કર્મથી, દુષ્ટ પાપ રસ લીન;
કષ્ટ સહેશે નવનવાં, અષ્ટ કર્મવશ દીન ॥૫॥

## ॥ ઢાળ પાંત્રીશમી ॥

વિનતા વિહસી રે વીનવે...એ દેશી.

રયણિ વિહાણી પ્રહ થયો, દિણયર કીધ પ્રકાશો રે; બહુ પરિવારે પરિવર્યો, અવનીપતિ સવિલાસો રે ॥૧॥ આવે મુનિને રે વાંદવા, શતબલ ભક્તિ વિલુદ્ધો રે; જનક વદન જોવા ભણી, ઉત્કંઠિત મન સૂધો રે....આવે૦ ॥૨॥ અતિ ઉત્સવ આડંબરે, કાનનમાં જવ આયો રે; નિરખે રે તેહવે સાધુનો, દેહ ભસ્મ મય ઠાયો રે....આવે૦ ॥૩॥ અસમંજસ જોયાં થકી, મહીપતિ દુઃખમાંહે નડિયો રે; ભકતે પ્રીતેરે ભોલવ્યો, ધ્રસકે ધરા તલ પડિયો રે....આ૦ ॥૪॥ મોહે ભાર્યો રે રાજવી, મૂરછાણો મન ઊણો રે; સજગ હુઓ ઉપચારથી, પામે તવ દુઃખ દૂણો રે....આ૦ ॥૫॥ પરિકર દુઃખિયો રે નૃપ દુઃખે, રોવે વિલવે અનેકો

રે; શોક નૃપતિને રે આંસુયે, કરતા પટ અભિષેકો રે....આ૦ ॥૬॥ ભૂપતિપ ભણે રે પાપીએ, કિણે એ કીધું અકાજે રે; નિર્ભય નિઃકારણ વૈરીએ, ઉપસર્ગ્યો મુનિરાજે રે....આ૦ ॥૭॥ ભવ ભ્રમણથી રે દુર્મતિ, બીહીનો નહી લવલેશો રે; હા હા હીયડું વજ્ર કઠીન સુવિશેષો રે....આ૦ ॥૮॥ ચરણ તુમારાં રે તાતજી, પામીને પણ દુહિલાં રે; પ્રણમી ન શકયો રે પાપથી, આવીને હું પહિલાં રે....આ૦ ॥૯॥ મીટ તુમારી રે રસભરી, ન પડી માહરે અંગે રે; વચન તુમારા રે નવિ સુણ્યાં, બેસી ક્ષણ એક રંગે રે...આ૦ ॥૧૦॥ સકલ મનોરથ માહરાં, વિલય ગયા મનમાંહિ રે; કામે નાઠ્યા રે કારિમા, જિમ કૂઆની છાંહિં રે...આ૦ ॥૧૧॥ તાત તણો આગમ સુણી, હરખ હુઓ મુજ જેતોરે; ઇણ વેલા મુજ પાપથી, થયો દુઃખરૂપી તેતો રે...આ૦ ॥૧૨॥ અશરણ કીધો રે સાહિબા, આજ-થકી હું અનાથો રે; સુતવત્સલ જાતાં મુન્હેં, લીધો કાંઈ ન સાથો રે.... આ૦ ॥૧૩॥ નિરખી ન શકું રે તેહવી, એક અવસ્થા રે દીસે રે; પુણ્ય કિંહાંથી માહરે, દર્શન ન લહ્યું દીસે રે....આ૦ ॥૧૪॥ શોકેં પૂર્યો રે જનકને, વિલપે ઇમ ભૂપાલો રે; કાંતે ચોથા રે ખંડની, કહી પણતીશમી ઢાલો રે....આ૦ ॥૧૫॥

॥ દુહા ॥

પૂરિત લોચન આસુંએ, ખેદાકૂલ ભૂપાલ;
નિજ ભટકને ઈમ આદિસે, કરી ભૂકુટિનો ચાલ ॥૧॥

પગ અનુસારે નિરખતાં, કરો શીઘ્ર પરગટ્ટ;
જિમ પાપીને પાપ ફલ, આવે ઉદય વિકટ્ટ ॥૨॥
આપ હૃદય ઠાણે ઠવ્યો, બીજો દુષ્ટ પરિણામ;
દુઃપ્રધર્ષ રસ સીંચતાં, ઉગ્યું કટક વિરામ ॥૩॥
મુનિ હિંસા શાખાશતેં, પામ્યો અતિ વિસ્તાર;
આશંકાદિક કુસુમશું, વાધ્યો ચિહું પખભાર ॥૪॥
પ્રાણનાશ ફલ તેહનું, અભિમુખ હૂઓ સમક્ષ;
હિંસકને ફલશે હવે, પોષ્યો પાતક વૃક્ષ ॥૫॥

## ॥ ઢાળ છત્રીશમી ॥

લાછલદે માત મલાર...એ દેશી.

વચન સુણી તતકાલ, ઉઠયાં ભડ મછરાલ.... આજ હો દુઠ્ઠારે જણ રુઠાં જાણે કાલનાંજી ॥૧॥ જોતાં ઇત ઉત ભૂમ, માંડે સઘલી ધૂમ....આજ હો ધારે રે અનુસારે પગનેં તેહનેંજી ॥૨॥ પુર બાહિર એક દેશ, પેખત કુંજ નિવેશ....આજ હો દીઠી રે ત્રિય ધીઠી પેઠી ખાડેમાંજી ॥૩॥ નીચે મુખ ભયભીત, શ્યામ વસન અવીનિત....આજ હો બેઠી રે ઉપરાંઠી કાયા ગોપવીજી ॥૪॥ સુહડે સાહી કેશ, કાઢી બાહિર દેશ....આજ હો આણી રે કલુષાણી સોંપી રાયનેંજી ॥૫॥ ભૂપેં તાડી જોર, પાડંતી મુખ સોર....આજ હો પૂછે રે કહે શું છે કારણ વૈરનુંજી ? ॥૬॥ હણીઓ તે મહાભાગ, મુનિવરનેં ઇણે જાગ....આજ હો લાખે રે તુંજ પાખે ન કરે કાં ઇસ્યુંજી ॥૭॥ હણી ધણી ભૂપાલ, સીંચી તરુની ડાલ....આજ હો ભાખે રે, સવિ દાખે કરણી આપણીજી ॥૮॥ રુઠો ભૂપ તિવાર, નાનાવિધ

દેઈ॰ માર....આજ હો મારી રે તેહ નારી સારી પાતકેંજી ॥૯॥ આપ ચરિતને યોગ, પામી ફલનો ભોગ....આજ હો છઠી રે દુઃખ પૂઠી નરકેં ઉપનીજી ॥૧૦॥ નરક તણાં સંતાપ, સહેશે અતિ દુઃખ આપ ....આજ હો વકેં રે ભવચક્કેં ભમશેં બાપડીજી ॥૧૧॥ ચોથે ખંડે રસાલ, છત્રીશમી એહ ઢાલ.... આજ હો કાંતે રે ભલિ ભાંતે ભાંખી શાસ્ત્રથીજી ॥૧૨॥

॥ દુહા ॥

ભૂમિપાલ નિજ તાતનો, શોક અતીવ કરંત;
સમજાવ્યો સચિવાદિકેં, પણ ક્ષણ નવિ છાંડંત ॥૧॥
જાણી તેહવું તાતનું, દુસહ મરણ વિરામ;
પડીયો શોક સમુદ્રમાં, ભૂપ સહસબલ તામ ॥૨॥
શતબલ દશ શતબલ બિન્હે, જનક શોક ચિત્ત ધારી;
લખમણ રામ તણીપરેં, તપેં અરતિનેં ભાર ॥૩॥
કૃષ્ણદેવ બલિભદ્રને, દ્વારાવતીને દાહ;
શોક હુઓ પિતૃનો જિસ્યો, તિસ્યો હુઓ ઈહાં પ્રાંહ ॥૪॥
અરતિ હેતુ ગજરાજને, જિસી અજાડી ખોહ;
સાહસધરને પણ તિસ્યો, વિષમ સ્વજનનો મોહ ॥૫॥

## ॥ ઢાળ સાડત્રીશમી ॥

હું દાસી રામ તુમારી...એ દેશી.

એહવે નિર્મલ ચરિત્ત પવિત્તા, સત્ય શીલ સંતોષ વિચિત્તા; પાલતી વ્રત એક ચિત્તા, સાધ્વી મલયા તપ જુત્તા હો રાજ....મહાસતી ધુર સોહે, શ્રુત

ધર્મે ભવિ પડિબોહે હો રાજ....મહા૦ ॥૧॥ એકાદશ અંગની જાણ, પામી શુભ અવધિનાણ; ભાવંતી થિર અપ્પાણુ, સંયમ તવ યોગ વિહાણ હો રાજ૦ ॥૨॥ સંદેહ ભવિકનાં ટાલે, કુમતાદિકનાં મદ ગાલે; એક અવસર અવધે ભાલે, મહાબલ નિર્વાણ નિહાલે હો રાજ૦ ॥૩॥ નિજ નંદન પ્રતિબોધેવા, ભવતાપ દુરંત હરેવા; આવી તિણ પુરિ તતખેવા, હોવે સાધુને ધર્મની ટેવા હો રાજ૦ ॥૪॥ સાધુ યોગ્ય વસતીને ઠામે, પશુ પંડગ રહિત સુધામે, સાધ્વીને ગણ અભિરામે, વિંટી રહી રહી આઈ મુકામે હો રાજ૦ ॥૫॥ શતબલ ભૂપતિ અતિ ભકતે, વાંદે શ્રાવકની યુકતે; સમજાવા સાધ્વી ઉગતે, જિણથી પામે વલી મુકતે હો રાજ૦ ॥૬॥ રાજેન્દ્ર! પિતા તુજ શૂરો, ઉપશમ સંવેગે પૂરો; સત્ય સાહસ શૌચ સનૂરો, પામ્યો શિવ-સુખ મહ મૂરો હો રાજ૦ ॥૭॥ ઉપસર્ગ્યો કનકાવતીએ, ન કર્યું મન કલુષ વ્રતીએ, ભવસાગર તરતા તીર્યે, અવલંબન દીધું ત્રીયે હો રાજ૦ ॥૮॥ ધન પુત્ર કલત્ર ગૃહ ભાર, જસ કારણ તજીયેં સાર; તપ લોચ ક્રિયા વ્યવહાર, સાધીજે વિવિધ પ્રકાર હો રાજ૦ ॥૯॥ સેવે જે ગિરિ વન ઘાટાં, સહિયેં કટુક વચનનાં કાંટાં; ઉપસર્ગ ઉરગના આંટાં, ખમીયેં થઈ ધીરજનાં સાંટા હો રાજ૦ ॥૧૦॥ દુર્લભ તે પદ તાતે લાધું, નીગમીયું ભવભય બાધું; હવે કાં મન શોકે દાધું, કરે કાંઈ વપુષ એ આધું હો રાજ૦ ॥૧૧॥ કૃત કૃત્ય હુઓ મુનિરાય, તિણે હર્ષ તણો એ ઉપાય; તે માટે અહો મહારાય!, કાંઈ શોક કરે ઇણે ઠાય હો રાજ૦

॥૧૨॥ પોતાનો વાલ્હો કોઇ, નિધિ પામે સહસા સોઇ; તિહાં શોક કે હર્ષજ હોઇ?, કહે હિયડે વિચારી જોઇ હો રાજ૦ ॥૧૩॥ વિશ્વાનર પીડા તાતેં, સાંસહી હોશે એહ વાતે; ચિંતા મ કરે તિલમાતે, જય અરથી ખિતિ સહે ગાતે હો રાજ૦ ॥૧૪॥ સાધક નર વિદ્યા સાધે, પહેલું તિહાં દુઃખ સહુ લાધે; નિજ કારજ સિદ્ધિ આરાધે, તવ આયત ફલ સુખ લાધે હો રાજ૦ ॥૧૫॥ પહેલું દુઃખ સઘલે દીસે, પાછે સુખ સંભવ હીસે; ઇમ જાણીને વિશ્વાવીશેં, મન નાખે શોકમાં કીસે? હો રાજ૦ ॥૧૬॥ ભેટયાં નહી ચરણ પિતાના, મત કર ઇમ ભરિ ચિંતાના; પહેલી પરેં હવણાં દાના, તુજ ભક્તિનાં ગુણ નહીં છાના હો રાજ૦ ॥૧૭॥ શોક મૂકીને હવે ભૂપ, સંસારનો ભાવિ સરુપ; દ્રઢ ધારી વિવેક અનૂપ, તજ દૂરે એ ભવકૂપ હો રાજ૦ ॥૧૮॥ દુઃખ સાગર એ સંસાર, સંગમ સુપના અનુકાર; લખમી જિમ વીજ સંચાર, જીવિત બુંદ બુંદ અણુહાર હો રાજ૦ ॥૧૯॥ તુજ સરીખા જો ઇમ કરશે, શોકાકુલ હિયડુ ભરશેં, બાપડલો કિહાં સંચરશે, ધીરજ થાનક વિણ ફિરશે હો રાજ૦ ॥૨૦॥ ઇમ ધર્મ તણો ઉપદેશ, નિસુણી પ્રતિબુઝયો નરેશ; છંડે સવિ શોક કલેશ, સંવેગ લહ્યો સુવિશેષ હો રાજ૦ ॥૨૧ પ્રણમે નિત્ય નિત્ય ભૂપાલ મહત્તરિકા ચરણ ત્રિકાલ; સાડત્રીશમી એ કહી ઢાલ, ચોથે ખંડ કાંતિ રસાલ હો રાજ૦ ॥૨૨॥

॥ દુહા ॥

મહત્તરિકાના મુખથકી, સુણે ધર્મ ઉપદેશ;<br>
કરે મહોન્નતિ ધર્મની, ધર્મ ધુરીણ નરેશ ॥૧॥

શતબલ મુનિ નિર્વૃતિ થલેં, માંડયો નવલ પ્રાસાદ;
તાત તણી પ્રતિમા તિંહા, થાપે તજી વિષવાદ ॥૨॥
ઉત્સવ રંગ વધામણાં, વર્તાં નિશિ દીશ;
લ્યે લાહો લખમી તણો, અવસર વિદ અવનીશ ॥૩॥
સકલ નગર લોકાં પ્રત્યેં, કરી મહા ઉપગાર;
નૃપને પૂછી મહત્તરા, તિહાંથી કરે વિહાર ॥૪॥
પુહવી ઠાણ મહાપુરે, લઘુ સુત બોધણ કામ;
સમવસરી મલયાં મહા, સતી નમી નૃપ તામ ॥૫॥

## ॥ ઢાળ આડત્રીશમી ॥

ઝાંઝરીયા મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર...એ દેશી.

પુહવીપતિ સાધવી મુખેજી, નિસુણી રે શ્રી શ્રુત-ધર્મ; સપરિવાર જિન ધર્મમાંજી, થિર થયો પ્રીછીને મર્મ ॥૧॥ ગુણવંતો રે મહીપતિ, ભાવી સહસબલ નામ ॥ એ આંકણી ॥ દિન કેતાઇક અંતરેજી, શતબલ નામે નરિંદ; મહત્તરા વંદન ભણીજી, થયો ઉત્કંઠ અમંદ....ગુ૦ ॥૨॥ લઘુ બાંધવાના પ્રેમથીજી, આકર્ષ્યો ઉમગંત; આવે તિહાં પરિવારશુંજી, બે બાંધવ ત્યાં મિલંત....ગુ૦ ॥૩॥ બે બાંધવ દિન પ્રત્યે જઇજી, વાંદી મહત્તરા પાય; સુણે ધરમની દેશનાજી, મન થિર ભાવે ઠહરાય....ગુ૦ ॥૪॥ સમકિતધારી વ્રતધરૂજી, પૂજિત દેવ ત્રિકાલ; દાને પોષે પાત્રનેજી, જીવદયા પ્રતિપાલ....ગુ૦ ॥૫॥ યથાશક્તિ તપ આચરેંજી, સાહમીની કરે ભક્તિ; દાનશાલા માંડે ઘણીજી, વારે અધર્મ પ્રસક્તિ....ગુ૦ ॥૬॥ 'મારિ' શબ્દ જનપદ થકીજી, કાઢે દૂર તદ્દન; વીતરાગ આણા ધરેજી, ધારે

ચિત્ત વિકસંત....ગુ૦ ॥૭॥ ગામ નગર પુર પાટણેજી, થાપે જિનનાં પ્રાસાદ; જિનભવને જિન બિંબનેજી, પૂજે અતિ આલ્હાદ....ગુ૦ ॥૮॥ અઠ્ઠાઈ મહોત્સવ કરેજી, રથ યાત્રા વિરચંત; તીર્થયાત્રા આદે ઘણાજી, સુકૃત અનેક કરંત....ગુ૦ ॥૯॥ ધર્મભારના ધુરંધરુજી, માંહો માંહિ સનેહ; શાસનની ઉન્નતિ વધીજી, કરતા રહે તિહાં બેહ....ગુ૦ ॥૧૦॥ નૃપ અનુજાઇ પુરતણા-જી, લોક સકલ સેવે ધર્મ; લોકોત્તર ધર્મે તિહાંજી, ઢાકયો લૌકિક ભર્મ....ગુ૦ ॥૧૧॥ શુદ્ધ ધર્મમાં થાપી-નેજી, પુરજનનેં સમજાઈ; આપૂછી બિહું પુત્રનેજી, [1]અનેથિ મહત્તરા જાઈ....ગુ૦ ॥૧૨॥ ઘણા વરસ લગે પાલીયુંજી, ચારિત્ત નિરતિચાર; તપોયોગધ્યાનેં કરીજી, લઘુ કર્યા દુરિતના ભાર....ગુ૦ ॥૧૩॥ અંતે અણસણ આદરેજી, શ્રીમતી મલયા નામ; આરાધીનેં ઉપનીજી, અચ્યુત કલ્પે તામ....ગુ૦ ॥૧૪॥ બાવીશ સાગર દેવનુંજી, પાલીને નિરુપમ આય; મહાવિદેહે અનુક્રમેજી, ઉપજશે શુભઠાય....ગુ૦ ॥૧૫॥ બોધિભાવ લહેશે તિહાંજી, સુગુરુ સંયોગ લહેવિ; શુદ્ધ ચારિત્ર તિહાં પડિવજીજી, લહેશેં મુગતિ સુખહેવી....ગુ૦ ॥૧૬॥ ઢાલ કહી અડત્રીશમીજી, ચોથા ખંડની એહ; કાંતિ કહે મલયા ઈહાંજી, પામી ભવતણો છેહ....ગુ૦ ॥૧૭॥

॥ દુહા ॥

એક શ્લોક ચિંતન થકી, પામી મલયા પાર;
તે માટે સંસારમાં જ્ઞાન સકલ શિરદાર ॥૧॥

---

૧ અન્યત્ર

સુપરીક્ષક સુવિવેકીએ, કરવો જ્ઞાનાભ્યાસ;
દુહિલમ સંકટ ઉદ્ધરે, જ્ઞાન નિધાન પ્રકાશ ॥૨॥

સંકટમાં પણ પાલીયું, જિમ મલયાએ શીલ;
તિમ વલી બીજો પાલશે, તે લહેશે શિવલીલ ॥૩॥

મહાબલે જિમ સાંસહયો, મહા વિષમ ઉપસર્ગ;
તિમ વલી જે સહેશે ખરો, લહેશે તે અપવર્ગ ॥૪॥

જિમ પ્રથમ વ્રત આદર્યાં, દંપતીયે દ્રઢ ચિત્ત;
આદરવાં તિમ ભાવથી, બીજે પણ સુપવિત્ત ॥૫॥
કીધી મુનિ આશાતના, દંપતીએ ધુર જેમ;
દુઃખ હેતુ જાણી તિસી, કરશો મ કોઈ તેમ ॥૬॥

## ॥ ઢાળ ઓગણચાલીશમી ॥

દીઠો દીઠો રે, વામાજીકો નંદન દીઠો...એ દેશી.

ભાવેં ભાવેં રે ભવિ કરજો જ્ઞાન અભ્યાસ, જ્ઞાને સંકટ કોડિ પલાયે, જ્ઞાને કુમતિ ન વાધે; જ્ઞાને સુજસ લહે જગમાંહિ, જ્ઞાન શિવપદ સાધે રે....ભવિ કરજો જ્ઞાન અભ્યાસ ॥૧॥ યદ્યપિ નાણાદિક સમુદિત ઇહાં, મુગતિ હેતુ જિન ભાખ્યું; તો પણ યોગ ક્ષેમનું હેતુ, પહેલું જ્ઞાન જ દાખ્યું રે....ભ૦ ॥૨॥ પાસતણા નિર્વાણ દિવસથી, વરિસ ગયાં શત એક; તેહવે હુઇ સત્ય શીલ સલૂણી, મલયા સુંદરી સુવિવેક રે....ભ૦ ॥૩॥ શ્લોક એકનો ભાવ વિચારી, તેહ લહી ભવપાર; તે કારણ શિવસાધન સાચું, જ્ઞાનજ એક ઉદાર રે....ભ૦ ॥૪॥ શંખ નરેશ્વર આગે પહેલું, શ્રી કેશી ગણધારે; મલય ચરિત્ત ભાખ્યું વિસ્તારથી, જ્ઞાન તણે અધિકારે રે....ભ૦ ॥૫॥ તેહ તણો રસ સર્વસ્વ લેઇ, શ્રી જયતિલક સુરિંદે; નૂતન

મલયચરિત્ત સંક્ષેપે, ભાખ્યું અતિ આનંદે રે....ભ૦ ॥૬॥ જ્ઞાનરત્ન વ્યાખ્યા ઇતિ નામે, ત્રણ અધિકારે પ્રસિદ્ધો; તેહમાંહિ ઇમ સંબંધ સૂધો, ધુર અધિકારે લીધો રે....ભ૦ ॥૭॥ શ્રી તપગણ ગણનાયક ગિરૂઆ, શ્રી વિજય પ્રભસૂરિ; ગુણવંતા ગૌતમ ગુરુ તોલે, મહીમાં મહિમા સનૂરરે....ભ૦ ॥૮॥ તાસ શિષ્ય કોવિદકુલ મંડન, પ્રેમવિજય બુધરાયા, કાંતિવિજય તસ શિષ્યે ઇણિ પરે, વિધ વિધ ભાવ બનાયા રે....ભ૦ ॥૯॥ સંવત શર મુનિ મુનિ વિધુ (૧૭૭૫) વર્ષે, રહી પાટણ ચોમાસ; શ્રી વિજયક્ષમા સૂરીશ્વર રાજ્યે, ગાઈ મલયા ઉલ્લાસ રે....ભ૦ ॥૧૦॥ અખાત્રીજ તણે શુભ દિવસે, રાસ હુઓ સુપ્રમાણ; બાલક ક્રીડાની પરે માહરી, હાંસી ન કરશો સુજાણ રે....ભ૦ ॥૧૧॥ શ્રી જયતિલક વચનથી જે મેં, ન્યૂનાધિક કાંઈ ભાખ્યું; સંઘ સકલની સાખે તેહનું, મિચ્છામિદુક્કડં દાખ્યું રે....ભ૦ ॥૧૨॥ ઉત્તમના ગુણ પરિચય કરતાં, હોય સમકિતનો શોધ; ઉત્તર લાભ અધિક વલી પામે, શ્રોતા જે પ્રતિબોધ રે....ભ૦ ॥૧૩॥ પાટણ નગરનો સંઘ વિવેકી, તસ આગ્રહથી સિદ્ધિ; ચિહું ખંડે થઈ સર્વ સંખ્યાએ, ઢાલ એકાણું કીધી રે....ભ૦ ॥૧૪॥ જે ભવિ ભાવે ભણશે ગુણશે, લહેશે તે જયમાલ; ઉગુણચાલીશમી કહી કાંતે, ચોથા ખંડની ઢાલ રે ....ભ૦ ॥૧૫॥ સર્વ શ્લોક સંખ્યા ૩૪૮૮

इति श्री ज्ञानरत्नोपाख्यानापरनाम्नि श्री मलयसुंदरीचरित्रे पंडित कांतिविजयगणिविरचिते प्राकृतप्रबंधे शीलावदात पूर्वभववर्णनो नामा चतुर्थः खंडः परिसमाप्तः ॥



## શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરના

# નવા પ્રકાશનો

શ્રી તાલધ્વજગિરિ-તળાજા તીર્થે વિ. સં. ૨૦૪૧ ના અષાડ શુદિ ૫ ને રવિવારે દીર્ઘસંયમી પ્રૌઢ સંયમમૂર્તિ પૂજ્ય સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ શ્રી ચતુર્વિધ સંઘની નિર્યામણા સાથે સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓશ્રીના પુણ્ય સ્મારક રૂપે-

**પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા** તરફથી જુના અને અપ્રાપ્ય રાસાઓ છપાવવાની જ્યોતિર્વિદ પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. તથા પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ને ભાવના થતાં તેઓશ્રીની પ્રેરણાથી અમોએ આ નવું પ્રકાશન શરૂ કર્યું છે. અને નીચે જણાવ્યા મુજબ રાસમાળા સંગ્રહના ચાર ભાગ પ્રસિદ્ધ થયા છે. કોપી મર્યાદીત હોવાથી તુરત વસાવી લેવા વિનંતિ છે.

**શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૧ લો. રૂા. ૫-૦૦**

૧-મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ, ૨-શ્રી ગૌતમ પૃચ્છા ચોપાઈ, ૩-કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪-શ્રી લીલાવતી રાણી--સુમતિવિલાસનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૨ જો. રૂા. ૫-૦૦**

૧-શ્રી કયવન્ના શાહનો રાસ. ૨-શ્રી [illegible] લિભદ્રનો રાસ.

રૂપે-

**શ્રી રાસમાળા** [illegible] **૧૦-૦૦**

અંજનાશ્રીજી સ્મારક ગ્રંથ

૧-શ્રી ચંદ્રશેખર [illegible] રાસાઓ છપાવવાની જ્યો

**શ્રી રાસમાળા** [illegible] મ. તથા પૂ. વિદુષી સાધ્વી **૧૫-૦૦**

૧-શ્રી મહાબલ-મ[illegible] થતાં તેઓશ્રીની પ્રેરણાથી

**શ્રી રાસમાળા** [illegible] છે. અને નીચે જણાવ્યા. **૨૦-૦૦**

૧-શ્રી કુમારપાળ રાજાનો રાસ.

—: પ્રાપ્તિ સ્થાન :—

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર**

**જી. ભાવનગર, વાયા : તળાજા. મુ. ઠળીયા. ૩૬૪૧૪૫**

શ્રી વિશાલ પ્રિન્ટરી, સોનગઢ ૩૬૪૨૫૦